[illegible]

અકબર રાજ્ય રહસ્ય.

ભાગ ૧ લો.

[અપૂર્વ ઘટનાપૂર્ણ નવલકથા.]

પ્રયોજક—

શા. મગનલાલ જાદવજી ઠક્કર, અમદાવાદ.

ગુલસાના, મિલન-મંદિર, વાર્ત્તાવિહાર, સમાજ, નવીન સંન્યાસી, વગેરે નવલકથાઓના પ્રયોજક.

પ્રકાશક:—

સાકરલાલ બુલાખીદાસ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી] પ્રત ૧૦૦૦. [સને ૧૯૧૫

કીંમત રૂ. ૧-૪-૦.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ, ખાડીઆ—અમદાવાદમાં
ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપી.

આ પુસ્તક નીચેના સ્થળોએથી પણ મળી શકશે

મુંબઇ. બુકસેલર ખત્રી પરસોતમ મૂળચંદ
ત્રીજો ભોઇવાડો ગેશમની દુકાન

„ બુકસેલર ઠક્કર નરશી જેરામ
બીજો ભોઇવાડો–ચિંતામણીના ડેરા નીચે

„ બુકસેલર વસનજી પરમાનંદ વ્હાવાળા.
કાલબાદેવી રોડ

„ બુકસેલર એન એમ ત્રિપાઠી
પ્રીન્સેસ સ્ટ્રીટ.

સ્નેહ—સમર્પણ.

શ્રીમાન્, ગુણવાન્, મહાપરોપકારી

મહંતશ્રી રઘુવરદાસજી ગંગારામજી,

દુધરેજ.

આપની ધર્મપ્રિયતા, ઉદારતા, પરોપકારિતા, વિદ્યાપીતિ, સરળતા, તેમજ એવા અનેક મહદ્ ગુણોથી મુગ્ધ થઇને આપના તરફથી મળેલા અસાધારણુ ઉત્તેજન અને ઉત્સાહના આભારસૂચક ચિહ્ન તરીકે આ મ્હારી નવલકથા આપનાજ કરકમળમા નમ્રભાવે સમર્પિત કરીને કૃતાર્થ થાઉં છુ.

લી૦

નિરંતર કૃપાભિલાષી

ચરણુરજ સેવક,

વ્રજલાલ જાદવજી ઠક્કર.

પ્રસ્તાવના.

धर्मादपेतं यत् कर्म्म यद्यपि स्यान्महाफलं ।
न तत सेवेत मेधावी न तद्धितमिहोच्यते ॥

शांतिपर्व अ. २९५. १०७७७

" ધર્મમાર્ગનો ત્યાગ કરીને જો કોઈ પણ કાર્ય કરવાથી મહાન્ ફળ પ્રાપ્ત થતુ હોય તો પણ બુદ્ધિમાન પુરૂષે તે કાર્ય કરવા તત્પર થવુ નહિ તેને હિત કહી શકાતું નથી "

* * * * * *

મોગલ શહેનશાહ જલાલુદ્દીન મહમ્મદ અકબરશાહનુ રાજ્ય જ્યારે યુદ્ધ વિગ્રહોથી શૂન્ય હતું—સપુર્ણ શાન્તિમય હતું—અકબર શાહ જ્યારે વૃદ્ધ થવા આવ્યા હતા એ સમયની કેટલીક ઐતિહાસિક ઘટનાઓને લક્ષ્યમા રાખીને આ વિસ્તૃત નવલકથા લખવાનો પ્રારભ કર્યો છે.

અમરકોટના—રેતાળ, નિર્જન પ્રદેશમા અકબરશાહનો જન્મ થયો હતો હુમાયુ બાદશાહ એ સમયે શેરશાહના ભયથી પલાયન કરી ગયો હતો એ સમયે અકબરશાહના પિતા હુમાયુની સ્થિતિ ઘણી શોચનીય હતી. તે પોતાના કેટલા વફાદાર તેમજ વિશ્વાસુ સાથીદારોને સાથે લઇને અમરકોટના નિર્જન પ્રદેશમાં જઇને છુપાઈ રહ્યા હતો એવા ભયકર સમયે પ્રજાપ્રિય અકબરશાહનો જન્મ થયો હતો. તે સમયે તેની પત્ની, દિલ્લીની મહારાણી તેમજ અકબરશાહની માતા હમીદાબાનુબેગમે પુત્રનો જન્મ થતા થોડી કસ્તુરી પોતાની સાથેનાં સ્નેહીજનોને વહેચી હતી આજે એજ શોચનીય સ્થિતિને આધીન થઇ પડેલા હુમાયુ બાદશાહનો ભાગ્યશાળી પુત્ર જલાલુદ્દીન

મહમ્મદ અકબર સમસ્ત ભારતમા "દિલ્હીશ્વરોવા જગદીશ્વરોવા" તરીકે ચારે તરફ પ્રખ્યાતિ પામી ચુકયો છે. તેનો રાજભંડાર કુબેરના રાજભંડાર જેવો હતો તેની હાકથી સમસ્ત હિંદુસ્થાન ધ્રુજી ઉઠતું હતું.

અકબરશાહના રાજત્વકાળમા સર્વત્ર સંપૂર્ણ શાન્તિ સ્થપાઇ રહેલી હતી. ઉદારનીતિના પક્ષપાતી થઇને હિન્દુ મુસલમાનો વચ્ચેના ભેદભાવને દૂર કરવાને માટે તેણે કેટલીક હિંદુ રાજકન્યાઓને પોતાની બેગમો બનાવી હતી તેણે એક હિંદુ રાજકન્યાને પોતાની પટ્ટરાણી બનાવી હતી એ હિંદુ રાજ્યકન્યાને પેટે તેના સિંહાસનનો ભવિષ્યનો શહેનશાહ તેમજ તેનો પ્રાણાધિક પુત્ર યુવરાજ સેલિમ જનમ્યો હતો, તેમજ શાહજાદા સેલિમે પણ એક રાજપૂતકન્યા સાથે વિવાહ કર્યો હતો અસ્તુ

જનસમાજ ઇતિહાસના થોડા ઘણા જ્ઞાન સાથે પોતાના અવકાશનો સમય આનંદમા પસાર કરી શકે એ હેતુને લક્ષ્યમા રાખીને આ નવલકથા લખવાની પ્રવૃત્તિ કરી છે એમ છતા કોઇએ એમ નથી સમજી બેસવાનુ કે આ ગ્રંથમા સઘળી ઐતિહાસિક માહિતીજ આપવામા આવી છે.

પ્રસ્તુત નવલકથા લખવામા બંગાળી સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રીયુત હરિસાધન મુખોપાધ્યાયની એક નવલકથાનો કેટલોક આધાર લેવામાં આવ્યો છે તે માટે હુ અંતઃકરણપૂર્વક તેમનો આભારી છુ.

અન્તે દોષો તરફ દુર્લક્ષ્ય કરી ગુણને ગ્રહણ કરવા સહૃદય વાચકોને નમ્ર પ્રાર્થના છે.

અમદાવાદ. તા. ૧૧-૩-૧૬.
માડવીની પોળમા સુરદાસ
શેઠની પોળ

લી.
સાહિત્યસેવક.
વ્રજલાલ જાદવજી ઠક્કર.

અનુક્રમણિકા.

ભાગ ૧ લો સમાપ્ત.



શાહનશાહબાનુ જેતબાઈ અને દાસી. (જુઓ પૃ૦ ૯૦)

અકબર રાજ્ય રહસ્ય.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

પલાયન.

વર્ષાઋતુનો દિવસ હતો આકાશ વાદળાઓથી ઢંકાયલું હતું કોઈ કોઇ સમયે વરસાદ વરસતા કેટલાંક વાદળાઓ દૂર થઇ જતા હતાં. આસ્માની આકાશમા ક્ષીણ રવિ-કિરણો પ્રકાશતા હતા ત્યારે કોઇ સમયે પાછું આકાશ વાદળાઓથી ઢંકાઈ જતું હતુ કવચિત્ કવચિત વિજળીના ચમકારા થતા હતા એ દિવસે ભયંકર વાવાઝોડું હોવાથી કોઇની પણ બ્હાર નીકળવાની હીમત થતી નહિ.

સંધ્યા થવાને થોડા સમયનો વિલંબ હતો, એવામા અસંખ્ય વાદળાઓએ એકઠા થઈ જઇને ગગનમંડળને ઢાંકી દીધું. તે દિવસે પશ્ચિમાકાશમા ઉતરી પડેલા સૂર્યદેવના લાલચોળ કિરણોથી પશ્ચિમાકાશ રંગબેરંગી બન્યું નહિ એ દિવસે એ સમયે યમુનાના ચંચળ જળમાં અસ્તાચળમા ઉતરી પડેલા સૂર્યદેવનાં કિરણોએ નૃત્ય કર્યું નહિ.

આવા ભયંકર વાવાઝોડાના સમયે આગ્રા શહેરના રાજમાર્ગ જનશૂન્ય જણાતા હતા ! જે રાજમાર્ગ પર અનેક અમીર ઉમરાવોની

પાલખીઓ તથા ગાડીઓ દોડતી જણાતી હતી, પાલખીઓમા બેસી અનેક ઉચ્ચકુળની કામિનીઓ શહેરના એક સ્થાનેથી બીજે સ્થાને જતી આવતી હતી, અનેક એક્કાઓના અવાજથી રાજમાર્ગ કોલાહલમય થઈ રહેતો હતો તે રાજમાર્ગ આજે એકાત—શાન્ત જણાતો હતો

શહેરની દુકાનો મધ્યાન્હ કાળની બધ થઇ ગઇ હતી રાજમાર્ગ ઉપર ખરીદનાર નહોતો—એટલે પછી વચનાર શુ કરવા દુકાન ઉઘાડી રાખીને બેસી રહે ? ઉમરાવોના આકાશને ચુબન કરતા બગલાઓમાના દીપકો સુદ્ધા જણાતા નથી, કેમકે બારી બારણા બધ કરી દેવામા આવેલા છે મોગલોના વિલાસપ્રિય આગ્રા શહેરમાથી તે દિવસે જાણે કે સઘળો વિલાસ—સઘળો આનદ આસ્માનમા ઉડી ગયો હતો !

મધ્યરાત્રિની નહબત વાગે છે આ નહબત હમેશા વાગ્યા કરતી હતી બાદશાહના ફરમાનથી,—નગરદ્વાર તથા દુર્ગદ્વાર બપોર પછી બધ થઈ ગયા હતા આકાશમાના તારકો જ્યોતિ વિનાના જણાતા હતા. પ્રકૃતિમા આવો અસાધારણ ફેરફાર થયેલો હોવા છતા બાદશાહની આજ્ઞા ઉથાપવાનુ સાહસ કોઇથી થઇ શકે તેમ નહોતુ ! કોની તાકાત હતી કે, દીન દુનિયાના માલિક દિલ્હીશ્વર અકબરશાહે નક્કી કરેલા કાનુનને અમાન્ય કરે ?

નહબત વગાડનારાઓએ પણ સમયને અનુસરીને મલ્લાર રાગિણીનો આલાપ શરૂ કર્યો હતો મલ્લારનો મૃદુ ગભીર સ્વર ચારે દિશાએ ઘેરાઇ જતો હતો લગભગ અડધા કલાક પછી નહબત વાગતી બધ થઇ.

નહબતનો અવાજ બંધ થતાંની સાથેજ ભીષણ રણશિંગડાનો અવાજ થવા લાગ્યો આ નગરદ્વાર બંધ કરવાનો સંકેત-ધ્વનિ હતો.

વિના વિલંબે આગ્રા શહેરનો કોટવાલ જહાન્દારખાન કેટલાક પહેરગીરો સાથે નગરના મુખ્ય દરવાજા પાસે જઇ પહોંચ્યો ત્યા જઇ પહોચતાજ ઘોડેસ્વાર કોટવાલ જહાન્દારખાને મ્હોટેથી કહ્યું-" ખુદા સલામત ! બાદશાહ સલામત !! અલ્લા હો અકબર !!! "

આ પહેરેગીરોને શહેરના જૂદા જૂદા માર્ગો પર પહેરો ભરવા જવાનો સંકેત-ધ્વનિ હતો કોટવાલની આજ્ઞા થતાજ પહેરેગારો પોતાના હાથમા નાગી સમશેરો લઇને શહેરની ચારે દિશાએ આવેલા જૂદા જૂદા માર્ગોએ ચાલ્યા ગયા ઘોડાની ખરીઓનો અવાજ પણ રાત્રિની નિસ્તબ્ધતાને દૂર કરી શક્યો નહિ

મધ્ય રાત્રિ વીતી ગયા પછી પાછુ વાયુનુ પ્રચંડ તોફાન થવા લાગ્યુ ઘનઘોર-અંધકારમય આકાશમા વિજળીના ચમકારા થવા લાગ્યા કાળા રાક્ષસ જેવા જણાતા વૃક્ષોના પાંદડાનો ખડખડાટ સંભળાવા લાગ્યો આ બધો પ્રકાર જોતા એમજ જણાતું હતુ કે, એ રાત્રે મહા પ્રલય-થશે

આવી રીતે બીજો પણ અડધો કલાક પસાર થઇ ગયો પછીથી પ્રકૃતિએ જાણે કે કાઇક શાન્ત ભાવ ધારણ કર્યો આગ્રા શહેરની પાસે થઇને વહી જતી શાન્ત યમુનામા ચંચળ તરંગો ઉઠવા લાગ્યા હતા તે બંધ પડી ગયા વાવાઝોડુ ચાલ્યુ ગયુ, છતા વરસાદ વરસતો જ હતો

આવા ભયંકર સમયે એક બળદગાડી યમુના નદીપર થઇને જતા માર્ગ પર ધીમે ધીમે ચાલી જતી હતી બે બળવાન્ બળદ એ ગાડીને ખેચતા હતા એ ગાડીનો ઉપરનો ભાગ રેશમી વસ્ત્ર

નીચે ઢંકાયલો હતો એ રેશમમા ગુથણનુ કાર્ય અતિ ચતુરાઇથી કરવામા આવ્યુ હતું. વચ્ચે વચ્ચે વિજળીનો ચમકારો થતાં એ ગાડી ચકમક કરી રહેતી હતી ગાડીની ચારે તરફના પડદાઓ પાડી નાખવામા આવેલા હતા

ગાડીનો દેખાવ જોતા તે કોઇ મ્હોટા ઉમરાવની હોય એવો વિચાર ઉપજતો હતો અમીર ઉમરાવ સિવાય આવી કીમતી ગાડીનો ઉપયોગ બીજુ કોણ કરી શકે? ગાડીની અદર કોણ બેઠુ હતુ તે અમે જણાવી શકતા નથી, પરતુ ગાડીના દેખાવ પરથી અદર કોઇ આબરૂદાર સ્ત્રી બેઠેલી હોવી જોઇએ એમ લાગતુ હતુ

ગાડી ઘણું કરીને દિલ્લી તરફથી આવતી હતી અમે જે સમયની આ વાત કહીએ છીએ એ સમયે એક રસ્તો યમુના પર થઇને બારોબાર દિલ્લી જતો હતો આ રસ્તો શહેરની બ્હાર આવેલો હતો, અને અમીર ઉમરાવ અગર તો રજવાડાનુ કુટુબ એક સ્થાનેથી બીજે સ્થાને જતુ ત્યારે આજ રસ્તે થઇને જતુ હતુ.

બળદગાડી એક ઘાટીની પાસે જઈ પહોચી એ ઘાટીથી થાણુ બહુ દૂર નહોતુ, તેથી આવા ભયંકર સમયે પણ એ ઘાટી પાસે પહેરાનો બદોબસ્ત હતો

અત્યાર પૂર્વે અમે જણાવી ગયા છીએ કે, એ ગાડીમા જે પ્રવાસી હતા તે સ્ત્રીઓજ હતી. તો પણ કેટલી સ્ત્રીઓ હતી તે અમે જાણતા નથી ગાડી હાકનારની પાસે એક સુદર તેમજ દેખાવડો યુવક એક મ્હોટા વસ્ત્રમા પોતાના શરીરને ઢાકી દઇને બેઠો હતો. તેના મુખપર એક પ્રકારની પ્રફુલ્લતા જણાતી હતી

ઘાટીની પાસે જઈ પહોચતા એક ઘોડેસ્વારે આગળ આવી ગાડીવાનને પૂછ્યુ—" કોણ જાય છે ? "

ગાડીવાને પહેરેગીરને જોતાજ ગાડી ઉભી રાખી પહેરગીરે ફાનસનો પ્રકાશ ગાડી તરફ ફેંકી કહ્યુ—"ગાડીમા કેટલી સ્વારી છે? ગાડી કયા જવાની છે?"

ગાડીવાન કાઇ ઉત્તર આપે તે પહેલા તો તેની સાથે બેઠેલો સુદર તેમજ દેખાવડો યુવક બોલ્યો'—"અમે નિશારતગજના બાગમાથી આવીએ છીએ. ગાડીમા અમીરઉદ્દૌલા નિશારતખાન કે જેઓ એક હજાર સૈનિકોના ઉપરી છે તેઓ સાહેબની ઓરત અને બેટી છે."

પહેરેગીરે નિશારતખાનનુ નામ સાભળી માનદર્શક સ્વરે પૂછ્યુઃ- "આપ હમણા કયા પધારો છો?"

ઉત્તર મળ્યો -"અમારા પોતાના નિવાસ-સ્થાને"

પહેરેગીર—આવા ભયકર સમયે મુસાફરી કરવા નીકળવાનુ કારણુ?

"ખાનસાહેબ ઘણા બીમાર છે, તેથી તેમનુ કુટુબ કોઇ પણ પ્રકારે નિશારતગજમા રહેવા ઇચ્છતુ નથી. આથી કરીનેજ આવા ભયકર સમયે મુસાફરીએ નીકળવુ પડયુ છે"

એ સમયે આગ્રા શહેરના સઘળા કૉફીખાનાઓ વર્ત્તમાનપત્રનુ કામકાજ કરતા હતા કોઇ સારા કૉફીખાનામા જતા શહેરના સઘળા સમાચાર સાભળવામા આવતા હતા જે પહેરેગીર આ ઘાટી પાસે પહેરો ભરતો હતો તેણે બે દિવસ પૂર્વે એક કૉફીખાનામા એવી હકીકત સાભળી હતી કે, નિશારતખાન ઘણો બીમાર છે નિશારતખાન એક પ્રખ્યાત અમીર હોઈ તે અકબર બાદશાહનો મુખ્ય અગરક્ષક હતો

પહેરગીરે કહ્યુ --" સલામત જનાએઆલિ ! જ્યારે આપે ખાનસાહેબનુ નામ લીધુ છે ત્યારે હુ આ ગાડીને કોઇ પણ રીતે રોકી શકુ તેમ નથી, પરતુ હમણા આ શહેરના રાજમાર્ગમા એક અમીરના પુત્રનુ ખૂન થયેલુ હોવાથી અમારે વિશેષ સાવધાન રહેવુ પડે છે અત્યાર સુધી આપને રોકી રાખાને જે બેઅદબી કરી છે તે માફ કરજો આપ ખાનસાહેબના શા સગા થાઓ છો ? '

યુવકે ગભીરતાથી કહ્યુ —" હુ તેમનો ભત્રિજો થાઉ છુ "

પહેરગીરે કહ્યુ —" આપ જ્યારે ખાનસાહેબના ભત્રિજા છો ત્યારે હુ આપને બેલાશક અહિથી જવા દઉ છુ, પરતુ આ ગુલામની ગુસ્તાખી માફ કરજો દીન દુનિયાના માલિક અકબરશાહનો હુકમ ઘણો સખ્ત છે બિલનખાનનુ ખૂન થવાથી દરબારમા ઘણો કોલાહલ થઇ રહ્યો છે. કોટવાલ તેમજ પહેરગીરો પર બાદશાહ નામવર ઘણા ગુસ્સે ભરાયલા છે "

યુવકે મીઠાશથી કહ્યુ —" બિલાનખાનનુ ખુન કરનાર ખૂની અત્યાર સુધી પકડાયો નથી તેથી તમારે વિશેષ સાવધાન રહેવુજ જોઇએ. વળી હુ તમને " બાદશાહી પઝો " બતાવુ છુ એટલે પછી અમારા પર સદેહ લાવવાનુ કાઇ કારણ રહેશે નહિ અમારે આવી ભયકર રાત્રિ હોવા છતા જેમ બને તેમ જલદીથી ખાનસાહેબ પાસે પહોચી જવાની જરૂર છે. "

આ પ્રમાણે કહીને એ યુવકે પોતાના અગરખામાથી એક પઝો બહાર કાઢીને પહેરગીરને બતાવ્યો સાથે જે ફાનસ હતું તેની સહાયતાથી પઝાને બારીકાઇથી તપાસી પહેરગીરે કહ્યુ —" જનાબ ' હવે આપ બેલાશક જઇ શકશો ખાનસાહેબને આ સબધી એક

પણ અક્ષર કહેશો નહિ. આપ જાણો છો કે, અમે તો માત્ર હુકમના ગુલામ છીએ. ”

એ યુવકે બીજુ કાઇ બોલ્યા સિવાય હાસ્યમુખે મસ્તક હલાવી ‘ અદબ ’ શબ્દ ઉચ્ચાર્યો ગાડીવાને પણ બળદને ચાબુક મારી. ગાડી ચાલવા લાગી થોડે દૂર જતાં ગાડીવાને મૃદુ હાસ્ય કરીને કહ્યુ -“કેમ ઇસ્કાન્દાર ! તુ તો પહેલા કહેતો હતો ને કે પઝાની કાઇ જરૂર પડશે નહિ. હવે આ ગરીબ દોસ્તનુ કહેવુ બરાબર લાગ્યુ ને ? સદ્ભાગ્યે મ્હે પંઝો પ્રથમથીજ ત્હારી પાસેથી લઈ રાખ્યો હતો તેથીજ આપણે બચી ગયા ! ”

ઇસ્કાન્દારખાને હસીને કહ્યુ.—“ તું બહાદુર તો ખરો ”

ગાડી ધીમે ધીમે ચાલતી હતી ગાડીવાને કહ્યુ —“ ચુપ ! દોસ્ત ! આગ્રા શહેરમા ઝાડપાનને પણ કાન હોય છે. પ્રબળ પ્રતાપી અકબરશાહ—”

યુવક વચ્ચે બોલી ઉઠયો —જવા દે ત્હારા અકબરશાહને ! ત્હે જોયુ નહિ કે, આ નગરમા શાન્તિ કેવી સચવાય છે ! વળી આગ્રા શહેરનો કોટવાલ તેમજ પહેરગીરો પણ કેવા હોશિયાર છે તે પણ આપણે બિલાનખાનના ખૂન ઉપરથી સમજી શકીએ તેમ છીએ. ”

ગાડીવાને કહ્યુ —“ ચુપ ! ચુપ ! તને ખુદાના કસમ છે ! હવે થોડો સમય શાન્ત રહે—નહિ તો આપણે મ્હોટા સકટમા સપડાઇ જઇશુ ત્હારી મૂર્ખાઇને લીધે આપણે બન્નેને જહન્નમમા જવુ પડશે ”

યુવકે કહ્યુ —“ ભાઇ ! ખુદાની પાસે કઇ અવિચાર નથી ! જો ખુદા અવિચારી હોત તો આપણે ક્યારનાય પકડાઇ ગયા હોત આપણે આગ્રા શહેરના સુચતુર પહેરગીરની આખોમા પણ ધૂળ નાખી

છે. આપણે મુખ્ય ઘાટીમાથી પસાર થઇ આવ્યા છીએ એટલે હવે ભય રાખવાનુ કાઇ કારણ નથી જે કટારીએ સેલિમાનુ લોહી પીધુ છે એજ કટાર મ્હારી છાતી પાસે છુપાઇ રહેલી છે ”

આ સમયે ગાડીવાને યુવકનુ મ્હો દાબી દીધુ, અને કહ્યુ'—
“ ૨ પ્રી મિરજા ! મ્હને લાગે છે કે ત્હારી બુદ્ધિ શુદ્ધિનો નાશ થયો છે તું જો ગુપચુપ જ્યા જવાનુ છે ત્યા નહિ આવે તો હુ અહિંથીજ ગાડી પરથી ઉતરી પડીશ”

પ્રકૃતિએ શાન્તિ ધારણ કરી હતી કૃષ્ણપક્ષની પચમીની રાત્રિ હતી. રાત્રિનો ત્રિજો પ્રહર હતો આકાશમા દોડતા વાદળાઓમા ચદ્રદેવનો ઉદય થયો હતો વિજળી વારવાર ચમકારા કરીને જાણે કે થાકી જવાથી વાદળાની પાછળ છુપાઇ ગઇ હતી વાયુ તદ્દન શાન્ત થઇ ગયો હતો આવી શાતિ ભયકર રાત્રિને વિશેષ ભયકર બનાવી દેતી હતી

ગાડી ઘણે દૂર ગઇ તો પણ ઉભી રહી નહિ બળદો પણ હાફતા હાફતા નિરૂપાયે મદગતિથી માર્ગ કાપતા હતા આ સમયે એકાએક પાછળથી ઘોડાઓની ખરીઓનો અવાજ થતો સભળાયો. આ શબ્દ ઘણે પાસેથી આવતો જણાતો હતો

ગાડીવાન આશ્ચર્ય પામી બોલી ઉઠયો—“ ઇસ્કાન્દાર ! કાઇ સભળાય છે કે ? ”

ઇસ્કાન્દરખાને કહ્યુ —“હા સભળાય છે—હવે કાઇ ઉપાય ?”

ગાડીવાન—હવે તો અહિજ પેટી નીચે ઉતારી મૂકીને નાસી છુટીએ તો બચીએ. જે પહેરગીરે આપણો પત્રો જોયો તેને આપણા પર વહેમ આવ્યો હશે, તેથીજ તેણે પોતાના સાથીદારોને સકેતથી બોલાવી આપણી પૂઠ પકડી હશે ! આપણે જલદીથી પ-

ાયન કરીશુ તોજ બચીશુ નહિ તો પછી આપણે કેદખાનામાં ડવુ પડશે ”

આ પ્રમાણે કહીને ગાડીવાન તરતજ ગાડી પરથી નીચે ઉતરી પડયો પછીથી તેણે ઇસ્કાન્દારનો હાથ પકડીને કહ્યુ-“ આમ હાવરો બાવરો બની જઇને જોયા શુ કરે છે ? જો જીવતો રહેવા માગતો હોય તો ચાલ પલાયન કરી જઇએ ગાડીમાથી પેટી ખેચીને બ્હાર કાઢ ’

ઇસ્કાન્દારે કહ્યુ —“ મિરજા ! મ્હે શયતાનનુ બળ અને પિશાચની શક્તિ મેળવી છે મ્હારા પોતાના જીવન કરતા વિશેષ કીંમતી બીજુ કાઇ નથી જો પકડાઇ જઇશુ તો અકબર બાદશાહ આપણને જીવતા મારી નાખ્યા સિવાય શાન્ત થશે નહિ આપણે જે ભયકર કાર્ય કર્યું છે તેનુ પ્રમાણ તો આપણી સાથેજ છે ! ”

પછીથી વાતમા વધારે વખત નહિ ગુમાવતા બન્ને મિત્રાએ મળી ગાડીમાથી પેટી નીચે ઉતારી અને રાજમાર્ગ પર મૂકી ઇસ્કાનદારે કહ્યુ -“ મિરજા ! અહિથી બે મિનિટમાજ યમુના નદી આગળ જઇ શકાશે તું કહેતો હોય તો આપણે ત્યા જઇને આ પેટી યમુના નદીમા પધરાવી દઇએ. ”

મિરજાએ કહ્યુ -“ ત્હારા જેવો ભયંકર મૂર્ખ તો મ્હે આ આખી આલમમા અન્ય એક પણ જોયો નહિ જો જીવતો રહેવા માગતો હોય તો હવે અહિ વિલબ ન કર ઘોડાઓની ખરીઓનો અવાજ ધીમે ધીમે ઘણો પાસે આવતો સભળાય છે અહિથી થોડે દૂર એક સરાઇખાનુ છે. તેના માલિકને મ્હે પ્રથમથીજ પૈસા ખવડાવી વશ કરી લીધો છે. આપણે સકેત કરીશુ એટલે તે બારણા

ઉઘાડી આપણુને આશ્રય આપ્યા સિવાય રહેશે નહિ. પેટીને અહિંજ પડી રહેવા દે."

ઇસ્કાન્દારે મિરજાનુ કહેવુ કબૂલ કર્યું. તે પણુ આવા કટાકટીના સમયે અસ્થિર બની ગયો હતો

પેટી નીચે ઉતારી મૂકી બન્ને જણા ગાડીમા ચઢી બેઠા. મિરજાએ બળદોને એટલો બધો પ્રહાર કર્યો કે, બળદો વાયુવેગે દોડવા લાગ્યા

ચાર પાચ મિનિટમા બન્ને મિત્રો એક સરાઇખાના પાસે જઇ પહોચ્યા. મિરજાએ બારણાને સકેતપૂર્વક ખખડાવ્યા થોડીજ વારમાં બારણા ઉઘડયા બન્ને મિત્રોએ ગાડી સાથે સરાઈખાનામા પ્રવેશ કર્યો કે તરતજ બારણા અવાજ થયા સિવાય બંધ થઈ ગયા

પ્રકરણ ૨ જુ

લાવણ્યમયી લલનાનું ખૂન.

ઇસ્કાનન્દાર અને મિરજાનુ અનુમાન કાઇ ખોટુ નહોતુ તેમણે બન્નેએ સરાઇખાનામા પ્રવેશ કર્યો ત્યાર પછી માત્ર પાચ મિનિટેજ દશ ઘોડેસ્વારો રસ્તા પર મુકી રાખવામા આવેલી પેટી પાસે આવીને ઉભા રહયા એ દશ ઘોડેસ્વારોમા એક જણનો ઘોડો સફેદ હતો તેમજ તેનાપર નાખવામા આવેલો સામાન પણુ રાજવશી અર્થાત્ ઘણો કીમતી હતો બીજા ઘોડેસ્વારોના ઘોડાઓ તદન કાળા હતા. તથા એ ઘોડાઓનો સામાન ઘણો કીમતી નહોતો

આગળ ચાલતા એક કાળા ઘોડાના પગ સાથે રસ્તામા પડેલી ભારે પેટી અથડાઇ. ઘોડેસ્વારે લગામ ખેચી ઘોડાને ઉભો રાખ્યો અને વિના વિલબે તે નીચે ઉતરી પડયો પછીથી તેણે ગભીર સ્વરે કહ્યુ "સ્વાર લોક ! હોશિયાર !!"

પાછળના ઘોડેસ્વારોએ પોતાના ઘોડાઓ ઉભા રાખ્યા. જે ઘોડેસ્વારના ઘોડાને ઠોકર લાગી હતી તે ઘોડેસ્વારે તપાસ કરી તો તેણે રસ્તા વચ્ચે એક ભારે પેટી પડી રહેલી જોઈ. સફેદ ઘોડા પર બેઠેલી વ્યક્તિ આગળના ઘોડેસ્વાર પાસે આવી આ પ્રકાર જોયા કરતી હતી અને તેણે કૌતુહલને વશ થઇને પૂછયુ 'કેમ શો પ્રકાર છે, મહારાજ ?"

આગળ ચાલતા સ્વારે હાથમાની એક મ્હોટી મશાલ ચકમકની સહાયતાથી વિના વિલબે સળગાવી મશાલ સળગતાજ એ સ્થાન પ્રકાશિત બની ગયુ. સઘળા ઘોડેસ્વારો એ પેટી ઘેરીને ઉભા રહ્યા

સફેદ ઘોડા પર સ્વાર થયેલો વીર પુરૂષ ઘોડા પર બેઠો બેઠો સઘળો પ્રકાર જોઇ રહ્યો હતો જે પેટી રસ્તામા પડી હતી તે કીમતી મખમલથી મઢી લીધેલી હતી એ મખમલની ઉપર જરીનુ કામ કરવામા આવ્યુ હતુ મહા મહેનતે પેટી ઉઘાડવામા આવી સહુએ વિસ્મયતાથી જોયુ તો એ પેટીમા એક અસાધારણ રૂપવતી, અતિ લાવણ્યમયી લલનાનુ મડદુ હતું ?

સફેદ ઘોડા પર સ્વાર થયેલા વીર પુરૂષે થોડા સમયસુધી એ લલનાના મડદા તરફ ટગર ટગર જોઇ રહી અને એક ગાઢ નિશ્વાસ મૂકી કહ્યુ – "અય ખુદા ! કેવો ભયકર દેખાવ ! થોડા દિવસ પૂવે એક ઉમરાવનો પુત્ર જાહિર રાજમાર્ગ પર માર્યો ગયો છે, અને આજે

પણ વળી એક નારીની હત્યા થયેલી જોવામા આવે છે ! ખુદા !ખુદા ! આ સહુ શુ છે ! મ્હારા આ શાન્તિમય રાજ્ય પર તમારી કઋા મરજી થયેલી જણાય છે ”

એ સફેદ ઘોડાપર બેઠેલો વીર પુરૂષ બીજો કોઇ નહિ, પરતુ અકબરશાહ પોતે હતા, તથા તેમણે જેને મહારાજ કહીને બોલાવ્યા હતા, તે તેમનો શરીર રક્ષક—તેમનો અતિ સ્નેહી મહારાજ બીર-બલ હતો

અકબરશાહે બીરબલને સબોધીને કહ્યુ —“હવે વિશેષ કાઇ જોવાની જરૂર નથી હુ આ મધળો પ્રકાર સમજી ગયો છુ મ્હારા આ-વા શાન્તિમય રાજ્યમા કોટવાલના થાણા પાસેજ એક નિર્દોષ નારીનુ ખૂન ! ખૂનીને હુ કદાપિ માફી આપનાર નથી. મહારાજ ! તમે રક્ષકો ને આજ્ઞા કરો કે, હમણાને હમણા આ નારીના મૃતદેહને આગ્રાના દુર્ગમા લઇ જઇને રાખે કાલે પ્રભાતકાળે હુ એની યોગ્ય વ્યવસ્થા કરીશ ”

એ ઘોડેસ્વારોએ એ પેટીને એક ઘોડા પર ઉચકી લઇને દોરડાથી પેટી બરાબર બાધી દીધા. ત્યાર પછી લગામ પકડી તેઓ ત્વરાથી આગ્રા શહેર તરફ ચાલી નીકળ્યા

એ ભયકર અધકારમયી રાત્રીનો છેલ્લો પડદો આની ભયકરતાથી પડયો

હવે દિલ્લીશ્વર આવી મધ્યરાત્રિ પછી કેવી રીતે અહિ આવી ચઢયા તે અમે જણાવીશુ

બિલાનખાનના ખૂન સબધી સાત આઠ દિવસથી તપાસ ચાલતી હતી-પરતુ તેનુ હજી સુધી કાંઈ ફળ ફળ્યુ નહોતું. અકબર-શાહે હજારો કામને પડતા મૂકી પોતે જાતે પણ આ ખૂનની તપાસ

કરવા માડી હતી બિલાનખાન અકબરશાહની એક બેગમનો પાસેનો સગો થતો હતો આ તપાસ માટે એક નવી ખબર મળવાથી બાદશાહ બે દિવસ પૂર્વે ફત્તેહપુર સીક્રીના રાજ્ય મહેલમાં ગયા હતા.

જરૂરી રાજકાર્યને લીધે તેમને આગ્રા તરફ એકાએક પાછા ફરવુ પડયુ સો ઘોડેસ્વારોને શરીરરક્ષકો તરીકે સાથે લઇને બાદશાહ તેજ દિવસે પ્રભાતકાળે ફત્તેહપુરથી નીકળી પડયા. છુપી રીતે નગરમા પ્રવેશ કરવાનો તેમનો ઉદ્દેશ હતો તેથી તેમણે માત્ર આઠદશ શરીરરક્ષકો તથા મહારાજ બિરબલને સાથે રાખીને બાકીના સૈનિકોને ફત્તેહપુર પાછા રવાના કરી દીધા.

બાદશાહે જ્યારે નગરમા પ્રવેશ કર્યો ત્યારે નગરનો મુખ્ય દરવાજો બધ હતો, પરંતુ બાદશાહ દરવાજા પાસે જઇ પહોચ્યા એટલે બન્ને પહેરગીરોએ તેમને માન આપ્યા પછી દરવાજો ઉઘાડી ફરનસ બજાવી શહેનશાહ અકબરશાહ માત્ર આઠ શરીરરક્ષકોને સાથે લઇને શા માટે નગરમા પ્રવેશ કરે છે એ રહસ્ય સમજમાં નહિ આવ્યાથી પહેરગીરો આશ્ચર્યમા પડી ગયા, તથા તેઓ વિવિધ પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા

પ્રકરણ ૩ જુ.

આશકને હાથેજ માશુકનું ખૂન.

" આ એક પછી એક ખૂન થવાનુ કારણ શુ હશે ?" અકબરશાહે મહારાજ બિરબલને પૂછયુ

" જહાપન્નાહ ! હુ તો કાંઈ સમજી શકતો નથી ! "

" મહારાજ ! તમે જાણોછોને કે તમેજ આ આગ્રા નગરીના ફોજદાર અને શાન્તિરક્ષક છો ! આ ખૂનોને માટે તમેજ જવાબદાર છો "

" જહાપન્નાહ ! મ્હને માત્ર એક અઠવાડીઆની મુદત આપો. હુ એટલા સમયમા ખૂનીને પકડી આપની આગળ હાજર કરીશ "

" નહિ નહિ, એક અઠવાડીઆ સુધી હુ રાહ જોઇ શકીશ નહિ મ્હારા આ શાન્તિમય રાજ્યમા, રાજ્યધાનીના રાજ્યમાર્ગ પર આવી રીતે ખૂન પર ખૂન થાય તો મ્હારા નામને તથા મ્હારી રાજનીતિને કલક લાગ્યા સિવાય રહે નહિ ! હુ તમને ત્રણ દિવસનો સમય આપુ છુ આ ત્રણ દિવસમા તમારે ખૂનીને પકડી મ્હારી આગળ હાજર કરવો પડશે તમે યાદ રાખજો કે, મ્હારો પુત્ર શાહજાદો સેલિમ પણ જો કોઈ ગુન્હો કરે તો હુ તેને માફી આપુ નહિ "

દીવાનેખાસના એક એકાત મહાલયમા, આગ્રાનો ફોજદાર, બાદશાહનો પ્રિય સહચર મહારાજ બિરબલ અને અકબરશાહ બેઠા બેઠા ઉપર પ્રમાણે વાતચિત કરતા હતા એ એકાત મહાલયમા શહેરનો મુખ્ય કોટવાલ જહાન્દારખાન પણ હાજર હતો.

મહારાજ બિરબલ નીચુ મ્હો કરી ઉભો હતો તેના મ્હો પર પસીનાના બિંદુઓ ઉપસી આવ્યા હતા મહારાજ વચ્ચે વચ્ચે મ્હો પરનો પસીનો સાફ કરતો હતો. ભયથી તેમજ ચિતાથી તેનુ મ્હો શબના જેવુ મલિન બની ગયુ હતું ! તેના મનમા એવી શકા હતી કે વખત છે ને બાદશાહ કોઇ ભયંકર હુકમ કરશે !

જહાન્દારખાનની સ્થિતિ પણ બિરબલના જેવી જ હતી ! જે ઠેકાણે આ ખૂન થયુ હતું તે ઠેકાણાથી જહાન્દારખાનનુ થાણુ ઘણું પાસે આવેલુ હતુ આ પ્રકારમા જહાન્દારખાન મ્હોટો ગુન્હેગાર હતો. પ્રત્યેક ક્ષણે તેના અતરમા ભયકર શિક્ષા થવાની શકા ઉપજતી હતી

અકબરશાહ પણ ગભીરતાથી વિચાર કરતા બેઠા હતા. તેમણે થોડા સમય સુધી શાન્ત રહી કઠોર સ્વરે કહ્યુ—"જહાન્દારખાન!"

આ ભયકર અવાજ જહાન્દારખાને સાભળ્યો સાભળતાની સાથે જ તે ચમકી ઉઠયો તેણે મનમા ને મનમા વિચાર્યુ— "આ વખતે મ્હારો શિરચ્છેદજ થશે !" આમ વિચારી તેણે ધ્રુજતા પગે બાદશાહ પાસે જઇ કુરનશ બજાવી તથા સ્થિરતાથી અકબરશાહની આજ્ઞા સાભળવા તે ઉભો રહ્યો

અકબરશાહે દઢ સ્વરે કહ્યુ—શમશુદ્દીન જહાન્દારખાન ! જે ઠેકાણેથી આ યુવતીનો મૃત-દેહ મળી આવ્યો છે એ સ્થાનેથી તમારૂ થાણું પાસે છે તમે મ્હારા રાજ્યના મુખ્ય કોટવાલ છો હુ તમારી પર વિશ્વાસ રાખીને ઘણો પસ્તાયો છુ ! હજી પણ એક અઠવાડીઉ પસાર થયુ નથી એટલામા તો ઉપરા ઉપરી બે ખૂન થયા ! ખૂની રાજમાર્ગ વચ્ચે મૃત-દેહની પેટી મૂકી પલાયન કરી ગયો. વળી વિશેષ આશ્ચર્ય પામવા જેવો પ્રકાર એ છે કે, તે તેના આ ભયકર કાર્યની નિશાની પણ રાખી મૂકતો ગયો છે. આ બધો બનાવ તમારા થાણાની પાસેજ બન્યો છતા તમે એ બનાવ સબધી બિલકુલ માહિતગાર નથી જહાન્દારખાન ! યાદ રાખજો કે, જો આ ખૂનનો કાઇ પણ પત્તો નહિ લાગે—ખૂનીને તમે ત્રણજ દિવ-

સમા મ્હારી પાસે હાજર નહિ કરો તો હુ પ્રથમ તમનેજ હાથીના પગો નીચે છુદાવી નાખીશ—તમારો જાન લઇશ.'

ત્યાર પછી અકબરશાહે ગભીર સ્વરે કહ્યુ—"રોજિયા!"

અલ્પ સમયમાજ એક હૃષ્ટપુષ્ટ તાતાર-રમણી નગ્ન સમશેર હાથમા લઇને બાદશાહ પાસે આવી પહોચી તથા કમરમાથી નમી, બાદશાહને તસ્લીમ કરી તેણે કહ્યુ—"હુકમ! જહાપનાહ!"

અકબરશાહે રોજિયાની તરફ કઠોર નજર કરીને કહ્યુ—"એ મડદુ જે પેટીમા હતું તે પેટી ત્હેં બરાબર તપાસી જોઇ હતી કે?"

તાતારિણી—હા, મહેરબાન!

અકબર—બીજુ કાઇ ચિન્હ મળી આવ્યુ છે કે?

તાતારિણી—ના, કાઇ મળી આવ્યુ નથી. માત્ર એક લાલ કાગળનો ટુકડો મળી આવ્યો છે।

'જોઉ એ કાગળ—" કહીને અકબરશાહે પોતાનો હાથ લબાવ્યો બાદીએ એક લાલ કાગળ બાદશાહના હાથમા આપ્યો

પાસેજ વૃદ્ધ મીર મુન્સી ઉભા રહ્યા હતા બાદશાહે તેમને પત્ર આપીને કહ્યુ— "સહુની હાજરીમા મ્હોટેથી આ પત્ર વાચો"

મીર મુન્સીએ પત્રની કેટલીક હકીકત વાચી તરતજ તેમના હાથ થરથર કપવા લાગ્યા. તેમની છાતી જોરથી ઉછળવા લાગી. તેમના હાથમાથી કાગળ આરસના ટેબલ ઉપર પડી ગયો

અકબરશાહે ક્રોધે ભરાઇને કહ્યુ—"બદબખ્ત બેતમિજ! તુ આટલો બધો બ્હીકણુ છે કે માત્ર એક પત્ર વાચતાં ધ્રુજી ઉઠે છે?"

મીર મુન્સીએ સાવચેત થઇને તરતજ પત્ર ઉંચકી લીધો તથા ધ્રુજતા સ્વરે કહ્યુ –" દીન દુનિયાના માલિક ! કસુર માફ હય આ પત્રમા ઘણા ભયકર સમાચાર છે ! "

અકબરશાહે ક્રોધાવેશમા કહ્યુ –" શા સમાચાર છે તે હુ જલદી જાણવા માગુ છુ "

મીર મુન્સીએ મ્હોટેથી પત્ર વાચી સભળાવ્યો એ પત્રમા લખેલી હકીકત સાભળી સહુ કપી ઉઠયા ! બાદશાહ સુદ્ધા આશ્ચર્યમા પડી ગયા. બિરબલનુ મ્હો લેવાઇ ગયુ ! જહાનદારખાનના મનમા પણ એક પ્રકારની ભયકર વેદના થવા લાગી પત્રમા લખ્યુ હતુ કે–

" આ રમણી—મ્હારી પ્રાણેશ્વરી હતી, પરતુ એ અવિશ્વાસિની હતી–તે વફાદાર નહોતી તેથી સોનેરી ખજરથી તેનુ ખૂન કર્યું છે, તથા તેની કોમળ છાતીમાથી વહેતા લોહીથી મ્હેં આ પત્ર લખ્યો છે, પરતુ આટલેથીજ મ્હારા વેરની વસુલાત પૂરી થશે નહિ. મ્હારૂ સોનેરી ખજર આગ્રાના રગમહેલમા રહેતા એક માણસનું લોહી પીવાને ઘણુ વ્યાકુળ બની રહેલુ છે ! તેનુ ખૂન કર્યા પછીથી જ હુ જાહિર થઇશ. "

પત્રમા નામ લખેલુ નહોતું સહી કરેલી નહોતી, હતા માત્ર એક કોમળાગીના હૃદયના લોહીથી લખાયલા ભયંકર અક્ષરો!

ઉત્તેજના કાઇક ઓછી થતા અકબરશાહે કઠોર સ્વરે કહ્યું·– " મહારાજ બિરબલ ! જોયુ કે ? આ ખૂની મામલો મ્હારા અત·પુર સુધી પહોચનાર છે ! જ્યા સુધી આ રહસ્ય જાહિર નહિ થાય ત્યા સુધી મ્હારા જીવને ચેન પડનાર નથી—મ્હને શાન્તિ મળનાર નથી. ઠીક છે ! હું તમને એક અઠવાડીઆની મુદત આપુ છુ· એ·

ટલા સમયમા આ ખૂની મામલાનુ રહસ્ય જાહિર કરી શકશો તો ઠીક છે—નહિ તો તમારે અને જહાન્દારખાનને વગર મોતે મરવુ પડશે. અકબરશાહના કાયદા કેવા સખ્ત છે એ તમે સારી રીતે જાણો છો."

અકબરશાહ વિશેષ કાંઇ બોલ્યા વિના સિહાસન પરથી ઉઠીને ઉભા થયા અને બિરબલ તથા જહાન્દારખાન કાંઈ કહે તે પહેલા તો તેઓ પાસેના વિશ્રામાલયમા ચાલ્યા ગયા.

પ્રકરણ ૪ થુ.

નિરાશામાં આશા.

બાદશાહ દીવાનેખાસમાથી નીકળી ચાલ્યા ગયા એટલે જહાન્દારખાન મલિન મુખે, ધ્રુજતા જીવે દરબારમાથી બ્હાર નીકળ્યો તેના પ્રાણના ઉડાણમાથી કોઇ જાણે કે કઠોર સ્વરે કહેવા લાગ્યુ—"ઉચ્ચ રાજ્યપદ પામ કરીને ત્હે અનેક અત્યાચાર કર્યા છે. તેનુ પ્રાયશ્ચિત્ત કરવાનો સમય પાસે આવી પહોચ્યો છે! અતિ શોચનીય મૃત્યુથી આ જગતમાથી ત્હારી હયાતિનો નાશ થશે."

આગ્રા શહેરના કોટવાલનુ કામ કરતા કરતા જહાન્દારખાન ઘરડો થયો હતો તે તેના પ્રભુ—બાદશાહને ઘણી સારી રીતે ઓળખતો હતો વિધાતાનુ વચન કદાચ ઉથાપિ શકાય, પરતુ દિલ્લીશ્વર શહેનશાહ અકબરશાહે એક વખત જે વચન ઉચ્ચાર્યું તેને

ઉથાપવા જતા જીવનનો નાશ થાય તેમ હતું. અકબરશાહની આજ્ઞાનુ ઉલ્લ ઘન કરવાની તાકાત કોઇનામા નહોતી.

બનેલા પ્રકાર સ બ ધી આકાશ પાતાળના વિચારો કરતા કરતા જહાન્દારખાને વિચાર્યું.—“ મ્હારૂ પરમાયુ પૂરૂ થવા આવ્યુ છે. આ અતિ ભયક ર ખૂની—રહસ્યનો ભેદ હુ કેવી રીતે જાણી શકુ ? બિલાનખાનનુ ખૂન કરનાર ખૂનીને કદાચ પકડી શકાય ખરો, પર તુ આ લાવણ્યમયી લલનાના ખૂની મામલાનુ રહસ્ય હુ જાણી શકું તેમ જણાતું નથી ! ”

જહાન્દારખાનને ચારે તરફ ભય જણાવા લાગ્યો તેને પોતાના ભાગ્યમા મૃત્યુજ દેખાવા લાગ્યુ, પર તુ પોતાનુ મૃત્યુ કેવી રીતે થશે એ સ બ ધીનો વિચાર કરતા કરતા તે ક પવા લાગ્યો. તે જાણુતો હતો કે જે માણુસ પોતાના કર્તવ્ય તરફ દુર્લક્ષ્ય કરે છે તેને બાદશાહ ઘણી કઠોર તેમજ ભય કર સજા કરે છે.

જહાન્દારખાન કયા ગયો, શુ કર્યું, કયારે ગયો એ સ બ ંધી ચિ તાતુર મિરબલને કાંઈ ખબર રહી નહિ. તેનુ મ્હો મડદાના જેવુ મલિન બની ગયુ હતુ તે પોતેજ ચિ તા-સાગરમા ડુબી ગયેલો હતો. ચિ તાથી તે બાહ્યજ્ઞાન ભૂલી ગયો હતો

જહાન્દારખાન તેને બ ગલે જઈ પહોચ્યો. મૃત્યુના જેવો ભય બીજો કોઇ હોતો નથી-તથા એકાએક કોઇ પણ પ્રકારના કારણુ સિવાય મોતની મુલાકાત થાય એના જેવો અતિ ભય કર પ્રકાર બીજો કયો હોઇ શકે ?

જહાન્દારખાન જ્યારે દરબારમાથી ઘેર આવતો ત્યારે તો પ્રથમ તેની પ્રિયતમા પત્ની નશીબન બીબીને મળતો હતો. નશીબન

ની બીજી વખતની પરણેતર સ્ત્રી હતી. નશીબન ઘણી બુદ્ધિશાળી મમયી, રસિકા તેજ ગાયન-કળામા ચાલાક હતી પતિને તે પોતાનુ નર્વસ્વ સમજતી હતી તે શહેરના કોટવાલની પત્ની હોવા છતા નામા બિલકુલ અભિમાન નહોતુ તે તો હમેશા પતિપ્રેમમા મગ્ન હેતી હતી તે પોતાના વૃદ્ધ પતિને યૌવન-સૌદર્યથી પરિપૂર્ણ જોતી કતી. તેની સાથે રગરાગ કરતી હતી તેના ચિત્તને આનદ આપ-ાનો યત્ન કરતી હતી.

જહાન્દારખાન પોતાને બગલે જઇ બારોબાર અતપુરમા ગયો નહિ આ પ્રકારથી નશીબનને ઘણુ અભિમાન ઉપજ્યું તેના વિશાળ નેત્રોમા આસુ ભરાઇ આવ્યા તે નેત્રોમાનુ અશ્રુજળ સાફ કરી નાખી. મભિમાનના ક્રોધાગ્નિમા સળગી જવા લાગી એ અગ્નિમા માન અ-ભિમાન વગેરે સળગી ગયુ-અદ્રશ્ય થઇ ગયુ નશીબને તરતજ પો-તાની એક વ્હાલી બાદીને બોલાવીને કહ્યુ-"ખાનસાહેબને હમણાને મણા મ્હારી પાસે આવવાનુ કહે, જો તેઓ એકદમ અહિ નહિ આવે તો હુ જહર ખાઇ જીવ કાઢીશ"

બાદીએ તરતજ જહાન્દારખાન પાસે જઇને નશીબનના વચનો કહી સભળાવ્યા. જહાન્દારખાન નશીબનને તથા તેના સ્વભાવને સારી રીતે ઓળખતો હતો નશીબનના જેવી બુદ્ધિમતી પત્ની મળવાથી તેના અતરમા અભિમાન હતું નશીબનમા એક મ્હોટો દોષ એ હતો કે, તે જે વખતે જે બાબતની હઠ લેતી તે કદાપિ મુક્તી નહિ તરતજ જહાન્દારખાન નશીબન પાસે ગયો

પતિને આવી પહોચેલા જોઇને નશીબનની ચિતા ચાલી ગઇ તેનો ગુસ્સો તણાઇ ગયો. તેનુ મ્હો ઉજવળ બની ગયુ. નશીબને

હાસ્ય મુખે પતિને વળગી પડીને કહ્યુ —"હમેશા તમે ઘેર આવતાની સાથેજ હજારો કાર્યોને પડતા મુકી મ્હને મળવા આવોછો— પરંતુ આજે કેમ આવ્યા નહિ ?"

જહાન્દારખાને ચિંતાતુર મુખે કહ્યું—" નશીબન ! મ્હારા સુખનો સૂર્ય અસ્ત થયો છે મ્હને લાગે છે કે ખુદા મ્હારી પર ઘણા નારાજ થયા છે આપણા આ સુખના દિવસો ત્વરાથી પૂરા થશે."

નશીબન —એમ ગભરાઇ શા માટે જાઓ છો ? ખુદા દયાળુ છે, વળી તમે જાણુતા નથી કે,

" સુખ પાછળ દુ ખનો જયમ છાય તડકો થાય છે,
નશીબની લીલા તણા આ રંગ બહુ બદલાય છે "

તમે જાણો છો કે આ વિશ્વ બ્રહ્માડ મહેરબાન ખુદાએ બનાવેલુ છે ખુદા કદાપિ નિષ્ઠુર થતો નથી. હતભાગિની નશીબન, તમારા કલ્યાણને માટે, તમારા દુ ખને દૂર કરવાને માટે રાત્રિ દિવસ ખુદાને યાદ કર્યા કરે છે.

જહાન્દારખાને ભયંકર હાસ્ય કરીને કહ્યુ —" ત્હારૂ કહેવુ હું ખરૂં માનુ છુ, પરંતુ ત્હારી યાદ ખુદા સુધી પહોચે છે કે નહિ તે કોણ જાણે છે? જો પહોંચતી હોત તો આજે મ્હારા શિર પર આવું મહા ભયંકર સંકટ આવ્યું હોત નહિ "

નશીબનનો ખુદા પર સંપૂર્ણ વિશ્વાસ હતો. સ્વામિના વચનોથી તેણે બિલકુલ સંકોચાયા સિવાય કહ્યુ —" પુરૂષો ખુદાના તરફ આવો અવિશ્વાસ રાખતા હશે તે અત્યાર સુધી હુ જાણુતી નહોતી. દિલ્લીના બાદશાહ અકબરશાહના શહેરના મુખ્ય કોટવાલ

આ આત્માની સુખશાન્તિના વિધાતા—સંકટોને દૂર કરનાર—એવા તમે છો ! તમને શા કારણથી આટલો બધો ભય લાગે છે?"

જહાન્દારખાનનું મન વિરક્ત, હૃદય વિષમય તથા જીવ જ્વાળામય હતો, તેથી તેને પત્નીના આ વચનો ઠીક લાગ્યા નહિ. તેણે ચિંતાતુર ચિત્તે કહ્યું:—" નશીબનબીબી ! જો ત્હેં સઘળી હકીકત જાણી હોત અગર તો સાભળી હોત તો ત્હારો અંતરાત્મા કંપી ઉઠત ત્હારૂં મુખમંડળ ભયથી મલિન બની જાત"

આ વચનોથી નશીબને ભય પામ્યા સિવાય હસીને કહ્યું— " સાહેબ ! જે પ્રકારથી તમે ભયભીત બની ગયા છો, તે પ્રકારની નશીબને કાંઈ પણ તપાસ કરી નથી એમ તમે ધારો છો કે શું? "

પત્નીના આ પ્રશ્નથી જહાન્દારખાનના આશ્ચર્યની સીમા રહી નહિ એ દિવસે દરબારમા જે હકીકત બની હતી, તે ત્યા હાજર રહેલા માણસો સિવાય બીજા કોઇના જાણવામા આવી શકે તેમ નહોતી એ અકબરશાહનું છુપુ સલાહ કરવાનુ સ્થાન હતુ. એ ગુપ્ત સ્થાનની હકીકત કોના જાણવામા આવી શકે ? નશીબનના જાણવામા એ હકીકત આવે એ તદન નહિ બનવા જેવુ હતુ !

નશીબને પૂછ્યુ -" શુ વિચારો છો ખાનસાહેબ ! મ્હારા વચનો પર તમને વિશ્વાસ નથી બેસતો ? તમે એમ વિચારો છો કે, દિલ્લીશ્વરના ગુપ્ત સ્થાને થયેલી ગુપ્ત વાતચિત તમારા બંગલામાં બેસી રહેલી તમારી પત્નીએ કેવી રીતે જાણી ? ! પરંતુ તમે કહોને કે તમારી નશીબન શુ કરી શકે તેમ નથી ? ! ! "

જહાન્દારખાને કહ્યુ -" નશીબન ! આવા ભયંકર પ્રકારમા આ પ્રમાણે વાતને ઉડાવી દેવી એ વ્યાજબી નથી. નશીબન ! દિ-

લબર ! તું જાણે છે કે, વિધવાવસ્થા ત્હારી શય્યાના ઉશિકા સુધી આવી પહોચી છે ! આવે સમયે આવા વચનો ઉચ્ચારવા વ્યાજબી છે કે ? ! ”

નશીબન—મ્હને કોણ વિધવા બનાવશે, ખાનસાહેબ ?

જહાન્દાર—બીજુ કોણ ? જેના હુકમથી આ દીન દુનિયાનું મનુષ્ય બચી જાય છે—મરી જાય છે—તેજ તને વિધવા બનાવશે! અકબર શાહના હુકમથી--

નશીબન.--એ હુકમ મ્હે સાભળ્યો ક તમે અને મહારાજ બિરબલ જો માત્ર એક અઠવાડીઆમા ખૂનીને પકડીને બાદશાહ આગળ હાજર ન કરો તો તમને મહા ભયંકર સજા થશે, એજ ને ?

જહાન્દારખાન નશીબને મુખે આ સઘળા અદ્‌ભુત વચનો સાભળી ઘણા વિચારમા પડી ગયો તેનુ આશ્ચર્ય અને ઉત્કંઠા ઘણાં વધી ગયા, તેણે મનમાને મનમા વિચાર્યુ--“ કાલે રાત્રે જે ખૂન થયુ છે એ સબધી-બાદશાહ, મ્હારાજ બિરબલ તથા મ્હારા સિવાય બીજુ કોઇ કશી હકીકત જાણતુ નથી જાણે છે માત્ર એક ખુદા નશીબને એ છુપા સમાચાર કેવી રીત જાણ્યા ? નશીબન શું જાદુગરી છે કે સ્વર્ગના પરી છે ?”

નશીબનના વચનો બરાબર સમજવાને માટે જહાન્દારખાને પૂછ્યુ—“ નશીબન ! તું કોના ખૂનની વાત કરે છે ?”

“ એક લાવણ્યમયી લલનાના.”

“ એક લાવણ્યમયી લલનાના ?”

“ હા, ગઇ રાત્રે આગ્રાના રાજમાર્ગ પરથી તમને જેનો મૃત-દેહ એક પેટીમાંથી મળી આવ્યો છે તેના !

" નશીબન ! ત્હે કેવી રીતે આ ગુપ્ત હકીકત જાણી ? "

" હુ રાત્રિ દિવસ ખુદાનુ સ્મરણ કર્યા કરૂ છુ ખુદા મ્હારી પર ઘણા મહેરબાન છે. તેમણે જ મ્હને આ હકીકત જણાવી છે ! એ લલના ઘણી સ્વરૂપવતી છે, કેમ ? "

" એ લલનાને તું ઓળખે છે ? "

" ના '

" ત્હે તેને કદાપિ ત્હારી નજરે જોઇ નથી ? "

" ના— "

" ત્યારે ત્હે કેવી રીતે જાણ્યુ કે, એ ઘણી સ્વરૂપવતી છે ? "

" એનો ખુલાસો હુ વખત આવ્યે તમારી આગળ કરીશ ".

" આ ભયકર ખૂની મામલાનો કાઇ નિકાલ આવશે કે ? "

" જરૂર, આવવોજ જોઈએ ! "

" નશીબન– નશીબન ! તું કોણ છે ? "

" હુ નશીબનબીબી—આગ્રા શહેરના મુખ્ય કોટવાલ સાહેબની પ્રેમમયી પત્ની—તેમની દાસીની પણ દાસી "

" હવે તું આ મશ્કરી મુકી દે "

" હુ મશ્કરી કરતી નથી પતિના આવા મહા ભયકર સકટ સમયે મશ્કરી કરે એવી નશીબન મૂર્ખ નથી "

" નશીબન ! નશીબન ! તુ દીર્ઘાયુ થા "

" ખાનસાહેબ ! દીર્ઘાયુ થવાનો આશીર્વાદ હવે આપશો નહિ. જે રૂપ તેમજ યૌવનથી મ્હે તમને મુગ્ધ બનાવી રાખ્યા છે એ રૂપ તેમજ યૌવન લાબા વખત સુધી કાયમ રહેશે તો વાગી ફૂલની માફક તેની સુગધી– તેની સુદરતા ઉડી જશે. એમ થાય તેના કરતા

આ રૂપ, સુગંધિ અને યૌવન વહેલુ કબરસ્થાનમાં સ્થાન મેળવે તો હુ મ્હને પોતાને મહાસુખી સમજુ મ્હને એવોજ આશીર્વાદ આપો."

જો બીજો કોઇ સમય હોત તો આ વચનોથી જહાન્દારખાનને આનંદ થાત, પરંતુ અત્યારે તેની સ્થિતિ ઘણી શોચનીય હતી તે નશીબનની આવી વાર્તાચિતથી પણ પોતાના દુઃખને ભૂલી ગયો નહોતો

ચતુરા નશીબનબીબી મનમાને મનમા સ્વામિની સ્થિતિ સમજી ગઇ. તેણે કહ્યુ –" ખાનસાહેબ! જો આજે હુ પૂર્વકાળની રજીયાબેગમ હોત, અગર તો માત્ર એક દિવસને માટે દિલ્લીના બાદશાહી સિંહાસન પર બેસી શકવાને સમર્થ હોત તો સૌથી પ્રથમ તમને શહેરના કોટવાલના અધિકાર પરથી દૂર કરત તમે તમારૂ કર્ત્તવ્ય બજાવવાને માટે બિલકુલ યોગ્ય નથી "

જહાન્દારખાને નશીબનના બન્ને કોમળ હાથોને પોતાના હાથમા દબાવી પ્રેમપૂર્વક કહ્યુ--" પ્રાણાધિકે! પ્રાણેશ્વરિ! ત્હારી કીંમત હુ ઘણા દિવસથી કરી શકયો છુ. ત્હે જે ભાવમા છેવટનુ વાકય ઉચ્ચાર્યુ તેજ ભાવમા હુ પણ કહુ છુ કે--" જો આજે હુ દિલ્લીનો બાદશાહ હોત, અને નશીબનના જેવુ અમૂલ્ય રત્ન મ્હારા કંઠમા ધારણ કરી શકયો ન હોત તો હિંદુસ્થાનનુ સિંહાસન મ્હને બિલકુલ સારૂ લાગત નહિ "

નશીબને હસીને કહ્યુ--" ઠીક, અત્યાર સુધી મ્હારે માટે તમારા મનનો વિચાર હુ જાણી શકી નહોતી--આજેજ હુ જાણી શકી! સ્વામિન્! કેવી રીતે શુ કરીને હુ તમારી તેમજ બાદશાહ નામવરની ગુપ્ત વાતચીત જાણી શકી છુ તે હમણા હુ

તમને કહીશ નહિ. પછીથી તમે સઘળી હકીકત જાણી શકશો હં, હવે એક વાત હુ તમને પૂછુ છુ કે, જે રમણીનો મૃત-દેહ ગઇ રાત્રે તમને મળી આવ્યો છે તેને બરાબર તપાસવામા આવ્યો છે કે?"

"હા,—તે સિવાય ખૂન થયું છે એવો નિર્ણય કેવી રીતે થઇ શકે?"

"તમે કેવી રીતે જાણ્યુ કે, એ રમણીએ આત્મહત્યા કરી નથી! એનુ ખૂન થયુ છે એ સબધીનું કાઇ પ્રમાણ તમને મળી આવ્યુ છે કે?'

"એ પેટીમાથી એક પત્ર મળી આવ્યો છે"

"એ પત્રમા તો માત્ર એટલુજ લખેલુ હતું કે, હું અમુક છુ મ્હે આ રમણીનું ખૂન કર્યુ છે—કેમ?"

"નશીબન! આ સઘળુ ગૂઢ રહસ્ય ત્હારા જાણવામા કેવી રીતે આવી શકયુ?"

'તમારી બુદ્ધિ જ્યારે મ્હારી બુદ્ધિના જેવી સૂક્ષ્મ થશે ત્યારે તમે પણ જાણી શકશો માત્ર ફેટો બાધી દાઢીમા હાથ ફેરવતા ફેરવતા હથિયાર બાધીને ફર્યા કરો એથી કાઇ શહેરની કોટવાળી થાય નહિ—હ, એ પેટી તપાસતા બીજુ કાઇ મળી આવ્યુ છે?"

"ના—"

"લક્ષ્યપૂર્વક પેટી તપાસવામા આવી હતી કે?"

"હા."

"પેટી કોણે તપાસી હતી?"

"એક તાતારિણીએ"

"એનુ નામ?"

'રોજિયા"

"રોજિયા! રોજિયા!!"

"હા, રોજિયા. તેનુ નામ સાભળીને તું આમ ચમકી ઉઠી કેમ?"

"રોજિયા આ દુનિયામા સાક્ષાત પિશાચિણી છે તે શયતાન સ્ત્રી છે તેની કટારીએ અનેક નારીઓના હૃદયનુ લોહી પીધુ છે."

"હશે, પરતુ ત્હે રોજિયાને ઓળખી કેવી રીતે?"

"કેમ–હું તો ઘણી વખત રગમહેલમા જઉ છુ. બાદશાહની તુરાણી-મહિષી સાથે મ્હારે ઘણો સ્નેહ સધાયો છે"

"એ વાત સાથે રોજિયાનો શો સબધ છે?"

"રગમહેલની સઘળી બેગમો સાથે રોજિયાનો સબધ છે. રોજિયાનુ એ મહા સૌભાગ્ય છે કે, બાદશાહે તેના પર ઘણો વિશ્વાસ રાખ્યો છે; નહિ તો ક્યારનીય તેના હૃદયના લોહીથી રગમહેલની જમીન રગાઇ ગઇ હોત."

"રોજિયાનો બાદશાહ આટલો બધો વિશ્વાસ કેમ રાખે છે?"

"તે તેઓ જાણે રોજિયા આજકાલ કરતા દશ વર્ષથી રંગમહેલમાં છે બાદશાહની એવી એક પણ બેગમ નથી કે જેને રોજિયાની મદદની જરૂર ન પડે."

"નશીબન! તુ આ બધુ રગમહેલનુ રહસ્ય ક્યાંથી જાણે છે?"

" તમે મ્હને હાથ ખરચ માટે મહિને મહિને જે સો સોના-મહોરો આપો છો તેનુ હુ કાઇ ઝવેરાત ખરીદતી નથી હુ આ સઘળી ખબરો મેળવવામા એ સોનામહોરોનો ઉપયોગ કરૂ છુ

" નશીબન ! તુ જાદુમત્ર જાણે છે કે શુ ?"

" સાધારણ જાણુ છુ ! જો જાદુમત્ર ન જાણતી હોઉ તો તમારા જેવા વૃદ્ધ પતિને ઉઠ બેસ કેવી રીતે કરાવી શકું ? પ્રમાણ પણ મોજુદ છે. જયારે તમે ઘેર આવ્યા ત્યારે તમારૂ મ્હો મડદાના મ્હો જેવુ મલિન હતું--પરતુ અડધાજ કલાકમા હુ તેને કેવુ સતેજ કરી શકી છુ ! જાદુમત્ર જાણ્યા સિવાય આમ કરી શકાય ખરૂ કે ?"

" નશીબન ! આ ખૂની મામલાનુ ખરૂ રહસ્ય ત્હારા જાણ-વામા આવ્યુ ?"

" જે જાણવામા આવ્યુ છે-તથા તે ઉપરથી જે સમજી છુ - તે તમને દર્શાવુ છુ !"

આ પ્રમાણે કહીને નશીબનબીબી એક બીજા ઓરડામા ચાલી ગઇ થોડા સમયમાજ તેણે એક વસ્તુને વસ્રોમા છુપાવી રાખી પતિ પાસે લઇ આવીને મુકી પછીથી તેણે પૂછ્યુ.--" જે રમણીનો મૃત-દેહ તમને રાજમાર્ગ પરથી મળી આવ્યો છે તે રમણીના ચ્હેરાનુ તમને બરાબર સ્મરણ છે કે ?"

જહાન્દાર--" હા, બરાબર સ્મરણ છે ! એવી સુદર રમણી મ્હે કદાપિ જોઇ નથી અરેરે ! તે એટલી બધી સુદરતા લઇને આ પૃથ્વિ પર આવી હતી કે, તેનુ મૃત્યુ થયેલુ છે તો પણ તેની સુન્દર-તાની જ્યોતિ ઝાખી થઇ નથી

નશીબને તરતજ વસ્ત્રમા છુપાવેલી વસ્તુ બહાર કાઢી એ એક રૂપવતી રમણીની છબી હતી છબી સ્વામિને બતાવી નશીબને

પૂછ્યુ —"કહો જોઇએ કે, આ છબીની મૂર્ત્તિ સાથે મરી ગયેલી રમણીનો ચ્હેરો મળતો આવે છે કે? "

જહાન્દારખાને એકી નજરે છબી હાથમા લઇ બે ત્રણ વખત લક્ષ્યપુર્વક જોઇ. મરી ગયેલી રમણીની સાથે આ છબ્બી તદન મળતી આવતી હતી એજ મ્હો, એજ આખો, એજ ભ્રમર, એજ ગુલેગુલાબી ગાલ, તથા એજ આકર્ષક હ ન્ય!!

જહાન્દારખાન આશ્ચર્ય પામી આનદસૂચક સ્વરે બોલી ઉઠયો - " નશીબન ! નશીબન !"

નશીબને આનદિત ચિત્તે પતિ પાસે આવી, પતિના ખભા પર પોતાનો કોમળ હાથ નાખી કહ્યુ —" કેમ—કેમ! તમારી બાંદી તો હાજર છે! હુકમ ફરમાવો "

હજી પણ જહાન્દારખાન આશ્ચર્ય મગ્ન હતો તે મનમાંને મનમા વિચાર્યા કરતો હતો કે—" નશીબનને આ છબી કયાંથી મળી આવી ? ત્યારે શુ આ રમણી નશીબનની કાઇ સગી થાય છે કે ? મરણ પામેલી રમણીનો દેહ દીવાનેખાસના ગુપ્ત સલાહ કરવાના ઓરડામા તપાસવામા આવ્યો હતો એ મરી ગયેલી રમણીની સાથે આ છબી મળતી આવે છે એ હકીકત પણ નશીબને કેવી રીતે જાણી ? ત્યારે શુ નશીબન ખરેખરી જાદુગરી છે ? !"

જહાન્દારખાને ધીમેથી કહ્યુ–" નશીબન ! હુ તને એક વાત પૂછુ ? તુ મ્હને તેનો ખરો ઉત્તર આપીશ ? સમજી રાખજે કે હું ત્હારો ખાવિદ છુ—"

નશીબને હસીને કહ્યુ.–" ખાવિદજ છો. હુ કયા એમ કહુ છુ કે તમે મ્હારા ગુલામ છો ! "

જહાન્દારખાને કહ્યુ–" નશીબન ! મ્હારા કરતાં તો ત્હારો ગુલામ પણ વિશેષ ચતુર હોઇ શકે એ માટે મ્હને બિલકુલ શક નથી. હુ મોગલ સેનાપતિ જહાન્દારખાન ! આગ્રા શહેરનો મુખ્ય કોટ-વાલ ! અઢાર યુધક્ષેત્રોમા મ્હે અસાધારણ વીરત્વ દર્શાવી મ્હારી સમશેરનુ માન સાચવ્યુ છે ! મ્હારા ભયથી દિલ્લી તથા આગ્રાના લોકો ધ્રુજી ઉઠે છે, આમ છતા તુ મ્હારા નાકમા દોરડુ નાખી મ્હને ફેર-વ્યા કરે છે ! નશીબન ! આ શો પ્રકાર છે ? તને આ છબી ક્યાથી મળી આવી ? "

નશાબને ગભીરતાથા કહ્યુ –" એકસો સોનામહોરો આપી મ્હેં આ છબી ખરીદી છે. "

જહાન્દારખાન– કોની પાસેથી ખરીદી છે ?

નશીબન—તેનુ નામ હમણા કહીશ નહિ.

જહાન્દારખાન –કારણ ?

નશીબન –આ વાત હુ જો તમને જાહિર કરૂં તો આ ખુની મામલાનો નિકાલ હુ લાવી શકીશ નહિ અને તેમ થાય તો પછી મ્હારે મહા ભયકર વૈધવ્ય ભોગવવુ પડે–વનવાસિની થવુ પડે.

જહાન્દારખાનઃ--ત્યારે શુ તુ એમ કહેવા માગે છે કે, એ મરી ગયેલી સુદરી શહેનશાહના અતપુરમાં–રગમહેલમા રહેતી હતી ? આ ખૂન રગમહેલમાજ થયું છે કે શુ ?

નશીબનઃ--ના, રગમહેલમાથી મરી ગયેલી સુદરીનુ મડદુ પહેરગીરોની આખોમા ધૂળ નાખીને કદાપિ રાજમાર્ગ પર લઇ જઇ શકાય નહિ. જો રગમહેલમા ખૂન થયુ હોત તો આ રમણીનુ મડદું ક્યારનુય યમુનાના પ્રચડ પ્રવાહમા તણાઇ ગયુ હોત. જળસમાધિ-માજ તેનુ અસ્તિત્વ પૂરૂ થયું હોત.

આ વચનોથી જહાન્દારખાનનુ ચિત્ત કાઇક શાન્ત થયુ. તેની પણ એવી ખાત્રી થઇ કે, ખૂન રંગમહેલમાં નથીજ થયુ. બસો તાતારી બળવાન્ પહેરગીરોની આખોમાં ધુળ નાખી મડદું રાજમાર્ગ પર લઇ જવાની તાકાત કોણ કરી શકે? વળી જો રંગમહેલમા ખૂન થયુ હોત તો ખૂનીને પકડવામા જહાન્દારખાનને ઘણી મુશ્કેલી વેઠવી પડત--ખૂન બ્હાર થયેલુ હોવાથી ખૂનીને પકડવાના અનેક માર્ગો જડે તેમ હતુ.

જહાન્દારખાનનુ મ્હો કાઇક પ્રફુલ્લ થયુ તેણે આનંદાવેશથી નશીબનને આલિંગન કરી અટળાવી નાખી નશીબનના ગુલેગુલાબી ગાલ પર એક પ્રેમચિહ્ન--ચુંબન કર્યું. અને કહ્યુ—"નશીબને! હવે મ્હારા જીવમા જીવ આવ્યો, અત્યાર સુધી હુ એમ સમજતો હતો કે, દિલ્હીશ્વર મ્હારો જીવ લીધા સિવાય શાન્ત થશે નહિ, પરંતુ મ્હને લાગે છે કે, ત્હારી સહાયતાથી આ ખૂનનું રહસ્ય જાહેર થશેજ આ છબી આપણા કાર્યમા આપણને ઘણી ઉપયોગી થઇ પડશે"

નશીબને કહ્યુ—"તમે ચિંતામાને ચિંતામા અડધા થઇ ગયા-છો તેથી મ્હે તમારે માટે શરબત બનાવી રાખ્યુ છે તે હુ લઇ આવુ છુ. તેને પી, ભોજન કરી સ્થિર થાઓ ત્યાર પછી શુ કરવુ તેનો નિર્ણય કરીશુ."

જહાન્દારખાને કહ્યું—"ત્યારે હુ બીરબલને હમણાજ જઇને આ સમાચાર જણાવી આવુ છું."

નશીબન બોલી ઉઠી—"ના ના! બિરબલ પાસે જવાની જરૂર નથી. તેમને જો કાઇ કહેશો તો તેઓ આકુળ વ્યાકુળ બની જઇ-

ને બધી બાજી બગાડશે. આ નારી-હત્યાનો પ્રકાર તમે જેટલો સહેલો સમજો છો તેટલો સહેલો નથી ”

જહાન્દારખાન કદાપિ નશીબનની સલાહ વિરૂદ્ધ વર્ત્તતો નહિ, તેથી તેણે કહ્યુ —“ ઠીક ત્યારે, ચાલ આપણે જઇને ખાનપાન કરી લઇએ ”

વાંચક ! નશીબન રમણી જાતમા આદર્શ છે. જહાન્દારખાન વૃદ્ધ છે અને એ પૂર્ણયૌવના છે—પરતુ બન્નેનો પ્રેમ એક નવયુવાન્ દપતીના પ્રેમ કરતા પણ વિશેષ છે

પ્રકરણ ૫ મું.

મહારાજ બિરબલ અને નિશારતખાન.

વાચક ! હવે આપણે જહાન્દારખાનનો ત્યાગ કરી આગ્રા નગરીના શાન્તિરક્ષક મહારાજ બિરબલના બગલામા જઇશુ.

મહારાજ બિરબલ અકબર બાદશાહનો હમેશાનો સહચર હોવાથી બાદશાહનો મનોભાવ તે ઘણી સારી રીતે જાણતો હતો. પોતાના કર્ત્તવ્યને જો કોઇ અમીર ઉમરાવ પણ બરાબર રીતે બજાવી શકતો નહિ તો તેને બાદશાહ નામવર ઘણી ભયકર સજા કરતા હતા રાજ્યના મ્હોટા મ્હોટા શ્રીમત નોકરો પણ અકબશાહના ક્રોધનો ભોગ થઇ પડી ક્ષણ માત્રમા દરિદ્ર બની ગયા હતા. કોઇ જીવથી માર્યો ગયો હતો, કોઇનુ સર્વસ્વ—ધનરત્નાદિ—લુટાઇ ગયુ હતુ, અને રાજભડારમા જઇ પડયુ હતું

આગ્રા શહેરના રક્ષક સ્વરૂપ જે સઘળી મોગલસેના અને રાજપૂત સેના કિલ્લામા રહેતી હતી તેમનો નાયક–ઉપરી બિલાનખાન હતો. પોતાની યુવાવસ્થામા અતિશય શૌર્ય દર્શાવીને તેણે આવો ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કર્યો હતો આ બિલાનખાનની સાથે બાદશાહનો બીજો પણ એક પ્રકારનો ગાઢ સબધ હતો. અકબરશાહની આગ્રા નગરી અતિ શાન્તિમય અને સુરક્ષિત હતી તેના રાજમહેલના અદરના ભાગની વ્યવસ્થા જેવી રીતે કઠોરતાથી ચલાવવામા આવતી હતી તેજ પ્રમાણે બ્હારની વ્યવસ્થા પણ ચલાવવામા આવતી હતી એ સમયે સુયોગ્ય રાજનીતિને લીધે આગ્રા નગરીમા ચોરી કે લૂટ સુદ્ધા ભાગ્યે થતા હતા શહેરમા જે પ્રખ્યાત—નામચીન લુચ્ચાઓ—બદમાશો હતા તેઓમાના ઘણા ખરા હાથીઓના પગ નીચે છુદાઇ ગયા હતા, તો ઘણાખરાનો જીવ સમ્રાટના ફરમાનથી ભયકર નાગ કરડાવી લેવામા આવ્યો હતો મુસાફિરો પોતાનો કીંમતી સરસામાન ખુલ્લો રહેવા દઇ, સરાઇખાનામા અગર તો ધર્મશાળામાં બેફિકર સૂઇ રહેતા હતા તેમનો કીંમતી સરસામાન ચોરી જવાની તાકાત કોઇ પણ કરી શકતું નહિ રાજ્યધાનીમાં આવા પ્રકારની સુયોગ્ય રાજ્યવ્યવસ્થા ચાલતી હતી એવામાં એકાએક સૈન્યાધ્યક્ષ બિલાનખાન મધ્યરાત્રિને સમયે જાહિર રાજ્યમાર્ગ પર માર્યો ગયો ગુપ્તઘાતકના સોનેરી ખજરે તેના હૃદયનુ લોહી પીધુ. એ પ્રકાર બન્યો એવામા પાછુ એક લાવણ્યમયી લલનાનું ખૂન થયુ. તથા એ ખૂનનો પ્રકાર પ્રથમ અકબર બાદશાહનાજ જાણવામા આવ્યો. આથી કરીને બાદશાહ ક્રોધે ભરાયલા સર્પના માફક વ્યાકુળ બની ગયા હતા.

રાજ્યસભામાંથી ઘેર આવ્યા પછી મહારાજ બિરબલે મનની શાન્તિ ગુમાવી દિલ્હીશ્વર જે ભાવથી દરબારના ગુપ્ત મલાહમંદિરમાંથી ચાલ્યા ગયા હતા, તે ભાવ પરથી બિરબલ સમજી ગયો હતા કે, સમ્રાટને ક્રોધ સહજમાં શાન્ત થાય તેમ નથી. બિરબલ આગ્રા નગરીનો મુખ્ય શાસનકર્ત્તા હતા. તેની કઠોર આજ્ઞાને આધીન થઇને શહેરના સઘળા પહેરગીરોને ચાલવું પડતું હતું આ ઉપરા ઉપરી બે ખુન થયા તેથી બાદશાહે એમજ વિચાર્યું કે, મહારાજ બિરબલનુ પોતાના કર્તવ્ય તરફ પૂરતુ લક્ષ્ય નથી. આ ખૂનનુ રહસ્ય જો મહારાજ બિરબલ ખુલ્લુ ન કરી શકે તો તેનો ઘણું દુઃખ ભોગવ્યા સિવાય છુટકો નહોતો ગુન્હેગાર પુત્રને પણ જ્યારે અકબરશાહ ક્ષમા કરતા નથી એટલે પછી બિરબલને પોતાના અપરાધની ક્ષમા મળી શકે તેમ નહોતી

આ પ્રમાણે વિવિધ પ્રકારની ચિંતાથી મહારાજ બિરબલનુ ચિત્ત વ્યથિત, પ્રાણ ઉત્કંઠિત તથા હૃદય ઉતાવળથી ચાલતું હતું. તેણે ઇષ્ટપૂજા કરી ભોજન કર્યું ખરૂ, પરંતુ કોઇ પણ પ્રકારે તેના અંતરમા સળગતી ચિંતાની ચિતા હોલવાઇ નહિ. જે સ્થાને એ લાવણ્યમયી લલનાનુ ખૂન થયુ હતુ એ સ્થાનના ઘણાખરા પહેરેગીરોને બોલાવી મહારાજ બિરબલે વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવા માંડયા. પહેરગીરો બિરબલથી એટલા બધા બ્હીતા હતા કે, તે રાત્રે જે પ્રકાર બન્યો હતો તે તેમણે અથેતિ તેને કહી સંભળાવ્યો

પહેરગીરોને મુખે સઘળી હકીકત સાંભળવામા આવતા મહારાજ બિરબલના આશ્ચર્યની સીમા રહી નહિ. તેને આશ્ચર્ય લાગ્યું તેનુ કારણ એ હતું કે, આ પ્રકારમાં એક ઉંચા અધિકારવાળો ઉમરાવ



ચિંતાતુર મહારાજ બિરબલ.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ

નિશારતખાન પણ જડાયલો હતો. ખૂની-મામલો બન્યો એ મહા-ભયકંર રાત્રે તેનોજ બત્રિજો એક બળદ ગાડીમાં કેટલીક સ્ત્રીઓની સ્વારીના રક્ષક તરીકે એ માર્ગ પર હાજર હતો. પ્રભાતકાળે બિરબલની નિશારતખાનની સાથે મુલાકાત પણ થઇ હતી. ખાનસાહેબનો સાથે તેણે ઘણા સમય સુધી વાતચિત કરી હતી; પરંતુ ખાનસાહેબના મ્હોં પર કોઇ પણ પ્રકારનો ભાવ બિરબલના જોવામાં આવ્યો નહોતો. પહેરગીરોના કહેવાથી મહારાજ બિરબલના જાણવામા આવ્યું કે, એ બળદગાડીમાં સ્વારી તરીકે નિશારતખાનની ઓરત અને બેટી બેઠેલાં હતાં. જે સ્ત્રીનુ ખૂન થયુ હતું તેની ઉંમર એટલી બધી ન્હાની હતી કે તે નિશારતખાનની ઓરત હોઇ શકે નહિ એમ મહારાજ બિરબલે વિચાર્યુ; કેમકે અ-મીરઉદ્દૌલા નિશારતખાન વૃદ્ધ હતો. બીજી એક આશ્ચય પામવા જેવી વાત એ હતી કે, નિશારતખાન બાદશાહના ઘોડેસ્વારોનો ઉપરી હતો—એક મ્હોટો સેનાપતિ હતો. તેણે રાજા માનસિહની સાથે કાબુલના યુદ્ધમાં જઇ ઘણું દ્રવ્ય મેળવ્યુ હતુ તેણે અકબરશા-હની ઘણી મહેરબાની મેળવી હતી. તે પોતાની કન્યાનુ આવી ભય-કરતાથી ખૂન થયું હોય અને ચુપ બેસી રહે એ પણ નહિ બનવા જેવુ હતું. મહારાજ બિરબલ જે જે બાજુનો વિચાર કરવા લાગ્યો તે તે બાજુ તેને ગભીર રહસ્યમય જણાવા લાગી. એ રહસ્યનો ભેદ કરવાને માટે અસાધારણ શક્તિ, ચાલાકી તેમજ સાહસની જરૂર હતી.

સૂર્યદેવ પશ્ચિમાકાશમાં ઉતરી સંતાઇ ગયા ખરા. સધ્યા દેવી ભુવનમોહિની સ્વરૂપે સુસજ્જિતા થઇને ચંદ્રદેવને સંમાન

આપવાની તૈયારી કરવા લાગી. આકાશમા અનેક ઉજ્વળ તારાઓ પ્રકાશવા લાગ્યા બિરબલનો બંગલો અનેક દીપકોથી પ્રકાશિત થયો, પરંતુ તેના અંતરનો ભયંકર અંધકાર કોઇપણ પ્રકારે દૂર થતો ન હોતો ! તે એક એકાંત દીવાનખાનામા પડ્યો પડ્યો આ રહસ્યમય ખૂની મામલાનો વિચાર કર્યા કરતો હતો બાદશાહે આ ખૂની મામલાનુ રહસ્ય જાહિર કરવાને માટે તેને માત્ર સાત દિવસનો—એક અઠવાડીઆનો સમય આપ્યો હતો એ સાત દિવસમાનો એક દિવસ તો પસાર થઇ ગયો ! એમ વિચારી તે ઘણી ચિતામા પડી ગયો તથા વિચારવા લાગ્યો કે જો આજ પ્રમાણે સાત દિવસો પસાર થઇ જશે અને આ ખૂની મામલાનુ કાઇ પણ રહસ્ય હુ બાદશાહ આગળ જાહિર નહિ કરી શકુ તો સાતમે દિવસે મ્હારે વગર મોતે મરણને શરણુ થવુ પડશે–મ્હારે મહા ભયંકર દુ:ખ સહન કરવુ પડશે.

મહારાજ બિરબલ મનમા ને મનમા આવા અસંખ્ય વિચારો કર્યા કરતો હતો એવે સમયે એક બરકંદાજે આવી સલામ કરી કહ્યુ –" રાજાસાહેબ ? અમીરઉદ્દોલા નિશારતખાન, દોલતખાનામા આપની રાહ જોઇ બેસી રહ્યા છે "

" નિશારતખાન ! અમીરઉદ્દોલા નિશારતખાન !? ભગવાન ! ભગવાન !– ત્યારે શુ હમણાજ મ્હારી સઘળી ચિંતાનો પાર આવશે! હમણાજ હું મધ્યરાત્રે જેની મુલાકાત કરવા જવાનો વિચાર કર્યા કરતો હતો તેજ શુ ઘટનાચક્રમા તણાઇ આવીને મ્હારે પોતાને ત્યા આવ્યો છે ! "

બિરબલ તરતજ નીચે ગયો. ત્યાથી ખાનસાહેબને સાથે લઇને તે એક ઉજ્વળ બેઠકખાનામા ગયો આ બેઠકખાનામા ફરની-

ચરનો પાર નહતો. વિવિધ પ્રકારના સુખાસનોથી સમસ્ત ઓરડો શોભી રહ્યો હતો

અરસ્પરસે એક બીજાને સલામ કરી. પછીથી નિશારતખાનને એક યોગ્ય સુખાસન પર બેસાડી બિરબલે હાસ્યમુખે કહ્યુ – "આજે મારૂ મહા સૌભાગ્ય છે કે, અમીરઉદ્દોલા નિશારતખાને મ્હારા ગરીબખાનામા પધરામણી કરી છે આજે પ્રભાતકાળેજ રસ્તે આપની સાથે મારી મુલાકાત થઇ હતી. પરતુ એ સમયે કેટલાક કારણોથી હુ ઘણો વ્યાકુળ હતો તેથી આપની સાથે સ્થિરતાથી વાતચિત કરી શકયો નહોતો

મહારાજ બિરબલે એક નોકરને સકેત કર્યો એટલે તરતજ એક સોનાની તાસકમા સોનેરી વરખવાળા પાન, ઇલાયચી, લવિગ વગેરે ટેબલ ઉપર આવી પહોચ્યુ બીજો એક નોકર રૂપાની અત્તરદાની અને પુષ્પમાળા લઇ આવ્યો. બિરબલે સ્વહસ્તે નિશારતખાનને પાન અત્તર આપી, તેના પાસે બેસીને કહ્યુ —" ખાનસાહેબ ! આજે આટલી બધી મહેરબાની કરવાનુ શુ કારણ છે ? આપની આ ગરીબખાનામાં પધરામણી થવાથી હૂ ઘણો આનદ પામ્યો છુ."

નિશારતખાને સહાસ્ય મુખે કહ્યુ —" હું પણ આપની મ્હારા પર ઘણી મહેરબાની જોઉં છુ. જનાબેઆલિનો મ્હારા પર અપાર પ્રેમ જણાય છે ! મહારાજ બિરબલ ! તમે જાણો છો કે, આજ કાલ હું ઘણું મનોદુખ ભોગવુ છુ—મ્હારી માનસિક સ્થિતિ બિલકુલ સારી નથી "

બિરબલે ઉત્સુકતાથી પૂછ્યું—કેમ કેમ, ખાનસાહેબ ! આપને

શુ થયુ' છે ? આપની માનસિક સ્થિતિ સારી નહિ હોવાનુ શુ કારણુ છે ? ”

નિશારતખાન—મ્હે સાભળ્યુ છે કે, મ્હારી બીબીની તબિયત દિવસે દિવસે વધારે બગડતી જાય છે—આ વખતે તે બચી શકશે નહિ એમ મ્હને લાગે છે.

બિરબલ—આપ શુ કહો છો ? આ વાત સાભળવાથી મ્હારો જીવ ઘણો દુખી થાય છે. અમે હિન્દુ છીએ અમારૂ માનવુ એવુ છે કે, જન્મ મૃત્યુ અને વિવાહ એ ત્રણે પ્રકાર પરમાત્માના હાથમા છે જો પરમાત્મા ધારશે તો તે જરૂર આપની બીબીની બિમારી દૂર કરશે

નિશારતખાન—અમે પણ એમજ માનીએ છીએ ખુદા અનત શક્તિમાન છે તેની ઇચ્છાથી સઘળુ બની શકે છે આ મ્હારૂજ ઉદાહરણ લઇએ શરૂઆતમા હુ ખોરાસાનમા એક કાપડની દુકાન કરી વૃદ્ધ માતાનુ ભરણ પોષણ કરતો હતો ત્યારે આજે હુ ભાગ્યચક્રના ફેરફારથી અકબરશાહના ઘોડેસ્વાર સૈન્યનો સેનાપતિ થયો છુ. પરતુ દોસ્ત ! હમણા એક કારણને લીધે મ્હારે ઘણી અશાન્તિ ભોગવવી પડે છે.

બિરબલ નિશારતખાનને મ્હોડે કોઇ એક અદ્ભુત વાત સાભળવાની આશા રાખતો હતો તેણે મનમા ને મનમા વિચાર્યુ કે—“કદાચ હવે નિશારતખાન તેની બેટીના મૃત્યુની વાત કાઢશે.”

નિશારતખાને થોડા સમય સુધી શાન્ત રહીને કહ્યુ—“એક વાત આપને કહુ કે ? ”

બિરબલ—આપ આપની અશાન્તિનુ કારણ બેલાશક કહો. હું આપનો ઘણા દિવસનો દોસ્ત છુ. ગમે એટલી ગુપ્ત હકીકત હોય તો પણ મ્હારી આગળ સકોચ રાખવાનુ કારણુ નથી.

નિશારતખાન—આપ કદાચ જાણુતા હશો કે, બાદશાહે એક સમયે મ્હને રાજમહેલનો સુબેદાર કરીને બગાળા દેશમા મોકલવાની ઇચ્છા દર્શાવી હતી

બિરબલ—હા, એ હકીકત હુ જાણું છુ.

નિશારતખાન--ત્યારે હવે મ્હારી બગાળા-પ્રદેશમા જવાની ઇચ્છા થઇ છે

બિરબલ--કારણુ ?

નિશારતખાન--જો કે બંગાળાના હવા પાણી મ્હને બરાબર માફક નથી આવતા, પરતુ મ્હારી બીબીને માફક આવે છે

બિરબલ નિશારતખાનના આ ખુલાસાથી ઘણો નિરાશ થયો. તેને એમ લાગ્યુ કે, તેના ઉદ્દેશને અનુસરતી એક પણ વાત નીકળી નહિ, ત્યારે તે મનમા ને મનમા નિશારતખાનની પર ઘણો કટાળ્યો, પરતુ કટાળીને તે શુ કરે ? નિશારતખાન એક મ્હોટો ઉમરાવ હતો

બિરબલે કહ્યુ—આપને બગાળા પ્રદેશમા જવુ છે એ વાતને મ્હારી સાથે શો સબધ છે ?"

નિશારતખાન--ઘણો સબધ છે. બાદશાહે અજિમખાનને બગાળાના સુબાની જગ્યાએ મોકલવાનુ વિચાર્યું છે. આપ બાદશાહના જમણા હાથ છો. આપ જો બાદશાહની આગળ ચતુરાઇથી બગાળાના સુબાની જગ્યાએ મ્હને મોકલવાની વાત કાઢો અને મ્હને

બંગાળામાં મોકલાવી શકો તો હું આપનો ઉપકાર જીવતાં સુધી ભૂલીશ નહિ.

બિરબલે આ વાત પર ઘણો વિચાર કર્યો. એક સમયે આજ નિશારતખાને બંગાળા દેશના સુબેદારી કરવા જવાની સાફ નામરજી દર્શાવી પોતાને બંગાળામાં નહિ મોકલવા માટે બાદશાહ ને આજીજી કરી હતી ! તેણે ઘણા ખોટા કારણો પણ દર્શાવ્યા હતા પરંતુ આજે એકાએક તે બંગાળાની સુબેદારી પર જવાની ઇચ્છા કેમ દર્શાવતો હશે ?

બિરબલે નિશારતખાનને સંબોધીને કહ્યું —" જનાબેઆલિ ! આપણે એક ઇશ્વરના સંતાન છીએ એકજ બાદશાહના નોકર છીએ આ હિંદુસ્થાન આપણે બંનેને માટે અન્ન તથા બીજા સુખ-વિલાસના સાધનો ઉત્પન્ન કરે છે. મ્હારા જેવા એક અધમથી જો આપના જેવા એક ઉચ્ચ અધિકારવાળા ઉમરાવ સાહેબ પર કાંઇ ઉપકાર થઇ શકશે તો તે હું કર્યા સિવાય રહીશ નહિ ! પરંતુ આજકાલ બાદશાહ નામવરના ક્રોધનો ભોગ આપનો આ દોસ્ત થઇ પડયો છે.

આ ખુલાસાથી નિશારતખાને આશ્ચર્ય પામી પુછ્યું – "કેમ કેમ, શહેનશાહ આપની પર શા માટે નારાજ થયા છે ?"

બિરબલ હવે પોતાના મનનો ભાવ છુપાવી શકયો નહિ તેણે કહ્યું -" દોસ્ત ! મ્હારી બેઅદબી માફ કરજો બાદશાહ આજકાલ આપને લીધેજ મ્હારી પર નેક-નજર થયા છે ! "

પ્રકરણ ૬ ઠુ.

અમીરઉદ્દૌલા નિશારતખાનનો મુખ્ય શત્રુ કોણ?!

નિશારતખાને અતિ આશ્ચર્ય પામી પૂછ્યુ—"શુ મ્હારે માટે બાદશાહ આપની પર નારાજ થયા છે—મ્હારે માટે!!"

બિરબલ—હા, આપનેજ માટે.

નિશારતખાન—શા માટે? મ્હેં તો કદાપિ જાણી જોઇને આપનુ કાંઇ અનિષ્ટ કર્યું નથી અગર તો બાદશાહ સમક્ષ આપની વિરૂદ્ધ એક પણ અક્ષર ઉચ્ચાર્યો નથી!

બિરબલ—આપે કદાચ નહિ ઉચ્ચાર્યો હોય, પરન્તુ પ્રકાર તો બધો હું કહું છુ એવો જ બન્યો છે આપજ એ પ્રકારના કારણરૂપ છો.

નિશારતખાનઃ—શુ બન્યુ છે તે વિસ્તાથી કહો વિલબ ન કરો.

બિરબલ.—ખાનસાહેબ! આપની બેટી ગુલ-ઉન્નિસા હમણા ક્યા છે?

નિશારતખાન—ગુલ-ઉન્નિસા! મ્હારી બેટી? મહારાજ! આપ ઉન્માદ બની ગયા છો કે શુ?

બિરબલ—ખાનસાહેબ! હું ઉન્માદ નથી બની ગયો—આપજ બની ગયા છો! આપની બેટીનુ મડદુ અમને આગ્રાના રાજમાર્ગ પરથી એક પટીમાથી મળી આવ્યુ છે એ ઉપરથી અમે સમજી શક્યા છીએ કે આપની કન્યા ગુલ-ઉન્નિસાનુ ખૂન થયુ છે

નિશારતખાન—મહારાજ! મ્હેં ગુલ-ઉન્નિસા નામજ આપને મુખે હમણાજ સાભળ્યુ છે. મ્હારે સતાનમા માત્ર એક પુત્ર લતિફ-ખાન સિવાય બીજુ કોઇ નથી એક કન્યા જન્મી હતી ખરી, પરતુ ઘણા દિવસથી તે કબરસ્થાનમા સૂઇ રહેલી છે, વળી તેનુ નામ પણ ગુલ-ઉન્નિસા નથી!

બિરબલ -જો બીજા કોઇએ આવો ખુલાસો કર્યો હોત તો હુ તેને જૂઠો ધારત, પરતુ મ્હને આપની પર સપૂર્ણ વિશ્વાસ છે

નિશારતખાનઃ—હું પણ ખુદાના કસમ ખાઇને કહું છુ કે, ગુલ-ઉન્નિસા નામની એક પણ કન્યા મારે હતી નહિ—

બિરબલ—ખાનસાહેબ! આપ શુ કહો છો? વારૂ, ઇસ્કાન્દાર-ખાન નામનો આપનો એકે ભત્રિજો છે કે?

નિશારતખાન—એ નામનો ભત્રિજો પણ નથી મ્હારા એક ભાણેજનુ નામ ઈસ્કાનદારખાન છે ખરૂ એ બાદશાહના સૈન્યમા સેના-નાયકનુ કામ કરે છે, પરતુ એ તો હમણા કાબુલમા છે! મહારાજા માનસિહે તેના શૌર્યથી સતુષ્ટ થઇને તેને મ્હોટા હોદ્દા પર નીમીને કાબુલમા મોકલ્યો છે. એક મહિના ઉપર મ્હને તેનો એક પત્ર મળ્યો હતો તેમા તેણે લખ્યુ હતુ કે, કાબુલના હવાપાણી તેને ઘણા માફક આવે છે તે હવે હિદુસ્થાનમા આવવાની ઇચ્છા રાખતો નથી.

નિશારતખાનના વચનો સાભળી બિરબલ પાછો એક પ્રકારના મ્હોટા વિચારમા પડી ગયો. આ સમયે પહેરગીરોએ કહેલી સઘળી હકીકત તેને યાદ આવી તેણે સંદેહ પામીને મનમાને મનમા વિચાર્યું—

" ત્યારે શુ પહેરગીરોએ મ્હને જૂઠી હકીકત જણાવી છે? કે નિશા-રતખાન મ્હારી આગળ જૂઠ્ઠુ બોલે છે?"

આ જગત્મા કોઇ પણ બનાવથી આશ્ચર્ય પામવા જેવું નથી. અન્ય કોઇ ઉપાય નથી હોતો ત્યારે પાપી પુણ્યવાન્ થાય છે, લુચ્ચો સાધુ થાય છે. ખુદાની આ દુનિયામા મનુષ્યો વિવિધ પ્રકારના રગથી રગાઇને ફર્યા કરે છે કોઇ પણ રીતે મહારાજ બિરબલને પહેરગીરોની હકીકત જૂઠી લાગી નહિ તેથી તેણે વિચાર્યુ -"આ નિશારતખાન; ભવિષ્યમા આવી પડનારા દુખને લીધે કન્યાના ખૂન સબધીની સઘળી હકીકત છુપાવી રાખે છે—અગર તો આ ખૂની મામલાની અદર તેનો હાથ છે, પરતુ નિશારતખાનના જેવો એક મ્હોટો અમીર આવા ખૂની મામલામા શામિલ થાય ખરો કે? આટલુ બધુ હડ-હડતું જૂઠ્ઠુ બોલે ખરો કે?'

બિરબલને ગભીરતાથી વિચાર કરતો જોઇને નિશારતખાને કહ્યુ —રાજાસાહેબ! સઘળી હકીકત મ્હને કહો તો ખરા. હુ આ રહસ્યમય મામલાની કાઈ પણ હકીકત સમજી શકતો નથી."

બિરબલે આ વચનો સાભળી નિશારતખાન તરફ જોયુ. તેણે જોયુ કે, નિશારતખાનના મ્હો પર સહજ પણ ચિંતા જણાતી નહોતી! આથી બિરબલ વળી વિશેષ આશ્ચર્યમા પડી ગયો.

નિરૂપાયે બિરબલે પહેરગીરો પાસેથી જે હકીકત સાભળી હતી તે સઘળી નિશારતખાનને કહી સભળાવી. ત્યાર પછી તેને અને બાદ-શાહને મૃત-દેહ કેવી રીતે અને ક્યાથી મળી આવ્યો હતો એ હકીકત પણ તેણે કહી સંભળાવી

નિશારતખાને સઘળી હકીકત સાભળી રહ્યા પછી મ્હોટે સ્વરે કહ્યુ—"મહારાજ ! મહારાજ ! આ સઘળી હકીકત તદ્દન ખોટી છે ! મૃત-દેહ ખોટો છે ! ! જીવતો ભત્રિજો ખોટો છે અને બાદશાહી પત્રો પણ બનાવટી છે ! ! ! આ આગ્રા શહેરમા મ્હારા ઘણા શત્રુઓ છે હુ ગજથી કપડુ ભરીને ખોરાસાનમા વેચતો હતો અને આજે હુ ખુદાની મહેરબાનીથી એક મ્હોટા ઉમરાવના અધિકાર પર છુ, તેથી મ્હારા દ્વેષી ઘણા છે. મારી ચારે દિશાએ મારા શત્રુઓ ફર્યા કરે છે આ શત્રુઓના ભયને લીધેજ હુ આગ્રા છોડી બગાળામા જવાની ઇચ્છા રાખું છુ રાજાસાહેબ ! મ્હારા વચનો પર વિશ્વાસ રાખો. આ બધો પ્રકાર હડહડતો જૂઠો છે ! ઘણી ચતુરાઇથી આપ આ રહસ્યમય ખૂની મામલાની તપાસ કરો. ગુલ–ફિજિસા નામની મ્હારે એક પણ કન્યા નથી ! મ્હારા સગા વ્હાલામા પણ એ નામની કન્યા કોઇને નથી"

આ પ્રમાણે કહીને નિશારતખાન ચિંતાતુર ચિત્તે, ઉતરી ગયેલે મ્હોડે, ધબકતા હ્રદયે એક સોફા પર આડો પડી ગયો અને તેણે પોતાના કપાળ પર હાથ ઠોકયો ભયકર ઉત્તેજનાથી તેના અગમાથી પસીનાના બિદુઓ ઉપસી આવવા લાગ્યા. તે રૂમાલથી પસીનો સાફ કરવા લાગ્યો

મહારાજ બિરબલ નિશારતખાનની આવી શોચનીય સ્થિતિ જોઇને શુ કરવુ તેના મ્હોટા વિચારમા પડી ગયો. નિશારતખાન સબધી પ્રથમ તેણે જે ઉધી ધારણા ધારી હતી તે ધારણા ઉભયની આવી માનસિક ચિતા આગળ તણાઇ ગઇ બિરબલ પણ હવે બરાબર સમજી શકયો કે, આ ખૂની મામલાના રહસ્યનો ભેદ કરવાનુ કાર્ય પૂર્વે તેણે જેટલુ સહેલુ ધાર્યુ હતું તેટલુ સહેલુ નથી.

રાજા બિરબલે કહ્યુ —" ખાનસાહેબ ! આપ કહી શકશો કે આ આગ્રા નગરીમાં આપનો મુખ્ય શત્રુ કોણ છે ? જો હુ તેનુ નામ જાણું તો આ રહસ્યનો કાઇક ભેદ જાણી શકુ ખરો. "

નિશારખાને ચિતાતુર ચિત્તે નિરાશાસૂચક સ્વરે કહ્યુ –" જો કે બીજા શત્રુઓની હું કાઇ પરવાહ રાખતો નથી, પરતુ એક શત્રુથી હું ઘણો ભય પામુ છુ ! પરતુ રાજાસાહેબ ! તેનુ નામ હુ આપને કહી શકીશ નહિ "

બિરબલે ઉત્તેજિત બની જઇને કહ્યુ –"નામ શા માટે નહિ કહો ? નામ કહેવામા તમને શી હરકત છે ? "

નિશારતખાન—આપ તેનુ નામ જાણશો તો તેથી પણ આપને કાઇ લાભ થનાર નથી તેની ઉપર આપની કાઇ સત્તા ચાલવાની નથી હજારો યત્ન કરશો તો પણ આપ તેને રાજ્યના ગુન્હામા સપડાવી શકશો નહિ પછી હુ વિના કારણ તેનુ નામ દઉ તેથી આપને શો લાભ છે ?

બિરબલ—હુ દિલ્લીશ્વરના ફરમાનથી આ આગ્રા નગરીનો મુખ્ય શાસન–કર્ત્તા છુ. બાદશાહનુ નામ લઇને હુ આપને આજ્ઞા કરૂ છુ કે, આ પ્રકારમા ખરા ગુન્હેગારની તપાસ કરવામા સહાયતા કરવાની ખાતર મ્હને આપ આપના મુખ્ય શત્રુનુ નામ કહો.

નિશારતખાન મહારાજ બિરબલના આ વચનો સાભળી મ્હોટા સકટમા ફસાઇ પડયો. આગ્રા શહેરના મુખ્ય શાસનકર્ત્તાએ બાદશાહનુ નામ લઇને તેને જે હકીકત પૂછી તે હકીકતનો જો તે ખરો ઉત્તર ન આપે તો બાદશાહનુ અપમાન કર્યુ ગણાય. નિશારતખાને થોડા સમય સુધી કાઈ વિચાર કર્યા પછી સાહસ એકઠું કરીને કહ્યુ:–" રાજાસાહેબ ! આપ ભલે આપના અધિકારનો ઉપયોગ કરી

મ્હને કેદ કરો, એમા હું આપને અડચણ કરીશ નહિ. કદાચ ભયંકર રાજ્યશિક્ષા મહન કરવી પડશે તો નિરૂપાયે હું તે પણ સહન કરીશ—મૃત્યુને આલિંગન કરીશ તો પણ હું મ્હારા એ મહા ભયંકર શત્રુનુ નામ આપને જણાવી શકીશ નહિ. આ જગત્મા કોઈ એ નામ જાણતું નથી—જાણે છે માત્ર એક જણ!"

પ્રકરણ ૭ મુ.

અદ્ભુત ભૈરવી.

આ સમયે એકાએક એક સુસજ્જિત ઓરડાની પાછળથી એક રમણી બોલી ઉઠી -"તદ્દન ખરેખરી હકીકત છે! એ શત્રુને બીજુ કોઇ જાણતું નથી—જાણે છે માત્ર એક જણ, અને એ હકીકતનો ખુલાસો કરવાને માટે એ એક જણ અહિ હાજર છે!"

નિશારતખાન આ વચનોથી વિશેષ ભય તેમજ આશ્ચર્ય પામ્યો તે આસન પરથી ઉઠી ઉભો થયો તેના કપાળ પરથી પસીનાના બિંદુઓ સરી પડવા લાગ્યા. તેનુ મ્હો લાલચોળ બની ગયુ કોઇએ જાણે કે તેની છાતીને જોરથી દબાવી. આ રમણીનો કંઠ જાણે કે તેનો જાણીતો હતો.

આ સમયે એક પરમ સુંદરી રમણી, એ સુસજ્જિત ઓરડામા આવી પહોચી. તેણે ભગવાં વસ્ત્રો પહેરેલા હતા તેના જમણા હાથમા એક ચકચકતું ત્રિશૂળ હતુ કપાળમા સિંદુરની રેખા હતી. ચોટલો પીઠ પર છુટો પડયો હતો. ગળામાં રુદ્રાક્ષની માળા ઝૂલી રહી હતી.

એ રમણીને જોતાં તેની ઉમર પાત્રિશ વર્ષ ઉપરાતની હોય તેમ લાગતું હતું આમ છતા તેના અગ પર જાણે કે સૌન્દર્યનો પાર નહોતો રમણીનુ શરીર બળવાન્ તેમજ ગૌરવર્ણનુ હતું. ભૈરવીના વેશમા તે વળી વિશેષ સુદર દેખાતી હતી

તેના નેત્રો જાણે કે ધકધક કરતા સળગી રહ્યા હતા. એ દૃષ્ટિ ભયકર જવાળામયી તેમજ મર્મને ભેદી નાખે એવી હતી. એ દૃષ્ટિ એક વખત જે મનુષ્યની પર પડતી હતી તે મનુષ્ય ભયનુ માર્યું આત્મભાન ભૂલી જતું હતુ

બિરબલે એ ભૈરવીને જોતાજ મનમા ને મનમા વિચાર્યું—“ સાક્ષાત ભવાની ભૈરવીનુ રૂપ લઇને જાણે કે મ્હારો ઉદ્ધાર કરવાને આવી પહોચી છે ” જો ભયકર ખૂની મામલાના રહસ્યનો ભેદ તે ન જાણી શકે તો તેના માન, આબરૂ, અધિકાર વગેરે ચાલ્યુ જાય તેમ હતુ–તે ગૂઢ રહસ્યનો ભેદ ખુલ્લો કરવાને માટે જ જાણે કે આયુધધારિણી ભગવતી, ભૈરવીના રૂપમા હાથમા ત્રિશૂળ લઇને તેની પાસે આવી ઉભી છે

બિરબલ આસનનો ત્યાગ કરી ઉઠી ઉભો થયો અને તેણે માનસૂચક સ્વરે પૂછ્યુ —“ માજી ! તમે કોણ છો ? ”

ભૈરવીએ પ્રેમમય કંઠે કહ્યુ —‘ હુ તમારી હિતેચ્છુ છુ ”

બિરબલ—અહિ તમે કેવી રીતે આવી શક્યા ?

ભૈરવી.—તમારા પહેરેગીરો મ્હને અટકાવી શકે તેમ નથી

બિરબલ—જે થયુ તે ઠીકજ થયુ છે. જો પહેરેગીરોએ તમને અટકાવી રાખ્યા હોત તો મારૂ મકાન તમારા પવિત્ર પગલાંથી પવિત્ર થાત નહિ.

ભૈરવી—ના ના, એમ બોલશો નહિ હુ તો એક સાધારણ સ્ત્રી જાત છુ

ભૈરવીએ આ સમયે નિશારતખાનના મ્હો તરફ તીવ્ર કટાક્ષ ફેંકી કહ્યુ—"નિશારતખાન !"

આ ભયંકર સંબોધન-ધ્વનિ નિશારતખાને સાભળ્યો એ ધ્વનિ સાભળીને નિશારતખાન મહા બળવાન વીર હોવા છતા થર થર કંપવા લાગ્યો.

ભૈરવીએ પૂછ્યુ-" નિશારતખાન ! મ્હને ઓળખો છો કે ?"

નિશારતખાન ભયનો માર્યો અસ્પષ્ટ સ્વરે બોલ્યો—"ઓ—ળખુ છુ. શુ.. તમે. ..તે ..જ છો ? !"

ભૈરવીએ મહા ભયંકર સ્વરે કહ્યુ-"હા હા, હુ એજ છુ. એક વખત મ્હારા મ્હો તરફ નજર કરી જુઓ—એટલે તરતજ તમે સમજી શકશો કે હુ તેજ છુ—"

નિશારતખાને આશ્ચર્ય પામીને કહ્યુ-"મ્હે તો એમ સાભળ્યુ હતુ કે, તમે યમુનાના જળમા ડુબીને મરી ગયા હતા !"

ભૈરવી—હા ખરેખર, હુ તમારા અત્યાચારથીજ—જુલ્મથીજ મ્હારા માન મર્યાદાનુ સંરક્ષણ કરવાને માટે યમુનામા ડુબી ગઇ હતી, પરતુ એ ઘણા દિવસો પૂર્વેની વાત છે હુ ડૂબી ગઇ હતી ખરી પરતુ મરી ગઇ નહોતી

નિશારતખાન-એવી રીતે જો માણસ ડૂબી ગયુ હોય તો તે કદાપિ બચી શકે નહિ લોકોએ તમારૂ મડદુ સુદ્ધા જોયુ હતુ.

ભૈરવીએ ક્રોધે ભરાઇને કહ્યુ —" હા, એ વાત પણ ખરી છે; પરતુ તે સમયે તમે ખુદાની પર વિશ્વાસ રાખતા નહોતા. ધન દો

લતના ગર્વથી અભિમાનમા તણાઇ-મ્હારા ખુદાને—દયાળુ પાક પરવર દિગારને ભૂલી ગયા હતા આ વિચાર કરવાનો સમય નથી. જન્મ-મૃત્યુ એ ખુદાની સત્તાની વાત છે તમારા કરોડ પાપના પ્રાયશ્ચિત્ત ને માટે નેક ખુદાએજ મ્હને બચાવી છે—જીવતી રાખી છે'

આ ખુલાસો સાભળી નિશારતખાન કાઇક શાન્ત થયો, તેની ચિન્તા ઓછી થઇ તેની ખાત્રી થઈ કે તેની મ્હામે ઉભેલી ભૈરવી પ્રેત નથી, પિશાચ નથી, જાદુગરી નથી તેણે ધીમેથી કહ્યુ –"જ્યારે બચી ગયા હતા ત્યારે મ્હને ખબર કેમ નહોતી આપી?"

ભૈરવી—મ્હારૂ જીવન બચ્યુ તેની સાથે જ મ્હારો પુનર્જન્મ થયો છે તમે જે સ્વરૂપમા, જે ભાવથી મ્હને જોઇ હતી, તે સ્વરૂપ અને તે ભાવ હવે મ્હારામા નથી વળી નિશારતખાન! તમારી સાથે મ્હારો શો સબધ છે? એક જન્મનુ મૃત્યુ-તે બીજા જન્મનુ નૂતન જીવન છે-એ વાત શુ ભૂલી ગયા છો?

નિશારતખાન --ઠીક કર્યું છે, પરતુ અહિ શા માટે આવવુ પડયુ છે?

ભૈરવી –તમારા જેવા એક હતભાગ્યનુ મહા ભયકર સકટ માથી રક્ષણ કરવા માટે એટલા માટેજ ખુદાએ મ્હને હમણા અહિ મોકલી છે. તમે અહિ છો-એમ હુ પ્રથમ જાણતી નહોતી. હુ એક મુખ્ય કારણને લીધે મહારાજ બિરબલને મળવા આવી હતી. પહેરગીરો હિન્દુ હતા, અને મ્હે ભગવા વસ્ત્રો પહેરેલા હતા. તેમણે મ્હને ભૈરવી ધારી અહિ આવતા અટકાવી નહિ. એક હિન્દુ પહેર-ગીરે મ્હને આ બેઠકખાનુ બતાવી દીધુ હતું. આ બેઠકખાનાની બ્હાર ઉભી રહીને મ્હે તમારી સઘળી વાતચિત સાભળી છે-એ

વાતચિત સાંભળી હું અતિ આશ્ચર્ય પામીછુ. તમારી વાતચિત ઉપરથી હું સમજી શકી છુ કે તમે બન્ને એક મ્હોટા સંકટમાં ફસાઇ પડચા-છો. આ બિરબલ મહારાજે તમારા જેવા જહેરી નાગને ઘણી સહેલાઇથી પોતાની સત્તાને આધીન કર્યા છે અહિ તમે મ્હને કોઇ પણ પ્રકારે નુકશાન કરી શકશો નહિ એવી ખાત્રી થવાથી હું આ બેઠકખાનામા આવી છુ

બિરબલે શાન્તિથી ભૈરવી અને નિશારતખાન વચ્ચે ચાલતી વાતચિત સાભળી, પરતુ એ વાતચિતનુ ગુઢ રહસ્ય તેની સમજમા આવ્યુ નહિ. ભૈરવીનો અક્ષરે અક્ષર જાણે કે રહસ્યમય હતો. સઘળી હકીકતમા જાણે કે એક પ્રકારનુ ગુઢ રહસ્ય સમાયલુ હતુ.

બિરબલે ભૈરવીને સબોધન કરીને કહ્યુ.-"દેવિ! જ્યારે તમે મ્હારા આ બેઠકખાનાને પવિત્ર કર્યું છે, ત્યારે આસન પર બેસો"

આમ કહીને મહારાજ બિરબલે એક કીંમતી આમન ભૈરવી જ્યા આગળ ઉભી રહી હતી ત્યા આગળ પોતાને હાથે લઇ જઇને મૂકયુ.

ભૈરવીએ કહ્યું—"આજે આસન પર બેસવાની કાઇ જરૂર નથી. તમને હું જે કહેવા આવી હતી તે આજે મ્હારાથી કહી શકાયુ નહિ. તમારૂ ચિત્ત એક પ્રકારની ભયકર ચિન્તાથી ઘણું અસ્થિર બની ગયુ છે. મ્હારી હકીકત એક સમયે તમારે લક્ષ્ય આપીને સાભળવી પડશે તો પણ તમે હમણા આ હતભાગ્ય નિશારતખાનને મુખે જે હકીકત સાભળવાની ઇચ્છા રાખતા હતા જેને માટે નિશારતખાન હજી સુધી સંકટાધીન છે—તેને બાદશાહની કઠોર સજામાંથી બચાવવાનો મ્હારે યત્ન કરવો જોઇએ છે. આ નિશારતખાને મ્હારી

પર સાધારણ ઉપકાર કર્યા છે, પરતુ અપકાર એટલો બધો કર્યો છે કે, જેથી ઉપકારના સામાન્ય કૃતજ્ઞતા તદ્દન ચાલી જાય છે ”

“ મહારાજ ! સાભળવાની ઇચ્છા રાખો છો ? આ વિશાળ મોગલ સામ્રાજ્યમા આ અમીરઉદ્દૌલા નિશારતખાનનો મ્હોટો શત્રુ કોણ છે તે સાભળવાની તમે ઇચ્છા રાખો છો ? જો કે નિશારતખાનના શત્રુઓ અનેક છે, પરતુ તેઓ પૈકી એક મહા ભયંકર છે. એ શત્રુને તમે ફસાવી શકો તેમ નથી તેની પર કઠોર ગજ-સત્તા ચલાવી શકો તેમ નથી, અરે ! તમે તેની પાસે પણ જઇ શકો તેમ નથી. નિશારતખાનનો એ મહા ભયકર શત્રુ બીજો કોઇ નહિ, પરતુ શાહજાદો સેલિમ છે આ નિશારતખાનની દુર્બુદ્ધિને દોષેજ એ તેનો શત્રુ થઇ પડયો છે—એ સઘળી હકીકત હમણા કહેવાની જરૂર હુ ધારતી નથી. ”

ભૈરવીના વચનોથી બિરબલ આશ્ચર્યના મહાસાગરમા ડૂબી ગયો. નિશારતખાન પણ શાન્ત થઇ ગયો. નિશારતખાને પોતાનો જીવ જતા પણ પોતાના મહા શત્રુનુ નામ કહેવાનો અસ્વીકાર કર્યો હતો તે શત્રુનુ નામ ઘટનાચક્રને પરિણામે આપોઆપ ખુલ્લુ થઇ ગયુ.

બિરબલ આકાશ પાતાળના વિચારો કરતો હતો તે બાહ્યજ્ઞાન ભૂલી ગયો હતો. નિશારતખાનની સ્થિતિ પણ બિરબલના જેવીજ હતી. બન્ને જણા નીચુ મ્હો કરી બેસી ગયા હતા—બન્ને જણા શાન્ત હતા.

થોડા સમય પછી મહારાજ બિરબલે કહ્યુ —“ ખાનસાહેબ ! હવે હુ સમજી શકયો છુ કે શા માટે આપ આપના શત્રુનુ નામ મ્હને નહોતા કહેતા ? હવે ઘટના-પ્રવાહ એક એવે સ્થાને જઇ પહોચ્યો છે કે, જે સ્થાન પર બાદશાહ નામવરની સપૂર્ણ સત્તા છે ”

આમ કહીને મહારાજ બિરબલે જ્યા આગળ ભૈરવી ઉભી રહી હતી ત્યા નજર કરી તો ભૈરવી ત્યા હાજર નહોતી !

મહારાજ બિરબલ અને નિશારતખાન જ્યારે વિચાર કરવામા તદ્દન લીન બની ગયા હતા ત્યારે સમય સાધીને ભૈરવી ગુપચુપ બેઠકખાનામાથી ચાલી ગઇ હતી વાયુની અદર પ્રેતની છાયા જે પ્રમાણે ક્ષણુ માત્રમા મળી જાય છે તેજ પ્રમાણે ભૈરવી પણુ ગુપચુપ બ્હાર જઇ પહોચી હતી.

પરતુ આ ભૈરવીની મહારાજ બિરબલને ઘણી જરૂર હતી. તે જે રહસ્યમય ઘટનાનો આભાસ આપી ગઇ હતી તેની બરાબર માહિતી મેળવવાને માટે તેની પ્રથમ જરૂર હતી કારણુ કે તે સિવાય બાદશાહ નામવને જે વાત કહેવાની હતી તે બાદશાહ કબુલ કરે તેમ નહોતું

બિરબલે મ્હોટેથી બૂમ મારી—"ગુલામ !"

વિના વિલબે એક નોકરે આવી મહારાજ બિરબલને સલામ કરી કહ્યુ —"જી હુજૂર ! કયા ફરમાન હય ?"

બિરબલ—હમણાને હમણા જહાન્દારખાનને મ્હારી પાસે બોલાવી લાવ. કહેજે કે ઘણુ જરૂરી કામ છે

પહેરગીર તરતજ જહાન્દારખાનના બગલા તરફ ઉતાવળો ઉતાવળો ચાલ્યો ગયો. જહાન્દારખાનને બગલે જઇ પહોચ્યા પછી તેણે એક નોકર માર્ફત અદર સમાચાર પહોચાડ્યા

જહાન્દારખાન નશીબનના વચનોથી કાઇક નિશ્ચિન્ત થઇને રૂપવતી, ગુણવતી તેમજ બુદ્ધિમતી પત્નીના વિચારો કરતો બેઠો હતો, તથા વારવાર તે ભુવનમોહિની નશીબનના સુન્દર મુખ-

મંડળ તરફ જોઈ રહેતો હતો એવે સમયે તેના નોકરે મહારાજ બિરબલની આજ્ઞા તેને કહી સંભળાવી

બિરબલે જહાન્દારખાનને જલદીથી બોલાવેલો હોવાથી જહાન્દારખાન ભયચકિત ચિત્તે બંગલાની બ્હાર નિકળ્યો ફરીથી પાછા સંકટમાં વિશેષ ન સપડાવાય એ માટે એક વખત તેણે ખુદાનું સ્મરણ કર્યું, પરંતુ અમને લાગે છે કે, સર્વ શક્તિમાન વિધાતાએ ખાનસાહેબની એ પ્રાર્થના સાંભળી નહોતી

જહાન્દારખાનને બોલાવવા માટે માણસ મોકલ્યા પછી મહારાજ બિરબલે નિશારતખાનને કહ્યું—"સાહેબ! મ્હને લાગે છે કે આપ મ્હારી ઉપર ગુસ્સે ભરાયા છો. આપ મ્હારા ઘણા દિવસના—જૂના દોસ્ત છો, પરંતુ જે પ્રકાર બન્યો છે—તથા પહેરેગીરો મારફત મ્હેં જે હકીકત સાંભળી છે, તે ઉપરથી નિરૂપાયે મ્હેં એમ ધાર્યું હતું કે એ ખૂની મામલામાં આપ પણ શામિલ થયેલા છો. તેમ છતાં મ્હેં એમ પણ વિચાર્યું હતું કે, આવા નીચ પ્રકારના ભયંકર કાર્યમાં આપ શામિલ થાઓ એ તદ્દન અસંભવ છે મ્હેં માત્ર મ્હારૂં કર્ત્તવ્ય બજાવવાની ખાતર જ આપને એ ચાર પ્રશ્નો પૂછયા છે, તે માટે મ્હારી પર માઠું લગાડશો નહિ. ખાનસાહેબ! મ્હારી બેઅદબી—મ્હારી કસુર માફ કરજો મ્હારી સ્થિતિનો આપ એક વખત પૂરતો વિચાર કરી જુઓ એટલે આપને માલૂમ પડશે કે, આ ખૂની મામલાનો જોખમદાર હુંજ છું—હુંજ મહા ભયંકર સંકટમાં સપડાયો છું જો કદાચ ભાગ્યદોષને લીધે આપ મ્હારા જેવા મહા ભયંકર સંકટમાં સપડાયા હોત તો તમે બરાબર મ્હારા જેવો જ વ્યવહાર નિરૂપાયે ચલાવત. જે બાદશાહની મહેરબાનીથી—કૃપાથી હું આજે

સમસ્ત હિંદુસ્તાનમા એક માનવતો માણસ ગણાઉં છુ—રાજા માનસિંહ, ટોડરમલ, અબુલ ફજલ, ફૈજી વગેરેએ પણ બાદશાહની સંપૂર્ણ મહેરબાની મેળવી નથી—તે મેળવવા હુ ભાગ્યશાળી થયો છુ. મ્હારૂ આવુ અપાર સન્માન, પ્રતિષ્ઠા, અધિકાર સહુ આ ખૂની મામલાને લીધે દૂર થઇ જવા બેઠું છે. ખાનસાહેબ ! આ સઘળી હકીકતનો યથાયોગ્ય વિચાર કરી મ્હારી બેઅદબીની મ્હને ક્ષમા કરજો આ ખૂની મામલાનો નિકાલ થઇ જશે એટલે હુ આપને બંગાળામાં મોકલાવવાની મ્હારાથી બની શકશે તેટલી ખટપટ કરીશ, તથા મ્હારી ખાત્રી છે કે, દિલ્લીશ્વર આ અધમની વિનતિ કબૂલ રાખશેજ ”

નિશારતખાન શાન્તિથી મહારાજ બિરબલના આ વાકયો સાંભળી રહ્યો હતો, તેણે હવે મહારાજ બિરબલ પાસેથી વિદાય થઇ જવાનુજ વ્યાજબી વિચાર્યું હતું. તે મહારાજના વચનો સાભળી માત્ર મસ્તક હલાવ્યા કરતો હતો સમતિ દર્શાવતો હતો. વચ્ચે વચ્ચે હાથ ઉંચો કરીને સલામ કરતો હતો અને મહારાજ બિરબલ પાસેથી વિદાય લઇ તે નિશ્ચિંત્ત થયો પાઠક ! હવે આપણે નિશારતખાનને છોડી દઇને જહાન્દારખાન તરફ લક્ષ્ય આપીશુ.

જહાન્દારખાન કોઇ પણ પ્રકારની અડચણ સિવાય મહારાજ બિરબલની મુલાકાત લઇ શકતો હતો તે શહેરનો મુખ્ય કોટવાલ હતો તેનુ માન પણ ઘણું હતું તેથી બીજા મુલાકાતે આવનારની માફક તેને મહારાજ બિરબલને પ્રથમ સમાચાર પહોચાડવા પડતા નહિ, તેથી તે તરતજ મહારાજ બિરબલ પાસે જઇ પહોચ્યો.

બિરબલે આગળી કરીને જહાન્દારખાનને બેસવા માટે એક આસન બતાવ્યુ જહાન્દારખાન એ આસન પર બેઠો. નિશારતખાન સબધી જે કાંઇ બન્યુ હતુ તે સઘળી હકીકત ટૂકમાં જહાન્દારખાનને કહી સભળાવીને· અને બિરબલે આજ્ઞા કરી કે–" ગમે તે ઉપાયથી એ ભૈરવીને હાજર કરો. કાળિકા માતાના મદિરમા તપાસ કરશો તો ત્યા આગળ કદાચ તે મળી આવશે. તમે પોતે મદિરમા જશો નહિ—દુર ઉભા રહેજો. બે હિન્દુ સિપાહીઓને ગુપ્તવેષમા મદિરમા મોકુલી એ ભૈરવીની તપાસ કરાવજો. વળી એક વાત લક્ષ્યમા રાખજો કે, એ ભૈરવીને મે માતાના જેટલું માન આપ્યુ છે કોઇ પણ રીતે તેને વિરકત કે ઉત્તેજિત કરશો નહિ મ્હને મળવા આવવાનુ જણાવી યોગ્ય આદર સત્કારથી તેને મ્હારી પાસે લઇ આવજો જહાન્દારખાન ! હવે જાઓ. ક્ષણ માત્રનો પણ વિલબ કરશો નહિ ઘણો સમય આપણે નકામો ગુમાવ્યો છે. માત્ર ચાર હિન્દુ સિપાહીઓને તમે તમારી સાથે લઇ જજો બે જણ તમારી સાથે રહેશે અને બે જણ ગુપ્તવેષમા મન્દિરમા પ્રવેશ કરશે; પરતુ સાવધાન ! કોઇ પણ પ્રકારે ગરબડ થાય નહિ અગર તો કાયદા વિરૂધ્ધ કાર્ય થાય નહિ "

જહાન્દારખાન મહારાજ બિરબલની આજ્ઞા સાભળી પોતાના કાર્યને પાર ઉતારવા ચાલી નીકળ્યો એક જલદીથી ચાલે એવી ગાડીમા બેસી, ચાર હિન્દુ પહેરગીરોને સાથે લઇ એ ગભીર ગત્રે જહાન્દારખાન આગ્રા નગરીની બ્હાર નીકળી પડયો.

પ્રકરણ ૮ મુ.

મધ્યરાત્રે મળેલી યોગિની.

અસાધારણ દુઃખ ભોગવીને, લાંબો માર્ગ વટાવીને, એ ગંભીર તેમજ ભયંકર રાત્રે જહાંદારખાન કાંઇ કરી શક્યો નહિ. મહારાજ બિરબલે તેને જે પ્રમાણે કાર્ય કરવાની સૂચના આપી હતી તેજ પ્રમાણે તેણે કાર્ય કર્યું હતું, પરંતુ તેના કર્મના દોષને લીધે તે પોતાના કાર્યમાં ફત્તેહમંદ થયો નહિ. જહાન્દારખાને એમ ધાર્યું હતું કે, તે ઘણી સહેલાઈથી ભૈરવીને પકડી શકશે, પરંતુ પરિણામે તેને નિરાશ હૃદયે પાછા ફરવું પડ્યું.

જે બે રજપૂત--હિન્દુ પહેરગીરોને જહાન્દારખાને ગુપ્તવેષમાં ભૈરવીની તપાસ કરવા દેવીના મંદિરમાં મોકલ્યા હતા, તેઓ બન્ને ઘણા ચતુર હતા. મંદિરમાં જઇ તેમણે એક સોનામહોર પૂજારી મહારાજના હાથમાં પ્રણામી તરીકે આપી. પૂજારી સાથે પછીથી વાત-ચિત કરતાં તેઓ માત્ર એટલું જાણી શક્યા કે, ભૈરવી હમેશાં કાંઈ મંદિરમાં નિયમાનુસાર યા તો અમુક વખતે આવતી નથી. ખાસ કરીને તે અમાવાસ્યાની મધ્યરાત્રે આવીને કાલિકાદેવીની પૂજા કરી જાય છે. કોઇ દિવસે તે રાત્રિના પ્રથમ પ્રહરે આવે છે તો કોઇ દિવસે પ્રભાતકાળે આવે છે."

આ નિરાશાજનક સમાચારથી જહાન્દારખાનનું મ્હોં ઉતરી ગયું. જો ભૈરવીને તે સાથે લઇ શક્યો હોત તો તેના આનંદનો પાર રહેત નહિ, પરંતુ આવું સાધારણ કાર્ય પણ પોતાનાથી પાર ઉતર્યું નહિ એ માટે તેને પોતાના પર ઘણી શરમ ઉપજી.

આ સમયે રજનીનો બીજો પ્રહર પસાર થઇ ગયો હતો. રજની-સુંદરીએ કાળા વસ્ત્રોથી પોતાના અંગને ઢાંકી દીધું હતું. પ્રકૃતિ શાન્ત હતી સુગંધિત વાયુ ફુંકાતો હતો રસ્તા પર એક બાજુએ એક કેતકી વન હતું એ વનમાં બે ચાર કેતકી-પુષ્પ ખિલેલા હોવાથી તેની સુગંધિથી ચારે દિશાઓ બ્હેકી રહી હતી મૂર્ખ ભ્રમરો ગુણ ગુણ અવાજ કરતા અંધકારમાં આમ તેમ ફિડતા જણાતા હતા

એક ઠેકાણે કેટલાક વન-માલતી પુષ્પો ખિલ્યા હતા. આકાશમાં ચંદ્રદેવ નહોતા--હતા માત્ર આછા આછા તારાઓ. રાત્રિનું અંધકારમય તાંડવ-નૃત્ય થઇ રહ્યું હતું

આવી શાન્ત પ્રકૃતિમાં થઇને અતિ ચિંતાતુર ચિત્તે એ ગંભીર રાત્રે જહાન્દારખાન ધીમે ધીમે આગ્રા શહેર તરફ જતો હતો. નગરનો મુખ્ય દરવાજો ઘણા સમયથી બંધ થઇ ગયો હતો, પરંતુ જહાન્દારખાન નગર-રક્ષક હતો કોઇ પણ સમયે તે નગરમાં પ્રવેશ કરી શકવાને સમર્થ હતો

શહેરની પાસે જઇ પહોંચીને જહાન્દારખાને પોતાની સાથેના પહેરેગીરોને કહ્યું—" તમે આગળ જઇ, મહારાજ બિરબલને આ નિરાશાના સમાચાર જણાવી કહેજો કે, આજે ઘણી મહેનત કરી તો પણ એ ભૈરવીનો પત્તો લાગ્યો નહિ "

પહેરગીરો ઉતાવળે પગલે આગળ ચાલી નીકળ્યા. જહાન્દારખાન એકલો એ અંધકારમાં ધીમે ધીમે આગળ વધવા લાગ્યો. એવામાં એકાએક કોઇના ધીમા પગલાનો અવાજ તેના સાંભળવામાં આવ્યો. જહાન્દારખાન વીર હતો. તેણે સાહસથી પાછી દૃષ્ટિ કરી જોઇ; પરંતુ એ ઘનઘોર અંધકારમાં તે કોઇને જોઇ શકયો નહિ.

આ ભયંકર રાત્રે, શહેરની બ્હાર નદીના કિનારા પરના એકાંત માર્ગે કોણે તેની પૂઠ પકડી છે તે સમજમાં નહિ આવ્યાથી તેણે પોતાની સમશેરને મ્યાનની બ્હાર ખેંચી કાઢી, તથા તે એકજ ઠેકાણે થોડા સમય સુધી ઉભો રહ્યો—પરંતુ પુન કોઇના પગલાંનો અવાજ સંભળાયો નહિ ! ત્યારે શું એ ભૂતપ્રેતનાં પગલાનો અવાજ થયો હશે ? !

જહાન્દારખાને મનમાં ને મનમાં વિચાર્યું –" નક્કી મ્હને એક પ્રકારનો ભ્રમ થયો હોવો જોઇએ. એ કોઇ જંગલી પ્રાણીના પગલાનો અવાજ હશે " તેની પાસે હથિયાર હતા તેમજ તે વીર પુરૂષ હતો, તેથી કોઇના સાધારણ પગલાના અવાજથી પોતે ભ્રમમાં પડી ગયો એ માટે મનમાંને મનમાં તેને ઘણી શરમ ઉપજી.

બાજો અડધો ગાઉ આગળ જતા આગ્રા શહેરનો પશ્ચિમ તરફનો દરવાજો આવે તેમ હતો અમે જે સમયની આ નવલકથા લખીએ છીએ એ સમયે દિલ્લી, આગ્રા, અજમેર, ઉર્જૈન, લાહોર વગેરે બાદશાહી નગરોની ચારે તરફ સુદ્દઢ પત્થરોના કોટ હતા આજે પણ હિંદુસ્થાનના ઘણાખરા શહેરોની આસપાસ એ ભાગ્યા ટૂટયા જૂના કોટ જોવામા આવે છે.

શહેરની ચારે તરફ એકેક દરવાજો આવજાવને માટે રહેતો હતો એ સઘળા દરવાજાઓ પર બળવાન્ પહેરેગીરો રાત્રિ દિવસ ચાલાકીથી પહેરો ભર્યા કરતા હતા બાદશાહની આજ્ઞાથી મધ્યરાત્રિ પછી શહેરના સઘળા દરવાજાઓ બંધ કરી દેવામા આવતા હતા. એ સમયે જેઓ બ્હાર રહી જતા તેઓ તે રાત્રે નગરમા પ્રવેશ કરી શકતા નહિ; તો પણ જેમની પાસે બાદશાહી પંઝો હોય અગર તો

બાદશાહી ફરમાન-પત્ર હોય તેઓ કોઇ પણ સમયે નગરમા પ્રવેશ કરી શકતા હતા, પરતુ આવા પ્રકારનો પઝો યા તો બાદશાહી ફરમાન-પત્ર કોઇ ભાગ્યશાળીને જ મળતુ પ્રખ્યાત અમીર-ઉમરાવ, રાજ્યાધિકારી અગર તો શ્રીમત સિવાય કોઇ પણ માણસ બાદશાહી પઝો મેળવી શકતું નહિ

નગરના દરવાજા બધ થઇ જતાં જે મનુષ્યો બ્હાર રહી જાય તેમના વિશ્રામને માટે પ્રજાપ્રિય અકબરશાહે નગરના કોટની બ્હાર સરકારી ખરચથી કેટલાક મુસાફિરખાના કરાવ્યા હતાં. હિન્દુ તેમજ મુસલમાન જાતિઓને માટે આવાં જૂદા જૂદા મુસાફિરખાના હોવાથી કોઇ પણ મનુષ્યને હરકત વેઠવી પડતી નહિ. હમણા એ મુસાફિરખાનાઓનુ એક પણ ચિહ્ન જોવામા આવતુ નથી. કોઇ પણ પ્રકારના ખરચ સિવાય એ મુસાફિરખાનાઓમાથી મનુષ્યોને રહેવાનુ સ્થાન, ભોજન, વિશ્રામ વગેરેના સાધનો મળી આવતા હતા: પરતુ જે કોઇ પ્રતિષ્ઠિત મનુષ્ય બાદશાહનુ દાન સ્વીકારવાને નારાજ હોય તે જો ખર્ચ આપવા ઇચ્છતું તો બેલાશક આપી શકતું હતુ

જહાન્દારખાને દૂરથી જોયુ તો જણાયુ કે, હજી સુધી કેટલાક મુસાફિરખાનાઓના ઓરડાઓમા દીવાઓ સળગતા હતા તે જલદીથી નગર તરફ જવા લાગ્યો.

એવામા પાછો કોઇના પગલાનો અવાજ તેણે સાભળ્યો એ અવાજ પણ પ્રથમની માફક ધીમો હતો આ સમયે જહાન્દારખાને ત્યાજ ઉભા રહી, પોતાની કમરમાથી ચકચકતી કટાર બ્હાર કાઢી મ્હોટેથી કહ્યુ —“ હુ આગ્રા શહેરનો મુખ્ય કોટવાલ જહાન્દારખાન છુ—કોણ મારી પાછળ આવે છે—જો સાહસ હોય તો મ્હારી સ્હામે આવે.”

આ વાક્યોનો કાંઈ ઉત્તર મળ્યો નહિ. ખાનસાહેબના વચનો વાયુમા મળી ગયા એ વાક્યોનો દૂરથી પડઘો પડયો. પ્રકૃતિએ ફરીથી શાન્તિ ધારણ કરી.

જહાન્દારખાન ઘણીજ ઉતાવળથી નગર તરફ જવા લાગ્યો. એવામા પાછળથી કોઇએ પોતાનો કોમળ હાથ ધીમેથી જહાન્દાર-ખાનના ખભા ઉપર મુકી કહ્યુ –'કોટવાલ સાહેબ ! આવી મધ્ય-રાત્રિને સમયે એકલા ક્યા ગયા હતા ?"

ખાન સાહેબે કહ્યુ —"તુ ભૂલે છે. મ્હને એકલો ધારીશ નહિ. યાદ રાખજે કે મ્હારી સાથે ચાર પહેરગીરો છે"

જહાન્દારખાન એ અજાણ્યા મનુષ્યના કંઠ ઉપરથી સમજી શક્યો કે તેને પ્રશ્ન પૂછનાર એક સ્ત્રી છે ચોર નથી બદમાશ નથી, ખૂની નથી અગર તો રાજદ્રોહી નથી રમણીએ શા માટે પોતાની પૂઠ પકડી હશે તેનો જહાન્દારખાન કાંઇ નિર્ણય કરી શક્યો નહિ તેણે ધીમેથી કહ્યુ –"ત્હારા અવાજ પરથી માલૂમ પડે છે કે તુ સ્ત્રી જાત છે ! આવા ઘનઘોર અંધકારમા પણ હુ સમજી શક્યો છુ કે તું એક સ્ત્રી છે. **પરસ્ત્રીને હું માતા સમાન સમજું છું.** હુ જાણવાની ઇચ્છા રાખુ છુ કે, તુ કોણ છે ? જો મ્હારા પ્રશ્નનો ખરો ઉત્તર આપીશ તો મ્હને ઘણો આનંદ થશે."

રમણીએ ઉત્તર આપ્યો —"ખાન સાહેબ ! હુ એક નિરાધાર દુખી નારી છુ. એક ઉચ્ચ કુળમા મ્હારો જન્મ થયેલો છે. આવી રાત્રે એકાંત રાજમાર્ગ પર જ્યારે અનાથિનીની માફક ફર્યા કરૂ છુ ત્યારે મ્હે વૃક્ષાદિની નીચે મુકામ રાખ્યો છે. કહો, આથી મ્હારો બીજો વિશેષ શો પરિચય હુ આપને આપુ ?"

જહાન્દારખાન —હું સમજ્યો કે, ત્હારે થોડું ઘણું દ્રવ્ય જોઇએ છીએ, કેમ ?

"ના, સાહેબ ! હું દ્રવ્ય માગતી નથી, મ્હારા એક પેટનો ભાર ભગવાને ઉપાડી લીધો છે મ્હારી ભિક્ષા જૂદી જાતની છે"

"ત્યારે ત્હારે શુ જોઇએ છીએ ?

"હમણા કાઇ જોઇતું નથી"

"ત્યારે તુ મ્હારી પાછળ પાછળ કેમ આવતી હતી ?"

"આપે મ્હને બોલાવી હતી તેથી"

"મ્હે તો કાઇ કોઇનુ નામ લીધુ નથી આવી ભયકર અધકારમયી રાત્રે આવા એકાત રસ્તે કોઇના પગલાનો અવાજ સાભળ્યાથી મ્હે ધાર્યું હતું કે કોઇ ચોર બદમાશ યા તો છુપો ખૂની મ્હારી પાછળ પડયો છે તેથી હુ તેને સબોધીને બોલ્યો હતો. તુ સ્ત્રી છે-તને બોલાવવાની મ્હને કાઇ જરૂર નહોતી"

"સ્ત્રીને હમણા બોલાવી નથી એ ખરૂ છે, પરંતુ સાહેબ ! એક સ્ત્રીને શોધવા માટે તો હમણાં તમે યમુનાના પેલી પારના કિનારા પાસે આવેલા કાળિકા દેવીના મદિરમા ગયા હતા કેમ ?

"તું કોણુ છે ? ત્યારે શુ તુ જ તે ભૈરવી છે ?"

"હુ ભૈરવી નથી-પરતુ ભૈરવીની યોગિની છુ ખરી"

"યોગિની એટલે ?'

"ભૈરવીની સહચરીને યોગિની કહેવાય છે"

"ઠીક ! ઠીકજ થયુ છે. યોગિની ! હમણા ત્હારી ભૈરવી ક્યાં છે તે તું કહી શકીશ કે ?"

"હુ કાઇ જાણુતી નથી."

"તો પછી તુ તેની સહચરી છે એમ કેમ મનાય?"

"સહચરી કાઇ રાત્રિ દિવસ સાથે રહેતી હશે કે? વળી આપની બીબી નશીબનની જ વાત કરો. તે આપની સહચરી તરીકે છે—છતા અત્યારે આપની સાથે કેમ નથી?"

"તું મ્હારી મશ્કરી કરે છે, કેમ?"

"આપની મશ્કરી કરવા જેટલો આપણો બન્નેનો સબધ નથી! હુ કાઈ નશીબન બીબીની બ્હેન નથી—"

'સ્ત્રી જાત હોવા છતા તુ આટલી બધી વિચિત્રતા ધરાવે છે?"

"આપની નશીબનબીબી કરતા હુ થોડી વિચિત્રતા ધરાવુછુ."

"વિચારીને જબાન ખોલ—આગળ પડતુ ન બોલ. તુ જાણે છે કે હુ કોણ છુ?"

"હા, હુ જાણુ છુ કે, તમે દિલ્લીશ્વરની આ શાન્તિમયી આગ્રા નગરના કોટવાલ સાહેબ છો-તથા એ પણ જાણું છુ કે આ નગરીમા રહેતા અસખ્ય મનુષ્યોનુ ધન, માન વગેરેનુ સરક્ષણ આપના હાથમા જ છે, પરતુ આપ વૃદ્ધ થયા છો તેથી નગર પર સત્તા ચલાવવાની વાત તો દૂર રહી, પરતુ આપની પરણેતર પર પણ સત્તા ચલાવી શકતા નથી."

"યા-શોભાનઅલ્લા! બીબી! તુ ઘણી બેઅદબ છે. જો બીજુ કોઇ હોત તો હું તેને સખ્ત સજા કરત"

"હું પણ સજા ખમવાને તૈયાર છુ!"

'નહિ નહિ, સુન્દરિ! ત્હારા વચનો મધુર છે."

"મધુર કેમ ન હોય? કે કેમ શરૂઆતમાજ મ્હે આપની આગળ ગુલબદન નશીબનબીબીનુ નામ લીધુ છે!"

"એ નકામી વાત બંધ કર હું તને કેટલાક પ્રશ્ન પૂછવા માગુ છુ"

'ફરમાઇએ જનાએઆલિ !"

"તુ મ્હારી સાથે આગ્રા નગરીમા ચાલ"

"કેમ? નશીબના ભાગ્યોદયને પાતાળમા પહોચાડી દેવા માટે? હુ હિન્દુ છુ એ ત્હમે જાણુતા નથી કે?"

"નહિ નહિ, હુ તને મ્હારે ઘેર લઇ જવા નથી માગતો—બાદ્શાહ નામદાર પાસે લઇ જવા માગુ છુ"

"મ્હે શો ગુન્હો કર્યો છે?"

"ગુન્હો કાંઇ કર્યો નથી માત્ર ત્હારી મદદથી શાહ સરકારનુ કામ પાર ઉતરે તેમ છે ત્હારા કામના બદલામા તને યોગ્ય ઇનામ મળશે."

"ઇનામ–શાને માટે ઇનામ? કયા કામમા સરકારને મ્હારી મદદની જરૂર છે? સઘળી હકીકત જાણવામા આવ્યા સિવાય હુ તમારી સાથે આવી શકીશ નહિ !"

"તુ જાણે છે કે આગ્રા શહેરના રાજમાર્ગ પરથી એક સુદરી રમણીનુ મડદુ મળી આવ્યુ છે?"

"હા–એવી બિના મ્હારી જાણ બ્હાર હોય કે? એ હકીકત તો સહુ કોઇ જાણે છે વળી હુ એ પણ જાણું છુ કે, જો આપ અને મહારાજ બિરબલ એ ખૂની મામલાના રહસ્યનો ભેદ એક અઠવાડી-આમા બાદશાહ સમક્ષ જાહેર નહિ કરી શકો તો તમારો બન્નેનો જીવ જશે"

"ત્હેં કોની મારફત આ હકીકત સાંભળી?"

"પ્રથમ આપજ કહો કે, કોની પાસેથી મ્હેં આ હકીકત સાંભળી હોય એમ આપને લાગે છે ? ।"

" નશીબન પાસેથી. "

"કોટવાલ સાહેબ ! નશીબનબીબી સિવાય આપ બીજું કાંઇ જોઇ શકતાજ નથી કે શું ? એ નશીબનબીબીએ આપનું મગજ ખરાબ કરી નાખ્યું હોય એમ લાગે છે શું નશીબન સિવાય આ હકીકત મ્હને બીજુ કોઇ કહી શકે તેમ નથી? "

"હું તને વાતચિતમાં જીતી શકું તેમ નથી—મ્હારી ધીરજની પણ સીમા છે ! હું માત્ર એટલુંજ જાણવા ઇચ્છું છું કે, તું મ્હારી સાથે બાદશાહના દીવાનેખાસમાં હાજર થઇશ કે નહિ ? ઇનામ મેળવવાને તું રાજી છે કે નહિ ? "

"મ્હને કેટલા રૂપિયા ઇનામ મળશે ? "

"અરે રૂપિયા નહિ—પૈસા નહિ, પરંતુ સોનામહોરો મળશે "

"હા, હું સમજી, પરંતુ કેટલી સોનામહોરો મળશે ? "

"એક હજાર ! "

" શા માટે તમે મ્હને એટલી બધી સોનામહોરો આપશો, કોટવાલ સાહેબ ? "

" એ ભૈરવીનું ઠામ ઠેકાણું ત્હારે માત્ર જણાવવાનું છે એટલા માટે. "

આ ઉત્તરથી યોગિની ક્રોધે ભરાઇ તેના નેત્રો લાલચોળ બની ગયા. ક્રોધાવેશમાંજ તેણે કહ્યું—" કોટવાલ સાહેબ ! આજ સુધી હું તમને મ્હોટા બળવાન—વીર પુરૂષ ધારતી હતી, પરંતુ મ્હારી ધારણા આજે ખોટી ઠરી છે. તમેજ અનેક યુદ્ધોમાં વીરત્વ દર્શાવ્યું છે કે? તમે વીર પુરૂષ થઇને એક કાર્યમાં સ્ત્રીની સહાયતા

મેળવવા ચ્હાઓ છો ? તમારા અકબર બાદશાહ જે રાજભંડારનાં સઘળા મણિરત્નો મ્હને આપે—મ્હને આ સોનાના હિંદુસ્થાનની રાજ રાજેશ્વરી બનાવી દે-તો પણ મ્હારા મુખમાંથી એ પુણ્યમયી ભૈરવી સબંધી એક પણ અક્ષર બ્હાર નીકળશે નહિ ! ”

જહાન્દારખાને આવી અદ્‌ભુત તેમજ સાહસિક સ્ત્રી કદાપિ જોઇ નહોતી તે આગ્રા શહેરનો કોટવાલ હતો તેનું નામ સાંભળીને સહુ કોઇ ભયથી ધ્રુજી જતું હતું ! તેની આગળ એક અનાથ ભિખારિણીનું આટલું બધું સાહસ ? ! આટલો બધો અહંકાર ?

જહાન્દારખાને ઉંચી નજર કરી જોયું તો શું ? યોગિની અદ્રશ્ય થઇ ગઇ હતી ! સંગીત જે પ્રમાણે સૂર, રાગ, મુર્ચ્છના તેમજ ઝંકાર રાખીને શૂન્યમાં મળી જાય તેજ પ્રમાણે યોગિની જાણે કે વાયુના તરંગમાં મળી ગઇ !

જહાન્દારખાન એ અંધકારમય સ્થાને પ્રેતમૂર્ત્તિની માફક સ્થિરતાથી ઉભો રહી મ્હોટેથી બોલી ઉઠયો —“ સુંદરિ ! એક વખત તું અહિં આવી જા ! ત્હારા હૃદયની ઉદારતા અને પ્રાણનું મહત્વ જોઇને હું મોહિત થઇ ગયો છું અપાર દોલતના લોભથી, તું એક ભિખારિણી સ્ત્રી હોવા છતાં વિશ્વાસઘાતકતા કરવા કબૂલ નથી, ત્યારે મ્હને સ્પષ્ટ જણાય છે કે, રમણીઓમાં તું સર્વ શિરોમણિ છે. દેવિ ! એક વખત મારી પાસે આવી જા ”

જહાન્દારખાનનાં વચનો વાયુમાં મળી ગયા. રમણી તો અદ્રશ્ય થઇ ગઇ હતી તે આવીજ નહિ

જહાન્દારખાને મનમાં ને મનમાં વિચાર્યું :—“ આ એક સ્ત્રી અદ્‌ભુત વાક્‌ચાતુર્યથી મ્હને બનાવી અદ્રશ્ય થઇ ગઇ. અંધકારમાં

બળી ગઈ ! અરેરે ! હુ કેવો મૂર્ખ છુ ? એક સામાન્ય સ્ત્રીને પણ હું મ્હારી સત્તાને આધીન કરી શકયો નહિ. હવે હુ મહારાજ બિરબલને શુ કહીશ ? ! "

જહાન્દારખાને એ સ્થાને વિશેષ સમય સુધી નહિ રોકાતા ધીમે ધીમે નગર તરફ જવા માડયુ. થોડા સમયમાજ તે નગરના પશ્ચિમ તરફના દરવાજે જઇ પહોંચ્યો.

દરવાજા પર પહેરો ભરનાર પહેરગીરે આવા ભયકર સમયે પોતાના ઉપરીને જોઇને, અસ્ત્ર નમાવી, માન આપી કહ્યુ—" અલ્લા હો અકબર ! ખાનસાહેબ દીર્ઘાયુ થાઓ !"

જહાન્દારખાને માથા પરનો ફેંટો ઉંચકી મસ્તક હલાવી કહ્યુ — " અલ્લાહો અકબર."

નગરનો દરવાજો પાછો બધ થઇ ગયો જહાન્દારખાન ધીમે ધીમે પોતાના શહેરમા આવેલા થાણા તરફ જવા લાગ્યો એ સમયે તેના શરીરમા સહજ પણ શક્તિ નહોતી મન તદ્દન ચિતાતુર બની ગયુ હતું. હૃદય જાણે કે ઉત્સાહશૂન્ય બની ગયુ હતું. નિરાશાના વ્યાકુળ ધ્વનિથી તેનુ હૃદય સ્થિર થઇ ગયુ હતું. તેના અતરમાથી માત્ર એટલાજ શબ્દો નીકળ્યા કરતા હતા કે, " અરેરે ! મ્હે શુ કર્યુ ? "

આગ્રા નગરીનો મુખ્ય કોટવાલ જહાન્દારખાન મ્હોટી આશા માં નિરાશ થઇને ચિતાતુર ચિત્તે શહેરમા પેઠો ખરો, પરતુ તેણે ઘર તરફ નહિ જતા પોતાના થાણામા જઇને રાત્રિનો સમય પસાર કરવાનુ વિચાર્યું.

આગ્રા નગરના મુખ્ય કોટવાલ જહાન્દારખાનનુ નગરમા આવેલુ થાણું પણ મ્હોટું હતું. અનેક પ્રકારનો સરસામાન ત્યા રહેતો હતો. એક સુશોભિત ઓરડો માત્ર જહાન્દારખાનને માટે હતો. એ ઓરડામા વિશ્રામના સઘળા સાધનો તૈયાર હતા પોતાના એ ઓરડામા જઇ જહાન્દારખાને હથિયાર કાઢી યથાસ્થાને ગોઠવી દીધા. જે બે તીક્ષ્ણ છરા તેની સાથે હતા તે પણ કાઢી ઠકાણે મુકી દીધા. અંગરખુ, પાયજામો, શિરપેચ વગેરે એક નકશી કબાટમા મુકી દીધુ

પછીથી ખાનસાહેબે નોકરને હુક્કો ભરી લાવવાની આજ્ઞા કરી. પછીથી જહાન્દારખાને પોતાના ચિતાતુર પ્રાણની ચિતા દૂર કરવાને માટે બસેરાના સર્વોત્તમ શિરાના બે પાત્રો પેટમા પધરાવી દીધા ! એટલામા નોકર હુક્કો ભરી લાવ્યો જહાન્દારખાન બેઠો બેઠો હુક્કો પીવા લાગ્યો, આમ છતા તેની ચિતાનો પાર નહોતો ભૈરવીને સાથે લઇ આવવાનુ કાર્ય તેનાથી નહિ બન્યાથી તે ઘણોજ દિલગીર થઇ ગયો હતો

આવા ગભીર રાત્રિના અધકારથી અગ. ઢાકીને સમસ્ત આગ્રા નગરી નિદ્રાધીન થઇ ગઇ હતી ! માત્ર જહાન્દારખાનના નેત્રોમા નિદ્રા નહોતી. આકાશમા અસખ્ય તારાઓએ ઉજ્વળ ભાવ ધારણ કર્યો હતો પ્રચડ ગતિથી વહેતી યમુનાના તરગો કોટવાલના સાભળવામા આવતા હતા. રજનીનો છેલ્લો પ્રહર ધીમે ધીમે પ્રભાતની મુલાકાત કરવા માટે આગળ વધતો હતો, :તેથી પ્રથમનો અધકાર ધીમે ધીમે ઓછો થયે જતો હતો.

જહાન્દારખાન મનમાને મનમા વિચારતો હતો કે—' જો કદાચ એ ભૈરવીનો પત્તો નહિ લાગે તો શુ થશે ? જેને મ્હેં એક વખતને માટે નજરે જોઇ નથી તેને હુ કેવી રીતે પકડી શકીશ ? વળી ભૈરવીની સહચરી—યોગિની આટલી બધી ચાલાકીથી મ્હને છેતરી ગૂમ થઇ ગઇ તો પછી તેની ભૈરવી પણ શુ નહિ કરી શકતી હોય? ચારે તરફ મ્હને બસ નિરાશ જ જણાય છે રહસ્ય ધીમે ધીમે વધારે ઉડુ ઉતરતુ જાય છે મ્હારા જેવા માણસની દુર્બળ શકિત એ રહસ્યનો ભેદ ખુલ્લો કરી શકશે કે કેમ તેની માત્ર ખુદા સિવાય કોને ખબર છે ? ”

આ પ્રમાણે જહાન્દારખાનના વિચારોનો—તેની ચિતાનો પાર નહોતો અતે હુક્કાની નળીને નીચે મુકી તે શય્યાવશ થયો

પ્રકરણ ૯ મું.

યોગિનીની ચાલાકી.

વાચક! ચાલો જે સ્થળે એ ભૈરવીની સહચરી યોગિનીને મુકી આવ્યા છીએ ત્યા એક વખત જઇએ ત્યા વળી એક બીજો રહસ્યમય પ્રકાર બને છે

જહાન્દારખાન એ સ્થાનનો ત્યાગ કર્યા પછી નગર તરફ ચાલ્યો ગયો કે તરતજ એક સ્ત્રી એક મ્હોટા કાળા કપડામા પોતાના અગને છુપાવી એ સ્થાને આવી ચઢી. એ રમણીએ એક વૃક્ષ નીચે ઉભી રહીને એક વખત કાળા આકાશ મડળ તરફ એક વખત દૃષ્ટિ કરી એક ગાઢ નિશ્વાસ મુકીને કહ્યુ—"મ્હારા સદ્ભાગ્યે આ વૃક્ષની પાછળ છુપાઇ ગઇ હતી તેથીજ આજે બચી જવા પામી છુ; નહિ તો હુ પકડાઇ જાત, હવે શુ કરવુ? આવી રાત્રે મ્હારા એ શરીર-રક્ષકોની સહાયતાથી આ લાબો માર્ગ વટાવીને યમુનાને સ્હામે કિનારે જવુ શુ યોગ્ય છે? માર્ગમા કદાચ સકટમા સપડાઇ જવાની આશંકા રહે છે ખુદા! ખુદા! ત્યારે શુ મ્હારા મનની ઇચ્છા પુરી થશે નહિ? હુ એક આબરૂદાર સ્ત્રી થઇને આવી ગભીર રાત્રે પતિના કલ્યાણને માટે એક સકટજનક કાર્ય કરવા નીકળું છુ-તે કાર્ય પુરૂ કરી શકીશ નહિ?"

આ પ્રમાણે વિચારી રમણીએ પોતે ઓઢેલા કાળા ઝબ્બાની અદર હાથ ઘાલી એક સીટી બ્હાર કાઢી તે વગાડી. સીટીનો

અવાજ થતાની સાથેજ બે કાળા ઝભ્ભામા ઢંકાયલા હથિયારબંધ પુરૂષો એ રમણી પાસે આવી ઉભા રહ્યા અને તેમણે પુછ્યું-"શી આજ્ઞા છે, મા?"

રમણીએ ધીમેથી કહ્યુ—" અત્યારે યમુનાની સ્હામે પાર જવાનો કોઇ ઉપાય થઇ શકશે કે નહિ ?"

પહેરેગીરોમાના એકે પુછ્યુ —" કેમ, ત્યા શુ કામ છે ?"

"એક વખત હુ એ ભૈરવીની મુલાકાત લેવાની ઇચ્છા રાખુ છુ."

"જો કદાચ તે એ આશ્રમમા નહિ હોય તો આપણી સઘળી મ્હેનત નકામી થઇ પડશે."

"અને જો કદાચ ત્યા હાજર હશે તો આપણી મહેનત સફળ થશે કે ?"

"મા ! એક વખત આકાશ તરફ નજર કરી જુઓ !"

"આકાશ તો ઘણુ સ્વચ્છ છે ! એક પણ વાદળુ જણાતુ નથી-અસંખ્ય તારાઓ પ્રકાશી રહ્યા છે !"

"હુ વાદળા કે તારાઓની વાત નથી કરતો."

"ત્યારે ?"

"રાત્રિનો છેલ્લો પ્રહર ચાલે છે—માલુમ પડે છે કે ?"

"ત્રિજો પ્રહર ! ત્યારે તો આપણે ઘણો સમય નકામો ગુમાવ્યો છે. જો કદાચ નૌકા મળી આવે તો આશ્રમે પહોચતા કેટલો વખત લાગશે ?"

"બરાબર એક કલાક."

" ત્યારે તો આજે ત્યા જઇ પહોચાય એમ લાગતુ નથી."

" ના, મા' વળી તમને યાદ છે કે, આપણે પ્રભાત થતા પુર્વે ઘેર જઇ પહોચવાનુ છે?"

" શહેરમા આપણે કેવી રીતે પ્રવેશ કરી શકીશુ?"

" તેની વ્યવસ્થા મ્હે કરી છે બાદશાહી પઝો મ્હારી પાસેજ છે."

" ઠીક ત્યારે હુ ત્હારી સલાહ પ્રમાણેજ વર્ત્તીશ. હુ તને મારા પુત્ર સમાન સમજુ છુ."

" તમારા જેવા પ્રેમમયી માતા પણ કોઇ સૌભાગ્યશાળીનેજ મળે છે."

" ચુપ-ચુપ' કોઇના પગલાનો અવાજ સભળાય છે"

જે પહેરેગીર રમણી સાથે વાતચિત કરતો હતો તેણે કહ્યુ — " એ તો કોઇ જગલી પ્રાણિના પગલાનો અવાજ હશે!"

રમણીએ કહ્યુ --" ના ના-મ્હારા કાન ઘણા સતર્ક છે રમણી રમણીના પગલાના અવાજને સહેલાઇથી સમજી શકે છે. કોઇ સ્ત્રીજ આ તરફ આવતી હોય એમ જણાય છે!'

" ત્યારે હુ મ્હારી સમશેરને મ્યાનની બ્હાર કાઢુ કે?"

" ના ના- તમે જાઓ, પેલા વૃક્ષની પાછળ છુપાઇ જાઓ."

આ વાકય પૂર્ણ થતા ન થતામા તો એક ત્રિશૂલધારિણી રમણીએ એ ઠેકાણે આવી પહોંચી ગંભીર સ્વરે કહ્યુ —"કોણ છે તુ?"

ઉભી રહેલી રમણીએ કહ્યું,—" હુ ગમે તે હોઉ પરતુ એક સ્ત્રી છુ' તમારે આશકા કરવાનુ કારણ નથી હુ આબરૂદાર

સ્ત્રી છુ —પતિનુ હિત કરવાનુજ મ્હે વ્રત લીધુ છે"

ભૈરવીએ વહેમમા પડી જઇને કહ્યુ,—"બ્હેન ! ત્યારે તું એક આબરૂદાર સ્ત્રી છે છતા આવા સકટજનક નિર્જન માર્ગે એકલી કેમ આવી છે ?"

"મ્હારી સાથે બે શરીરરક્ષકો છે."

'તેઓ સૈનિક પુરૂષ છે ?"

"ના, તેઓ મ્હારા પુત્ર છે"

"તું આવી ગભીર રાત્રે ક્યા જતી હતી ?"

"તમનેજ શોધવા !"

"મ્હને શોધવા ?"

"હા, તમનેજ શોધવા"

"હુ ક્યા રહુ છુ તે તુ જાણે છે ?"

'યમુનાની પેલી પાર આવેલા કાલિકા દેવીના મદીરના આશ્રમમા"

"હુ કાઇ પ્રત્યેક્ સમયે ત્યા રહેતી નથી."

"તે પણ હું જાણુ છુ તો પણ જ્યારે એકાએક તમારી સાથે મુલાકાત થઇ છે ત્યારે તમારે મ્હારી આશા પૂર્ણ કરવી પડશે."

"ત્હારી શી ઇચ્છા છે."

"તમારે એક વખત મ્હારી સાથે આગ્રા નગરીમા આવવુ પડશે"

"કારણ ?"

" મ્હારા પતિ એક વખત તમારા દર્શન કરવાની ઇચ્છા રાખે છે ? "

" ત્હારા પતિનુ નામ શુ છે ? "

" સ્ત્રીજાતિથી પતિનુ નામ લઇ શકાતુ નથી. હિંદુસ્થાનમા એવો રીવાજ નથી "

" ત્યારે તુ તેમનુ થોડુ વર્ણન કર એટલે હુ ઓળખી શકીશ. "

" મ્હારા વર્ણન પરથી તમે કાઇ સમજી શકશો નહિ "

" ઠીક છે, આજે રાત્રે તુ ત્હારા સાથીદારોને લઇને મ્હારી સાથે મ્હારા આશ્રમે ચાલ કાલે પ્રભાતકાળે ગમે તે નિર્ણય કરીશુ "

" ક્ષમા કરો ! એક મુખ્ય કારણુને લીધે આજે પ્રભાતકાળ પહેલા મ્હારે ઘેર જઇ પહોચવાનુ છે "

"બ્હેન ! અનેક દેશોમા ફરી, અનેક લોકોના ચરિત્રને નિહાળી, અનેકના સહવાસમાં રહીને હું વિવિધ પ્રકારનો અનુભવ મેળવી અહિં આવી છુ તું એમ ન સમજતી કે હુ તને પિછાની શકી નથી ! હુ અહિં રાજમાર્ગ પર ત્હારૂ નામ ઉચ્ચારવા ઈચ્છતી નથી; પરંતુ તું એટલુ યાદ રાખજે કે, તુ મ્હારી સ્નેહમયી કન્યા છે. ત્હારી પતિભક્તિની તુલના થઇ શકે તેમ નથી જે પુણ્યશાળી પુરૂષે તને પત્ની તરીકે પ્રાપ્ત કરી છે એના સૌભાગ્યનો પણ પાર નથી, છતા બ્હેન ! તું એટલુ યાદ રાખજે કે, મ્હારી પોતાની ઇચ્છા સિવાય મ્હને તું ત્હારે ત્યા લઇ જઇ શકે તેમ નથી મ્હારી શક્તિ કેટલી છે એ ત્હારે જોવુ છે ? "

આ પ્રમાણે કહીને ભૈરવીએ એક શંખ વગાડયો જોત જોતામા એ અંધકારમય સ્થાને હાથમા સળગતી મશાલો લઇને કાળા ઝભ્ભાઓમા પોતાના શરીર ઢાકી દઇને ખુલ્લા હથિયારો સાથે પચાસ રાજપુતો આવી ચઢયા એ રાજપુતોના સરદારે ભૈરવીને પ્રણામ કરી પૂછ્યુ—" માજી ! શી આજ્ઞા છે ? "

ભૈરવીએ કહ્યુ:—" તમે સાવચેત છો કે નહિ તે જાણવાને મ્હે શંખ વગાડયો હતો તમે હવે તમારે સ્થાનકે ચાલ્યા જાઓ "

આ સઘળા રાજપૂતોને જોઇ જે રમણી અત્યાર સુધી ભૈરવીની સાથે વાતચિત કરી રહી હતી, તેણે મ્હો પર બુરખો નાખી દીધો હતો રાજપૂતોના ચાલ્યા ગયા પછી તેણે બુરખો ઉચો કરી નાખી કહ્યુ —" મા ! હુ સમજી કે, તમારી શક્તિનો પાર નથી ! હુ તમારી અપરાધિની કન્યા છુ. માજી ! ક્યારે ક્યા ફરીથી એક વખત દર્શન આપશો ? "

ભૈરવીએ થોડા સમય સુધી કાંઈ વિચાર કરીને કહ્યુ—" હુ તમારે ત્યા આવીનેજ એક વખત તમને દર્શન આપીશ "

આ પ્રમાણે કહીને ભૈરવી એ ભીષણ અંધકારમા એકદમ અદ્રશ્ય થઇ ગઇ રમણીએ પોતાના બન્ને સાથીદારોને કહ્યુ.-"પાલખી ક્યા છે ? "

એક સાથીદારે ઉત્તર આપ્યો—"થોડે આગળ રાખી મુકી છે"

રમણી ધીમે પગલે આગળ વધી અને પાલખીમા બેઠી. તેના બન્ને સાથીદારોએ પાલખી ઉચકી લીધી, તથા પ્રભાતકાળના અરસ્સામા રમણી પોતાને બંગલે જઇ પહોચી.

પ્રકરણ ૧૦ મું.

નશીબનની સાહસિકતા.

સમુદ્રના અગાધ જળમા જે પ્રમાણે અનેક તરંગો એક પછી એક ઉઠે છે અને શાન્ત થઇ જાય છે તેજ પ્રમાણે જહાન્દારખાનના મનમા પણ અનેક વિચારો ઉપજતા હતા અને વળી પાછા એ વિચારો શાન્ત થઇ જતા હતા. જહાન્દારખાને એક વખત પોતાના મનમાને મનમા વિચાર્યું—"હમણા ને હમણા એ પહેરેગીરોને સાથે લઇને ભૈરવીની શોધ કરવા નીકળી પડુ પ્રભાતના પ્રકાશમા ભૈરવીને શોધી કાઢવાનુ કાર્ય ઘણુ સહેલુ થઇ પડશે. એક વખત કોઇ પણ રીતે તેની મુલાકાત થશે એટલે તેને ગમે તે પ્રકારે બાદશાહ નામવરની પાસે લાવી હાજર કરીશ" પરંતુ વળી પાછો થોડા સમયને અંતરે આ વિચાર વ્યાજબી જણાયો નહિ.

વળી પાછો તેણે વિચાર કર્યો—'બિચારી નશીબનબીબી આખી રાત્રિ ઉજાગરો કરીને મ્હારી રાહ જોતી બેસી રહી હશે. કદાચ તે હું અત્યાર સુધી ઘેર ગયો નથી તેથી તે ભય પામી હશે."

જહાન્દારખાન વિશેષ વિચાર કરી શકયો નહિ. આ સમયે પૂર્વાકાશમા પ્રકાશ ફેલાઇ રહ્યો હતો હૃદયની ઉત્તેજનાને દૂર કરવાને માટે નશીબનબીબી પાસે જઇ થોડી ઘણી શાન્તિ મેળવવાને માટે જહાન્દારખાન વસ્ત્રો પહેરી થાણામાથી બ્હાર નકળી પોતાના બંગલા તરફ જવા લાગ્યો.

બંગલાના બારણા બંધ હતા. જહાન્દારખાને જોરથી બારણાં

ખખડાવ્યા બારણા પાસે સૂઇ રહેલો પહેરેગીર ચમકીને જાગી ઉઠયો. કંપતા હૃદયે બારણા ઉઘાડી, કમરમાથી નીચો વળી સલામ ભરી તે દૂર ખસી જઇને ઉભો રહ્યો.

જહાન્દારખાન બારોબાર જનાનામા ગયો. જનાનોજ તેના જીવનો આનંદ, ઉત્સાહ તથા જીવનશક્તિ હતો. પ્રભાતકાળનો સમય થવા આવેલો હોવા છતા જનાનખાનામા દીપકો સળગી રહ્યા હતા એ ઉપરથી જહાન્દારખાને વિચાર્યું કે, તેની પ્રાણેશ્વરી નશીબનબીબી તેની રાહ જોતી જાગતી બેસી રહી છે

જહાન્દારખાનના પગલાનો અવાજ સાભળી નશીબનબીબી પતિને ભેટી પડવાને માટે બ્હાર આવી ખાનસાહેબને એક દૃઢ આલિંગન કર્યા પછી તેનો હાથ પકડી તે શયનાલયમા ગઇ

જહાન્દારખાન શાન્ત હતો ' તેના અતરની નિરાશા હજી સુધી દૂર થઇ નહોતી તેણે મૂર્ખાઇ ભરેલુ કામ કર્યું હતું. હાથમા આવેલો અમૂલ્ય સુયોગ તેણે નકામો જવા દીધો હતો.

નશીબને દીપકોના પ્રકાશની સહાયતાથી વિચાર્યું કે પતિનો જીવ આજે ઘણો બેચેન છે, તેથી તેણે કહ્યુ --" હુ સમજી છુ--તમારી નિરાશાસૂચક મુખમુદ્રા એમ જણાવી દે છે કે મહારાજ બિરબલે જે કાર્ય માટે તમને મોકલ્યા હતા તે કાર્ય તમે કરી શક્યા નથી. તમારી મૂર્ખાઇને લીધે જબધી બાજી બગડી ગઈ છે. કેવુ દુર્ભાગ્ય ' એક સાધારણ સ્ત્રી વાક્ચાતુર્ય દર્શાવી તમારા પઝામાથી છટકી ગઈ ! ! "

એકાએક રસ્તા વચ્ચે સાપ જોવામા આવતા મનુષ્ય જેમ ભયથી ચમકી ઉઠે, તેજ પ્રમાણે નશીબનના વચનો સાભળી જહા

ન્દારખાન ચમકી ઉઠયો. જહાન્દારખાને એક સોફા પર બેસી જઇ હાંફતા હાંફતા કહ્યુ —" નશીબન ! ખરેખર, મ્હે કાંઇ એ સુન્દરી નુ સૌન્દર્ય જોયુ નહોતું ભયંકર અંધકારમા હું માત્ર તેના વચનો જ સાંભળી શકતો હતો તેનુ વાક્ચાતુર્ય જોઇ હુ મુગ્ધ બની ગયો હતો ! તે જાણે કે મ્હને મંત્રને વશ કરી જાદુની પુતળી પ્રમાણે અદ્રશ્ય થઇ ગઇ તેને કેદ પકડવાનો એક પણ માર્ગ મ્હને સૂઝી આવ્યો નહિ "

નશીબને હસીને કહ્યુ —" તમારો સ્વભાવ જ એવો છે કે, યુવતીને જોતાજ તમે તમારૂ ભાન ભૂલી જાઓ છો આ કાંઇ તમારો સાધારણ દોષ ન કહેવાય પહેરેગીરોને તમે શા માટે વિદાય કરી દીધા હતા તે કહો જોઇએ ? "

જહાનદારખાન —નશીબન ! મ્હે પહેરેગીરોને મહારાજ બિરબલ પાસે બનેલી હકીકત કહેવા મોકલ્યા હતા, વળી રાજા સાહેબે વારવાર મ્હને સૂચના કરી હતી કે, એ રમણી પર કોઇ પણ પ્રકારનો સીતમ ગુજારશો નહિ મેં તેને મ્હારી માતા સમાન માનુ છુ ! મ્હને એમ લાગે છે કે, મ્હને જે રમણી મળી હતી તે ભૈરવી નહિ, પરંતુ તેની સહચરી યોગિની હતી

નશીબને થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી ધીમેથી કહ્યુ:—" તમે કહો છો કે એ સ્રીના સૌન્દર્યને અગર તો તેની મુખાકૃતિને તમે જોઇ શક્યા નહોતા, ત્યારે પછી તમે કેવી રીતે ધાર્યુ કે, એ ભૈરવી નહોતી. તેણે કદાચ જૂઠુ બોલીને તમને છેતર્યા હશે તમારા પંઝામાથી છટકી જવાને માટે જ તેણે એમ કહ્યું હશે કે, એ ભૈરવી નથી, પરંતુ ભૈરવીની સહચરી યોગિનીછે પછીથી તમને

વાક્ચાતુર્યથી મુગ્ધ બનાવી, અંગુઠો બતાવી તે પલાયન કરી ગઇ કેમ ?"

આ વચનોથી જહાન્દારખાનના જીવમા કાઇક જીવ આવ્યો. નશીબન જે કહે છે તે જ ખરૂં છે એમ તેને લાગ્યુ. ભૈરવીને તેણે જોઇ નહોતી. માત્ર મહારાજ બિરબલે ભૈરવીને ઓળખ માટે જે બ્યાન કર્યું હતું તે પર લક્ષ્ય આપી જહાન્દારખાને કલ્પનાની સહાયતાથી એ ભૈરવીનુ એક કલ્પિત ચિત્ર આકયુ હતું જહાન્દારખાનની ખાત્રી થઇ કે, એ ભૈરવીજ તેને હાથતાલી આપી છેતરી ગઇ છે. અરેરે ! કયા દુર્ભાગ્યને લીધે આવી સમજ ફેર થઈ? પરતુ અફસોસની વાત એટલીજ છે કે જગતમા થયુ ન થયુ થતુ નથી. હાથે નાખેલો પત્થર એક વખત ચાલ્યો જતા તે પાછો મળતો નથી, ધનુષ્યમાથી છુટી ગયેલુ તીર પાછુ ફરતું નથી. આથી કરીને નિરૂપાયે જહાન્દારખાને ચિત્તને શાન્ત કરી ભૈરવીને પકડવાનો બીજો ઉપાય વિચારવા માડયો

નશીબને કહ્યું.—"તમારો ચ્હેરો જોઇને હુ સમજી શકુ છુ કે, તમે આખી રાત્રિ ઉજાગરામાજ કાઢી છે મનુષ્ય ચિતાતુર રહીને કાઇ કરી શક્તું નથી—ખુદાની સહાયતા સિવાય એક પણ કાર્ય પાર ઉતરતુ નથી. તમે હમણા ને હમણા મ્હારી સાથે ચાલો. ગરમ પાણીથી સ્નાન કરી લ્યો, એટલે તમને શાન્તિ મળશે. તમે શાન્ત થશો એટલે હુ એક એવી વાત કહીશ કે જે વાતનો આ ચાલુ પ્રકાર સાથે ઘણો સબધ છે"

જહાન્દારખાને બીબીનુ કહેવુ વ્યાજબી વિચાર્યું. તેણે જઇને ગરમ પાણીથી સ્નાન કરી લીધુ આથી તેને જાણે કે નવજીવન

મળ્યા જેવી શાન્તિ થઇ. તેના અસ્થિર મસ્તકે શાન્ત ભાવ ધારણ કર્યો !

બીજી તરફથી નશીબનબીબી પણ સ્નાન કરી ભુવનમોહિનીના સ્વરૂપમા જહાન્દારખાન પાસે આવીને ઉભી રહી. પછીથી પતિ પત્નીએ એકેક પ્યાલો ગરમ કૉફી પીધી અને તે સાથે થોડો મેવો પણ ખાધો.

તે સમયે સૂર્યોદય થયો હતો સૂર્ય ભગવાનનાં ઉજ્વળ કિરણોથી ગગનમડળ પ્રકાશિત થઇ રહ્યુ હતુ આગ્રા નગરીમા આવેલા મહેલોના ઉંચા શિખરો સૂર્યના કિરણોથી ચકચકી રહ્યા હતા. સૂર્યદેવના કિરણો યમુનાના તરગો સાથે નૃત્ય કરી રહ્યા હતા.

નશીબને હાસ્યમુખે કહ્યુ -"હું તમને એક વાત કહેવાની ઇચ્છા રાખુ છુ "

જહાન્દારખાન-પ્રાણાધિક ! નવિન સગિની ! હુ ત્હારી સારી ખોટી વાત સાભળવાને તૈયાર છું. તુ મ્હારી સખી છે, સગિની છે, ધર્મપત્ની છે. સકટ સમયે મ્હને શાન્તિ આપનારી છે—સુખદુખની ભાગીદાર છે ત્હારે જે વાત કહેવાની હોય તે બેલાશક કહે.

નશીબન-ગઇ રાત્રે મ્હે એક મ્હોટુ સાહાસિક કાર્ય કર્યુ છે.

જહાન્દારખાન-શુ કાર્ય નશીબન ?

નશીબન-હુ ગઈ કાલે ગભીર રાત્રે તમારી પાછળ પાછળ આવી હતી. મ્હારી સાથે વાજીદ અને દરિયાખાન હતા.

જહાન્દાર-તુ શા માટે મ્હારી પાછળ પાછળ આવી હતી, નશીબન ?

નશીબન-તમારા કાર્યમા તમને સહાયતા કરવા માટે

જહાન્દાર—ત્હેં કેવી રીતે જાણ્યુ કે, હુ ક્યા તેમજ કયા કામે જાઉં છુ ?

નશીબન—મહારાજા સાહેબે જ્યારે તમને બોલાવી મગાવ્યા ત્યારે મ્હેં એ પ્રકાર તરફ વિશેષ લક્ષ્ય આપ્યુ નહોતુ મ્હેં છુપી રીતે મ્હારા ગુલામ વાજીદને તમારી પાછળ પાછળ મોકલ્યો હતો મહારાજ બિરબલની સાથે તમારે જે વાતચિત થઇ હતી તે વાજીદ સાભળી લઇ મ્હારી પાસે આવ્યો અને એ સઘળી વાતચિત તેણે મ્હને કહી સભળાવી.

જહાન્દાર—નશીબન ! આ કાર્ય ત્હેં ઠીક કર્યું નથી !

નશીબન—હવે મ્હને પણ એમજ લાગે છે ! પરતુ જે થઇ ગયુ છે તે નહિ થયુ થવાનુ નથી. જીગર ! હવે કામની વાત સાભળો. તમે તો ભૈરવીને શોધી શકયા નહોતા, પરતુ હુ શોધી શકી હતી. તમારાથી જે થઇ શકયુ નથી તે મ્હેં કર્યું છે કાલે રાત્રે એ ભયકર તેમજ નિર્જન માર્ગમા મ્હેં તેની સાથે ઘણી વાતચિત કરી છે. આ સબધીની ખાત્રી જોઇતી હોય તો તમારા ગુલામો વાજીદ અને દરિયાખાનને પૂછી જુઓ

જહાન્દાર—નશીબન ! હુ ત્હારી વાત ખોટી નથી માનતો, હુ સમજ્યો છુ કે, મ્હારા કલ્યાણને માટેજ તું આવુ ઘણુ સાહસિક કાર્ય કરવા અગ્રેસર થઇ હતી, પરતુ રસ્તે સકટમા સપડાઇ જવાય તેમ હતુ

નશીબન—જ્યારે હુ સકટમા સપડાઇ નથી ત્યારે પછી એમ કહેવાની શી જરૂર છે ?

જહાન્દાર—ભૈરવીએ તને શુ કહ્યુ હતુ ?

નશીબન.–તેણે મ્હારી ઓળખાણ જાણવાની જીજ્ઞાસા દર્શાવી હતી.

જહાન્દાર–ત્હે ઓળખાણ આપી હતી ?

નશીબન.–ના

જહાન્દાર–ઠીક કર્યું છે

નશીબન.–પરંતુ તે મ્હને ઓળખી શકી હોય એમ લાગે છે; છતા તેણે એ વાત જાહિર કરી નહોતી

જહાન્દાર'–તુ તેના આશ્રમમા ગઇ હતી ?

નશીબન–ના, રસ્તામા તેની સાથે મ્હારી મુલાકાત થઇ હતી

જહાન્દાર–ત્હે તેને શુ કહ્યુ હતુ ?

નશીબન–મ્હે તેને એક વખત આપણે ત્યા આવવાની વિનતિ કરી હતી.

જહાન્દાર–પછી તેણે શુ કહ્યુ ?

નશીબન'–તેણે એક વખત આપણે ત્યા આવીને મળી જવાનું કહ્યુ છે તેણે ગઇ રાત્રે મ્હને પોતાના આશ્રમ પર લઇ જવાની ઇચ્છા દર્શાવી હતી; પરંતુ મ્હે આશ્રમ પર જવાનો ના પાડી હતી.

જહાન્દાર–જો તુ તેને આશ્રમે ગઇ હોત તો ઠીક થાત

નશીબન:–હું નથી ગઇ તેજ સારૂ કર્યું છે તેની પાસે ઘણા સનિકો તેના ગુલામો તરીકે રાત્રિ દિવસ રહે છે.

જહાન્દાર–એ હકીકત ત્હે કેવી રીતે જાણી ?

નશીબન–તેણે એક શંખ વગાડયો હતો શંખનો અવાજ થતાંની સાથેજ પચાસ હથિયારબંધ રાજપૂતો ક્ષણમાત્રમા અમારા પાસે આવી હાજર થઇ ગયા હતા.

જહાન્દાર:–એવા કેટલા સૈનિકો તેની તાબેદારીમાં છે ?

નશીબન:–તે હુ જાણુતી નથી, એ સબધી મ્હે તેને કાંઈ પૂછ્યુ પણુ નથી

જહાન્દાર –ઠીક, નશીબન ! ત્હારી હકીકત મ્હને મ્હારા કાર્યમા ઘણી ઉપયોગી થઇ પડે તેમ છે. હુ મહારાજ બિરબલને આ હકીકત જણાવીશ એટલે તેઓ પણુ વિચારશે કે. ભૈરવીને પકડવાનુ કાર્ય કાંઇ સહેલુ નથી.

આ સમયે ખાનસાહેબના એક નોકરે આવીને તેના હાથમા એક કાગળ આપ્યો જહાન્દારખાને એ પત્ર વાંચીને કહ્યુ–" નશીબન ! મહારાજ બિરબલ મ્હને બોલાવે છે. મ્હને લાગે છે કે, ગઇ કાલે રાત્રે બનેલી હકીકત જાણવા માટેજ મહારાજે મ્હને બોલાવ્યો છે ત્હે આખી રાત્રિ ઉજાગરામા પસાર કરી છે, માટે હુ આવુ ત્યા સુધી તું વિશ્રામ લે"

જહાન્દારખાન પોષાક પહેરી, શિરપેચ માથે મુકી, હથિયાર બાંધી લઇ જલદીથી પોતાના બંગલાની બ્હાર નીકળી પડયો.

પ્રકરણ ૧૧ મું.

અકબરશાહનો રંગમહેલ !

"જગત જોશે હજારો આંખથીને આંસુડા ઢ્હોરો,
થશે ખાલી નયનના પૂર, ત્યાં પાટો નથી બાકી
જશુ-જોશું-બધા જોશે, જશે તે જાતના દોષે,
નથી તે શું હવે ખોશે ? હવે આટો નથી બાકી.

—વસંત.

વાચક ! હવે આપણે એક વખત આગ્રા દુર્ગમા પ્રવેશ કરીશુ. દુર્ગમા જે ઠેકાણે શહેનશાહનો પુત્ર—હિંદુસ્થાનનો ભવિષ્યના શહેનશાહ શાહજાદા સેલિમનો બંગલો હતો, તે બંગલામા શુ શુ થાય છે, તે આપણે જોઇએ

આગ્રાના દુર્ગમા—કિલ્લામાજ શહેનશાહનો રાજ્યમહેલ હતો સમસ્ત હિંદુસ્થાનનુ ઐશ્વર્ય આ આગ્રાના કિલ્લામા હતું કિલ્લામા અનેક બંગલાઓ ગગનમંડળ સાથે વાતચિત કરી રહ્યા હતા. જે ઠેકાણે શહેનશાહ, શાહજાદો અને શાહજાદીઓ રહેતી હતી એ ઠેકાણે શહેનશાહનો રંગમહેલ હતો. એ રંગમહેલ[અમરાવતીના જેવો ઐશ્વર્યથી સંપન્ન હતો. હમણા જો કે તેના પ્રથમના ઐશ્વર્યમાનુ કાંઇ કાયમ નથી–છે માત્ર કરાળ કાળનો ભોગ થઇ પડેલા કરૂણાજનક ભાગ્યા તૂટયા ખંડેરો ! આજકાલ જેમણે આગ્રાનો કિલ્લો જોયો છે, તેમણે એમ ચોક્કસ સમજવુ કે, મોગલ શહેનશાહોના ભૂત-

કાળની સમૃદ્ધિનુ કાંઇ મુખ્ય ચિહ્ન અત્યારે ત્યા જોવામા આવતું નથી પૂર્વેના એ રસ્તાઓ નથી, ઘાટ નથી, મિનાગઓ નથી, બાગ બગીચાઓ નથી, પ્રથમના જેવા સુગધિત પુષ્પોની સુવાસ પણ નથી ! અરેરે ! ક્રૂર કાળના પંઝામા એ બધુ આજે હવાઇ કલ્પના સમાન થઇ પડયુ છે ! કાળના વહેવા સાથે પ્રથમનુ એ સૌન્દર્ય, એ સુવાસ, એ સંપત્તિ હમણા અસ્તપ્રાય થઇ ગયુ છે. જેના પર બેસી સમ્રાજ્ઞી જોધબાઇ, સમ્રાજ્ઞી નૂરેજહાન, સમ્રાજ્ઞી મમતાજમહેલ, શાહજાદી રોશનઆરા, જહાનારા, જેબુન્નિસા, જિન્નતમહેલ વિશ્રામ કરતી હતી, એ સઘળા વિશ્રામના સાધનો આજે વિલુપ્ત થઇ ગયા છે--નાશ પામ્યા છે અસખ્ય શત્રુઓના હુમલાઓથી, અસખ્ય લૂટારાઓની લૂટથી, અસખ્ય વિદ્રોહીઓના અસ્ત્રાઘાતથી પૂર્વેની સઘળી સુખ-સમૃદ્ધિ નાશ પામી છે ! હવે રહ્યુ છે માત્ર—ખાલી ખડેરો ! પુર્વેના કીર્તિસ્તભો ! ! તથા વિશેષમા રહ્યા છે એ સ્થાનની સાથે સબધ ધરાવનારો હૃદયભેદક, પ્રેમમય, આશ્ચર્યજનક ભૂતકાળનો પ્રેમપૂર્ણ ઇતિહાસ.

પાઠક ! અમે આ સ્થાને આગ્રાનુ ભૂતકાળનુ સૌદર્ય વર્ણવવાની અમારી ઇચ્છાને અટકાવી શકતા નથી. એ વર્ણન પરથી ભૂતકાળના સૌન્દર્યનો વાચકોને થોડો ઘણો પણ ખ્યાલ આવશે તો આ ઐતિહાસિક નવલકથા લખ્યાનુ કાઇક સાર્થક થયુ છે એમ અમને લાગશેજ.

આ હકીકત કાઇ ઘણા વર્ષ પૂર્વેની નથી—માત્ર સો વર્ષ પૂર્વેનીજ છે ! જાઠ લોકોએ જ્યારે આગ્રા લૂટયુ ત્યારે તેમને રાજમહેલની દિવાલોમા જડેલુ ઘણું જવેરાત—હિરા, માણેક, રત્નાદિ—મળી

આવ્યુ હતું જહાગીરશાહના મહેલમા જે સોનાથી મઢેલુ રૂપાનું પાત્ર હતુ તે લઇ જઇને લૂટારાઓએ બે લાખ રૂપિઆમા વેચી દીધુ હતું માત્ર જહાગીરનાજ મહાલયની સાજસજ્જાનુ મૂલ્ય જ્યારે આટલુ થાય છે-ત્યારે વાચકબધુઓ અને બ્હેનો, કલ્પનાની સહાયતાથી અનુમાન કરી જુઓ કે, કિલ્લામાના સઘળા રાજ મહાલયોની સાજસજ્જાનુ, દિવાલોમા જડી લેવામા આવેલા જવેરાત વગેરેનુ મૂલ્ય કેટલુ બધુ હોવુ જોઇએ ? ।

જે કિલ્લો ભૂતકાળની સ્મૃત્તિ લઇને આજે પણ ઘણાજ અભિમાનથી આગ્રાની ભૂમિ પર ઉભો રહેલો છે, જેના ઉચા દરવાજાઓ તરફ ઉચી નજરે જોવા જતા, પ્રેક્ષકોના શિરપેચ તરતજ જમીનદોસ્ત થઇ જાય છે, મસ્તક ફરી જાય છે, એ કિલ્લાનુ જે કાઇ શોભા સૌન્દર્ય હતું તે સઘળુ અકબ્બરશાહનાજ રાજત્વ કાળમા હતુ એ સઘળી અકબ્બરશાહની કીર્ત્તિ હતી નેત્રોને આકર્ષે એવા આરસ પત્થરના બનેલા મહેલો, મસ્જીદો, દરબાર મદિરો એ સઘળુ શાહજહાને બનાવેલુ હતુ. હજી પણ એ પ્રાચીન સમયે સ્થપાયલી કીર્ત્તિની કેટલીક સ્મૃત્તિ કાયમ રહી ગઇ છે ઇગ્રેજી ગવર્નમેન્ટની કૃપાથી, યત્નથી આ સઘળી પ્રાચીન કીર્ત્તિ આજે થોડે ઘણે અશે પણ કાયમ રહી શકી છે।

આ આગ્રા દુર્ગમા વિવિધ સ્થળે હાટ, બજાર, મિનારા, સેના નિવાસ, રાજમહાલય, રગમહેલ, શીશમહેલ સઘળુ હતુ દરબારગૃહ, મસ્જીદ વગેરેનો પણ અભાવ નહોતો કિલ્લાની પાસે થઇનેજ, સુનીલ સલીલા, તરગરગમયી કાલિન્દી કિલ્લાના નીચેના પત્થરો સાથે અથડાતી વહેતી ચાલી જતી હતી હવે કાળચક્રના પ્રભાવે આજે એ

બાદશાહ નથી એ આગ્રા નથી—તથા એ પ્રબળ વેગવતી પવિત્ર-સલીલા યમુના પણ નથી. ક્યાં ગયો એ સુખમય સમય ? ' એ સમયે શાહજાદીઓ, તથા બેગમો ખુલ્લી અગાસીમા મખમલની સુકોમળ શય્યામા સૂઇ રહીને વિશ્રામ-સુખ મેળવતી હતી. યમુનાના જળથી શીતળ થતો મલયવાયુ તેમના આત્માને શાન્તિ આપતો હતો ' ક્યા ગયુ એ સુખસ્વપ્નમય સ્વપ્નરાજ્ય ? ' જે રાજ્યના સુખની સીમામાં ચતુર મલયવાયુ ભુવનમોહિની સુન્દરીઓના છુટા કેશકલાપની સાથે નૃત્ય કરતો હતો—આલિગન ચુબન કરતો હતો એ રાજ્ય ક્યા ગયુ ? ' ક્રોધી નાગણ જે પ્રમાણે માર્ગમા પત્થર જોઇ, તેને વારવાર દશ દઇ કાઇ પણ કરી શકે નહિ તથા વારવાર હેતુ નિષ્ફળ થવાથી તેનો ગુસ્સો જે પ્રમાણે વધી જાય તેજ પ્રમાણે યમુના નદી પણ મોગલ શહેનશાહના પાષાણમય દુર્ગના એક પણ પત્થરને ભેદી નહિ શકતી હોવાથી વિશેષ રોષે ભરાઇ, મ્હોમાથી ફીણ ઉછાળતી ઉન્માદિનીની માફક વહેતી હતી એ સુખના દિવસો હવે નથી--પરતુ તેની સ્મૃત્તિ માત્ર છે કલ્પનાની સહાયતાથી અમે આજે એ ભૂતકાળના સુખની સ્મૃત્તિને પુન જાગૃત કરીશુ.

કિલ્લાની ચારે દિશાએ આકાશ સાથે વાતો કરતા ઉચા દરવાજાઓ આવેલા છે સઘળા દરવાજાઓનુ તે સમયે જૂદુ જૂદુ નામ રાખવામા આવ્યુ હતુ આ સઘળા દરવાજાઓના મથાળા પર સુસજ્જિત નહબ્બતખાના હતા. પ્રત્યેક નહબ્બતખાનામાથી ભૈરવી, કાલિગડો, બિહાગ વગેરે રાગોનો મધુર ઝકાર વાગતો સાભળવામા આવતો હતો આ સુર-તરગો ધીમેથી વહેતા વાયુમા ભળી જઇ દિગ્દિગતરમા ફેલાઈ જતા હતા આ સુર-તરગો રગમહેલ સુધી

જઇ પહોંચીને દિલ્લીશ્વર તેમજ તેમની મહિષીઓને આનંદ આપતા હતા !

એ સમયે આગ્રાનો કિલ્લો બે ભાગમા વિભક્ત હતો એક બાગમા હાટ બજાર, સેનાનિવાસ તથા કેટલાક બાદશાહની કૃપા મેળવી ચુકેલા અમીર ઉમરાવોના બંગલા હતા, ત્યારે બીજા ભાગમા સમ્રાટનો રાજમહેલ હતો. એ રાજમહેલના અપાર શોભા સૌન્દર્યની આગળ ઇંદ્રની અમરાપુરી સુદ્ધા પોતાનો પરાજય કબુલ રાખતી હતી.

સમ્રાટના રાજમહેલના—બીજા બે ભાગ હતા. બ્હારની બાજુએ આમખાસ, દીવાનેખાસ વગેરે ઇતિહાસમા પ્રસિદ્ધ પામી ચુકેલા દરબારી મહેલો હતા, ત્યારે પાછલો ભાગ કે જે યમુનાના કિનારા પર હતો ત્યા બાદશાહનો રંગમહેલ અગર તો જનાનખાનુ હતુ.

એ રંગમહેલનુ વર્ણન કરવાની શક્તિ આ ક્ષુદ્ર ગ્રંથકારની લેખિનીમા નથી હજારો શિલ્પીઓએ સેકડો વર્ષ સુધી મહેનત કરીને ચારે દિશાએ શિલ્પકાર્યના જે ઉત્તમોત્તમ નમુનાઓ બનાવ્યા હતા તેનું વર્ણન કરવાને માટે આ ક્ષુદ્ર લેખકને જોઇએ એવા શબ્દો જડી આવતા નથી, તથા એ વર્ણન કરી શકાય એવા શબ્દો શબ્દકોષમા હશે કે કેમ એ માટે પણ શંકા રહે છે, તો પણ એટલુ સાભળ્યુ છે કે, રંગમહેલની રાણીઓના ઓરડાઓ--મહેલો આરસ પત્થરના બનેલા હતા એ આરસના મહેલોની દિવાલો વિવિધ પ્રકારના જવેરાતના યોગથી ચમકી રહેતી હતી. બનાવટી વિરામકુંજોનો પણ પાર નહોતો. ચારે તરફની દિવાલો પર ઘણુ જ આકર્ષક શિલ્પકાર્ય

કુશળતાથી કરવામા આવેલુ હતુ. દરેક મહેલમાં પ્રવેશ કરતા મહેલના સૌન્દર્યન કલાકોના કલાકો સુધી જોઇ રહીએ તો પણ દર્શન-પીપાસા પરિતૃપ્ત થાય તેમ નહોતી.

દરેક મહેલની સાથે એકેક બાગ હતો. એ સઘળા બાગોમા કાશ્મિર, ઇરાન, તુરાન, કાશગર, બલ્ખ વગેરે દેશોના સુમિષ્ટ તેમજ સરસ ફળોના વૃક્ષો હતા આ સઘળા બાગોમાથી દરેક ઋતુમા સમયને અનુસરતા ફળો મળી આવતા હતા

ત્યાર પછી પુષ્પોદ્યાનની તો સીમાજ નહોતી મલ્લિકા, માલતી, ચપક, ચમેલી, નાગકેશર, ગધરાજ વગેરે પુષ્પવૃક્ષો પ્રચડ ગ્રીષ્મકાળમા પોતાની સુગધ વાયુદેવને અર્પણ કરી દેતા હતા, અને એ વાયુ જ્યારે પુષ્પ-કોમળાગી શાહજાદી અને બેગમોના અગને સ્પર્શ કરી ધન્ય થતો હતો ત્યારે દરેક મહેલમાં નદનની પવિત્ર સુવાસ ફેલાઇ રહેતી હતી.

દરેક રાણીના અંતપુરના ઉદ્યાનમા જે જે પુષ્પો ખિલતા હતા તે પુષ્પો તેમની બાદીઓ એકઠા કરી લાવી તેની મનોહર માળાઓ ગુથતી હતી—ગજરા બનાવતી હતી—પુષ્પાલકારો બનાવતી હતી આ કાર્ય માટે તેમને બેગમો તરફથી ઘણા સારા ઇનામો મળતા હતા બાદીઓ આવી પુષ્પમાળાઓથી પોતાનીરાણીસાહેબાનો મહેલ સુશોભિત તેમજ સુગધપૂર્ણ બનાવી દેતી હતી. સઘળા મહેલો—ઓરડાઓની—સાજસજ્જા બરાબર આ પ્રમાણે હતી આથી કરીને બાદશાહ ગમે તે સમયે ગમે તે બેગમ પાસે જઇ આનદ મેળવા શકતા હતા આમ છતા પટ્ટરાણીના મહેલના સૌન્દર્યે બીજી બધી રાણીઓના મહેલોના સૌન્દર્યને કાઇક ઝાખુ બનાવી દીધુ હતુ.

રંગમહેલના દરેક મહેલમા વાજીંત્રો રહેતા હતા. બાદશાહની બેગમો ગાયનવિદ્યામાં ઘણી નિપુણા હતી–રસજ્ઞા હતી. એટલે સુધી કે, અકબર શાહની ક્રિશ્ચિયન રાણી મરિયમ સુદ્ધા ધ્રુપદ, ગઝલ વગેરે ઉત્તમ પ્રકારે ગાઇ શકતી હતી મૃદંગ, વીણા, વેણુ વગેરેના પંચમસૂરથી રાત્રે દરેક મહેલ સંગીતપૂર્ણ થઇ રહેતો હતો. સઘળુ જાણે કે સ્વપ્નરાજ્ય ! સઘળી જાણે કે હુરીની લીલા ! સઘળુ જાણે કે અપ્સરાઓનુ પ્રમોદમય ક્રીડાકાનન !

હમેશા સંધ્યા સમય પછી આ ઉજ્વળ રત્નજડિત મહેલો ઉજ્વળ દીપકોથી પ્રકાશિત બની જતા હતા પોલિશ કરેલા શુભ્ર આરસ પત્થરના થાભલાઓ અને દિવાલ સાથે જડી લેવામા આવે લા વિશાળ આયનાઓમા એ દીપકોને પડછાયો પડતો હતો એ દીપકોનો પ્રકાશ જ્યારે કીમતી રત્નજડિત વસ્ત્રોથી વિભુષિત થયેલી અપ્સરાઓના વસ્ત્રો પર પડતો, અને જે ચકમક પ્રકાશ થઈ રહેતો એ શોભા અવર્ણનીય, અતુલનીય અને અનનુભવનીય હતી એ શોભાનુ વર્ણન કરવાની શક્તિ અમારામા નથી—એ વર્ણનને ઉપયોગી થઇ પડે એવા શબ્દો પણ કોઇ શબ્દકોષમા નથી

સહુ કરતા વિશેષ સુન્દર પટ્ટરાણીનો મહેલ હતો શાહજાદા સેલિમને જન્મ આપનાર જોધબાઈ અકબરશાહની પટ્ટરાણી હતી તારામંડળમા શોભી રહેતા ચંદ્રની માફક તે રંગમહેલમાં પ્રકાશ પાડી રાખતી હતી અકબરશાહ જોધબાઇને પોતાના પ્રાણ કરતા પણ વિશેષ વ્હાલા હતા સેલિમની માતા જોધબાઇ અકબરશાહની સલાહકાર હતી—તેના પ્રધાન જેવી હતી બાદશાહની બીજી બધી રાણીઓ જોધબાઇની ઇચ્છાનુસાર વર્ત્તતી હતી

જોધબાઈના રૂપની તેમજ ગુણુની તુલના થઇ શકે તેમ ન હોતી. એના જેટલુ રૂપ લઇને એ સમયે જાણે કે બીજુ કોઇ જન્મ્યુ-જ ન હોતુ ! તે જો કે પ્રૌઢ થવા આવી હતી તો પણ તેના રૂપની જ્યોતિથી અનેક નવયૌવનાની રૂપજ્યોતિ ઝાંખી પડી જતી હતી

સમ્રાટ અકબરશાહનો જોધબાઇ પર અપાર પ્રેમ હતો જોધબાઇ તેમના નયનોની કીકી હતી, દેહનો અલકાર હતી, જીવનનો પ્રાણુ હતી, કંઠની માળા હતી. આગ્રાનુ અતુલનીય ઐશ્વર્ય--વિશાળ સામ્રાજ્ય ઉપ-રની સ્વતત્ર સત્તા—હિદુસ્થાનમા પ્રસરી રહેલી અખડિત કીર્ત્તિ--વગેરે જો માત્ર જોધબાઇનુ મ્હો ચિંતાતુર જોવામા આવતુ તો બાદશાહને સારૂ લાગતું નહિ.

જોધબાઇ હિન્દુ કન્યા--રાજપૂત કન્યા હતી. પાછુ કદાચ તેના જીવને દુ ખ થાય--એ માટે બાદશાહે—હિન્દુ રિવાજ પ્રમાણે જોધ-બાઇનો મહેલ તૈયાર કરાવ્યો હતો. આ મહેલ રગમહેલના સૌન્દર્યનુ નાક હતુ એ મહેલની દિવાલોમા એટલાં બધા રત્નો જડેલા હતા કે, જો કદાચ રાત્રે દીગડો સળગાવવામા ન આવ્યા હોય તો પણ એ રત્નોના પ્રકાશથી પ્રત્યેક કાર્ય સહેલાઇથી કરી શકાય. દિવાલો પર મ્હોટા મ્હોટા કીંમતી આયનાઓ જડી લેવામા આવ્યા હતા. જોધ-બાઇ જ્યારે એ આયનાઓમા પોતાના ભુવનમોહન સૌન્દર્યનુ દર્શન કરતી ત્યારે તેનાથી સ્મિત હાસ્ય થઇ જતુ હતું એ સમયે તેની હાસ્યછટાથી જાણે કે એ રત્નજડિત મહેલ નિરતેજ બની જતો હતો.

અકબરશાહનો પણ જોધબાઇ પર એટલો બધો પ્રેમ હતો કે

તેઓ જોધબાઇને પ્રસન્ન રાખવાના હેતુથી વારવાર હિન્દુ પોષાક પહેરતા હતા. આ જોધબાઇની ઇચ્છાથીજ--અકબરશાહે પોતાના વિશાળ સામ્રાજ્યમાં ગાયનો વધ કરવાની મના કરી હતી. જોધબાઇને લીધેજ અકબરશાહે પોતાના જીવનના છેવટના દિવસોમા ગગાજળ પીવા માડયુ હતું અકબરશાહે માસનો આહાર પણ બધ કરી દીધો હતો તેમણે પોતાના જીવનના છેવટના દિવસો એક સાધુના જેવા વ્યવહારથી પસાર કર્યા હતા.

વાચકબધુઓ અને બ્હેનો અમારી આ હકીકતને અમારી પોતાની કલ્પના સમજશો નહિ. અકબરશાહના અપાર સ્નેહને મેળવનાર 'મહાપંડિત અબુલ ફજલે જે કાઇ કહ્યુ છે–તેજ અમે ઉપર લખ્યુ છે.

આ હિન્દુ પટ્ટરાણી સિવાય અકબરશાહની બીજી અનેક લાવણ્યમયી રાણીઓ હતી ઇરાની તેમ જ તુરાની રાણીઓના મહેલ જોધબાઇના મહેલ જેવા સૌન્દર્યસપન્ન નહિ હોવા છતાં તે જાણે કે એક ન્હાના બિહિસ્ત—સ્વર્ગ જેવા હતા. આવી રીતે અસખ્ય આરસ પત્થરના રત્નજડિત મહેલો અકબર બાદશાહના રગમહેલની શોભામા વૃદ્ધિ કરતા હતા.

આ રગમહેલની નીચેના ભાગમા થઇને પ્રચડ તરગો ઉછાળતી યમુના વાયુના લહરિયોથી નાચતી નાચતી વહેતી ચાલી જતી હતી. તેના પ્રચડ તરગ રગમહેલની પછીત સાથે અફળાતા હતા. રગમહેલમા રહેતી રૂપસુદરીઓ આશ્ચર્યથી યમુનાના તરગો તરફ જોઈ રહેતી હતી.

ચાદની રાત્રે જ્યારે ચદ્રદેવ આકાશમાં પ્રકાશિત થતા ત્યારે યમુનાની શોભા ઘણી વધી જતી હતી તારા તેમજ ચદ્રદેવના પ્રતિબિબ યમુનાના જળમા નૃત્ય કરતા જણાતા ત્યારે એક પ્રકારની અ-

દ્ભુત તેમજ અપૂર્વ શોભા હૃદયને મુગ્ધ બનાવી દેતી હતી. બેગમો ફુલના તોરાઓ, તથા ફુલની માળાઓ યમુનામા પધરાવી દેતી હતી, અને નિર્દોષ આનદ મેળવતી હતો

દીવાળીની રાત્રે યમુનાની શોભાને પાર રહેતો નહિ કિલ્લાની પાસે થઇને વહી જતી યમુનામા અસખ્ય દીપકો તરતા તરતા ચાલ્યા જતા જણાતા હતા કિનારા ઉપર અસખ્ય દીપકો સળગી રહેતા કે જેનો પડછાયો યમુનાના જળમા પડતા કાઇ વિચિત્ર શોભા જણાતી હતી હિદુ બેગમો ગભીર રાત્રે યમુનાના કિનારાનુ ગુપ્ત દ્વાર ઉઘાડી, મૃદુ પગલે ત્યા જઇ સળગતા દીપકો કાલિન્દી સુન્દરીને ઉપહારમા આપતી હતી યમુનાના ચચળ તરગોમા એ સેકડો દીપકો ધીમેથી વહેતા વાયુથી કપતા કપતા અપૂર્વ આનદથી નાચતા હતા. હિન્દુ બેગમોની દેખાદેખીથી બાદશાહની બીજી બધી રાણીઓ પણ આવી રીતે દીપકો તણાતા મુકીને દીપોત્સવીનો આનદ મેળવતી હતી "આહ ! મ્હારો દીવો સૌથી આગળ જાય છે" "અરેરે ! મ્હારો દીવો ડુબી ગયો" "આ જો, મ્હારો દીવો તરગના જોરથી ડૂબતો ડૂબતો બચી ગયો." એવા વિવિધ પ્રકારના મધુર વચનોથી બેગમો પોતાના અતરનો ભાવ જાહિર કરતી હતી એ ગભીર રાત્રે નિર્જન યમુનાનુ જળ રમણીકઠના સગીતમય પ્રતિધ્વનિથી પરિપૂર્ણ થઇ જતુ હતુ. આ આનદપૂર્ણ રહસ્ય. લીલાનો પ્રેક્ષક માત્ર એકજ હતો–અને તે દિલ્લીશ્વર અકબરશાહના ! શાહજાદાને પણ આ ઠેકાણે આવવાની મના હતી !

અમે બાદશાહી રગમહેલમા ઘણું ટૂંક વર્ણન કર્યુ. પૂર્વકાળના શિલ્પીઓના કાર્યના સર્વોત્તમ નમુનાઓ અત્યારે કાળનો ભોગ થઇ પડી નાશ પામ્યા છે અત્યારે માત્ર તેની નજીવી સ્મૃત્તિ જોવામા

આવે છે અમારી દુર્બળ કલ્પનાથી એ સ્વપ્ન-સૌન્દર્યમય રંગમહેલની સઘળી શોભા-સંપદનુ યથાસ્થિત વર્ણન થવુ એ અત્યારના યુગમાં એક અસંભવ પ્રકાર છે ! અમે ઉપર જે કાંઇ વર્ણન કર્યું છે એ ઉપરથી બુદ્ધિશાળી પાઠકોએ રંગમહેલ સબંધી પોતાના મનમા એક પ્રકારની કલ્પના કરી લેવી.

પ્રકરણ ૧૨ મુ

શાહજાદી બેગમની વિરહ-વેદના.

"પ્રાણથી પ્યારા ! મને દર્શન તું દેતો કેમ નહિ ?
દિલ દુખે છે માહરૂ, દિલાસો દેતો કેમ નહિ ?"
—દીનબંધુ.

" મિના—મિના ! "

" કેમ—કેમ ? "

" તુ મરીશ ક્યારે ? "

" કેમ—કેમ ? "

" ત્હારા મૃત્યુમાજ મ્હારૂ સુખ છે. "

" કેમ—કેમ ? "

" બસ—એકનો એકજ શબ્દ-આ શું ઉત્તર આપવાની રીત છે

" કેમ—કેમ ? "

" હવે હુ ત્હારાથી કંટાળી ગઇ છુ—હું ત્હારૂ ગળું દબાવીને તને મારી નાખીશ. "

" કેમ—કેમ ? "

" સુઆ તું— બસ કેમ કેમ સિવાય બીજું કાંઇ જાણે કે આવડતુંજ નથી ! જે પૂછું છું તેનો ઉત્તર માત્ર એકનો એકજ કેમ— કેમ ? "

એક સુશોભિત મહેલમા એક સુવર્ણના સુન્દર આસન પર એક અતિ સ્વરૂપવતી સુન્દરી બેઠી હતી, તેની સ્હામેના એક સુંદર ટેબલ પર એક સોનાના પિંજરામા એક મધુર પક્ષો હતુ. સુંદરી પક્ષીને સબોધીને ઉપર પ્રમાણે બોલતી હતી.

સુન્દરીના એ વ્હાલા પક્ષીનું નામ—" મિના " હતું. આ સુન્દરી જ્યારે પોતાના મહેલમાં એકલીહોય ત્યારે તે એકાંતથી ઉપજતું દુઃખ દૂર કરવાને માટે આ મિના પક્ષીની સાથે ઉપર પ્રમાણે વાતચિત કરતી હતી. મિનાને માત્ર બે વાકય બોલતા આવડતાં હતાં. એક વાકય, " કેમ—કેમ ?" અને બીજું વાકય—" બદગી શાહજાદા-સલામત. " પક્ષીની અધિકારિણીએજ તેને આ બે વાકયો શિખવાડયાં હતા.

મિના સુન્દરીના તિરસ્કારનો આભાસ સમજ્યા વિના માત્ર " કેમ—કેમ ? " કહ્યા કરતું હતું આથી કરીને સુંદરી ઘણી વિરક્ત બની ગઇ. તેણે પિંજરાને પોતાના હાથમાં ઉંચકી જોરથી હલાવીને બનાવટી ક્રોધ દર્શાવતાં કહ્યુ—" મૂર્ખ પક્ષી ! તું જાણે છે કે હું કોણ છું ? હું અકબરશાહની પુત્રવધૂ છુ ! આ સમસ્ત હિન્દુસ્થાનના ભવિષ્યના શહેનશાહ—શાહજાદા સુલતાન સેલિમની અર્ધાંગના છું ! તુંજ જો માત્ર " કેમ—કેમ " કહીને મ્હને ગુસ્સો ઉપજાવીશ તો હું તને પિંજરા સાથે યમુનામાં ફેંકી દઇશ—ડૂબાવી દઇશ. "



શાહજાદી બેગમ જોધાબાઇ અને મિના પક્ષી.

જ્ઞાન વગરનું, ભાષાહીન પક્ષી આ તિરસ્કારનો કાંઇક મર્મ સમજ્યું. તે સમજ્યું કે—શાહજાદી બેગમ જોધબાઇ તેની ઉપર ઘણી ક્રોધે ભરાઇ છે; પરંતુ તેનો આધાર માત્ર ઉપરનાં બે વાક્યોજ હતાં; તેથી તે તેની જડબુદ્ધિની પ્રેરણાથી બોલ્યું —"બંદગી શાહજાદા સલામત."

આ વાક્ય સાંભળી સુન્દરી ઘણો આનંદ પામી. તેણે પિંજરાને પાછું ટેબલ પર મુકી દઇને કહ્યું—"ત્હારી વાણી સાચી ઠરો ! કહે જોઇએ મિના! શાહજાદા આજે ક્યારે અહિં આવશે ?"

. મિના—મૂર્ખ મિના ફરી બોલી ઉઠ્યું:—"કેમ...કેમ ?"

સુદરીએ આ સમયે પ્રફુલ્લ મુખે કહ્યું.—"પાછું કેમ–કેમ ? પક્ષી ! તું હતભાગ્ય છે—મ્હારી વિરહ–વેદનાને તું સમજી શકતું નથી. મ્હે ત્રણ દિવસથી શાહજાદાનું દર્શન સુદ્ધાં કર્યું નથી ! આ માલતીમાળા મ્હેં મ્હારા ગળામાં કોને માટે પહેરી છે ? ચંદનાદિ સુગંધિ પદાર્થોનું મ્હારા શરીર પર મ્હેં કોને માટે લેપન કર્યું છે ? આ રત્નજડિત વસ્ત્રોથી મ્હે મ્હારૂ સર્વાંગ કોને માટે શોભાવ્યું છે? આ સુગંધિત કેશકલાપ પીઠ પર કોને માટે ઝુલતો નાખ્યો છે ? સુવાસિત તાંબુલરસથી કોને માટે મ્હેં ઓષ્ટાધર લાલચોળ બનાવી દીધા છે ? મિના ! સાચું કહે જોઇએ કે–તેઓ નિષ્ઠુર નથી ?

મિનાએ સુન્દરીનાં આ હૃદયભેદક વચનોનો ઉત્તર માત્ર બે શબ્દોમાં આપ્યો કે—"કેમ—કેમ ?"

"કેમ—તે મ્હારે તને પણ સમજાવવું પડશે કે મિના ? તેઓ સ્વામિ છે, હું સ્ત્રી છું. તેઓ મ્હારા મનનું દુઃખ નહિ જાણે તો બી-

જુ ' કોણ જાણશે ? હુ અકબરશાહની પુત્રવધૂ છું, જેના નામ માત્રથી આખુ હિંદુસ્થાન ધ્રુજી ઉઠે છે—તેઓ મ્હારા શ્વસુર છે. જો કદાચ ખુદા દયા કરશે તો એક દિવસે હુ આ વિશાળ સામ્રાજ્યની પટ્ટરાણી થઇશ ! તો પછી મ્હારા નસીબમા આટલુ બધુ દુખ કેમ ? મ્હારા જીવમા આટલી બધી નિરાશા કેમ ? મ્હારા પ્રેમમા આટલો બધો વિરહ કેમ ? મ્હારા આનદમા આટલી બધી ચિંતા કેમ ? મિના ! શુ હુ એટલી બધી દુર્બળ છુ કે—પતિ વશ કરતા મ્હને આવડતું નથી ? અગર તો વશ કરવાનું આવડતાં છતા હુ તેમને વશ કરતી નથી ? હુ રાજપૂત રાજકન્યા છુ ભાગ્યચક્રને લીધે હુ મોગલ જનાનામા આવી પડી છુ. હુ મ્હારા પ્રલુબ્ધ ભા॰ ગ્યને કદાપિ નિષ્ફળ થવા દઇશ નહિ આટલું બધુ દુખ, આટલુ બધુ અપમાન હવે હુ સહન કરી શકતી નથી, હુ પતિવ્રતા છું— પતિપ્રેમ પ્રાપ્ત કરવાને માટે રાત્રિ દિવસ ચિંતા કર્યા કરૂ છુ. કહે મિના ! હવે હુ આ વિરહ-વેદનાનુ દુખ કેવી રીતે સહન કરી શકુ ? કહે કહે મિના ? મ્હારા આ દુખનો અત હુ કેવી રીતે લાવુ ? કેવી રીતે હુ આ મર્મભેદક વિરહાગ્નિને બુઝાવી શકુ ? ”

સ્વર્ણ પિંજરામાના પક્ષીએ કહ્યુ—“બદગી શાહજાદા-સલામત ”

એકાએક આ સમયે કોઇએ જાણે કે શાહજાદી બેગમના મહેલના દ્વાર પાસેથી મધુર સ્વરે પક્ષીના વાકયનો પડઘો પાડતા કહ્યુ —“ બદગી ! શાહજાદી બેગમ ! શાહબાશ પક્ષી ! ત્હેં પણ ખૂબ કરી ! ”

પ્રકરણ ૧૩ મું.

" અરે ! કાતિલ તીખૂ તે જિગરને રેસનારૂ છે,
" પરન્તુ પહાડનું હૈયુ ખુદાએ આ ઘડેલુ છે "
—કલાપી.

ઉપરનુ વાક્ય સાભળી સુદરીએ આશ્ચર્ય પામીને મહેલના પ્રવેશદ્વાર તરફ નજર કરી તો તેણે જોયુ કે—તેના મહેલ પાસે એક છાયામૂર્તિ ઉભી રહી હતી. સુદરીએ ક્ષણુ માત્રમા તેને ઓળખી લીધી. ઓળખી લઇને તેણે કહ્યુ –" બદગી શાહજાદા—સલામત. " પક્ષી પણ આ વાક્ય સાથે મ્હોટેથી બોલી ઉઠયુ –બદગી શાહજાદા–સલામત ? "

ઉપરોક્ત છાયામૂર્ત્તિએ સુન્દરીના સુસજ્જિત મહેલમાં પ્રવેશ કર્યો, અને કહ્યુ "શાહજાદી બેગમ ! ત્હારૂં આ પક્ષી તું મ્હને વેચાતું આપીશ."

આ પ્રશ્ન સાભળી—એ સુદરીએ પોતાના મધુર ઓષ્ઠાધર હલાવીને સ્મિત મુખે કહ્યુ—" હું વેચાતુ આપવા તૈયાર છુ–પરંતુ શાહજાદા ! તમે આ પક્ષીને ખરીદી શકશો કે ? જે કીંમત હુ માગીશ તે તમે આપી શકશો કે ?"

શાહજાદા સેલિમને પોતાના બાહુપાસમાં બાંધી લઈ સુંદરીએ તેને પોતાના આસન પર બેસાડયો, અને તે શાહજાદાના પગો પાસે નીચે બેઠી. શાહજાદા સેલિમે સ્નેહથી, જોધાબાઇના બન્ને હાથ ઉંચા કરીને કહ્યું.—" નહિ નહિ–જોધા ! જીગર ! ત્હારૂં આ-

સન મ્હારા હૃદય-મંદિરમાં છે; છતાં તું નીચે બેસે છે એ વ્યાજબી છે કે ?"

આ પ્રમાણે કહીને સેલિમે જોધાબાઇને પોતાની પાસે આસન ઉપર બેસાડીને કહ્યુ:—" કહે જીગર ! ત્હારા આ અજાયબ પક્ષીની કીંમત કેટલી છે ?"

જોધાબાઈએ કહ્યુ:—" શાહજાદા ! એ કીંમત તમે આપી શકશો કે ?"

સેલિમે સ્મિત હાસ્ય કરી કહ્યુ —" કેમ, દિલ્લીશ્વરના રાજ્ય-ભંડારમાં એટલી દોલતનો પણ અભાવ છે કે—સમ્રાટ્ અકબરશાહનો પુત્ર એક પક્ષી પણ ખરીદી શકે નહિ ?!"

શાહજાદી જોધાબાઇએ હસતા હસતાં કહ્યુ —" જો દિલ્લીશ્વર-ના પુત્રને દોલતનો અભાવ હોય ન તો તેમની પુત્રવધૂને પણ તેનો અભાવ ક્યાંથી હોઈ શકે ? શાહજાદા ! ત્યારે પછી મ્હારે શા દુખે આ અજાયબ પક્ષીને વેચી દેવુ ? !"

સેલિમ.—ત્યારે જીગર ! તુંજ કહેને કે કીંમત તરીકે ત્હારે શુ જોઇએ છીએ ?

જોધાબાઇએ શાહજાદા તરફ એક તીવ્ર કટાક્ષ ફેંકી કહ્યુ—" શાહજાદા ! તમારે આ પક્ષીની કીંમત સાંભળવી છે ? જે હમેશા મ્હારી સાથે પોતાનો જીવ બાંધી રાખે, જે હમેશા કોમળ આલિંગ-નથી મ્હને બાંધી રાખે, જે હમેશા મ્હારી ગુલામી કરે તેનેજ હું વિના મૂલ્યે આ પક્ષી આપીશ. દોલતની આશાથી આ પક્ષી વેચવાની મ્હારે કાંઇ જરૂર નથી !"

સુલતાન સેલિમે પ્રિયતમા પત્નીના આ ચાલાકી ભરેલા ઉત્તરથી હસીને કહ્યું—" જોધા ! શુ મ્હે ત્હારી પાસે મ્હારી જાત વેચી નથી ? મ્હે ત્હારી પાસે મ્હારો આ સળગતો જીવ બાંધી રાખ્યો નથી ? તું સાચુ કહે-મ્હારા આ કોમળ આલિગનમા તું હમેશાં બધાયલી રહેતી નથી ? પક્ષીની મ્હારે શી જરૂર છે ? હુ પિશાચ છુ ! હું નરાધમ છુ ! રાજ્યકુળનુ કલક છુ ! નહિ તો હુ ત્હારા જેવી સાધ્વીને આટલુ બધુ દુખ શા માટે દઉ ?"

સુલતાન સેલિમનાં આ વચનોથી શાહજાદી બેગમ જોધાબાઇને ઘણું દુઃખ થયુ. તેણે પોતાના પ્રેમમય આલિગનમા શાહજાદાને દબાવીને કહ્યુઃ—" દિલબર ! તમને શી બાબતનુ દુ.ખ છે ? જ્યાં સુધી મ્હારા શરીરમા એક પણ લોહીનુ ટીપુ હશે-જ્યાં સુધી મ્હારા ધર્મને હુ નહિ ભૂલુ-ત્યા સુધી તમારે ફિકર કરવાનુ કારણ નથી. તમે ભવિષ્યના આ સમસ્ત હિદુસ્થાનના શહેનશાહ છો—હુ તમારી એક સામાન્ય બાદી છુ. હુ તમારા સુખને માટે-તમારી સેવાને માટે તમારા ચિત્તને સતુષ્ટ રાખવાને માટે-મ્હારો જે ધર્મ છે તે બજાવીશ. મ્હારા જીવનનુ લક્ષ્ય તમેજ છો-આશા તમે છો-આનદ તમે છો ! આ દિલ્લીનુ સિહાસન તુચ્છ છે ! આ રત્નજડિત મહેલ તુચ્છ છે ! સુવર્ણાલકારો તુચ્છ છે ! મ્હારે એમાનુ કાંઈ જોઇતું નથી— જોઇએ છે માત્ર તમારા સમુદ્ર સમાન હૃદયનો એક બિદુ સ્નેહ ! હુ તમારા હૃદયમા માત્ર મ્હારી એકલીનીજ મૂર્તિ જોવાની ઇચ્છા રાખુ છું. મ્હારે જોઇએ છીએ-તમારૂ સુખ-કહો કહો સ્વામિન ! તમે કેવી રીતે -કયા ઉપાયથી સુખી થઈ શકો તેમ છો ! મ્હને આ પ્રશ્નનો ઉત્તર આપો—હુ તમને સુખી કરવા માટે મ્હારૂ સર્વસ્વ આપવા તૈયાર છુ—તમે જે કહો તે કરવા તૈયાર છુ."

સેલિમને આ પ્રેમમય વચનોથી અપાર આનદ થયો. એક પ્રકારનો ગુપ્ત હાહાકાર તેના અતરમા અગ્નિ સળગાવ્યા કરતો હતો તે રોગના ચિહ્ન સમજી શકયો હતો-પરતુ ઔષધ શોધી શક્યો નહોતો તે ભયકર આકાક્ષાને આધીન થઇ, વ્યાકુળ પક્ષીની માફક ચારે તરફ ઉન્મત્ત થઇને ફર્યા કરતો હતો.

ધર્મપત્નીના ઉપરનાં પ્રેમમય વચનો સાભળી તેનો જીવ કાઇક શાન્ત થયો ચચળ સમુદ્ર પરથી વાયુ દૂર થતા સમુદ્ર જેવી રીતે થોડા સમય સુધી શાન્ત ભાવ ભાવ ધારણ કરે તેજ પ્રમાણે સેલિમનો પ્રાણ પણ તેની પ્રેમમયી સાધ્વી પત્નીના સુમિષ્ટ વચનોથી શાન્તિ મેળવી શકયો.

સેલિમે શાહજાદી બેગમના ગુલે-ગુલાબી અધરોષ્ઠ પર એક ચુબન કરી તેના સૌન્દર્યને જાણે કે વધારી દીધુ વાયુના વહેવાથી જોધાબાઇનો કેશકલાપ તેની પીઠ પર નૃત્ય કરવા લાગ્યો. સેલિમે પણ પ્રેમમય કઠે કહ્યુ —" મ્હે એમ સાભળ્યુ છે કે-મૃત્યુ પછી બીજી દુનિયામા જવાય છે—ત્યા સુખશાન્તિથી ભરેલુ સ્વર્ગ છે. એ સ્વર્ગમા બીજું કાઇ નથી-છે માત્ર નૈસર્ગિક સ્નેહ, પ્રેમ, અનુરાગ અને આત્મ-સમર્પણ મ્હે સાભળ્યુ છે કે—એ ઠેકાણે અધકાર નથી -છે દેદીપ્યમાન પ્રકાશ ત્યા દુખ નથી -ચિતા નથી--હિસા-દ્વેષ નથી આનદ, પ્રેમ, સહાનુભૂતિ અને સભ્યતા છે ત્યા વાયુનુ પ્રચડ તોફાન નથી—હમેશા વસત છે પરતુ આજે મ્હને લાગે છે કે, એ બિહિસ્તની કલ્પના માત્ર કવિયોના મસ્તકમાથીજ ઉપજેલી છે. બિહિસ્તનુ ખરૂ સ્વરૂપ જોવુ હોય તો તે આ દુનિયામાજ છે. જો યત્ન કરવામા આવે, આત્મ-સમર્પણ કરવામા આવે, નૈસર્ગિક સ્નેહ રાખવામા આવે તો આ દુનિયાજ બિહિસ્ત છે—સાક્ષાત સ્વર્ગ-છે!"

શાહજાદી બેગમ ત્રણ દિવસથી રાજકુમાર સેલિમનુ દર્શન કરવાની આશાથી ઉત્સુક બની જઇને બેસી રહી હતી. સેલિમનુ દર્શન નહિ થવાથી તેણે પોતાની વ્હાલી બાદી જોબિદાને રાજકુમાર પાસે મોકલી હતી. રાજકુમાર સેલિમે આવવાની આશા આપી હતી—પરતુ તે આવ્યો નહોતો. પતિપરાયણા શાહજાદી બેગમના ત્રણે દિવસો નિરાશામા--અપાર વિરહ-વેદનામા--પસાર થયા હતા, પરતુ આજે પ્રભાતકાળે તે કોનુ ભાગ્યશાળી મ્હો જોઇને ઉઠી હતી તે કાઇ કળી શકાતુ નથી આજે સેલિમ એકાએક આવી ચઢયો હતો, અને પ્રેમ વચનોથી શાહજાદી બેગમનુ દુ:ખ દૂર કરવાનો યત્ન કરતો હતો ! જોધાબાઇએ પોતાના મનમા ને મનમા વિચાર્યું—"આટલુ બધુ સુખ કદાચ મ્હારૂ ભાગ્ય સહન કરી શકશે નહિ. જેને બોલાવવાથી બોલાવી શકી નહોતી-તે આજે વગર બોલાવ્યે આવીને આવો નૈસર્ગિક સ્નેહ બતાવે છે તે મ્હારા ભાગ્યથી ભાગ્યેજ સહન કરી શકાશે"

યુવરાજ-પત્ની જ્યારે આવા વિચારોમા મશગુલ હતી ત્યારે સેલિમ ટગર ટગર પત્નીનુ મ્હો જોઈ રહ્યો હતો—પત્નીના મુખમડળની અપૂર્વ શોભા જોઇ રહ્યો હતો. તેણે જોયુ કે, ખુદાએ જોધાબાઇનેજ રમણીજાતિમાં સવિશેષ સુદરતા અર્પણ કરી છ. કેવા સુદર ચચળ નેત્રો ! કેવુ માધુર્ય ભર્યું અનુપમ મુખમડળ !! એ પવિત્ર મુખમડળ પર કેટલી બધી સરળતા—કેટલો બધો પ્રેમ--કેટલુ આત્મ-સમર્પણ જણાતું હતું ? ! કાળી નાગણના જેવો કેશકલાપ સેલિમના કામાતુર હૃદયને વિધી નાખતો હતો. મણિમય કઠહારના રત્નોની ઉજ્વળ જયોતિ પણ એ અસાધારણ સૌન્દર્યથી ઝાખી પડી ગઇ હતી

જોધાબાઇએ એકાએક દૃષ્ટિ ફેરવી નાખીને કહ્યુ —" શાહજાદા' મ્હારી તરફ ટગર ટગર શુ જોઇ રહ્યા છો ?"

સેલિમઃ—ત્હારૂ આ ભુવનમોહન સુન્દર સ્વરૂપ.

જોધાબાઇઃ—એ સ્વરૂપ તો તમે હમેશાં જુઓ છો, પછી આજે આટલો બધો મોહ ઉપજાવવાનુ કાઇ કારણ ?

સેલિમ—શાહજાદી ' હુ સમજી શકતો નથી કે મ્હારો પ્રાણ આજે કેમ ઉન્મત્ત બની ગયો છે ' ચકોર જેવા ભાવથી તૃપ્તિ થાય ત્યા સુધી ચદ્ર-સુધા પાન કરે છે--આજે હુ પણ તેવાજ ભાવથી ત્હારા રૂપ-સુધાનુ પાન કરૂ છુ.

જોધાબાઇ--ત્યારે શુ આવુ રૂપ તમે બીજે કોઇ ઠેકાણે જોયુ નથી ?

સેલિમ--માત્ર એક ઠેકાણે જોયુ છે '

જોધાબાઇ--કયા ?

સેલિમઃ—હુ જૂઠુ બોલીશ નહિ—અમીર-ઉદૌલા ગ્યાસબેગના મહેલમા એક રૂપવતી સુંદરીને મ્હે જોઇ છે

જોધાબાઇ—એ સુદરીનુ નામ શુ છે ?

સેલિમ—તેનુ નામ મેહેર-ઉન્નિસા છે.

જોધાબાઇ—મેહેર-ઉન્નિસા ?'

સેલિમ—હા-મેહેર-ઉન્નિસા ' પરતુ તુ તેનુ નામ સાભળી આમ એકાએક કેમ ચમકી ઉઠી ?

જોધાબાઇ—હુ કેમ ચમકી ઉઠી તેની મ્હને પોતાને પણ ખબર નથી, પરતુ તેનુ નામ સાભળતા મ્હારા અતરમા ભય ઉપજ્યો છે

સેલિમ—ભય ઉપજવાનુ કાઇ કારણ ?

જોધાબાઇ—કદાચ હુ તમને ગુમાવી બેસુ.

સેલિમ—જોધા! તને ભ્રમ થયોછે! આ તો રમણીઓનામાં સ્વભાતઃ જે ઈર્ષ્યા હોય છે તેજ છે—બીજુ કાઇ નથી.

જોધાબાઇ—ના- ના-શાહજાદા ! તમે ઉંધુ સમજ્યા છો! મ્હારા મનની વાત તમે બરાબર સમજી શકયા નથી.

સેલિમઃ—ત્યારે તુજ કહેને કે ત્હારા મનમા શી વાત છે ?

જોધાબાઇ—મ્હારા જેવુ ભાગ્ય લઇને મેહેર આ દુનિયામાં આવી નથી. હુ ભારતસમ્રાટ અકબરશાહની પ્રેમમયી પુત્રવધુ છું! ભવિષ્યના સમ્રાટ્ સુલતાન સેલિમની અર્ધાગના છુ. મ્હને ભય ઉપજે છે કે, વખત છે આ રૂપના ઉન્માદથી તમારૂં કાંઇ અહિત થાય તો ?!

સેલિમ—મ્હારૂ અહિત શા માટે થાય?

જોધાબાઇ.—કેમ થાય તે હમણા કહીશ નહિ હમણા તો માત્ર તમને એટલુ જણાવુ છુ કે, તમે મેહેરને ચ્હાઓ છો—તેનુ રૂપ જોઇ તમે ઉન્મત્ત બની ગયા છો. એ હકીકત રગમહેલમા જાહિર થઇ ગઈ છે!

સેલિમઃ—નહિ નહિ, એ સઘળી ખોટી વાત છે! પુષ્પવિહારી મધુકર સઘળા સુવાસિત પુષ્પો પર વિહાર કરે છે.

જોધબાઇ—પરતુ કેતકીની ઉગ્ર સુવાસથી મધુકર અધ બની જાય છે!

સેલિમ—એ બધી વાત જવા દે. આવો સંદેહ કરી તુ પ્રેમ-રગનો ભગ ન કર. ત્હારે મુખે મ્હને પેલુ સુદર વ્રજભાષાનુ ગાન

સાંભળવુ ઘણુ ગમે છે. સાકીને એક વખત બોલાવ ! તે મ્હને શિરાજી લાવી આપશે. ત્હારા કંઠનુ મધુર ગાન અને શિરાજી મ્હારા નીરસ પ્રાણને રસપૂર્ણ બનાવી દેશે."

જોધાબાઇએ આસન પરથી ઉઠી મહેલના પ્રવેશદ્વાર પાસે જઇને મ્હોટેથી કહ્યુ.–"જોબિ" ।

જોબેદી મહેલની બ્હાર ઝોકા ખાતી હતી શાહજાદીનો અવાજ સાભળી તે તરતજ ઉઠી, શાહજાદી પાસે આવી તથા સલામ ભરી તેણે કહ્યુ —"કેમ શાહજાદી બેગમ ! "

શાહજાદી બેગમે સહાસ્ય મુખે કહ્યુ —" આજની રાત્રિ મ્હારે માટે ઘણી સુખદાયિની છે તને મ્હે જે પુષ્પમાળા ગુથવાનુ કહ્યું હતુ તે ગુથી રાખી છે કે ? "

જોબેદી —હા, બેગમસાહેબા ! પુષ્પમાળા તૈયાર છે.

જોધાબાઇ—ત્યારે લે આ ત્હારૂ ઇનામ.

આ પ્રમાણે કહીને પોતાના કંઠમાથી એક મોતીની માળા કાઢી જોધબાઇએ જોબેદીના હાથમા મુકી, અને કહ્યુ—જોબિ ! આજે હુ ત્હારી બનાવેલી પુષ્પમાળા પતિના કંઠમા પહેરાવી તેમની પૂજા કરીશ. જેમ બને તેમ જલદીથી તુ સાથેના ઓરડામાથી ઉત્તમ શિરાજી લઇ આવ."

જોબેદી શિરાજી લેવા બીજા ઓરડામા ચાલી ગઇ.

જોબેદી અને જોધાબાઇ વચ્ચે એટલી બધી ધીમેથી વાત થઇ હતી કે, શાહજાદો તેમાનો એક પણ અક્ષર સાભળી શકયો નહિ. જોબેદી તરતજ એક સુવર્ણપાત્રમા ગુલાબી શિરાજી લઇ આવી ! શિરાજીપાત્ર યથાસ્થાને મુકી તેણે એક ચાદીના થાળમા પુષ્પ

માળા લઈ આવી તેને પણ યથાસ્થાને મુકી સલામ ભરી ચાલી ગઇ.

રાજપૂત રાજકુમારીએ એક ન્હાના પાત્રમાં ઉત્કૃષ્ટ શિરાજી રેડી પાત્ર શાહજાદાની આગળ ધર્યું. સેલિમે અપાર પ્રેમથી એ પાત્રને પોતાના હાથમા લઇ ગળામા રેડી દીધુ. પછી તેણે કહ્યુ—"હા-શ. હવે મ્હને શાન્તિ મળી."

શિરાજીએ પોતાની ક્રિયાશક્તિને જાહિર કરી યુવરાજ સેલિમના જીવમા એક પ્રકારનો નવીન આનદ આવ્યો. તેના હૃદયની ચારે તરફ જે પ્રબળ દાવાનળ સળગતો હતો--તે પાણીના સયોગથી બુઝાઇ ગયેલા અગ્નિની માફક એકાએક અતર્હિત થઇ ગયો.

ધીમે ધીમે શિરાજીએ પોતાની સત્તા એટલી બધી જમાવી કે તેથી શાહજાદા સેલિમના સમસ્ત અગમા એક પ્રકારની નવીન ઉત્તેજના આવી ' એ ઉત્તેજના ઘણી મધુર હતી. તેમા સહજ પણ તીવ્રતા નહોતી. જે વિચિત્ર સુસજ્જિત મહેલ થોડા સમય પૂર્વે તેને જવાળા મય જણાતો હતો તે હમણા જાણે કે સુખમય સ્વર્ગ- બિહિસ્તના જેવો જણાવા લાગ્યો. સેલિમ—મદિરાની મોહમયી શકિતથી અધીર બની જઇને એ સુકોમળ શય્યા પર નિદ્રિત થઇ ગયો.

પ્રકરણ ૧૪ મું.

કબ્રસ્થાનમાં ખૂની કેદ.

મધ્યરાત્રિનો સમય થવા આવ્યો હતો. જેટલા પાપકાર્યના કારસ્થાન આ રાત્રિના અંધકારમા થાય છે (ચોરી, ખુન, વ્યભિચાર) તે સઘળાને રાત્રિ પોતાના રહસ્યમય અંચળમા છુપાવી દે છે આ પ્રમાણે કાંઇ હમણા હમણાથીજ નથી બનતુ--જગતની ઉત્પત્તિ થઇ ત્યારથીજ આ પ્રમાણે થયા કરે છે

આગ્રા શહેરની સરહદમા એક ન્હાના કોટની અંદર એક કબ્રસ્થાન આવેલુ હતું. એ કબ્રસ્થાનમા અમીર ઉમરાવોનેજ દફન કરવામાં આવતા હતા. જેઓ આ જગતમા, દુખ, જવાળા, યંત્રણા વગેરે સહન કરવાને ઇશ્વરના કોપથી આ દુનિયામા આવ્યા હતા--તેમનુ કબ્રસ્થાન આગ્રા નગરીમા બીજે સ્થળે હતુ

અંધકારનો સુમાર નહોતો મધ્યરાત્રિનો સમય હતો આસ્માની આકાશમા ચંદ્રદેવ નહોતા--માત્ર અસંખ્ય તારાઓ પ્રકાશી રહ્યા હતા, પરંતુ તારાઓનો પ્રકાશ પૃથિવી પરના અંધકારને ઓછો કરી શકતો નહોતા

આવી મધ્યરાત્રિને સમયે કબ્રસ્થાનમા પ્રવેશ કરતા વાચકબંધુઓ તેમજ બ્હેનો ભય પામશે, પરંતુ ગ્રંથકારને કોઇ પણ પ્રકારનો ભય હોતો નથી વાચકો ! તમે આવો અમારી સાથે ! આગ્રા શહેરની સરહદમા આવેલા અમીર ઉમરાવોના એ કબ્રસ્થાનમાં

અત્યારે જે અદ્ભુત રહસ્યમય બનાવ બને છે—તે આપણે એક વખત છુપી રીતે જોઇ આવીએ.

આવી નિર્જન—શાન્ત—એકાત રાત્રે બે માણુસો મ્હોટા કાળા ઝભ્ભાઓમા પોતાનુ સર્વાગ ઢાંકી દઇને ઘણે ધીમેથી કબ્રસ્થાનના દરવાજામાંથી અદર જઇ પહોચ્યા. એ બે માણુસો પૈકીના એક માણુસે પોતાના સાથીદારને કહ્યુ—" જો, આવા ભયકર અધકાર સમયે આ પ્રેતપુરીમા કોઇ આવશે નહિ. ચાલ આપણે નિરાતે આપણું કામ કરી લઇએ. કબર ખોદવાની સઘળી વ્યવસ્થા કરી રાખી છે. કબર પર ચિહ્ન પણ કરી રાખ્યુ છે દોસ્ત ! હું ખરેખર દીવાનો બની ગયો છુ મુસલમાન થઇને કુરાને શરીફના પવિત્ર નિયમનુ ઉલ્લઘન કરવા તૈયાર થયો છુ મ્હારા હ્રદયમા ભયંકર અગ્નિ સળગી રહ્યો છે—મ્હારા પ્રશ્ચાત્તાપનો પણ પાર નથી–"

બીજા માણુસે કહ્યુ—" ભાઇ ! તુ ધીરજ રાખ. જેના મડદાને જોવાને માટે પણ તું આટલો બધો વ્યાકુળ બની ગયો છુ—તેને ત્હે ત્હારી ઇચ્છાથી કેમ મારી નાખી ? આવી રીતે તું કેટલા દિવસ સુધી તેના મડદાને જોઇ શકીશ?"

પહેલા માણુસે બીજા માણુસના મ્હો પર હાથ દાબીને કહ્યું–" ભાઈ ! સાવચેતીથી વાત કહે હમણાં દાટવામા આવેલા મડદાની શ્રવણુશક્તિનો પણ હજી લોપ નહિ થયો હોય !"

બીજા માણુસે કહ્યુ—" ખરેખર, તું દીવાનોજ બની ગયો છે. જે મરી ગયુ છે તેની શ્રવણુશક્તિ અત્યાર સુધી કાયમ હોઇ શકે ખરી કે ? જેનો દેહ પચભુતમા મળી ગયો છે—ઇંન્દ્રિયોની ક્રિયા-

શક્તિ હમેશાને માટે બિલકુલ બધ થઇ ગઇ છે તેને માટે આટલો ભય રાખવાનુ શુ કારણુ ?"

પહેલા માણુસે કહ્યુ--" હુ જો ભય રાખતો હોત તો આવુ મહા ભયકર સાહસિક કાર્ય કરવા આગળ થાત કે? પ્રેત ન સાભળી શકે--પરતુ માણુસ તો સાભળી શકે ને ! શુ તું જાણુતો નથી કે હજી પણુ આપણે સકટમાથી બચી ગયા નથી. આપણુને પકડવા માટે બાદશાહે છુપી પોલિસના ચાલાક માણુસો રોકેલા છે. વળી આપણુને પકડનારને સારૂ ઇનામ આપવાનુ પણુ જાહિર કર્યું છે શહેરનો મુખ્ય શાસનકર્ત્તા મહારાજ બિરબલ અને મુખ્ય કોટવાલ સાહેબ જહાન્દારખાન--આપણી તપાસ માટે રાત્રિ દિવસ ચારે દિશાએ ફર્યા કરે છે. જો તેઓ આપણુને પકડી શકશે તો આપણે વગર મોતે ઘણું ભયકર દુખ વેઠીને મરવુ પડશે!"

બીજા માણુસે કહ્યુ—" તેઓ કાઇ એટલા બધા મૂર્ખ નથી કે તને પકડવાને માટે આવી ભયકર રાત્રે કબ્રસ્થાનમા જાગતા બેસી રહ્યા હોય! ફાનસ સળગાવ જો વિલબ કરીશુ તો કદાચ કોઇ નવા સકટમા સપડાઇશુ. તું ઘણો નિષ્ઠુર છે—ભયકર નરાધમ છે"

પહેલા માણુસે કહ્યુ.--" ભાઇ ! મ્હારો તિરસ્કાર કરવો હોય તો કરજે મ્હારા જેવા હતભાગ્યનુ પોતાનુ માણુસ આ આખી આલમમા ત્હારા સિવાય બીજુ કોઇ નથી. એક ક્ષણુના સદેહથી—ઉત્તેજનાથી જે સત્યાનાશ વાળ્યુ છે તે હવે નહિ વળ્યુ થનાર નથી. ભાઇ ! માત્ર બે દિવસથી એ કબરમા દટાઇ છે. જે દિવસે તેને કબરમાં દાટવામા આવી તે દિવસે ગભીર રાત્રે હુ એકલો કબ્રસ્થાનમા આવ્યો હતો તથા મ્હે કબરની ચારે તરફ કપુર નાખ્યુ હતુ.

હુ ચોક્કસ કહું છુ કે એ દેહ હજી સુધી વિકૃત થયો નથી હજી પણ એ ભુવનમોહન સૌન્દર્યનો નાશ થયો નથી ”

બીજા માણસે કહ્યુ—“ હવે વિના કારણ ઉતાવળા થવાથી શુ વળવાનુ છે, ભાઈ ? તેના જીવનમા તુ તેની કદર કરી શકયો નહિ. ત્હે તારે હાથેજ સોનેરી ખજરથી તેનુ હૃદય ચીરી નાખ્યુ. જો તુ તેને માટે વ્યાકુળ બની જઈશ તો લોકો તને દીવાનો કહેશે. વખત ગુમાવવામા સાર નથી—તુ જાણે છે કે આ કબ્રસ્થાન અમીર ઉમરાવોનુ છે અનેક શ્રીમત અમીર ઉમરાવો તેમની કુલાગનાઓને કબરમા દાટતી વખતે મૃત વ્યક્તિના અગ પરના અલકારો કાઢી લેતા નથી. નીચ જાતિના ચોરો અનેક સમયે એ અલંકારો મેળવવાના લોભથી કબરો ખોદે છે ! એટલા માટે નવીન કબરની પવિત્રતાનુ સરક્ષણ કરવાને માટે આ કબ્રસ્થાનની આસપાસ પહેરગીર ફર્યા કરે છે, આ હકીકત ત્હે સાભળી છે ? ”

પહેલા માણસે કહ્યુ—“ પહેરગીર ફર્યા કરે છે તો ભલે ફર્યા કરે હુ પણ મ્હારા હથિયારો મ્હારી સાથેજ રાખું છુ. ”

બીજા માણસે કહ્યુ—“ હવે શુ કરવાને તું ચ્હાય છે ? ”

“ મ્હારે એ કબર ખોદવી છે. ”

“ ત્હે કેવી રીતે જાણ્યુ કે, એ કબર સેલિમાની છે ? ”

“ મ્હે તને પ્રથમ કહ્યુ નહિ કે-કાલે હુ અહિ આવ્યો હતો ?”

“ તું પણ ઘણો સાહસિક જણાય છે—જો કદાચ પકડાઈ ગયો હોત તો ? ”

“ હુંજ ખૂની છું તેની સાક્ષી કાઈ મ્હારા અંગ પરથી મળી આવવાની નહોતી જો પકડાઈ ગયો હોત તો હુ એક નીચજાતિનો ચોર બની જાત. ”

"મ્હને તો ઘણો ભય લાગે છે તુ ત્હારી આ ભયકર કલ્પના છોડી દે. ચાલ આપણે મુકામ પર પાછા ચાલ્યા જઇએ.

"તુ એકલો મુકામ પર ચાલ્યો જા–હુ આવીશ નહિ."

"મહા ભયયર સકટમા આપણે જાણી જોઇને પગ મુકીએ છીએ, એ તું સમજતો નથી ?"

"એવા હજારો સંકટો આવનાર હોય તો ભલે આવે—હુ દીવાનો બન્યો છું. દીવાનાને કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી. તે સારાસારનો વિચાર સુદ્ધા કરી શકતો નથી. હુ કાડજ્ઞાનશૂન્ય છુ. દોસ્ત ! તું બેલાશક મુકામ પર ચાલ્યો જા મ્હારે લીધે ત્હારે શા માટે સકટમા પડવુ જોઇએ ?"

"નહિ નહિ, દોસ્ત ! તું મ્હને એટલો બધો સ્વાર્થી સમજીશ નહિ. તને સકટમા મુકી હું પલાયન કરી જઇશ નહિ"

એવામા છેવટનો ઉત્તર આપનાર માણસે કાઇ અવાજ સાભળ્યો તેણે સળગતા દીપકના પ્રકાશથી ચારે તરફ થોડા સમય સુધી દૃષ્ટિ ફેરવીને કહ્યુ —'ના ના, ઇસ્કાન્દાર ! મ્હને ભ્રમ થયો છે ! ચાલ, હવે તું ત્હારૂ કાર્ય કર."

આ વચનો સાભળી ઇસ્કાન્દારે એક મ્હોટા કોથળામાંથી કોદાળી બ્હાર કાઢી કબર ખોદવા માડી. લગભગ પદર મિનિટ સુધી મહેનત કરતા કબર પરની સઘળી માટી દૂર થઇ ગઇ.

પછીથી ઇસ્કાન્દારખાને કબરમા પ્રવેશ કર્યો તેનો સાથીદાર હાથમા ફાનસ લઇને ઉપર ઉભો રહ્યો એ ફાનસમાના દીવાના પ્રકાશથી એ અધકારમય કબરમાં પૂરતો પ્રકાશ પડયો હતો. ઇસ્કાન્દારે જલ્દીથી કબરની બ્હાર નીકળી આવી હાંફતા હાફતા પોતાના દો-

સ્તને કહ્યુ:—ભાઇ! સર્વસ્વનો નાશ થયો છે!"

જે યુવક હાથમા ફાનસ લઇ કબરની પાસે ઉભો રહ્યા હતો તેણે પુછ્યુ—"કેમ શુ થયુ છે? ધીમે ધીમે કહેજે. દીવાનો બની જઇશ નહિ."

ઇરકાન્દારે કહ્યુ—"થોડા સમય પહેલા આ કબર કોઇએ ખોદેલી હોવી જોઇએ."

"ત્હે કેવી રીતે જાણ્યુ?"

"સેલિમાના મડદા ઉપર કોઇએ ગુલાબના પુષ્પો નાખ્યા છે. આ જો હુ એક ફુલ ઉચકી લાવ્યો છુ. ફુલ કેવુ સુદર અને સતેજ છે."

"ત્યારે મ્હે કોઇના પગલાનો અવાજ થોડા સમય પહેલા સાભળ્યો હતો—તે ભ્રમ હોવો જોઇએ નહિ."

"હા—ખરી વાત છે હજી સુધી એ નરાધમ આ કબ્રસ્થાનમા હોવો જોઇએ. આપણી બન્નેની પાસે હથિયાર છે. ચાલ આપણે તેની શોધ કરીએ."

"તુ તદ્દન મૂર્ખ બની ગયો છે કે શુ? શા માટે સ્વેચ્છાથી સકટમા સપડાયુ જોઇએ? કબર પર પૂર્વ પ્રમાણે માટી પાથરી દઇ, ચાલ આપણે હમણાને હમણા અહિથી ચાલ્યા જઇએ."

"ત્યારે શુ હું થોડા સમય સુધી પણ સેલિમાને જોઉ નહિ? મ્હે કપુર નાખેલુ હોવાથી હજી પણ તેનો દેહ પૂર્વના જેવો રહ્યો છે તેની રૂપજ્યોતિ હજી પણ ઝાખી થઇ ગઇ નથી. હવે માત્ર બે દિવસમાજ સઘળુ નાશ પામશે માટીની કાયા માટીમાં મળી જશે."

"ઇસ્કાન્દાર ! તુ હતભાગ્ય છે ! શા માટે તુ ઇચ્છા કરીને સકટને બોલાવે છે ? કબર પર પ્રથમ જે પ્રમાણે માટી હતી તે પ્રમાણે પાથરી દે."

તરતજ ઇસ્કન્દારે કબર પર પૂર્વ પ્રમાણે માટી પાથરી દીધી એક મ્હોટો પત્થર ઉચકતા જે પ્રમાણે ઘણો સમય લાગે છે, તેટલો સમય તેને ગોઠવતા પાછો લાગતો નથી તેજ પ્રમાણે ઇસ્કન્દારે પણ જોત જોતામા કબર બરાબર કરી નાખી.

જે યુવકોના હાથમા ફાનસ હતુ તેણે કહ્યુ—"ચાલ હવે, કાર્ય પૂરૂ થઇ ગયુ છે. હવે દીવાની કાઇ જરૂર નથી. આપણે આ-વતી વખતે જે પ્રમાણે કાળા ઝભ્ભામા આપણા શરીરને છુપાવીને આવ્યા હતા તેજ પ્રમાણે જતી વખતે પણ શરીર છુપાવીને ચાલ્યા જઇએ"

ઇસ્કાન્દારે સમતિ દર્શાવી એટલે તરતજ દીવો બુઝાવી નાખ-વામાં આવ્યો ! પુન એ પ્રેતપૂર્ણ ભયકર સ્મશાન અધકારમય બની ગયું.

ચારે દિશાએ ભયકર અધકાર હતો. આસ્માની આકાશમાં માત્ર કેટલાક તારાઓ હસી રહ્યા હતા. ચદ્રદેવ જાણે કે આ બી-ભત્સ દેખાવ જોઇને એ દિવસે આકાશને પ્રકાશિત કર્યું નહોતું. એવામા પાછા કોઇના ધીમા પગલાનો અવાજ સંભળાયો. એ અવાજ સાવધાનતા ભરેલો જણાતો હતો.

એ અવાજ સાભળી અલિ મીરજા સિકન્દરે કહ્યુ:—"ઇસ્કાન્દાર ! આ અવાજ આટલામાથીજ આવતો હોય એમ લાગે છે. હુ એ અવાજને સ્પષ્ટ રીતે સાંભળી શકુ છુ."

" તુ ભ્રમમા પડી ગયો છે !"

" ના ના–તુજ ભ્રમમાં ભૂલે છે."

" ત્યારે હવે ઉપાય ?" " ચાલ આપણે જલદીથી પલાયન કરી જઇએ."

" ત્યાર પછી ?"

" જે થવાનુ હશે તે થશે મ્હારી પાસે એક તીક્ષ્ણ કટાર અને સમશેર છે. શરીરમા પણ અસાધારણ બળ છે.

" ના એમ કરવાની કાંઈ જરૂર નથી."

" કારણ ?"

" હુ તેને હજી એક વખત જોઇશ ! ત્યાર પછી રાજ્યદ્વારમા આત્મ–સમર્પણ કરીશ."

" ના ના–ઇસ્કાન્દાર ! એવુ કાર્ય કરીશ નહિ આ ખૂની મામલામા ત્હારી સાથે હુ પણ મળેલો છુ એ તુ જાણે છે કે ?"

" પરતુ ત્હારે ભય પામવાનુ કાઇ કારણ નથી. સઘળો દોષ હુ મ્હારા શિર પર ખેચી લઇશ ચાલ-આપણે આપણું કામ શુરૂ કરીએ."

" ઉપયુક્ત અસ્ત્ર–શસ્ત્રો ક્યાં છે ?"

" આ ઠેકાણે એક ખાડામા એક કોદાળી અને ફાનસ કાલનાં મ્હે મૂકી રાખેલા છે."

" જો કોઇએ તે જોયા હશે તો આપણા ભોગ મળશે "

" એ ખાડો એવે ઠેકાણે છે કે, ખાસ જરૂર પડયા સિવાય કોઇ પણ માણુસ દિવસે પણ એ ઠેકાણે જાય નહિ."

" અને જો કદાચ હમણાજ કોઇ આપણને કેદ પકડે તો ?"

' તો બીજુ શુ ?—આપણા મહાપાપનુ પ્રાયશ્ચિત્ત થશે. "

" નહિ—નહિ. હુ તેમ થવા દઇશ નહિ. ત્હારા જેવા સગા ભાઈ સમાન બધુને હુ એકલો મરવા દઇશ નહિ– આપણે બન્ને સાથેજ મરીશુ "

" વખત આવ્યે બધુ જોઇ લેવાશે ચાલ ચાલ, વખત નકામો ચાલ્યો જાય છે. '

બન્ને યુવકો કાઇ પણ બોલ્યા સિવાય ધીમે પગલે દક્ષિણ તરફ જવા લાગ્યા. ચારે દિશાએ ભયકર અધકાર હતો. એ અધકારમા કાઇ પણ જોવામા આવતુ નહોતુ એ કબ્રસ્થાન આવી અધકારમયી રાત્રે ઘણું ભયકર લાગતુ હતુ.

કબ્રસ્થાનમા થોડા વૃક્ષો આવેલા હતા વાયુના જોરથી વૃક્ષોના પાદડાનો થતો અવાજ ભયકર રાત્રિની ભયકરતામા વધારો કરતો હતો

બન્ને મિત્રો સાહસથી થોડ દૂર ગયા એટલે પહેલા યુવકે કહ્યુ – " તુ બ્હીતો નહિ—થોડા સમય સુધી આંહ ઉભો રહે એટલે હુ કોદાળી અને પાનસ લઇ આવુ છુ. "

બીજો યુવક એક વૃક્ષની પાછળ ઉભો રહ્યો તેનો દોસ્ત ક્ષણ માત્રમાજ બાજી દિશા તરફ ચાલ્યો ગયો—અધકારમા અદ્રશ્ય થઈ ગયો !

જે યુવક વૃક્ષની પાછળ ઉભો રહ્યો હતો તે ઘણો સાહસિક હતો તો પણ તે સહજ ભય પામ્યો તેને એમ લાગ્યુ કે તેની ચારે તરફ ભયકર ભૂત વિચિત્ર વેશમા ફર્યા કરે છે—તેની તરફ જોઇને જાણે કે વિકટ હાસ્ય કરે છે.

એવામા પાસેજ કોઇના પગલાનો અવાજ સાભળવામા આવતા ઉભો રહેલો યુવક ચમકી ઉઠયો —" કોણ—ઇસ્કાન્દાર છે કે ?"

" હા-ભાઇ ! તુ ભય પામ્યો છે કે ? મ્હે કાઇ ઘણો વખત ગુમાવ્યો નથી. "

" હા—મ્હને થોડો ભય લાગ્યો હતો ખરો ! ગભીર રાત્રે આવા મહા ભયકર અંધકારપૂર્ણ કબ્રસ્થાનમા કોને ભય ન લાગે ? આ ઠેકાણે તો સાહસિક વીર પુરૂષ સુદ્ધા ધ્રુજી ઉઠયા સિવાય રહે નહિ જીવતા અને મરી ગયેલા માણસોમા જે જૂદાઇ હોય છે-તેનો વિચાર આવતા જ જીવ ધ્રુજી ગયા સિવાય રહેતો નથી. તુ કોદાળી અને ફાનસ લઇ આવ્યો કે ? "

" હા. "

" ત્યારે ફાનસ સળગાવ ! "

તરત જ ચકમકની સહાયતાથી ફાનસ સળગાવવામા આવ્યુ. ઇસ્કાન્દારના દોસ્ત અલ્લિ મિરજાએ કહ્યુ –" હવે ત્હારે શુ કરવુ છે? "

" હુ હવે સોલમાની કબર પાછી ખોદીશ જ્યા મ્હારૂ સર્વસ્વ છે—જીવનનુ જીવન દટાઇ રહેલુ છે—એ ઠેકાણુ ખોદી—એક વખત તેના સૌદર્યપૂર્ણ મૃતદેહને છેલ્લી વખતને માટે જોઇ લઇશ. "

" મરી ગયેલા માણસની કબર ખોદવામા મહાપાપ છે એમ ત્હે કુરાને શરીફમા નથી વાચ્યુ ? "

" મ્હે વાચ્યુ છે, પરતુ મુસલમાનોમા જેઓ ભયકર પાપી હોય છે—તેમને પાપનો ભય રહે છે કે, ભાઈ ? "

સ્હામે જ સેલિમાની કબર હતી એકાએક એ ઘનઘોર કબ્રસ્થાનમા ફાનસનો પ્રકાશ થતા જ કબ્રસ્થાનની ભયકરતા જાણે કે વધી ગઇ.

ઇસ્કાન્દારે ધીમે પગલે અગ્રેસર થઇને એક ઠેકાણે સ્થિર ઉભા રહીને કહ્યું:—" આ એની જ કબર છે ! તુ અહિ ફાનસ લઇને ઉભો રહે હુ મ્હારૂ કાર્ય કરવા માડુ."

અલ્લિ મિરજાએ કહ્યુ —" ચુપ ! ચુપ ! કોઇના પગલાનો અવાજ સાભળી શકે છે કે ? મ્હને લાગે છે કે, કોઇ ઘણે ધીમેથી આપણી તરફ આવે છે "

ઇસ્કાન્દાર—તને વારવાર આવો ભ્રમ થયા કરે છે ! આવી મધ્યરાત્રે કોઇ આપણને કેદ પકડવા આ કબ્રસ્થાનમા બેસી રહ્યું નથી ! વળી જો ત્હે અવાજ સાભળ્યો હશે તો તે કોઇ જગલી પ્રાણિનો અવાજ હશે.

" હુ ચોક્કસ કહુ છુ કે મ્હને ભ્રમ થયો નથી ! તુજ ઘણો ઉત્તેજિત બની ગયો છે તેથી કાઇ સાભળી શકતો નથી "

અતે ઇસ્કાન્દારને અલ્લિ મિરજાનુ કહેવુ ખરૂ માનવુ પડ્યું. બન્ને બધુઓ ફાનસ બુઝાવી નાખી ભયકર અધકારમાં અંગ છુપાવી કબ્રસ્થાનની બ્હાર નીકળી પડ્યા થોડે આગળ જતા ફાનસોથી પ્રકાશી રહેલો રાજમાર્ગ આવેલો હતો

થોડે દૂર ગયા પછી ઇસ્કાન્દારે કહ્યું:—" હવે આપણે નિર્ભય થયા."

અલ્લિ મિરજાએ ધીમેથી કહ્યુ —" હા–પણ હજી બરાબર નિર્ભય થયા નથી. વળી કોઇ આપણી પાછળ પાછળ આવતું હોય એવો મ્હને સદેહ થયા કરે છે "

ઇસ્કાન્દાર—જો કદાચ કોઇ આપણી પાછળ આવતો હશે તો તે દુર્બળ પુરૂષ હશે વીર હોય તો આપણી સ્હામે આવ્યા સિવાય રહે ખરો કે ?

વાચક ! અલ્લિ મિરજાનો ભય ખોટો નહોતો બે માણસો કાળા ઝભ્ભામા પોતાનુ શરીર છુપાવી ઘણીજ સાવધાનતાથી ઇસ્કાનદાર અને અલ્લિ મિરજાની પાછળ પાછળ જતા હતા.

એ ગભીર રાત્રે જેઓ અત્યાર સુધી કબ્રસ્થાનમા ભયકર તેમજ બીભત્સ કાર્ય કરવા આવ્યા હતા તેમને બન્નેને તમે હવે ઓળખ્યા હશે. એ બન્નેમા એક મિરજા ઇસ્કાનદાર બેગ મહમદ અને બીજો મિરજા અલ્લિ સિકન્દર હતો

વાચક ! પહેલા પ્રકરણમા તમે જોઇ ગયા છો એ મહા ભયકર રાત્રિનુ એક વખત સ્મરણ કરો એ રાત્રે તમે જોયલી બળદગાડીના ગાડીવાન્ અને તેના દોસ્તની વાતચિતનુ સ્મરણ કરો. જે મિરજા ઘણી ઉત્તેજનાથી બોલ્યો હતો કે--" જે સોનેરી ખજરથી મ્હે સેલિમાની છાતી ચીરી નાખી તેનુ લોહી પીધુ છે તેજ સોનેરી ખજર મ્હારી પાસે છે " એ જ મિરજા ઇસ્કાન્દાર રાત્રિના ભયકર અધકારમા શરીર ઢાકીને કબ્રસ્થાનમા સેલિમાની કબર ખોદવા આવ્યો હતો ત્યાર પછી કોઇના પગલાનો અવાજ સાભળી તે જીવ બચાવવાને માટે અધકારમા શરીર છુપાવીને પલાયન કરી જતો હતો

થોડા સમયમાજ બન્ને મિત્રો રાજમાર્ગ પર જઇ પહોચ્યા. એક વૃક્ષની પાછળ છુપાઇ રહીને તેઓ થોડા સમય સુધી ઉભા રહ્યા. ત્યાર પછી ઇસ્કાન્દારે અસ્પષ્ટ સ્વરે કહ્યુઃ--" અલ્લિ સિકન્દર ! આપણે વિના કારણ ભય પામીને નાશી આવ્યા છીએ, ખરેખર ! આપણે બ્હીકણ છીએ. અરેરે ! આવા નજીવા ભયથી હુ સેલિમાને માત્ર થોડા સમયને માટે પણ ફરીથી જોઇ શકયો નહિ "

અલ્લિ મિરજાએ કહ્યુ :--" તુ જન્મથીજ મ્હારો દોસ્ત છે—

સગા ભાઇ જેવો છે. ઘણી વખતે ત્હેં મ્હને સકટમાથી બચાવ્યો છે; પરંતુ ભાઇ ! આજકાલ ત્હારૂ ચિત્ત ઠેકાણે નથી ચિત્તની અસ્થિરતાથી તું મહા ભયકર સકટમા સપડાઈ જાય તેમ છે આવા સમયે ત્હારૂ રક્ષણ કરવુ એ મ્હારો ધર્મ છે. એક સ્ત્રીએ ઇર્ષ્યાનિ વશ થઇ તને ખોટી હકીકત સમજાવી. ત્હેં એ સ્ત્રીનુ કહેવુ ખરૂ માનીને ઉન્મત્ત બની જઇને આ મહા ભયકર કાર્ય કર્યું છે ! એક નિરપરાધિની પવિત્ર યુવતીનું ત્હેં ત્હારે હાથે ખૂન કર્યું છે ! આમ છતા તું આવી મહા ભયકર રાત્રે સકટમા મપડાવા સ્વેચ્છાથી જાય એ શુ વ્યાજબી છે કે ? શુ તું જાણતો નથી કે, આગ્રા–નગરીના શાસનકર્ત્તા બિરબલ અને મુખ્ય કોટવાલ જહાન્દારખાન ખૂનીને પકડવાને માટે રાત્રિ દિવસ ફર્યા કરે છે તું ઉન્મત્ત બની ગયો છે–મૂર્ખ બની ગયો છે—હમણા હુ ત્હારો તિરસ્કાર કરૂ તેનુ કાઇ ફળ ફળનાર નથી ! ચાલ, આપણે યમુનાના કિનારા ઉપર નિર્જન માર્ગે થઇને અકામા ચાલ્યા જઇએ. આ સરકારી કબ્રસ્થાન છે આટલામા પહેરગીરો જરૂર પહેરો ભરતા હશે. તેઓ કદાચ આપણી જ શોધ કરતા હશે”

આ સઘળા તિરસ્કારપૂર્ણ વચનોએ ઇસ્કાન્દારના કાનમા પ્રવેશ કર્યો કે કેમ એ અમે કહી શકતા નથી. ઈસ્કાન્દાર તો જે કાર્ય કરી આવ્યો હતો તેના જ વિચારોમા મશગુલ હતો તે કબ્રમા સૂતેલા—સેલિમના નિર્જીવ પરતુ જ્યોતિપૂર્ણ રૂપની જ્યોતિમા બળી જતો હતો. શબદેહ સહજ પણ વિકૃત થયો નહોતો. જીવનના પ્રભાત સમયે એ સુદર દેહ રૂપના તેજથી જે પ્રમાણે તેજસ્વી હતો તેજ પ્રમાણે મરણની ભયકર સધ્યામા પણ એ દેહ રૂપના તેજથી પ્રકાશી રહ્યો હતો, વિશેષમા એ મૃતદેહ પર કોઇ અસખ્ય ગુલાબ

પુષ્પો વેરી ગયુ હતું. સેલિમાનો કાળા નાગના જેવો ચોટલો કબ-રમાં પણ છુટો પડયો હતો. બન્ને વિશાળ તેજસ્વી નેત્રો જાણે કે હમેશાને માટે મીચાઇ ગયા હતા.

ઇસ્કાન્દારે પોતાના મનમાંને મનમા કહ્યુ —"સેલિમા ! પ્રાણા-ધિકે ! એક પ્રકારના સામાન્ય ભ્રમને લીધે, જીવની એક પ્રકારની ક્ષણિક ઉત્તેજનાને લીધે મ્હે નિષ્ઠુર પિશાચની માફક એક મહાપાપ કર્યુ છે જે કર્યુ છે તે હવે નહિ કર્યુ થનાર નથી, મ્હારા આ પશ્ચાત્તાપમા સળગી જતા જીગરને શાન્તિ મળનાર નથી સેલિમા ! કહે કહે, કે આ મહાપાપનુ—પાયશ્ચિત્ત શુ છે ? હુ શુ કરૂં તો તને ફરીથી મેળવી શકુ ? કહે કહે કે, હુ મ્હારો જીવ આપુ તો તને ફરીથી મેળવી શકું કે નહિ ? તું નવજીવન મેળવીને જો એક વખ-ત મ્હને કહે કે--" મ્હે તમારો ગુન્હો માફ કર્યો છે. " તોજ હું નિશ્ચિત્ત જીવે મરી શકુ તેમ છુ "

ચિન્તા લાબા માર્ગનો જલદીથી પાર લાવેછે. પછી એ ચિતા સારી હોય કે ખોટી હોય. પ્રેમાધિની પત્નીના બિમારીના સમાચાર સાભળી જે સ્વામિ તેને જોવા જવાને માટે જલદીથા રસ્તો કાપેછે તેનો લાબો માર્ગ જાણે કે, ટૂકો થઇ જાય છે ત્યારે જે પતિ પત્ની-નુ પ્રેમપૂર્ણ મુખદર્શન કરવાને માટે રસ્તો કાપે છે તેનો લાબો રસ્તો પણ ટૂકો થઇ જાય છે

ઇસ્કાન્દાર ચિતાતુર ચિત્તે ચાલતો હતો તે પોતાની ચિતા-માજ નિમગ્ન હતો ત્યારે બાજી તરફ અલ્લિ મિરજા પણ સાવધાન-તાથી કોણે પોતાની પૂઠ પકડી છે--એ ચિતામા ચાલતો હતો. આથી બન્ને જણાને લાબો માર્ગ ઘણો ટૂકો જણાતો હતો

પ્રથમ અમે જે સરાઇખાનુ જણાવી ગયા છીએ તેજ સરાઇ-

આના પાસે બન્ને બધુઓ જઇ પહોચ્યા

ઇસ્કાન્દારે કહ્યુ —" ભાઇ ! આજે સઘળી મહેનત નકામી થઇ પડી. એક પ્રકારના કલ્પિત ભયને વશ થઇ આજે હુ સેલિમાનુ બરાબર દર્શન કરી શકયો નહિ અરેરે ! ભયકર જ્વાળાથી મ્હારૂ તનબદન બળીને ખાક થઇ જાય છે—હૃદય ફાટી જાય છે. મિરજા! ભાઇ! હવે તો બસ મૃત્યુ જ મ્હારે માટે ઉત્તમ છે"

આમ કહીને ઇસ્કાન્દારે પોતાના કમરપટ્ટામા છુપાવી રાખેલુ સોનેરી ખજર બ્હાર કાઢી પોતાની છાતીમા મારવાનો યત્ન કર્યો. મિરજાએ ક્ષણ માત્રમા ઇસ્કાન્દારનો હાથ ઘણાજ બળપૂર્વક પકડયો રાજમાર્ગ પાસેજ તે રાત્રે એક ભયકર ખૂન થતુ આ પ્રમાણે અટકયુ.

ઇસ્કાન્દારે કહ્યુ --" ભાઇ ! હુ મરી જાઉ તોજ આ ભયકર દુખનુ અને પાપનુ પ્રાયશ્ચિત્ત થાય તેમ છે—સેલિમાનું ખુન કરવાને માટે આ હાથમા જે લોહીના કલકની રેખા છે તે સાફ થાય તેમ છે તુ શા માટે મ્હને મરતો અટકાવે છે ? તુ શા માટે આવી નિષ્ઠુરતા કરે છે ? "

બરાબર આ સમયેજ પાચ સાત હથિયારબધ માણસોએ આવીને એ બન્ને મિત્રોને ઘેરી લીધા એ પાચ સાત માણસો પૈકીના એક જણે કહ્યુ--" ત્હારૂ મોત ઘણી ભયકર રીતે થશે. મોતને માટે તુ આટલી બધી ઉતાવળ શા માટે કરે છે ? તુ મરતી વખતે પણ થોડુ ઘણુ સુખ ભોગવે એવી ખુદાની ઇચ્છા નથી. તુ મહાપાપી છે ! ત્હારે માટે જ અમારે અસાધારણ દુખ તેમજ તિરસ્કાર વેઠવો પડેછે દિલ્હીશ્વર અકબરશાહના ફરમાનથી તમે બન્ને અમારા કેદી છો"

કહેવાની જરૂર રહેતી નથી કે એ હથિયારબંધ માણસોએ તરતજ બન્ને દોસ્તદારોને હાથકડી નાખી કેદી બનાવ્યા.

જે માણસે એમ કહ્યુ કે, " દિલ્હીશ્વર અકબરશાહના ફરમાનથી તમે બન્ને અમારા કેદી છો." તે બીજો કોઇ નહિ; પરંતુ આગ્રા નગરીનો મુખ્ય કોટવાલ જહાન્દારખાન હતો

જહાન્દારખાને મનમા ને મનમા વિચાર્યુ—" ખુદા કેવા દયાળુ છે ! કર્ત્તવ્યપરાયણ માણસને કદાપિ તિરસ્કાર કે દુઃખ વેઠવુ પડતું નથી. હુ મહા મહેનતે પણ ખૂનીને તેમજ તેના સાથીદારને સુદ્ધા પકડી શકયો છુ ઘણા સમયથી ઘણી જ સાવધાનતાથી પિશાચની માફક તેમનુ અનુસરણ કર્યું ત્યારેજ આજે મ્હારૂ કાર્ય સિદ્ધ થયુ—હું મરતાં મરતા બચ્યો "

જહાન્દારખાને પોતાની સાથેના સૈનિકોમાના એક મુખ્ય સૈનિકને ઉદ્દેશીને કહ્યુ—" સેરાજુલ ! આ બન્ને કેદીઓનો ભાર હુ ત્હારી પર મુકુ છુ તુંજ એમને માટે હવે જવાબદાર છે રાત્રિનો ત્રિજો પ્રહર ચાલે છે ! અત્યાર સુધી હુ રખડી રઝળીને ઘણો થાકી ગયો છુ એમને બન્નેને થાણાના કેદખાનામાની એક ઓરડીમા પૂરી રાખજે. કાલે પ્રભાતકાળે હુ તેમને દરબારમા હાજર કરીશઃ એટલુ ચોક્કસ યાદ રાખજે કે જો તેઓ પલાયન કરી જશે તો તુંજ જવાબદાર ઠરીશ એવે પ્રસંગે ત્હારે વગર મોતે મરવુ પડશે "

સેરાજુલે જહાન્દારખાનને કુરનિશ બજાવીને કહ્યુ—" જનાબનુ ફરમાન અક્ષરે અક્ષર તામિલ થશે. જાન કબુલ છે ! કાલે પ્રભાતકાળેજ હુ ગુન્હેગારોને આપની આગળ હાજર કરીશ."–

જહાન્દારખાન બીજે રસ્તે થઇને પોતાના બંગલા તરફ

ચાલ્યો ગયો સૈનિકો બન્ને કેદીઓને કઠોર પહેરામાં પોતાની સાથે લઇને થાણા પર જઇ પહોંચ્યા ! હજી પણ પ્રભાતકાળને થોડા સમયનો વિલંબ હતો.

સિકંદરે ધીમેથી ઇસ્કાન્દારને કહ્યું—" ભાઇ હવે માલૂમ પડ્યુ કે મ્હને ભ્રમ થયો હતો કે તને? "

ઇસ્કાન્દારે સ્થિર ભાવે કહ્યુ —"જેવુ આપણું ભાગ્ય ! પાપનુ પ્રાયશ્ચિત્ત આ દુનિઆમાજ ભોગવવુ પડે છે તેનુ પ્રમાણ હુ છુ ! તુ નિશ્ચિત રહે ત્હારે ભય રાખવાનુ કારણ નથી."

કહેવાની જરૂર રહેતી નથી કે બન્ને કેદીઓને થાણાના કેદખાનામાંની એક ભયંકર અંધકારમય ઓરડીમા કેદ કરવામા આવ્યા.

પ્રકરણ ૧૫ મુ.

ભયંકર ભવિષ્યવાણિ!

" કહી તું જાય છે દોરી દગાબાજી કરી, કીસ્મત !
ભરોસે તે લઈ શાને ? આ હરરાજી કરી. કીસ્મત ! "

—મણિલાલ.

આગ્રા શહેરના એક એકાત સ્થળે બાદશાહે બધાવેલી એક આરસપહાણુની મસ્જીદ હતી આ મસ્જીદને આગ્રા–દુર્ગની મોતી–મસ્જીદ પ્રમાણે બધાવવામા આવી હતી આ મસ્જીદમા મીનાકારીનું કામ પુષ્કળ કરવામા આવેલુ હોવાથી તેનુ નામ 'મીના મસ્જીદ' પાડવામા આવ્યુ હતુ.

મ્હોટા મ્હોટા આબરૂદાર અમીર ઉમરાવોનો જનાનો, તાજા-નમા અગર તો પાલખીમા બેસીને જુમ્મેવારને દિવસે આ મસ્જીદમાં પ્રાર્થના કરવાને આવતો હતો આ મસ્જીદનુ હમણા એક પણ ચિ-હ્ન કાયમ રહ્યુ નથી, પરતુ જે સમયની અમે આ નવલકથા લ-ખીએ છીએ એ સમયે મીના મસ્જીદ ઘણી પ્રખ્યાત હતી.

એ મસ્જીદની ચારે તરફ ઉચો કોટ આવેલો હતો જુમ્મેવારને દિવસે આ મસ્જીદમા એટલી બધી સુદરીઓ આવતી હતી કે તે દિવસ મેળાના જેવો ઉત્સવમય જણાતો હતો

આજે જુમ્મેવાર હતો, તો પણ મસ્જીદમા સ્ત્રીઓની વિશેષ ભીડ નહોતી. કેમ-ભીંડ નહોતી તેનુ કારણ કઇ કલ્પી શકાતું નથી.

જે સ્ત્રીઓ આવી હતી તેમણે સમય થતાજ પ્રાર્થના કરી. અનેક દરિદ્ર સ્ત્રીઓ મસ્જીદમાના ઓટલા પર બેસીને વિવિધ પ્રકારના ભરત ગુથણવાળા વસ્ત્રો વેચતી હતી વેચનાર સ્ત્રીઓ હતી તેમ ખરીદનારી પણ સ્ત્રીઓ હતી પ્રત્યેક પુરૂષને મસ્જીદમાં પ્રવેશ કરવાની મના હતી.

મસ્જીદની પશ્ચિમ તરફ યમુનાના કિનારા પર એક એકાંત સ્થળ હતુ થોડા દિવસથી એક દીવાની રમણી આ મસ્જીદમા આ-વીને ઉતરી હતી એક દીવાની સ્ત્રી મક્કાથી હજ કરીને આવી હતી. કેટલીક સુદરીઓ તેને પોતાનો હાથ બતાવવા ગઇ સાધારણ માણુ-સોની એ સમયે એવી ધારણા હતી કે દીવાનુ માણસ ભવિષ્યવાદી હોય છે—તે હાથ જોઇને જે કાંઈ કહે છે તે બધુ સાચુ જ નિવડે છે.

દીવાનીની ઊમર લગભગ ત્રિશ વર્ષ ઉપરાતની હતી. તેનુ મુખમડળ ચિતામગ્ન હતુ ઘણા દિવસની તેના મુખમડળ પરથી હાસ્યની રેખા અદ્રશ્ય થઇ ગઇ હતી આ દીવાની રમણીની મૂર્ત્તિ ચિતાપૂર્ણ તેમજ મલિન જણાતી હતી તેનુ મ્હો જોતા એમ લાગતું હતું કે, આ સસાર પર તેને બિલકુલ માયા નથી. સસારના માણસોની સાથે પણ હળવા મળવાનુ તેને બિલકુલ ગમતુ નથી

બે ચાર રમણીઓએ એ દીવાનીને ઘેરી બેસીને એકે એકે પોતાનો હાથ દેખાડવા માડયો પોતાના મનને મળતો ઉત્તર મળવા-થી તેઓ ઘણી રાજી થઇ. કોઇ કોઇ સુદરીએ દીવાનીને એકેક રૂપિયો બક્ષિસ પણ આપવા માડી, પરતુ એ મલિનમુખી સન્યાસિનીએ વિરક્તિથી એ બક્ષિસ પાછી આપતા કહ્યુ —"બ્હેન ! હુ કોઇની પણ પાસેથી દ્રવ્ય લેતી નથી તમે આવી રીતે મ્હને વિરક્ત શા માટે કરો છો?"

જે સુદરીઓ હાથ બતાવતી હતી તેઓ ઉઠીને ચાલી ગઈ, એવામા ત્યા આગળ બીજી બે સુદરીઓ આવી ચઢી.

એ બે સુંદરીઓમાંની એક ઘણી રૂપવતી હતી. વિધાતાએ જાણે કે વિશેષ લક્ષ્ય આપીને તેને અસાધારણ સૌંદર્યમયી બનાવી હતી. મુખ ગંભીર હોવા છતા તેની પર અસાધારણ સરળતા જણાતી હતી. બન્ને ઓષ્ઠ રાતા કમળના જેવા પ્રફુલ્લ અને હસમુખા હતા સૂર્ય કિરણોના પ્રકાશથી રમણીના મુખના ગુલાબી ઘણી વધી ગઇ હતી. એ ગુલાબી લાલીની તુલના કોની સાથે કરી બતાવવી તેની અમને સમજ પડતી નથી કાળી નાગણના જેવો ચોટલો વેણિરૂપે સુંદરીની પીઠ પર લટકી રહ્યો હતો. તેના વિશાળ નેત્રો કામદેવના સુતીક્ષ્ણ બાણ જેવા હતા—મહાયોગીના હૃદયને પણ વિંધી નાખે એવા હતાં.

સુંદરીની ઉમર કાંઇ વધારે નહોતી તે નવયુવતી હતી. બાલ્યાવસ્થાનો હમણાજ ત્યાગ કરી યુવાવસ્થાના તેજસ્વી પ્રભાતમાં તેણે પ્રવેશ કર્યો હતો. તેના શરીર પર લાવણ્ય વિકસી રહ્યુ હતું. તેણે એક જરીથી ભરેલો ચોળણો પહેર્યો હતો રત્નજડિત કાચળીએ મોહક સ્તનોને છુપાવી રાખ્યા હતા. શરીર પર ઘણી બારીક પરણુ કીમતી ઓઢણી ઓઢી હતી આ ઉપરથી તેમજ તેની ચાલચલણ ઉપરથી તે કોઇ આબરૂદાર અમીરની કન્યા હોય એમ લાગતુ હતુ.

આ સુંદરીની સાથે જે બીજી રમણી હતી તેના રૂપનુ વર્ણન કરવાની કાંઇ જરૂર નથી કેમકે ઉપર અમે જે સુંદરીના સૌંદર્યનું વર્ણન કર્યું એ સૌંદર્ય આગળ આ બીજી રમણીનુ સૌંદર્ય કાંઇજ હિસાબમા નહોતુ આમ છતાં એ બીજી રમણી પણ તન્વંગી, યુવતી હાસ્યમયી અને પ્રફુલ્લમુખી હતી. તેનુ રૂપ પણ આકર્ષણીય તો હતુંજ. ગુલાબને પણ રૂપ હોય છે, કમળને પણ રૂપ હોય છે, ગંધરાજને પણ રૂપ હોય છે, સેફાલિકાને પણ રૂપ હોય છે. તો પણ

તુલના કરવા જતા સહુ કોઇ શતદળ પુષ્પનીજ પ્રશસા કરે છે—તેને મુખ્યત્વ આપે છે. પ્રથમ અમે જે સુદરીનું વર્ણન કર્યું તે શતદળના જેવી હતી--ત્યારે તેની સગિની સેફાલિકા, મલ્લિકા, ગધરાજ ગમે તે હોય તોપણ —તેનામા સુદ્ધા રૂપની સુગધ હતી

પહેલી સુદરીએ બીજીનો ખભો સહજ હલાવીને કહ્યુ —"ચાલ, આપણે યમુનાના ઘાટ તરફ જઇએ. તુ અહિ કેમ મરવા આવી ?"

સગિનીએ હસીને કહ્યુ—" જ્યારથી ત્હારૂ આ રૂપ મ્હારા હૃદયમા ભરાઈ બેઠેલુ છુ ત્યારથીજ હુ મૃત્યુ પામી છુ. જે રમણીનુ રૂપ જોઇ મુગ્ધ બની જાય છે તેની સ્થિતિ મ્હારા જેવીજ થાય છે "

" હવે બધી ઠઠ્ઠા મશ્કરી જવા' દે. ચાલ, એક વખત એની પાસે જઇએ મ્હને લાગે છે કે હવે દીવાની એકલી છે—વળી પાછી બીજી સ્ત્રીઓ હમણા આવી પહોચશે"

આ અતિ સ્વરૂપવતી સુદરીનુ નામ મેહેર-ઉન્નિસા હતુ. એ અકબરશાહના મુખ્ય વજીર ગ્યાસબેગની કન્યા હતી, અને જે રમણી મેહેરની સાથે હતી તેનુ નામ સોફિયા હતુ

સોફિયા મેહેરને દીવાની પાસે ખેચી ગઇ. દીવાની પાસે જઇને બન્ને સુંદરીઓ સ્થિર ઉભી રહી આથી દીવાનીના ચિંતાતુર મુખમડળ પર પણ હાસ્યની એક ક્ષીણ રેખાએ દેખા દીધી એ હાસ્યરેખા વિદ્યુતની માફક ક્ષણ માત્રમા અદ્રશ્ય થઇ ગઇ.

દીવાની એકી નજરે મેહેરની તરફ જોઇ રહી; પછીથી ધીમે સ્વરે તેણે કહ્યુ.—" બ્હેન ! આમ ઉભી કેમ રહી ? અહિ બેસને."

સોફિયા અને મેહેર દીવાની પાસે બેઠી સોફિયાએ દીવાનીને સબોધીને કહ્યુ--" મા ! મ્હે સાભળ્યુ છે કે, તમે ભૂત--ભવિષ્યમા બનેલા અને બનવાના બનાવો કહી શકો છો-તો પછી એક વખત મ્હારી આ સખીનો હાથ જુઓને. "

દીવાનીએ મલિન મુખે કહ્યુ —" બ્હેન ! હુ કાઇ જાણુતી નથી ! સૌનુ મૂળ એકમાત્ર ખુદા છે, તથા મ્હારા ગુરૂ—કે જેમની પાસેથી મ્હે આ વિદ્યા મેળવી છે તે છે જોઉ બ્હેન ! ત્હારો હાથ!"

આ પ્રમાણે કહીને દીવાનીએ મેહેરની તરફ પોતાનો હાથ લબાવ્યો—મેહેરે પણ આશ્ચર્ય પામીને પોતાનો હાથ દીવાની તરફ લબાવ્યો.

દીવાનીએ થોડા સમય સુધી હાથ લક્ષ્યપૂર્વક જોઇને કહ્યુ.- " બ્હેન ! તુ રાજરાણી થઇશ. ત્હારૂ ભાગ્ય ઘણુ સારૂ છે ! "

સોફિયા અને મેહેર દીવાનીને મુખે આ વાક્ય સાભળી દીવાની તરફ જોઇ રહી બન્નેએ જોયુ કે, દીવાનીનુ મુખ ઘણુ ગભીર હતુ.

જો કે દીવાનીના વાક્ય પર સોફિયાને થોડોઘણો વિશ્વાસ બેઠો ખરો, પરતુ મહેરને એ વાત તદ્દન અસભવિત લાગી તેણે ધીમે ધીમે પોતાનો હાથ પાછો ખેચી લીધો.

સોફિયાએ મનમા ને મનમા વિચાર્યુ—" મેહેર જે રૂપ લઇને આ દુનિયામા આવી છે એ રૂપ બાદશાહના રગમહેલનેજ યોગ્ય છે, કોણ જાણે છે કે ક્ષણ માત્ર પછી શુ થશે ! સોફિયાએ સ-માનસૂચક સ્વરે દીવાનીને પૂછ્યુ —" મા ! બીજુ શુ શુ જોયુ ? "

આ વખતે સોફિયાએ જાતેજ મેહેરનો હાથ ધીમે ધીમે આ-ગળ કર્યો. દીવાનીએ વિશેષ લક્ષપૂર્વક હાથ જોઇને કહ્યુ·--" મ્હેં જે કાઇ કહ્યુ છે તે કદાપિ ખોટુ ઠરનાર નથી. જો આપણો મહમદ

ધર્મ સાચો હોય, ગણુના-શાસ્ત્ર સાચા હોય તો કદાપિ મ્હારી ભ-વિષ્યવાણિ મીથ્યા થનાર નથી, પરતુ તે પુર્વે હું જે પ્રકાર જોઉ છું તે ઘણો ભયકર પ્રકાર છે !"

સોફિયા અને મેહેર બન્નેને આ છેવટના વાક્યથી સદેહ ઉપ-જ્યો બન્ને જણીઓ કપી ઉઠી સોફિયાએ અતિ આતુરતાથી પૂછ્યુ — "મા ! શો ભયકર પ્રકાર તમારા જોવામા આવ્યો ?"

દીવાનીએ કહ્યુ —"એ કહેતા પહેલા હુ આ બ્હેનને મ્હોડે એક બે વાત સાભળવાની ઇચ્છા રાખુ છુ. બ્હેન ! હુ ત્હારૂ કલ્યાણ થાય એવીજ ઇચ્છા રાખુ છુ ત્હારૂ સુદર રૂપ જોઇને હુ ઘણી મુગ્ધ બની ગઇ છુ આ રૂપજ પ્રથમ ત્હારા સર્વસ્વનો નાશ કરશે મ્હારી આગળ કાંઈ છુપાવીશ નહિ સાચુ' કહે જોઇએ, તું કોઇને ચ્હાય છે કે નહિ ?"

આ પ્રશ્ન સાભળી મેહેર મ્હોટા વિચારમા પડી ગઇ. તેનુ લાલચોળ મ્હો વિશેષ લાલચોળ બની ગયુ તેણે અસ્પષ્ટ સ્વરે શર-માતા શરમાતા કહ્યુ —" તમારી ધારણા સાચી છે"

આ ઉત્તર સાભળી દીવાનીએ ઉત્તેજિત સ્વરે કહ્યુ —" તુ જેને ચ્હાય છે તેને સદાને મટે મેળવી શકીશ નહિ તમે બન્ને મળી શકશો ખરા, પરતુ તેનુ ફળ બિલકુલ સારૂં નથી! હુ જોઇ શકી છુ કે, ભયકર વૈધવ્ય ત્હારા સર્વસુખનો નાશ કરશે "

આ પ્રમાણે કહી દીવાની ઉઠી ઉભી થઈ અને ધીમે ધીમે બીજી દિશા તરફ ચાલી ગઇ

સોફિયાએ જોયુ તો એ સમયે ગ્યાસબેગના પત્ની તેમની તરફ આવતી હતી. ઘણા સમયથી પુત્રી જોવામા ર્ના આવ્યાથી

તે પુત્રીને શોધતી શોધતી ત્યા આવતી હતી મેહેરે ઘણે ધીમે સ્વરે સોફિયાને કહ્યુ —" સહિયર ! શા માટે આ કામ કર્યું ? શા માટે મ્હારા જીવમા એક પ્રકારની ભયકર ચિતાની ચિતા સળગાવી ? જો જે, આ વાત કદાપિ કોઇને કહીશ નહિ "

સોફિયા અને મેહેર ધીમે ધીમે ચાલતા ચાલતા ગ્યાસબેગની પત્ની પાસે ગયા. ગ્યાસબેગની પત્નીએ કહ્યું--" હુ તમને બન્નેને ખોળા ખોળીને થાકી ગઇ. અહિ બેઠા બેઠા શુ કરતાં હતા? '

સોફિયાએ નીચુ જોઇને ઉત્તર આપ્યો.—" બન્ને જણા ફરી ફરીને કટાળી ગયા હતા તેથી અહિ એકલા બેસીને વાતચિત કરતા હતા."

આ પ્રકાર જો કે આટલેથી અટકયો, પરતુ મેહેર તેમજ સોફિયાનો ભય ધીમે ધીમે વધી જવા લાગ્યો.

— — —

પ્રકરણ ૧૬ મું.

—·o·—

પાપીના પંઝામાં સપડાયલી સુંદરી.

આગ્રાના કિલ્લાથી અડધે ગાઉ દૂર યમુના નદીના કિનારા પર એક સુદર મકાન આવેલુ હતુ. મકાનની આસપાસ મનોહર બગીચો હતો. આ મકાનનુ નામ "આરામ-મઝીલ" હતુ. અકબરશાહનો એક પ્રિય ઉમરાવ આરામઅલીબેગ એનો માલિક હતો કદાચ એના નામને અનુસરીને અગર તો શહેરના કોલાહલથી દૂર હોવાથી એ સ્થાને રહેતા પુરતો આરામ મળે તેમ હોવાથી એ વિલાસ-ભુવનનુ નામ "આરામ-મઝીલ" પડયુ હતુ.

આ આરામ-મઝીલ હમણા બાદશાહની માલિકીમા હતો આરામબેગેજ એ વિલાસ-ભવનને બાદશાહને પાછો અર્પણ કરી દીધો હતો. રાજપૂતોના મહાભયકર યુદ્ધમા આરામબેગે સેલિમનો સાથે રહીને અનેક સકટ સમયે સુલતાન સેલિમના જીવનનુ સરક્ષણ કયુ હતું શત્રુઓની સમશેરના સપાટામા સપડાઇ જતા સુલતાન સેલિમને વારવાર બચાવ્યો હતો, પછીથી યુદ્ધની પૂર્ણાહુતિ થતા સેલિમ જ્યારે આગ્રા પાછા આવ્યો ત્યારે તેણે બાદશાહ નામવરની આગળ આરામબેગની બહાદુરીની તેમજ તેના આત્મત્યાગની ઘણી પ્રશસા કરી આથી બાદશાહે સતુષ્ટ થઇને આરામબેગને, ખિલાત, શિરપાવ, એક રત્નજડિત સમશેર અને તે સાથે આ આરામ--મંઝીલ બક્ષિસ તરીકે આપ્યો હતો

ઉપરોક્ત બનાવ બન્યા પછી રાજ્યની સરહદમા એક વિદ્રોહ ઉપસ્થિત થવાથી સમ્રાટે પોતાના પ્રિય સેનાપતિ આરામબેગને એ વિદ્રોહ શાન્ત પાડવાને માટે મોકલ્યો હતો

આરામબેગે ભવિષ્યમા વિજય પ્રાપ્ત થશેજ એવી આશાથી પ્રફુલ્લ ચિત્તે જયા આગળ વિદ્રોહ ઉપસ્થિત થયો હતો તે તરફ કૂચ કરી. વિદ્રોહ ડુગગળ પ્રદેશમા ઉપસ્થિત થયો હતો. આરામબેગે એ પહાડી ઉચાણુ પ્રદેશ પર પોતાની તોપો ગોઠવાવી ફોડાવવા માંડી; પરતુ વિદ્રોહીઓ કયા હતા ?

મોગલ સૈનિકોની તોપોના ભયકર અવાજ સાભળી, જાહિર યુદ્ધમા ફત્તેહ મળશે નહિ એમ વિચારી પોતાનુ સરક્ષણુ કરવાના હેતુથી વિદ્રોહીઓ પહાડી પ્રદેશમા છુપાઇ ગયા હતા. તેઓ છુપાઇ રહીને શત્રુઓનો કેવી રીતે પરાજય કરવો તેના વિચારો કરવા લાગ્યા, તથા સહેલાઇથી તેઓ એક પ્રકારનો નિર્ણય કરી શકયા.

એવામા પુષ્કળ બરફ પડવાથી એ પહાડી પ્રદેશનો માત્ર એક જ જે સાકડો રસ્તો હતો તે બધ થઇ ગયો. મોગલ સૈનિકોએ નિરૂપાયે યુદ્ધને શાન્ત પાડી દઇને એ પહાડોના ઉચા પ્રદેશ પર પોતાના તબુઓ ઠોકયા. જયારે તેઓ ગભિર રાત્રે, નિશ્ચિત ચિત્તે ઘોર નિંદ્રામા પડયા હતા તે સમયે જગલી વિદ્રોહીઓએ પોતે જયા છુપાઇ રહ્યા હતા ત્યાથી ઘણીજ સાવધાનતાથી બ્હાર નીકળી મ્હોટી મ્હોટી શીલાઓ ગોઠવી મોગલ સૈનિકોનો આગલો તેમજ પાછલો માર્ગ બધ કરી દીધો, તથા તેમણે વિશેષ ઉચા સ્થાને ચઢી જઇ મોગલ સૈનિકો ઉપર ગાળીઓ છોડવા માડી.

આ યુદ્ધ પ્રભાતકાળ સુધી ચાલ્યુ હતુ પ્રભાતની ઉજ્જવળ જ્યોતિએ એ પહાડી પ્રદેશને વિશેષ ભયકર દેખાવ આપ્યો આરામબેગે પ્રભાતકાળે ગભીર રણશિગડાના અવાજથી જૂદે જૂદે ઠેકાણે છાવણી નાખીને પડેલા પોતાના સૈનિકોને એકત્ર કર્યા પછી સખ્યા ગણી જોતા માલૂમ પડ્યુ કે, માત્ર શત્રુઓના એકજ રાત્રિના હુમલાથી પાગસો મોગલ સૈનિકો મરણ પામ્યા હતા. કેવો ભયકર સર્વનાશ ! કેવુ ભયકર અપમાન ! મોગલ સૈન્યનુ કેવુ શોચનીય પરિણામ કેવો ભયકર મર્મભેદક દેખાવ એ પહાડી પ્રદેશે મોગલ અને રાજપૂતોના એકત્ર લોહીથી હોળીક્ષેત્રનો દેખાવ ધારણ કર્યો

આરામબેગ, તિરસ્કારથી, શરમથી તેમજ પશ્ચાતાપથી અડધો મરી ગયા જેવો બની ગયો બાકી જીવતા રહેલા સૈનિકોને સબોધીને તેણે કહ્યુ:—“ મ્હારા શૂરવીર તેમજ અતિપ્રિય સાથીઓ ! મ્હે પ્રથમથીજ વિજયના ગર્વમા અંધ બની જઇને બાદશાહ નામદારના પ્રાણાધિક સૈનિકોનો ઘણો નાશ કરાવ્યો છે. હવે મ્હને લાગે છે કે આ વિદ્રોહ આવા શીઆળામા કદાપિ સમાવી શકાશે નહિ. બરફ પડવાથી આ પહાડી પ્રદેશના રસ્તાઓ તદ્દન બધ થઇ ગયા છે હવે હુ વિના કારણ સૈન્યનો વિનાશ કરવા ઇચ્છતો નથી. તમે આગ્રા પાછા ચાલ્યા જાઓ. મ્હારો આ પત્ર તમે બાદશાહ નામવરને આપજો. તમારામાથી માત્ર એકસો સૈનિકો મારી પાસે રહો. પચાસ રાજપૂતો અને પચાસ મોગલોથી હું મ્હારૂ કાર્ય નભાવી લઇશ હુ વિદ્રોહીઓએ આપણા સૈનિકોનો જે ભયકર વિનાશ કર્યો છે તેનો બદલો લીધા સિવાય આગ્રા પાછો ફરનાર નથી—મોતથી ડરનાર નથી. ”

આ વચનો સાભળી સૈનિકોએ પોતાના સેનાધિપતિના કહેવા પ્રમાણે વર્ત્તવાનુ કબૂલ કર્યું આરામબેગે જાતે પસદ કરીને એકસો સૈનિકોને પોતાની પાસે રાખ્યા બાકીના સૈનિકો એક વિશ્વાસુ સરદારની આજ્ઞામા એ પહાડી પ્રદેશનો ત્યાગ કરી આગ્રા તરફ ચાલ્યા ગયા

આરામબેગે પોતાની પસદગીના એકસો સૈનિકોની સાથે એકત્ર બળથી શત્રુઓ પર હુમલો કર્યો તેણે પોતે સૌની આગળ થઇને શત્રુઓ પર હુમલો કરવા માડયો અનેક જગલી પહાણોઓ આરામ બેગના સુશિક્ષિત રાજપૂત તેમજ મોગલ સૈનિકોના અસ્ત્રાઘાતથી પોતાના પ્રાણ ગુમાવ્યો શત્રુપક્ષે એક વિસ્તિર્ણ પહાડી પ્રદેશમા પોતાના સૈન્યની વ્યુહ રચના કરી એ વ્યુહને અનેક પ્રકાર યત્નો કર્યા છતા આરામબેગના સૈનિકો ભેદી શકયા નહિ ફરીથી આરામબેગના સનિકોનો વિનાશ થવા લાગ્યો આરામબેગે બીજો કાઇ ઉપાય નહિ જણાયાથી એકલાએ શત્રુઓના વ્યુહમાં પ્રવેશ કર્યો, અને તે શત્રુ ઓના વ્યુહમાજ માર્યો ગયો

આરામબેગના તાબામાના સૈનિકોએ પોતાના સેનાધિપતિની હત્યાનો બદલો લેવાને માટે વિદ્રોહીઓની પૂઠ પકડી એ પહાડી પ્રદેશના માર્ગોથી વિદ્રોહીઓ ઘણા પરિચિત હતા તેઓ એકાએક એક છુપે માર્ગે થઇને અદ્રશ્ય થઇ ગયા રાજપૂત અને મોગલ સૈનિકો તેમની પૂઠ પકડીને કાઇ કરી શકયા નહિ. નિરૂપાયે તેઓ આરામબેગના મૃતદેહને એ પહાડી પ્રદેશમા સમાધિસ્થ કરીને, પરાજયનુ કલક શિરે લઇને ચિતાતુર ચિત્તે આગ્રા પાછા ચાલ્યા ગયા.

મૃત્યુ પૂર્વે એક વિશ્વાસુ સરદાર સાથે આરામબેગે બાદશાહ પર જે પત્ર લખી મોકલ્યો હતો તેમા તેણે સઘળી સત્ય હકીકત બાદશાહને જણાવી હતી. સરદારે યથા સમયે આગ્રા જઇ પહોચીને આરામબેગનો પત્ર બાદશાહને આપ્યો.

એ પત્રમા આરામબેગે લખ્યુ હતું કે.–"શહેનશાહ ! દુનિયાના બાદશાહ ! ગરીબ પરવર ! હુ આપનો બદો, વિજયના ગર્વમા અધ બની જઇ, આગળ પાછળનો વિચાર કર્યા સિવાય, મૂર્ખાઇને લીધે જે કઠિન જવાબદારી ભરેલુ કાર્ય કરવા અગ્રેસર થયો હતો તેનુ ફળ મ્હને મળ્યુ છે મ્હારી મુર્ખાઇને લીધે મ્હે આપ નામવરના સતાન સમાન ઘણા સૈનિકોનો વિનાશ શત્રુઓને હાથે કરાવ્યો છે. મ્હારા આ પાપનુ પ્રાયશ્ચિત્ત મ્હે મ્હારી જાતેજ નક્કી કરી રાખ્યુ છે મ્હે આપના ન્યાયની રાહ જોઇ નથી દયામય શહેનશાહ ! આપે દયા દર્શાવી મ્હને જે કાંઈ બક્ષિસો આપી હતી તે સઘળી મ્હારા રહેઠાણ—આરામ-મઝીલમા છે મ્હારે પુત્ર નથી—માત્ર બે કન્યાઓ છે. તે બે કન્યાઓ પૈકી મ્હોટી સેલિમાની સાથે એક આબરૂદાર ઇરાની યુવકનો નિકાહ થઇ ગયો છે એ યુવક એક રીતે મ્હારો પાસેનો સગો પણ થાય છે મ્હારી પત્ની ઘણા સમયથી સ્વર્ગસ્થ થઇ છે. અત્યારે સસારમા મ્હારૂ પોતાનુ બીજુ કોઇ નથી. છે માત્ર બે કન્યાઓ--સેલિમા અને સેરિના આપે મ્હને બક્ષિસમા આપેલો આરામ-મઝીલ હુ પુન આપનેજ સોપુ છુ હુ આ ડુગરાળ પ્રદેશમા આત્મત્યાગ કરી મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ. હુ આ અજાણ્યા શીતળ પ્રદેશમા હમેશાને માટે સૂઈ રહીશ માત્ર મ્હારી છેલ્લી વિનતી એટલીજ છે કે, મ્હારી બન્ને પુત્રીઓ પ્રત્યે પ્રેમભરી દૃષ્ટિથી

જોજો તેમને આપણુના ચરણોમા આશ્રય આપજો. પિતાના ગુન્હાઓને માટે એ નિર્દોષ અભાગિનીઓને શિક્ષા કરશો નહિ."

આરામબેગે પસદ કરેલા સો સૈનિકોમાથી જેઓ આગ્રા આવ્યા તેમણે બાદશાહને સઘળા સમાચાર કહ્યા બાદશાહ પોતાના બહાદુર તેમજ અતિપ્રિય સેનાપતિના શોચનીય મૃત્યુના સમાચાર સાભળી ઘણુા દુ.ખી થયા

આરામબેગનો પત્ર વાચી રહ્યા પછી તરતજ તેમણે બે મ્યાના આરામ—મજીલ તરફ મોકલ્યા એ બન્ને મ્યાનાઓની સાથે એક બાદી પણુ મોકલી, તથા બાદીને આજ્ઞા કરી કે—" આરામબેગની બન્ને નિરાધાર કન્યાઓને રગમહેલમા લઇ આવો, તથા બાદશાહી જનાનામા રાખો "

પરતુ બાદશાહે મોકલાવેલી બાદીએ માત્ર અડધાજ કલાકમા પાછી આવી પહોચીને કહ્યુ કે—" જનાબ ! ત્યા કોઇ નથી ખાન સાહેબની બન્ને કન્યાઓ કયા જતી રહી છે તેની કાઇ ખબર પડતી નથી ઘર ખાલી છે."

બાદશાહે વિચાર્યુ—" કદાચ અત્યાર પહેલાજ પિતાના મૃત્યુ સમાચાર સાભળીને બન્ને કન્યાઓ કોઇ દૂર દેશમા રહેતા પોતાના સગા વ્હાલાને ત્યા જતી રહી હશે. અગર તો તેમનુ કોઇ સગુ વ્હાલુ આવીને તેમને લઇ ગયુ હશે '

અકબરશાહે ઘણી શોધ કરી, પરતુ કાઇ પત્તો લાગ્યો નહિ, તેથી તેમણે આરામબેગની કન્યાઓ સબધીની સઘળી આશા છોડી દીધી !

આ શોચનીય પ્રકાર બન્યા પછી બીજા ચાર પાચ વર્ષપસાર થઈ ગયા છે. આરામ—મઝીલ હવે બાદશાહની માલિકીમા છે શાહ જાદા સેલિમની વિનતિથી બાદશાહે આરામ--મઝીલ તેને દાન કર્યો છે.

આરામ—મઝીલનો પાઠકોને પરિચય આપતા અમારે ઘણી હકીકત જણાવવી પડી છે, પરતુ શુ કરવુ, ઉપાય જ નથી. જે સેલિમાનુ ખૂન થવાથી આખી આગ્રા નગરીમા હાહાકાર થઈ રહ્યા છે—જે ખૂની મામલાને લીધે મહારાજ બિરબલ અને મુખ્ય કોટવાલ જહાન્દારખાન પ્રાણદડના ભયથી ગભરાઇ ગયા છે, એ સેલિમાજ આ આરામબેગની મ્હોટી પુત્રી હતી શા માટે સેલિમાનુ અતિ નિષ્ઠુરતાથી ખૂન થયુ, તથા સેરિના હમણા કયા છે, વળી સેલિમાની સાથે પરણેલો પેલો આબરૂદાર યુવક કયા છે એ સઘળી હકીકત આગળ ઉપર વાચકોના જાણવામા આવશે રૂપની જ્યોતિથી સલિમા અસાધારણ જ્યોતિર્મયી હતી સેલિમા જાણે કે શરતની લાવણ્યમયી નલિની હતી સેરિના પણ જો કે સ્વરૂપવતી હતી, તોપણ સેલિમા આગળ તેનુ રૂપ ઝાખુ પડી જતું હતું

પાઠક ! ચાલો આપણે એક વખત આરામ--મઝીલના એક ઓરડામા પ્રવેશ કરીએ ત્યા આગળ જે ભયકર પ્રકાર બને છે, તે જોવા જોઇએ

આરામ—મઝીલ આરામબેગની હયાતિમા જેવો સુસજ્જિત હતો તેવોજ હમણા પણ છે તો પણ તે શાહજાદા સેલિમની સત્તામા આવ્યાથી તેમા અનેક વિલાસપ્રિય વસ્તુઓ એકત્ર થઇ છે શાહજાદા સેલિમે તેને શણગારવામા બિલકુલ કચાસ રાખી નથી ! બાગમા

અનેક લતાકુંજો, ફુવારાઓ વગેરે જોવામાં આવે છે બાદશાહનો પુત્ર—સમસ્ત હિંદુસ્થાનનો ભવિષ્યનો શહેનશાહ જે પ્રમાણે રહેવાથી સુખી થાય, સંતુષ્ટ થાય તે પ્રમાણે વ્યવસ્થા થયેલી છે।

યમુના તીર પર આવેલા આ આરામ મંઝીલમાં એક ગંભીર રાત્રે, ભયંકર અંધકારમયી રાત્રે એક રહસ્યમય પ્રકાર બનતો હતો. આરામ-મંઝીલના ટૂંક ઇતિહાસની સાથે આ રહસ્યમય પ્રકારમાં શામિલ થયેલી વ્યક્તિઓ મુખ્યત્વે કરીને જડાયલી છે

આરામ—મંઝીલના એક ભયંકર અંધકારપૂર્ણ ભોયરામાં એક ન્હાની ઓરડીમાં એક લાવણ્યમયી યુવતી જમીનપર બેઠી બેઠી રૂદન કર્યા કરે છે એ ઠેકાણે દીપક નથી—શય્યા નથી—સુખ મેળવવાનું એક પણ સાધન નથી છે માત્ર ઘોર અંધકાર। અને ભયંકર નિસ્તબ્ધતા એ અંધકારની તુલના કરી શકાય તેમ નથી. યુવતીના હાથપગ બાંધેલા છે કે નહિ તે સુદ્ધાં માલૂમ પડી શકતું નથી પરંતુ એ યુવતીને ઘણું દુઃખ થાય છે, એ માટે સહજ પણ સંશય રહેતો નથી તેનો કંઠસ્વર ઘણો ચિંતાપૂર્ણ તેમજ દયાજનક છે

ભોયરામાં આવેલી એ ઓરડીમાં રાત્રિ દિવસનો કાંઈ ફેર માલૂમ પડતો નથી, કેમકે રાત્રે તેમજ દિવસે ત્યાં ભયંકર અંધકાર રહે છે.

એ રમણી રૂપવતી છે કે કદરૂપી તે કાંઇ જોઇ શકાતું નથી પ્રકાશજ મનુષ્યના આંખોને જોઇ શકવાની શક્તિ અર્પણ કરે છે જે ઠેકાણે ભયંકર અંધકાર છે એ ઠેકાણે રૂપનો વિચાર કેવી રીતે કરવો ? એ રમણી સ્વરૂપવતી હોય કે કદરૂપી હોય તો પણ એ યુવતી છે—કેમકે તેનો કંઠસ્વર ઘણો કોમળ છે

એ રમણીએ અસ્પષ્ટ સ્વરે કહ્યુ:—" જોતજોતાંમાં ત્રણ દિવસ પસાર થઇ ગયા મ્હને લાગે છે કે—આવા ભીષણ અંધકારમા--આવી ભયંકર નિસ્તબ્ધતામા મ્હારૂ મૃત્યુ થશે. એમ છતા હું મ્હારા ધર્મનો ત્યાગ કરીશ નહિ ખુદા ! ખુદા ! આ શુ કર્યું ! હુ કોણ હતી અને અત્યારે કોણ છુ ! હજી પણ શુ થશે તે પણ કોણ જાણે છે ? હવે તો આવા ભયકર ઠેકાણે હુ રહી શકતી નથી ત્રણ દિવસથી મ્હે કાઇ ખાધુ પણ નથી. આમ છતા પણ ભૂખનુ દુખ નથી, પરતુ ભવિષ્યમા શુ થશે તેની ફિકરથી મ્હારો જીવ ફાટી જાય છે. હમણા રાત્રિ છે કે દિવસ તે પણ હુ વિચારી શકતી નથી અરેરે ! કોઇ મ્હને એક ક્ષણને માટે છોડી દો મ્હારો શ્વાસ બધ થઈ જવા આવ્યો છે રોકાઇ રહેલા વાયુમા નિશ્વાસ મુકતા મ્હને ઘણુ દુખ થાય છે. કોણ છે આટલામા ? જે હોય તે આવો આ નિરાધાર નારી પર દયા દર્શાવો—એક વખત ખુલ્લા વાયુમાં મ્હારા પ્રાણનો ભાર ઓછો કરવા દો—ખુદા તમારૂ કલ્યાણ કરશે.

" મૃત્યુ પછીની નિર્જનતા આવી મર્મભેદક હશે કે કેમ તે હુ જાણતી નથી ! જે પહેરગીર મ્હને અહિ આવીને ખોરાક પહોચાડી જાય છે તેને કેટલો બધો લોભ બતાવ્યો--કેટલી બધી લાલચો દર્શાવી તો પણ કાઇ વળ્યુ નહિ અરે ! તેણે મ્હારા પ્રશ્નો પૈકી એક પણ પ્રશ્નનો ઉત્તર સુદ્ધા આપ્યો નહિ હુ કયા છુ તે પણ સમજી શકતી નથા. હાથ મ્હોં બાધી જયારે બળાત્કારથી મ્હને ગાડીમા બેસાડી હતી ત્યારથી હુ બેભાન બની ગઇ છુ ખુદા ! ખુદા ! મ્હારા જીવમા શકિત આપો, હૃદયમાં સાહસ આપો. જે રમણીની મોહનીય શકિતથી દુનિયાના મનુષ્યો જડ બની જઇને રમ-

ણીનો પાલવ પકડી તેની પાછળ પાછળ દોરાય છે, એ શક્તિ મ્હા-રામા બિલકુલ નથી કે શુ ? ! જો શક્તિ એ મ્હારામા ન હોય તો ખુદા ! દયા કરીને તે મ્હને આપો મ્હને નારીની એ પૈશાચિક શક્તિ આપો, કે જે શક્તિથી દેવતાના જેવુ મનુષ્ય પણ પિશાચ થાય છે

" અરેરે ! પ્રાણાધિક પ્રિયતમ ! તમે મ્હને નહિ જોવાથી કેવા અધીરા બની ગયા હશો ? તમે મ્હને એક ક્ષણને માટે જોઈ શકતા નથા તો ચચળ બની જાઓ છો, તો પછી આ ત્રણ દિવસ તમે કેવી રીતે પસાર કર્યા હશે ? કદાચ તમે ઉન્માદ બની જઈને વ્યા-કુળતાથી ચારે તરફ મ્હારી શોધ કરતા હશો, પરતુ પ્રિયતમ ! શુ હુ ફરીથી તમારૂ દર્શન કરી શકીશ ? ફરીથી શુ તમારા સ્નેહમય આલિગન બધનમા બધાઇ દુનિયાનુ સઘળુ દુ ખ ભૂલી જઇશ ? ફરીથી શુ તમારા પ્રેમમય મધુર વચનો સાભળી શકીશ ? ના ના, એમ બનવુ હવે સર્વથા અસભવિત છે ! આ પિશાચના નિષ્ઠુર જુલ્મમાથી--આ ભયકર નરક રાજ્યમાથી મ્હારો ઉદ્ધાર થાય એવી મ્હને બિલકુલ આશા નથી.

" અરેરે ! મ્હારી ચારે તરફ મ્હને ઘનઘોર અધકાર જણાય છે ! હુ નિશ્વાસ મૂકુ છુ તેનો સ્પષ્ટ અવાજ સુદ્ધા સાભળી શકુ-છુ--ભયકર નિસ્તબ્ધતાનુ દુ ખ હુ સહન કરી શકતી નથી. ખુદા ! ખુદા ! મ્હને એક સગી મેળવી આપો. "

યુવતીના મુખમાથી છેવટનુ વાક્ય નીકળ્યુ ન નીકળ્યુ એટ-લામા તો એ અધકારમય સ્થાને ઉજ્વળ દીપકની ક્ષીણ જ્યોતિએ

દેખા દીધા વિના બિલએ એક કાળા ઝભ્ભામા પોતાનુ સઘળુ શ' રીર છુપાવી રાખેલો એક માણસ યુવતીના ઓરડામા આવ્યો.

આવનારના હાથમા એક ફાનસ હતું ફાનસનો પ્રકાશ કેદમા પડેલી યુવતીપર પડયો પાઠક ! આપણુ અનુમાન ખોટુ ઠર્યું નથી. ખરેખર એ રમણી ઘણી સુદર છે. સુદરીએ એક વખત ઓરડીમા પ્રવેશ કરનાર માણસની તરફ નજર કરી, પછી આવનાર માણસની કઠોર દ્રષ્ટી પોતાનાથી જોઇ નહિ શકાયાથી તેણે માથાપર સહજ ઘુમટો તાણ્યો.

આવનાર માણસે કહ્યુ--' રમણી ! તુ ખુદાની પાસે એક માણસ માગતી હતી કેમ ? ખુદાએ મ્હને ત્હારી પાસે મોકલ્યો છે. કહે—ત્હારે શુ જોઇએ છીએ?"

સુદરીએ આ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. તેણે માત્ર એક વખત આવનાર પુરુષના મુખ તરફ ભયચકિત નેત્રે દૃષ્ટિ ફેકી, પરતુ એ પુરૂષને તે બરાબર ઓળખી શકી નહિ આવનાર યુવક હતો —બળવાન્ હતો તેમજ દેખાવડો પણ હતો તેણે ઓરડીમા પ્રવેશ કરી ફાનસ પોતાના પગ પાછળ મુકી દીધેલુ હોવાથી સુદરી તેનુ મ્હો બરાબર જોઈ શકતી નહોતી યુવકે કઠોર સ્વરે કહ્યુ — "સેરિના ! શુ વિચારે છે ? "

એક અજાણ્યા યુવકને મ્હોડે પોતાનુ નામ સાભળી સુદરીને ઘણું આશ્ચર્ય લાગ્યુ તેણે ભય પામીને ધીમે સ્વરે પૂછ્યુ.—" આપે મ્હારૂ નામ કેવી રીતે જાણ્યુ ? "

યુવકે કહ્યુ'—" હુ એક સુયોગને લીધે ત્હારૂ નામ જાણી શકયો છુ સેરિના ! કહે ત્હારે શુ જોઇએ છીએ ?

સેરિનાએ આશાતુર ચિત્તે કહ્યું –"આપ કોણ છો તે હું જાણી શકીશ કે ? "

યુવક—એ જાણવાની ત્હારે કાંઇ જરૂર નથી, ત્હારે શું જોઇએ છીએ, તે મ્હને કહે ?

સેરિના—જનાબ ! આવી સ્થિતિમાં મ્હારે મુક્તિ સિવાય બીજું શું જોઇએ ? મ્હને મુક્તિ આપો. આ ભયંકર અંધકારમાં હું રહી શકતી નથી.

યુવક--હું તને મુક્તિ આપી શકું તેમ છું; પરંતુ માત્ર બે શરતોથી.

સેરિના—એ બે શરતો શી છે ?

યુવક—પ્રથમ શરત એ કે, ત્હારે મ્હારી પ્રાણેશ્વરી થવું પડશે બીજી શરત એ કે, તે દિવસે નિશારતખાનના મકાનમાં ભોજનની મિજલસની રાત્રે ત્હેં જે લાલરંગનો કાગળ ઉંચકી લીધો હતો તે ત્હારે મ્હને પાછો આપવો પડશે.

સેરિના—તમારી બે શરતોમાંની એક પણ શરત હું કબુલ રાખી શકું તેમ નથી એવી શરતો કબુલ રાખી હું મુક્તિ મેળવવાને ઇચ્છતી નથી. મૃત્યુજ મ્હારે માટે ઉત્તમ છે મરવાને માટે હું ડરતી નથી

યુવક—ના ના—હું તને મારી નાખવાને ઇચ્છતો નથી ત્હારા જેવી અતિ રૂપવતી રમણીને મારી નાખવા જેટલો કઠિન મ્હારો જીવ થાય તેમ નથી. હું તને મરવા દઇશ પણ નહિ.

સેરિના—તમારી બે શરતોમાંની એક પણ શરત હું કબુલ કરી શકુ તેમ નથી—તેથી હુ હવે મૃત્યુજ ચ્હાઉ છુ મ્હારા મૃત્યુથી કોઇને નુકસાન થનાર નથી નિર્જન જગલમાં કેટલા પુષ્પો અકાળે સુકાઈ જઇ ખરી પડે છે, નદીમા કેટલા બધા તરગો ઉપસ્થિત થઇ ક્ષણ માત્રમા સમી જાય છે? એ બધા પ્રકારો તરફ કોઇ દષ્ટિ સુદ્ધા કરે છે કે, જનાબ?

આવનાર યુવકે થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી કોમળ સ્વરે કહ્યુ —"સુદરી! હજી તને સાસારિક જ્ઞાન મળ્યું નથી મૃત્યુનો ઉચ્ચાર કરવો એ ઘણુ સહેલુ છે—પરતુ મૃત્યુ મેળવતા કેટલુ બધુ દુ ખ સહન કરવુ પડે છે તેની તને કલ્પના સુદ્ધા નથી!! વળી અત્યારે તુ જેના પઝામા પડી છુ તેની શક્તિ તું સાધારણ સમજીશ નહિ તુ જો તેની ઇચ્છાને આધીન નહિ થાય તો ઘણીજ ભયકરતાથી ત્હારૂ મૃત્યુ થશે ન્હારી ભગિની—"

આટલુ બોલીને એકાએક યુવક અટકી ગયો. સેરિના પણ એ સમયે ઘણી ચિતાતુર હતી તેથી યુવકના છેવટના શબ્દો તે બરાબર સાંભળી શકી નહોતી

યુવકે કહ્યુ —"સેરિના! મ્હે જે કહ્યુ તેનો અર્થ બરાબર સમજી શકી છુ કે? આમ બેઠી બેઠી શુ વિચાર્યા કરે છે? મ્હારા વચનોનો પ્રથમ ઉત્તર આપ વિના કારણ વખત ગુમાવવાને હુ નારાજ છુ"

સેરિનાએ કહ્યુ —"ઉત્તર તો હુ આપી ચુકી છુ, જનાબ! મ્હારો ઉત્તર ફરનાર નથી હુ મોતથી ડરનાર નથી."

યુવક—મ્હે હમણા તને મ્હારી પાણેશ્વરી થવાની જે શરત જણાવી છે તે હું પાછી ખેંચી લઉં છું, પરંતુ પેલા લાલરંગના કાગળની મ્હને ઘણી જરૂર છે એ કાગળ ત્હારે મ્હને પાછો આપવો પડશે જો તુ સીધી રીતે નહિ માને તો ત્હારા હૃદયનુ લોહી રેડીને પણ એ કાગળ હુ મેળવીશ.

સેરિના આ વચનો સાભળી ચમકી ઉઠી. તેનુ હૃદય જોરથી ધબકવા લાગ્યુ. કોઇએ જાણે કે તેનુ ગળુ દબાબી દીધુ તો પણ તેણે સાહસ એકઠું કરીને કહ્યું—"એ કાગળની સહાયતાથી હુ એક મહાન્ કાર્ય પાર ઉતારનાર છુ, તેથી એ કાગળ હુ તમને આપી શકીશ નહિ"

યુવકે ઉત્તેજિત સ્વરે કહ્યુ—"હુ તને પાચ હજાર સોનામહોરો આપુ છુ જો એટલાથી તુ કાગળ આપવાને કબુલ ન થતી હોય તો દશ હજાર સોના મહોરો આપુ છું. હુ તને કરગરીને કહુ છુ કે, એ કાગળ તુ મ્હને આપ"

સેરિનાઃ—દશ હજાર સોનામહોરો એ કાગળ આગળ કાઇજ હિસાબમા નથી તમે મ્હને આખી પૃથ્વીનુ ઐશ્વર્ય આપો તો પણ હુ એ કાગળ તમને આપનાર નથી. મ્હને મારી નાખી-મ્હારૂં લોહી રેડશો તો પણ એ કાગળ તમે મેળવી શકનાર નથી.

યુવક—સેરિના ! હુ ધારૂ છુ કે-ત્હારી વિચારશક્તિનો લોપ થયો છે ! ત્હારે મહા ભયકર દુખ સહન કરવુ પડશે. તુ એમ ન ધારતી કે, તું સ્ત્રી છે તેથી મ્હારા અતરમાં દયા ઉપજાવી મુક્તિ મેળવી શકીશ. ત્હારા ભવિષ્યમા મૃત્યુજ નિર્માણ થયેલુ છે. આ ઓરડીમા

ક્ષુધિત નાગને છૂટો મુકી ત્હારો જીવ લઇશ અગર તો હમેશા ત્હારા સર્વાંગનો એક એક અવયવ કાપી ત્યા મીઠુ છાટી તને અપાર દુખ દઇ રીબાવી રીબાવીને ત્હારો જીવ લઇશ. તુ જાણે છે કે,

શ્વાસથી આગ જે વરસાવે તે અજગર છુ હુ,
જીદમા તુફાન તો ગુસ્સામા સમન્દર છુ હુ
હુ બાળીશ, ઉડાવીશ, ડૂબાવીશ તને,
ફરી ગયેલા ત્હારા ભાગ્યનુ ચક્કર છુ હુ "

સોરિના આ વચનો સાભળી ભયની મારી ધ્રુજી ઉઠી તેના રુવે રુવા ઉભા થઇ ગયા કઠમાં શોષ પડવા લાગ્યો, માથામાં ચક્કરીઓ આવવા લાગી, હૃદય જોરથી ધમકવા લાગ્યુ. તેણે આવેશમાને આ-વેશમા કહ્યુ —" ઓ ભયકર નરરાક્ષસ ! જાલિમ શત્રુ ! તુ કોણ છે ? ત્હારૂ હૃદય ખુદાએ આટલુ બધુ કઠોર કેમ બનાવ્યુ છે ? આવી નીચતાથી તુ નારીહત્યા કરવા ચ્હાય છે ? એક અબળાનુ લોહી પીવાની તને ઇચ્છા થાય છે ? નહિ નહિ હુ એવી રીતે કદાપિ મરીશ નહિ એક જણની સાથે મ્હે મ્હારો સુખનો સસાર ચલાવવા માડયો હતો. તે મ્હારા સસારનું સુખ, જીવનો આનદ, આશા, વિશ્વાસ સઘળુ ધૂળધાણી કરી નાખ્યુ છે ઘણો કાળ દુઃખમા પસાર કરી હું કાઇક સુખ મેળવી શકી હતી એ સુખનુ સ્વપ્ન ત્હે નિષ્ઠુરતાથી ઉડાવી દીધુ છે. તુ આટલો બધો ક્રૂર ન થા. એક અબળા પર આટલો બધો જુલ્મ ન કર—ખુદાનો કાઇક ડર ત્હારા દિલમા ધર. "

સેરિનાનાં આ આવેગમય વચનોથી યુવકના અંતઃકરણમાં થોડી ઘણી દયાનો સંચાર થયો. સેરિનાનાં આંસુઓએ જાણે કે તેના હૃદયને વિંધી નાખ્યું. એ યુવકે કહ્યું —" સેરિના ! મ્હને તું એટલો બધો નિષ્ઠુર ધારીશ નહિ. આત્મરક્ષણ કરવાને માટેજ મ્હારે આટલી બધી નિષ્ઠુરતા કરવી પડી છે. એ લાલ કાગળની સાથે મ્હારૂં ભવિષ્યનું ભાગ્ય સંબંધ ધરાવે છે. મ્હેં મ્હારી નજરે જોયું છે કે, તું તે દિવસે મજલિસમાં થોડે દૂર રહીને કોઇની સાથે વાતચિત કરતી હતી. એ બીજું કોઇ નહિ પણ સિકન્દર હતો સિકન્દરને જોઇ હું કોઇ કારણથી સંકુચિત થઇને પાસેના ઓરડામાં ગયો હતો. એ ઓરડામાં ઉભે ઉભે મ્હેં તને ટેબલ ઉપરથી કોઇ વસ્તુ ઉપાડી લેતા જોઇ, તે વખતે મ્હને ચોક્કસ સંદેહ ઉપજ્યો નહોતો. મ્હેં મ્હારા જામાના ખિસ્સામાં હાથ નાખી જોયો તો એમાં જે કાગળ હતો તે મ્હને મળી આવ્યો નહિ. ઘણા સમય પછી મ્હારો ભ્રમ મ્હારા જાણવામાં આવ્યો. એ કાગળમાં શું છે તે તું જાણે છે એ માટે મ્હને સહજ પણ શક નથી. નહિ તો તું તે કાગળ ત્હારી પાસે રાખવાના બદલામાં જીવનની આહુતિ આપવા તૈયાર થાય નહિ. તું એ કાગળ મ્હને પાછો આપ એટલે હું તરત તને છોડી દઇશ માત્ર છોડી દઇશ એટલુંજ નહિ પરંતુ હમેશાં હું ત્હારી તરફ સ્નેહમયી દૃષ્ટિથી જોઇશ—ત્હારો ઉપકાર કદાપિ ભૂલી જઇશ નહિ.'

સેરિના આ વચનો સાંભળી આશ્ચર્યમાં પડી જઇ કહેવા લાગી " ત્યારે શું આપ શાહજાદા સેલિમ છો ? આપે વેષ બદલ્યો હોવાથી મ્હેં વગર ઓળખ્યે આપનું અપમાન કર્યું છે તે માટે ક્ષમા કરજો સેલિમ ! શાહજાદા સેલિમ ! એક નિરાધાર રમણી—કે જે આપના પિતાના વિશાળ સામ્રાજ્યમાં એક એકાંત સ્થળે એક ઝુંપડી-

મા રહેતી હતી તેની પર આપના જેવા અપાર શક્તિશાળી રાજ્ય-પુરૂષે આટલો બધો જુલ્મ ગુજારવો જોઇએ કે ? આપ જાણો છો કે, આપને લીધેજ અમારામાનુ એક માણસ હમેશાને માટે આ લોકમાથી અદ્રસ્ય થઇ ગયુ છે ? ! વળી આજે પાછા આપ મ્હારી પર કઠોર જુલ્મ ગુજારવા આવ્યા છો ? મ્હને ભયકર મૃત્યુની મજા કરવા આવ્યા છો ?"

વાંચક ! આ યુવક કોણ છે તે હવે તમે સોરનાના વચનો પ-રથી સમજી શકયા હશો તથા ભોંયરામા અધકારમયી ઓરડીમા કેદ પડેલી રમણી પણ કોણ છે તે સુદ્ધા તમે જાણી શક્યા હશો

શાહજાદાએ સેરિનાના વચનો સાભળી થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો પછીથી તેણે કહ્યુ —"સેરિના ! ખુદાજ મહેરબાન છે ! તેઓજ સઘળુ કાર્ય કરે છે, આપણે કાંઇ કરતા નથી તે જે કાંઇ કરે છે તે આપણી માર્ફત કરાવે છે, પરતુ જીવ કર્મક્ષેત્રમા ભ્રમણ કરવા જતા કર્મપ્રવાહમા તણાઇ કર્મફળનો જવાબદાર થાય-છે તેથી કોઇ ઠેકાણે પ્રશસાની પ્રાપ્તિ થાય છે તો કોઇ ઠેકાણે કલક લાગે છે, કોઇ ઠેકાણે રક્ષણ થાય છે તો કોઇ ઠેકાણે વિનાશ થાય છે સેરિના ! હુ પ્રતિજ્ઞા કરૂં છુ કે, હુ તને હમણાને હમણા ત્હારે જ્યા પહોંચાડી દઇશ—માત્ર એ લાલ કાગળની મ્હને ઘણી જરૂર છે. તુ મ્હારા વેરની વસુલાત લઇશ નહિ—મ્હને ઉપકારના બધનમા બાધી રાખજે."

સેરિનાએ નમ્ર સ્વરે કહ્યુ —" સુલતાન સેલિમ ! હું ખુદાના કસમ ખાઇને કહુ છુ કે, એ કાગળ મ્હારી પાસે નથી."

સેલિમે ઉત્તેજિત બની જઇને કહ્યું:—" ત્યારે તો મ્હારા સ-ર્વસ્વનો નાશ થશે ! સેરિના ! ત્હે આ શુ કર્યું ? ! ત્હે બીજાના

હાથમા એ પત્ર આપી મ્હારા સર્વસ્વનો નાશ કર્યો હોય એમ લાગે છે ”

મેરિના.—ના ના—તમારે ભય પામવાનુ કારણ નથી. એ પત્ર જેની પાસે છે તે અને હું એકજ છીએ હવે આ આખી પૃથ્વી પર તેના સિવાય મ્હારૂ બીજું કોઇ સગુ વ્હાલુ નથી. એ કાઇ મૂર્ખ નથી. આપનો પત્ર કેટલો બધો કીંમતી છે તે એ પણ જાણે-છે, શાહજાદા ! મ્હારા વચનો પર વિશ્વાસ રાખો

સેલિમ —કોણ છે તે ? મિરજાઅલિ સિકન્દર ! ત્હારો ભવિષ્યમા થનાર પતિ ?

સેરિના.—હા—મ્હે એ કાગળ તેમનેજ મૂકવા આપ્યો છે.

સેલિમ —અલિ સિકન્દર હમણા ક્યા છે તે તું કહી શકીશ ? હુ ખુદાના કસમ ખાઇને કહું છુ કે, તેના એક વાળને પણ ઇજા થશે નાહ.

સોરના —હુ તેમના સબધી કાઇ જાણતી નથી, હુ તો ત્રણ દિવસથી અહિ કેદ પડેલી છુ. બ્હાર ક્યા શુ બને છે તેની મ્હને બિલકુલ ખબર નથી.

સેલિમ —ત્હારૂ કહેવુ ખોટુ નથી ઠીક છે, હુ હમણાજ તેની શોધ કરાવુ છુ. તું મ્હારી સાથે ઉપર ચાલ મ્હે વગર સમજ્યે તને જે દુખ દીધુ છે તે ભૂલી જા—તે માટે મ્હને ક્ષમા આપ.

સેરિના —શાહજાદા ! મ્હને આપની સાથે ઉપર શા માટે લઇ જાઓ છો ?

સેલિમ,—એક કામ છે !

સેરિના —આ બાંદીની ગુસ્તાખી માફ કરજો. શુ કામ છે તે મ્હને હમણા જણાવશો ?

સેલિમઃ—ત્હારે મ્હારી સાથે ઉપર આવીને એક પત્ર લખી આપવો પડશે. એ પત્રમા ત્હારે માત્ર એટલુજ લખવાનુ છે કે "હુ મહા ભયંકર સંકટમા સપડાઇ છુ પત્ર લઇ આવનાર સાથે મ્હે તમને મુકવા આપેલો લાલ પત્ર વિના વિલબે મોકલી આપજો."

સેરિના—એવો પત્ર લખી આપવાને મ્હને કોઇ જાતની હરકત નથી. ચાલો હુ તમારી સાથે આવુ છુ.

સેલિમે હાથ ફાનસને ઉચકી લઇને કહ્યુ.—"સાવધાનતાથી આ ઓરડીની બ્હાર નીકળજે, આ બારણુ ઘણુ સાંકડુ છે તેથી તને વાગી ન બેસે!

સેરિનાએ ચકિત દૃષ્ટિથી એક વખત ઓરડીને બરાબર જોઇ લીધી. એ ઓરડીમા એક પણ બારી કે જાળીયુ નહોતુ, તેમજ તેનુ પ્રવેશ દ્વાર ઘણુ સાકડુ હતુ.

સેલિમે જ્યારે ફાનસ ઉચ્ચુ કર્યું ત્યારે તેણે જોયુ કે, સેરિનાને માટે જે ખોરાક મોકલવામા આવ્યો હતો તેને તેણે સ્પર્શ સુદ્ધાં કર્યો નહોતો, બન્ને દિવસનો ખોરાક એમનો એમ પડયો હતો.

આથી સેલિમે અતિશય દુખિત થઇને કહ્યુ—"સેરિના! તુ પાછી પલાયન કરી જાય એટલા માટેજ તને આવે સ્થાને કેદ કરવામા આવી છે. આ આરામ—મજીલ ત્હારા પિતાની માલિકીનો છે; તુ શુ આ મકાનને ઓળખી પણ નથી શકતી?"

સેરિના—ના જનાબ! હુ જ્યારે દશ બાર વર્ષની બાળિકા હતી ત્યારે મ્હને અહિંથી બીજે સ્થાને લઇ જવામા આવી હતી.

સેલિમ—સેરિના! મ્હે ત્હારે માટે ઉત્તમ ખોરાક મોકલાવેલો છતા ત્હે તેને સ્પર્શ સુદ્ધા કેમ નથી કર્યો?

સેરિના—જો સુખ હોય તોજ આહાર-નિદ્રામા રૂચી રહે છે! મ્હારા પોતાના ઉદ્ધાર માટે મ્હારૂ ચિત્ત ચિતાતુર રહે છે તેથીજ હું ભૂખ-તૃષા ભુલી ગઇ હતી.

પછીથી સેલિમ સેરિનાને પોતાની સાથે ઉપરના એક સુસજ્જિત ઓરડામા લઇ ગયો એ સુસજ્જિત ઓરડાની દિવાલ પર અનેક કલકશૂન્ય આયનાઓ ટાગવામા આવ્યા હતા એ આયનાઓમા સેરિનાનુ ઉજ્વળ પ્રતિબિબ પડ્યું. સેલિમા પોતાનુ પ્રતિબિબ જોઈ પોતાની સ્થિતિ સમજી ગઇ. ભય તેમજ ભાવનાથી તે અડધી થઇ ગઇ હતી.

સેલિમે સ્નેહમય કઠ કહ્યુ—" સેરિના! બે દીવસથી તુ ભૂખ પેટે પડી રહેલી છે મ્હારી તને એવી સલાહ છે કે, તું હમણાજ સ્નાનાલયમા જઇને સ્નાન કરી આવ. પછીથી મ્હારા ગરીબખાનાનુ આતિથ્ય સ્વીકારી મ્હને કૃતાર્થ કર. થોડા સમય સુધી તું અહિ રહે હુ હમણાજ મ્હારી મુખ્ય બાદીને ત્હારી સાથે મોકલુ છુ"

શાહજાદા સેલિમ સેરિનાને એ ઉજ્વળ પ્રકાશિત ઓરડામા રાખી ચાલ્યો ગયો, અને તેણે એક બાદીને યોગ્ય ઉપદેશ આપીને સેરિનાની પરિચર્યા માટે તેની પાસે મોકલી દીધી. બાદીના ચાલ્યા ગયા પછી એક ખોજાને બોલાવી સેલિમે આજ્ઞા કરી કે—" હમણાને હમણાં યાર લતીફને મ્હારી પાસે બોલાવી લાવ"

બાદી ચાલી ગઇ સેલિમે મનમા ને મનમાં વિચાર્યું—" સેરિનાનું કહેવુ તદ્દન ખરૂ છે. ખરેખર મ્હે એક સત્યવતી નિર્દોષ સુદરીને મહા ભયકર જગ્યાએ કેદમાં રાખી ઘણો અન્યાય કર્યો છે —તેને ઘણું દુઃખ દીધુ છે, પરતુ ના ના એક રીતે તો મ્હે જે કર્યું છે તે વ્યાજબીજ કર્યુ છે. આવા પ્રકારનુ કઠોર વર્તન ન ચલા-

વ્યુ હોત તો સેરિના એ જરૂરી કાગળ મ્હને પાછો આપવાને કદાપિ કબુલ થાત નહિ; પરન્તુ જે કાગળ માટે મ્હે આટલો બધો જુલ્મ ગુજાર્યો તે પત્ર તો બીજા પાસે હોય એમ લાગે છે. હમણાંને હમણા યાર લતીફને અલીની શોધમા મોકલીશ. ગમે તે ઉપાયથી એ સાઘાતિક પત્ર આજે રાત્રેજ મેળવ્યા સિવાય છુટકો નથી. જો મ્હારો શત્રુપક્ષ એ પત્ર મહારાજ માનસિહને આપે અગર તો કોઇ પણ રીતે એ પત્ર મ્હારા પિતાના હાથમા જઇ પડે તો મ્હારા સર્વસ્વનો નાશ થયા સિવાય રહે નહિ !"

શાહજાદો જ્યારે આવા પ્રકારની ચિતાથી ચિતાતુર હતો ત્યારે એકાએક યાર લતીફ આવી પહોચ્યો. શાહજાદા સેલિમ પાસે આવી કુરનસ બજાવી તેણે કહ્યુ "બદગી શાહજાદા ! અત્યારે રાત્રે આ બદાને કેમ તલબ કર્યો છે. હજુરેઆલી ?'

સુલતાન સેલિમે, યાર લતીફને આગળીની ઇશારતથી એક આસન દેખાડીને કહ્યુ—"લતીફ ! એક મ્હોટુ કાર્ય કરવાનુ છે ! તુ સ્થિર ચિત્તે મ્હારી હકીકત સાભળ, પરન્તુ તે પૂર્વે તું ત્હારૂ ચિત્ત સ્થિર કરવાને માટે ઉત્તમ શિરાજી પી– "

યાર લતીફ સેલિમનો બાલ્યવસ્થાથી દોસ્ત હતો યાર લતીફનો પિતા એક મન્સબદાર હતો તેનો પરલોકવાસ થયા પછી સેલિમે તેના પુત્રને આશ્રય આપ્યો હતો લતીફને માટે માસિક પગાર પણ ઠરાવવામા આવ્યો હતો. એક રીતે યાર લતીફ શાહજાદા સેલિમનો વિશ્વાસપાત્ર અનુચર, દોસ્ત, છુપી સલાહ આપનાર અને સકટમા રસ્તો સૂઝાડનાર હતો !

યાર લતીફે શાહજાદાના સકેતથી પાસેના સુવર્ણપાત્રમાથી એક ન્હાના સોનાના પ્યાલામા થોડો શિરાજી રેડયો, અને પછી તેણે

પ્યાલો શાહજાદા આગળ ધરીને કહ્યુ—" બદગી શાહજાદા ! મહેર-બાન હુજુરેઆલી ! પ્રથમ આ શિરાજીપાત્રને આપ ન્યાય આપો તે સિવાય આ બદાના બદાને સતોષ થશે નહિ."

સેલિમે સ્મિત હાસ્ય કરી, સુવર્ણના પ્યાલાને ક્ષણ માત્રમા ખાલી કરી નાખ્યો. યારલતીફે ફરીથી એ સોનાનો પ્યાલો સુગધિત શિરાજીથી ભરીને પોતાના તૃષાતુર કઠમા ગટગટાવી દીધો પછીથી સેલિમે ગભીરતાથી કહ્યુ —" લતીફખાન ! હવે હું તને એક મ્હોટું કામ સોપુ છુ. સ્હવાર થતા પહેલા એ કામ પૂરુ થવુ જોઇએ એ કામ કરતા ત્હારે ત્હારા જીવની પણ ચિતા રાખવાની નથી—એમજ સમજજે "

યારલતીફે સલામ કરી કહ્યુ —" આપના કોઇ પણ કામમાં અત્યાર સુધીમા મ્હેં ભૂલથાપ ખાધી છે ? હુકમ ફરમાવો આપનો હુકમ તરતજ હુ શિર પર ચઢાવીશ "

" મ્હે તને તૈયાર થઈ ને આવવાનુ કહ્યુ હતુ, યાદ છે? "

"હા, જનાબની આજ્ઞા પ્રમાણે હું તૈયાર થઇનેજ આવ્યો છુ"

" ત્હારી પાસે સકટ સમયે વાપરવાનુ જે હથિયાર છે, તે તને ત્હારો જીવ બચાવવા માટે જો વિશેષ ઉપયોગી ન થઇ પડે તો હુ તને એક પિસ્તોલ આપુ છુ '

' બહુત અચ્છા. મ્હારે શુ કામ કરવાનુ છે તે ફરમાવો "

' પરમ દિવસે રાત્રે જે સુદરીને આપણે પકડી લાવ્યા છીએ તેના સબધીની ખટપટ તો તું જાણે છે ને ? "

" પેલી સેરિનાબીબી ને ? "

" હા-આજે પાછુ ત્હારે તેના મકાનમાંજ જવાનુ છે હુ ત્હારી સાથે બીજા બે માણસો મોકલુ છું. હજી સુધી મધ્યરાત્રિ

થઈ નથી. સેરિનાને ત્યા જઈને તું પ્રથમ તેના થોડા સમયમાં થનાર પતિ અલ્લી મિરજાસિકન્દરને મળજે."

"બહુત ખુબ ! અલ્લી સિકન્દરનુ ખૂન કરવાનુ છે કે તેને જીવતો કેદ કરી લાવવાનો છે ?"

"ના—ના——લતીફ ! તેનું ખૂન કરવાની મ્હારી ઇચ્છા નથી હુ તને સેરિનાના હાથનો લખેલો એક પત્ર આપુ છુ. તે પત્ર તું અલ્લી સિકન્દરના હાથમા આપજે, જે કારણને લીધે આપણે સેરિના સ બધીની ખટપટ કરવી પડે છે તે કારણ તુ સારી રીતે જાણે છે. આ પત્ર વાચીને સિકન્દર તને પેલો લાલ કાગળ પાછો આપશે એ લાલ કાગળ લઇ તું બારોબાર એકદમ મ્હારી પાસે આવજે લતીફ ! યાદ રાખજે કે, આખી રાત્રિ હુ ત્હારી રાહ જોઇને જાગતો બેસી રહીશ, પરતુ જો કદાચ શિરાજીના નીશાથી હુ ઉંઘી જાઉ તો મ્હને જગાડવાને માટે તું સહજ પણ સંકોચ રાખીશ નહિ."

યાર લતીફે આ વાક્યો પર સહજ પણ આશ્ચર્ય દર્શાવ્યુ નહિ, કેમકે શાહજાદા સેલિમની આજ્ઞાથી અત્યાર સુધીમા તેને અનેક ભયંકર કાર્યો કરવા પડયા હતા—શાહજાદાની આજ્ઞાથી અનેક મનુષ્યોના મસ્તકો ભૂમિ પર આળોટતા થઈ ગયા હતા અનેકની કોમળ છાતીઓ તેણે પોતાની ભયકર કટારથી ચીરી નાખી હતી. આવા ખૂની કાર્યોથી તેનુ હૃદય બિલકુલ કપતુ નહોતુ.

યાર લતીફ શરીરે પણ ઘણો બળવાન્ હતો તેની છાતી ઘણી પહોળી હતી. અનેક યુદ્ધક્ષેત્રોમા તેણે શાહજાદાની પાસે રહીને પોતાનું અસાધારણ જોર જણાવ્યુ હતુ. એ સાહસિક, બળવાન્

તેમજ શક્તિવાન્ હતો. પાપકાર્ય કરવામા સંકોચ ધરાવે એવો નહોતો. પુણ્ય કાર્યો તેનાથી અજાણ્યા હતા.

યાર લતીફે પોતાનું કાર્ય અતિ ઉત્સાહથી કરવાને માટે ફરીથી એક પ્યાલો ભરીને શિરાજી પીધો, અને એક પ્યાલો ભરીને શાહજાદાને પાયો. પછીથી યાર લતીફે કહ્યુ—નામવર શાહજાદા ! યાદ રાખજો કે, હુ મ્હારા જીવની પણ પરવાહ રાખ્યા સિવાય આ કામ બજાવીશ. ”

સેલિમે કહ્યુ --“જો જબરદસ્તી કર્યા સિવાય તું આ કામપાર ઉતારી શકીશ તો હું ત્હારી ઘણી બહાદુરી સમજીશ ! ત્હને ઘણુ મ્હોટુ ઇનામ આપીશ ”

“ જો હુકમ આ બંદો આપનો હુકમ આપની આજ્ઞાનુસાર શિરે ચઢાવશે. ”

“ હા—બીજી એક વાત છે ! અલિ સિકન્દરને હુ સારી રીતે જાણુ છુ એ પઠાણ છે પઠાણને વશ કરવામા ઘણી હરકત પડે છ તેને તું પ્રથમ કહે જે કે--સેરિનાનો છુટકારો તેની ઇચ્છા ઉપર છે, જો તે એ કાગળ પાછો નહિ આપે તો પ્રભાતકાળે સેરિનાને જીવતી મારી નાખવામા આવશે. હું જાણુ છુ કે એ સેરિનાને પોતાના જીવ કરતા પણ વધારે ચ્હાય છે. સેરિનાનો જીવ બચાવવાને માટે તેને આપણુ કહ્યુ કબુલ કરવુંજ પડશે. ”

“ જેવો હુકમ—ગરીબ પરવર ! આ બંદાને બીજી એક વાત પૂછવાની છે--અલિ જો કદાચ સેરિનાનો પત્ર વાચી પેલો લાલ કાગળ પાછો ન આપે તો શુ કરવુ ? ”

“ તો તું મ્હને તરતજ ખબર આપજે. તે સમયે હુ યોગ્ય

વ્યવસ્થા તરતજ કરીશ જો અલિ મ્હારૂ આ સામાન્ય કાર્ય નહી કરે તો તેનો જીવ જશે "

બન્નેની આવા પ્રકારની વાતચિતમા એક કલાક પસાર થઇ ગયો સેરિના સ્નાન, ભોજન કરી શાન્ત થઇ હશે એમ વિચારી સેલિમ પોતાના ઓરડા તરફ ગયો બારણા પાસે જઇને તેણે કહ્યુ --" સેરિના ! હુ એક વખત તને મળવા માટે આવ્યો છુ,"

સેરિના બારણા ઉઘાડી નાખી એ ઓરડામા પત્થરની પ્રતિમા પ્રમાણે ઉભી રહી સેલિમે શાન્ત હાસ્ય કરીને કહ્યુ --" સેરિના ! હુ ખુદાના કસમ ખાઇને ખરૂજ કહુ છુ કે, અત્યારે હુ તને ઘણી સુદર જોઉ છુ ! આવુ અપૂર્વ રૂપ જોઇ સિકન્દર તને ચ્હાય એમા શુ આશ્ચર્ય ? વળી હુ એ પણ કબુલ કરૂ છુ કે, અલ્લી સિકન્દર સુદ્ધા સ્વરૂપવાન્ યુવક છે "

સેરિનાએ શાહજાદાને મુખે આ રૂપના વખાણ સાભળી શરમાઇ જઇને પોતાનુ માથુ નીચુ નમાવ્યુ તેના ગાલ લાલચોળ બની ગયા સેરિનાએ નમ્ર સ્વરે કહ્યુ —" જનાબે આલી ! હવે આ બાદીને શી આજ્ઞા છે ? '

સેલિમે હસીને કહ્યુ --" ત્હારી પાસેજ લખવાના સાધનો પડેલા છે. અલિ સિકન્દર પર તુ એક પત્ર લખી આપ "

સેરિના.--શુ લખુ, જનાબે આલી ?

સેલિમ—હુ જે બોલું તે તુ લખ. લખ કે—" મ્હારૂ જીવન મહા ભયકર સકટમા સપડાયુ છે મ્હારૂ રમણી તરીકેનુ માન તેમજ ધર્મ પણ જવા બેઠા છે હમણા જો કે એ સબંધી બિલકુલ ભય નથી, પરતુ તમારા કાર્ય પર સઘળો આધાર છે, તમે કોઇ પણ પ્રકારની આપત્તિ, પ્રશ્ન, તેમજ સદેહ સિવાય પેલો લાલ કાગળ

આ મ્હારો પત્ર લઇ આવનારને આપજો, તમને વિશ્વાસ બેસે કે આ પત્ર મ્હેંજ લખ્યો છે એટલા માટે હુ મ્હારી સોનાની વીંટી આ સાથે મોકલુ છુ, વીંટી પાછી મોકલવાની જરૂર નથી—તમારી પાસેજ રાખજો ! પરતુ સાવધાન ! સદેહ પામીને આ પત્ર લઇ આવનારની પૂઠ લેશો નહિ—આ પ્રકારનુ રહસ્ય જાણવાને ઇન્તેજાર થશો નહિ. એટલી ખાત્રી રાખજો કે, લાલ કાગળ આવી પહોચતાની સાથેજ મ્હારો છુટકારો થશે—આપણે બન્ને પાછા મળી શકીશુ."

સેરિનાએ શાહજાદાના વચનોને અનુસરીને ઉપર પ્રમાણે પત્ર લખી આપ્યો અને તે સાથે આગળી પરની વીંટી પણ કાઢી શાહજાદાના હાથમા મૂકી સેલિમે હસીને કહ્યુઃ—" સેરિના ! આ ઓરડાને તું ત્હારો પોતાનોજ સમજજે બે દિવસ ત્હે ઘણુ દુખ ભોગવ્યુ છે હવે તુ નિરાતે સૂઈ રહે કાલે સ્હવારે હુ તને પાછો મળીશ. "

આ પ્રમાણે કહીને શાહજાદો સેલિમ પોતાના સૂવાના ઓરડામા ચાલ્યો ગયો સેરિનાએ પોતાના ઓરડાના બારણા બધ કરી દીધા એ ઓરડામા ઘણા તેજસ્વી દીવાઓ સળગી રહ્યા હતા, ઉત્તમ પ્રકારનુ ભોજન કર્યાથી સેરિનાનો આત્મા ઘણો સતોષ પામ્યો હતો શય્યામા સૂતા રહીને અસ્પષ્ટ સ્વરે તે બોલવા લાગી—" સેલિમ ! શાહજાદા ! તમારા એ લાલ કાગળની મ્હારે જરૂર નથી; પરતુ તમે એમ ન સમજશો કે, હુ તમને એ કાગળ પાછો સોપીશ એટલે પછી મ્હારી વ્હાલી બ્હેન સેલિમાના શોચનીય મૃત્યુને ભુલી જઇશ. —અગર તો હું મ્હારા એ પ્રચડ વેરની વસુલાત લઈશ નહિ. હું જાણુ છુ કે—એ ભયકર ખૂન તમારી આજ્ઞાથી થયુ નથી—અગર તો જાહિરમા તમે તેને માટે જવાબદાર નથી. પરતુ તમારા

જુલ્મને કારણેજ મ્હે મ્હારી વ્હાલી બ્હેનને ગુમાવી છે! મ્હારી ભયકર મર્મવેદનાને તમે કેવી રીતે સમજી શકો? સેલિમ ! તમે હિન્દુસ્થાનના શહેનશાહ અકબરશાહના પુત્ર છો—ભવિષ્યના શહેનશાહ છો. રાજકુળમા તમે પયદા થયા છો પરતુ તમારો જીવ પત્થર જેવો કઠિન છે ! હૃદય સ્નેહશૂન્ય છે ! જો તેમ ન હોય તો તમે મ્હારી બિનગુન્હેગાર બ્હેનને એવા ભાવથી શા માટે લોભાવો ? ! શાહજાદા ! યાદ રાખજો કે હુ પઠાણ-કન્યા છુ ! મ્હારી ભગિનીના ખુનનુ કારણ તમેજ છો ! તેથી મ્હારા ભયકર વેરની વસુલાત લીધા સિવાય હુ કદાપિ શાન્ત થનાર નથી ! ”

“ સુલતાન ! ભારતસમ્રાટના પાટવી રાજકુમાર ! આ સમસ્ત હિદુસ્થાન પર એક દિવસે તમારી સત્તા ચાલશે. રમણીનુ રૂપ કયા સુધી કાયમ રહી શકે છે ? કાયમ રહી શકે છે માત્ર મનુષ્યનુ માન, યશ, સુકીર્તિ. તમે રાજવશમા પયદા થયા છો—માટે તમારા પિતાની સર્વત્ર ફેલાઇ રહેલી સુકીર્ત્તિનુ સરક્ષણ કરવુ એ તમારો મુખ્ય ધર્મ છે ! ”

આ પ્રમાણે સેરિનાએ પોતાનુ અતર ખાલી કરીને શય્યાનો આશ્રય સ્વીકાર્યો. પુનર્મિલનના સુખસ્વપ્ને તેની નિદ્રાને ઘણી સુખમય બનાવી.

———.o ———

પ્રકરણ ૧૭ મુ.

મેહેરઉન્નિસાનુ નિમંત્રણ.

ઈશ્ક ક્યા ચીજ હય કોઈ કામિલસે પૂછના ચાહિયે;
દિલ કયસા દોડ જાતા હય કોઈ એહિલસે પૂછના ચાહિયે

—:એક ઉર્દુ શાયર.

" તુ શુ કહે છે ? "

" જનાબ ! મ્હે મહેનત કરવામા બાકી રાખી નથી, પરતુ આપણું નશીબ આપણી પર નારાજ થયુ હોય એમ લાગે છે. ખુદાની પણ આપણી પર કફા મરજી થયેલી હોય એમ જણાય છે"

" ત્યારે શુ ઇસ્કાન્દાર અને સિકન્દર બન્ને જણા ગૂમ થઇ ગયા છે ? "

" મ્હને એમ ખબર મળી છે કે તેમને બન્નેને જહાન્દારખાને થાણામા કેદ કરી રાખ્યા છે."

" જહાન્દારખાને કોની પરવાનગીથી તેમને કેદ કર્યા છે ? "

" આપના ગૌરવાન્વિત પિતાની પરવાનગીથી "

" તેમનો અપરાધ શો છે—"

" એકનો અપરાધ નારીહત્યા છે ! અને બીજાનો અપરાધ ખુનીને સહાયતા કરવાનો છે ! વળી ખૂનીને સહાયતા કરનાર અપ-રાધી કાઇ પણ હકીકત જાહિર કરતો નથી "

" તેમને કયાં પ્રમાણોથી પકડયા છે ?"

" પ્રમાણો જહાન્દારખાનના હાથમા છે ! તેઓ કોઇને કાઇ કહેતા નથી. મ્હે પણ એ સબધી તેમને બે ચાર પ્રશ્નો કર્યા હતા, પરતુ મ્હારા એક પણ પ્રશ્નનો ઉત્તર તેમણે આપ્યો નથી"

" જહાન્દારખાન આગળ ત્હે મ્હારૂ નામ લીધુ હતુ ?"

" ના—"

" ઘણું સારૂ કર્યું છે. હમણા રાત્રિ કેટલી હશે ?"

" બે વાગ્યાની નહબત હમણાજ બધ થઇ છે. "

" હુ અત્યારેજ જહાન્દારખાનને મળવા ચ્હાઉ છુ. એ શયતાન હમણા કયા છે ? "

" એ થાણામા નથી '

" ગુન્હેગારો કયારે પકડાયા છે ? "

" પરમ દિવસે રાત્રે. "

" તેમને આ ત્રણ દિવસ સુધી કેદ રાખવાનું શુ કારણ?"

" શાહેનશાહ નામવરની તબિયત ઠીક નથી એ આપ ભુલી ગયા હો એમ લાગે છે. "

" હા—હા—બરોબર મ્હને લાગે છે કે, હજી શાહેનશાહ બે ત્રણ દિવસ સુધી દરબારમા આવી શકશે નહિ. ખુદા જે કરે છે તે કલ્યાણને માટેજ કરે છે. જો લતીફ ! હુ એ ગુલામના ગુલામ જહાન્દારખાનની ખુશામદ કરવા ઇચ્છતો નથી. તુ એક કામ કર.'

" ફરમાવો."

" હમણાજ તુ મહારાજ બિરબલ પાસે જા"

" ઘણું સારૂં. "

" તેમને મ્હારો લખેલો આ પત્ર આપીને કહે જે કે--જરૂરી કામ છે. "

" ઠીક. "

" ઢીલ કરવાનુ કારણ નથી. દોસ્ત ! તુ હમણા ચાલ્યો જા. ગમે તે ઉપાયથી આજે સ્હવાર સુધીમા એ પત્ર મેળવવાનો છે"

" જનાબની આજ્ઞા હમણાજ શિરે ચઢાવુ છુ. "

ઉપર પ્રમાણે વાતચિત શાહજાદા સેલિમ અને તેના વિશ્વાસપાત્ર અનુચર યાર લતીફ વચ્ચે થતી હતી.

યાર લતીફ ચાલ્યો જવા લાગ્યો એટલે સેલિમે તેને અટકાવીને કહ્યુ —" દોસ્ત ! ઉભો રહે. આજે ત્હે મ્હારે માટે ઘણી મહેનત ઉઠાવી છે. જો મ્હારૂં કાર્ય સિદ્ધ થશે તો હુ તને મોતીની માળા ઇનામ તરીકે આપીશ હમણા ત્હને સમાન આપવાને માટે હુ મ્હારે હાથેજ તને શિરાજીપાત્ર ભરી આપુ છુ "

સેલિમે ત્વરિત ગતિથી એક સુવર્ણપાત્રમાં શિરાજી ભરી દઇને પાત્ર યાર લતીફની આગળ ધર્યું. યાર લતીફે બન્ને હાથ જોડી કહ્યુ:—" જનાબ ! જહાપન્નાહ ! ગરીબ પરવર ! હજી સુધી આ બન્દો એટલો બધો ધૃષ્ટ નથી થયો કે તે આપના પીધા સિવાય આ પાત્રને ન્યાય આપે."

સેલિમે સ્મિત હાસ્ય કરી શિરાજીપાત્ર પોતાના કંઠમાં ખાલી કરી નાખ્યુ, પછીથી કહ્યુ —" હવે બીજુ પાત્ર હુ ભરી આપુ છું તે તું પી"

આ પ્રમાણે કહીને સેલિમે ફરીથી પાત્ર ભરી લતીફના હાથમા આપ્યુ શિરાજીપાત્રને ન્યાય આપી, સુલતાન સેલિમ આગળ કુરનસ બનાવી, સેલિમનો આપેલો પત્ર સાવચેતીથી ખિસ્સામા મુકી લતીફ તરતજ ત્યાંથી ચાલ્યો ગયો.

આખી રાત્રિ સુધી સેલિમ નિદ્રા લઇ શકયો નહિ. ઉજાગરાથી તે કંટાળી જતો જણાતો હતો. તેના હૃદયને ભયંકર દુઃખ થતું હતું, કોઇ એક પ્રકારનો હાહાકાર તેના હૃદયને ઘણું દુઃખી કરતો હતો.

સેલિમે ફરીથી શિરાજીનું એક પાત્ર પીધું. એક પાત્ર પીવાથી તેની આશા મટી નહિ. ફરીથી તેણે બીજું પાત્ર ભરીને પીધું.

સુરાની મોહિની શકિતએ—શિરાજીની ઉગ્ર શકિતએ—સેલિમના ચિંતાતુર પ્રાણને ચિન્તાશૂન્ય બનાવી દીધો. તે એ લાલ કાગળની વાત ભૂલી ગયો. જે માટે આખી રાત્રિ ઉજાગરો કરવો પડયો હતો, આટલું માનસિક દુઃખ ભોગવવું પડતું હતું એ સઘળું તે શિરાજીના ઉન્મત્ત નીશાથી ભૂલી ગયો. દુઃખની ચિંતાને બદલે તેના મનમાં સુખના વિચારો ઉપજવા લાગ્યા. એ સુખના વિચારો કયા હતા તે વાચકોના જાણવામાં પછીથી આવશે

સેલિમ એક સોફાની ઉપર સૂઇ રહ્યો હતો. તેના નેત્રો અડધાં મીંચાયલા હતા નિદ્રાદેવી તેને સંપૂર્ણ રીતે બંધ કરી શકતી ન હોતી સેલિમ માત્ર નેત્રો મીંચી એક પ્રકારના સુખસ્વપ્નની ચિંતામાં વિભોર બની ગયો હતો.

મંત્રમુગ્ધની માફક તે એકદમ આસન ઉપરથી ઉઠી ઉભો થયો તે ઓરડો અત્યારે પણ ઉજ્વળ દીપકોના પ્રકાશથી પ્રકાશી રહ્યો હતો તે ઉઠયો એટલે દિવાલ સાથે જડી લેવામાં આવેલા મ્હોટા આયનામાં તેનું પ્રતિબિંબ પડયું. આયનામાં પોતાનું પ્રતિબિંબ જોઇને સેલિમે સ્મિતહાસ્ય કર્યું. તેના આ હાસ્યનું કારણ એ હતું કે "ભાગ્યની વિડંબના સહુ કોઇને ભોગવવી પડે છે ખુદાનો ન્યાય સહુ

કોઇને માટે સરખોજ હોય છે. તેમ ન હોય તો હુ સમસ્ત હિદુ- સ્થાનના શહેનશાહ અકબરશાહનો પુત્ર છુ છતા મ્હારે એક દુખા, દીન દરિદ્રી માણસની માફક મ્હારી રાત્રિ શા માટે પસાર કરવી પડે ? ”

એક હાથીદાતની શિલ્પકળાના ઉત્તમ નમુનારૂપ હાથઓક્ષમાથા સેલિમે વ્યાકુળતાથી એક પત્ર બ્હાર કાઢયો એ પત્ર તેણે બે ત્રણ વખત વાચી જોયો એટલાથી પણ જાણે કે તેની આશાની તૃપ્તિ થઇ નહિ. તેણે પત્ર પુન વાંચ્યો—પત્રને ચુંબન કર્યું

જે પત્રને લીધે સેલિમ આટલો બધો વ્યાકુળ બની ગયો હતો- તેને સુખમય વિચારો ઉપજતા હતા તે પત્ર શી બાબતનો હતો એ વાંચકોને જણાવવાની જરૂર છે એ પત્ર આતમાદ્-ઉદ્દૌલા અમીર ગ્યાસબેગની તરફથી આવ્યો હતો ગ્યાસબેગે લખ્યુ હતું કે.-“ જો આપ નામવર શાહજાદા આવતી કાલે રાત્રે આ ગુલામના ગરીબ- ખાનામાં પધારીને મ્હારી ગરીબ કન્યા મેહેર-ઉન્નિસાનુ સગીતાદિ સાંભળી મ્હને આભારી કરશો તો આ ગરીબ ગુલામ પોતાને મ્હોટો સૌભાગ્યવાન્ સમજશે ” આ પત્રની નીચે બાજી બે લીટી એક રમણીએ લખેલી હતી રમણીએ લખ્યુ હતું કે, “ મેઘ સઘળા સ્થા- નોએ સમાન ભાવથી વરસે છે રસાળ પ્રદેશ અને કટકિત પ્રદેશ સમાન ભાવે તેની દયા મેળવી શકે છે. મ્હારા પિતાએ આપને જે વિનતિ કરી છે તે સ્વીકારશો તો આ બાંદીને અસાધારણ આનદ ઉપજશે—**મેહેર-ઉન્નિસા** ”

આ મેહેર-ઉન્નિસાના અક્ષરો વાંચીનેજ શાહજાદો સેલિમ વ્યા- કુળ બની ગયો હતો. તેણે એક બે વખત મેહેર-ઉન્નિસાને આગ્રાના

રંગમહેલમાં જોઇ હતી. મેહેરની અસાધારણ રૂપજ્યોતિએ તેના અંધકારમય પ્રાણમાં એક સમુજ્વળ જ્યોતિ કિરણ પ્રકટાવ્યું હતું. એ રૂપના પ્રકાશથી તે મુગ્ધ બની ગયો હતો.

સેલિમે સાંભળ્યું હતું કે, શેર અફઘાન નામના એક પઠાણની સાથે મેહેર-ઉન્નિસાના વિવાહની ખટપટ ચાલી રહી હતી. મેહેરને શાહજાદાએ માત્ર બે દિવસને માટે રંગમહેલમાં જોઇ હતી. એ પ્રકાર પણ ઘણી ગુપ્ત રીતે તેમજ અનેક અડચણો વચ્ચે બન્યો હતો ! મેહેરને જ્યારે પત્ની તરીકે મેળવી શકાય તેમ નથી ત્યારે પછી તેને માટે વ્યાકુળ થવાથી—નિરાશાના અગ્નિમાં જીવતા સુધી સળગવું પડશે આ પ્રમાણે વિચારી સેલિમ પોતાની દુર્બળ શક્તિનો ઉપયોગ મેહેરના રૂપની છટાને ભૂલી જવા માટે કરતો હતો, પરંતુ તેની દુર્બળ શક્તિ મેહેરના રૂપ સૌન્દર્યને બિલકુલ ભૂલી શકતી નહિ.

મેહેરની સહી સાથેનો કાગળ મળતાં સેલિમના મનમાં પુનઃ એક નવીન આશાનું કિરણ પ્રકાશ્યું તેણે મનમાં ને મનમાં વિચાર્યું—"મોગલ જનાનામાં એક પટ્ટરાણી હોય છે, પરંતુ બીજી રાણીઓની પણ ખોટ હોતી નથી મ્હારા પિતાશ્રીનાં પટ્ટરાણી તેમજ મ્હારાં માતુશ્રી જોધબાઇ સિવાય પણ મ્હારા પિતાશ્રીએ બીજી ઘણી વિવિધ દેશોની બેગમો રાખી છે, હું જ્યારે બાદશાહ થઉં ત્યારે એવીજ રીતે જો મેહેરને મ્હારા રંગમહેલ--જનાનામાં રાખું તો કોઇ પણ આપત્તિ નડશે નહિ. મ્હારે એક પટ્ટરાણી તો છે. શાહજાદી જોધબાઇ મ્હારા આ મરૂમય જીવનનો શીતળ મલય-પ્રવાહ છે જ્યારે અસંખ્ય સ્ત્રીઓ કરવાની મોગલોની વંશપરંપરાથી ચાલતી આવેલી રૂઢી છે ત્યારે પછી શા માટે એ રૂઢીનું ઉલ્લંઘન કરવું ?—શા માટે એ રૂઢીનો લાભ ન લેવો ? જોધબાઇ હોવા છતાં મેહેરને

રંગમહેલમા લાવવામા કોઇ પણ પ્રકારની હરકત તો જણાતી નથી.

મેહેરના આવા માન ભરેલા આમંત્રણનો હુ અસ્વીકાર કરી શકીશ નહિ-જેની મોહિની પ્રતિમા મ્હારા હૃદય—મંદિરમા વસી રહી છે તેને હું કોઇ પણ દિવસે ભુલી શકીશ નહિ. હુ તેનુ પ્રેમ ભરેલુ આમંત્રણ નહિ સ્વીકારૂં તો હું નિષ્ઠુર હૃદયનો ગણાઇશ મ્હારે તેના આમંત્રણને માન આપવા જવુજ પડશે.

કેવુ સુંદર સ્વરૂપ લઇને મેહેર આ દુનિયામા આવી છે ! ખુદા ! પોતાના સૃષ્ટિસૌંદર્યનો પૂર્ણ પરિચય આપવાને માટે મેહેરને આ દુનિયામા મોકલી છે કે શુ? ! ઉદ્યાનમા કેટલાં ગુલાબો ખિલે છે, પરંતુ આ સંસાર—ઉદ્યાનમા મેહેર નામનીજ એક સુંદરી વિકસિત થઇ છે, રૂપ, રસ, ગંધ સ્પર્શમય આવો અપૂર્વ સૌંદર્ય-સંભાર આ દુઃખમય દુનિયામા બીજે કોઇ ઠેકાણે જોવામા આવતો નથી. હું ઈંદ્રલોકના જેટલુ ઐશ્વર્ય મેળવી ચુક્યો છુ, કુબેરના જેટલી દોલત મેળવી ચુક્યો છુ—હિંદુસ્થાનના વિશ્વવિખ્યાત શહેનશાહ અકબરશાહનો માનીતો પુત્ર થયો છુ—આ સમસ્ત હિંદુસ્થાનનો ભવિષ્યમાં શહેનશાહ થનાર છુ મ્હારી ઇચ્છા થતા હુ ધારૂં તે કરી શકુ તેમ છુ. અશક્યને શક્ય બનાવી શકુ તેમ છુ—મ્હારી શક્તિનો પાર નથી ! અને માત્ર એક ગ્યાસબેગની કન્યા મેહેર-ઉન્નિસાને માટે આટલો બધો વ્યાકુળ બની ગયો છુ ! ના—ના ! આ મ્હારો ભ્રમ છે ! જો જરૂર જણાશે તો અપૂર્વ રૂપવતી, બિહિસ્તની પરી, ઇંદ્રની અપ્સરા જેવી મેહેર-ઉન્નિસાને હું એક બાંદી તરીકે મ્હારા રંગમહેલમા—જનાનામા—રાખીશ. જો જરૂર પડશે તો હું મેહેરના ભવિષ્યમાં થનાર પતિના લોહીથી મ્હારો હાથ કલંકિત કરીશ—તેને મ્હારી સત્તાને આધીન કરીશ હું દિલ-

રૂબા મેહેરને મ્હારી વિલાસ-વાટિકાની માલણ બનાવીશ તેની સાથે ઇશ્કબાજી ઉડાવીશ-તો હુ મ્હારો દેહ, પ્રાણ, ગર્વમંડિત મસ્તક તેના પગોમા ઝુકાવીશ—અને તે મ્હારી મરજીને તાબે નહિ થાય તો તેને મ્હારી ગુલામડીની પણ ગુલામડી બનાવી તેના જીવનને ધૂળ-ધાણી કરીશ—પાયમાલ કરીશ."

આવા પ્રકારના વિચારોમા ને વિચારોમાં શાહજાદો સેલિમ વ્યાકુળ બની ગયો તેણે વ્યાકુળતાને દૂર કરવા માટે પુન શિરાજી પીધો.

રાત્રિનો છેલ્લો પ્રહર પસાર થતો હતો. સેલિમના શયનાલયની બારીઓ ખુલ્લી હોવા છતા સેલિમે મનમા ને મનમા વિચાર્યું—"આખુ શયનાલય ઘણુજ ગરમ થઇ ગયુ છે—લાહ્ય લાહ્ય વરસી રહી છે ।"

સેલિમ વ્યાકુળતાને દૂર કરવાને માટે - અતરની અશાન્તિ દૂર કરવાને માટે એક બારી પાસે જઇને ઉભો રહ્યો

પ્રકૃતિએ ઘણી ગભીરતા ધારણ કરી હતી ચદ્ર અસ્ત થઇ ગયો હતો આકાશમા અસખ્ય તારાઓ પ્રકાશી રહ્યા હતા. ચદ્રદેવના વિયોગથી વિરહિણી બનેલી પ્રકૃતિ સુંદરીએ જાણે કે મર્મભેદક પતિ-વિરહથી, ગભીર કાળા વસ્ત્રોથી શરીર ઢાંકી દીધુ હતું.

ચારે દિશાએ શૂન્યતા હતી ચારે દિશાએ ઘોર અધકાર હતો પ્રકૃતિની સ્થિતિની સાથે જાણે કે સેલિમના હૃદયની સ્થિતિ સપૂર્ણ રીતે મળી ગઇ હતી.

બારી પાસે ઉભો રહીને સેલિમ જ્યારે ભયકર ચિતામાં મગ્ન હતો ત્યારે યાર લતીફ તેની પાસે આવી પહોચી, અતિ માનથી કુરનશ બજાવી કહ્યુ:—

"હજુરેઆલી ! રાજા સાહેબ આવ્યા છે. તેઓ આપની આજ્ઞા સાંભળવા આતુરતાથી બેસી રહ્યા છે"

સેલિમે બારી પાસે ફરી એક આસન પર બેસીને યાર લતીફને કહ્યુ.—"રાજા સાહેબને મ્હારી પાસે લઈ આવ."

સેલિમે મનમા ને મનમા વિચાર્યુ કે, મહારાજ બિરબલની રજા મેળવ્યા સિવાય જહાન્દારખાનની પેલા બન્ને કેદીઓને કેદમા રાખી શકવાની તાકાત નથી. મહારાજ બિરબલ એક તરફથી જેવી રીતે તેના પિતાનો અતરગ બધુ તેમજ વિશ્વાસુ નોકર હતો તેજ પ્રમાણે તેઓ સિહાસનના ભવિષ્યના માલિક શાહજાદા સેલિમને પણ પુત્ર પ્રમાણે ચ્હાતા હતા. જે છુપો લાલ કાગળ સેલિમની પાસેથી પડી જવાથી તેને વ્યાકુળ બની જવુ પડયુ હતું તે પત્ર ચતુરાઇથી સિકદન્ર પાસેથી મેળવવામા યોગ્ય સાધનરૂપ મહારાજ બિરબલ હતો તેથી નિરૂપાયે સેલિમે મહારાજ બિરબલનીજ સહાયતા મેળવી કાર્યોદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો હતો

પ્રકરણ ૧૮ મું.

રંગમાં ભંગ.

મ્હકે નાઈલ્મકે પોથે, અલિફ બે પે ' ન હમ સીખે !
ફકત યે ઇશ્કકી મકતબમે હમનામે સનમ સીખે !

જહાન્દારખાન મનમાને મનમા ઘણોજ આનદ પામ્યો—કેમકે તે બન્ને કેદીઓને અનેક પ્રકારની મુશ્કેલી વેઠીને પણ કેદ

પકડી શકયો. હવે અકબરશાહના ભયકર કોપનો ભોગ પોતાને નહિ થવુ પડે એ માટેજ તેનુ મન આનન્દાવેશથી મલકાઇ જતું હતું-શરતના સુનીલ આકાશમાં, જેવી રીતે વાદળાઓ એકઠાં થઈ જઇને થોડા જ સમયમા અદ્રશ્ય થઇ જાય તેવીજ સ્થિતિ જહાન્દારખાનના મનની હતી તેણે મનમાં ને મનમા વિચાર્યું—" મહારાજ બિરબલથી જે કાર્ય ન થઇ શકયુ તેજ કાર્ય હુ કરી શકયો છુ. બિરબલ આગ્રા શહેરનો કર્ત્તા હર્ત્તા તેમજ વિધાતા હોવા છતાં તે જે બુદ્ધિબળ નથી દર્શાવી શકયો તે હુ 'દર્શાવી શકયો છું પ્રાણ જવાને બદલે આ સમયે હવે જરૂર મ્હારી પ્રતિષ્ઠા વધશે—મ્હને મ્હોટા હોદ્દા મળશે" આવા પ્રકારની સુખમય ચિતાએ જહાન્દારખાનના ચિત્તને પ્રફુલ્લ બનાવી દીધુ હતું

તેના જીવનના આ સુખમય સમયે—તેની પાસે બેસીને અતુલનીય સુદરી નશીબન બીબી સ્વામીના સુખની ભાગીદાર થઈ હતી અત્યાર પૂર્વે તેણે પોતાના પતિને મૂર્ખ ધાર્યો હતો; પરંતુ હવે તેને એમ માલૂમ પડી આવ્યુ કે, તેનો પતિ બેવકૂફ નથી. નશીબનના સ્વામી થવાને જેટલી બુદ્ધિ જોઇએ તેટલી બુદ્ધિ જહાન્દારખાનમા છે આથી નશીબન બીબી ઘણી હર્ષઘેલી બની ગઇ !

નશીબને તે દિવસે ભુવનમોહિનીનો વેષ ધારણ કર્યો હતો. જે ઠેકાણે જે અલકાર પહેરવાથી સુદર દેખાય તે ઠેકાણે તે અલકાર તેણે પહેર્યો હતો ! કાળા નાગના જેવો ચોટલો પીઠ પર છુટો ઝુલી રહ્યો હતો અને વાયુ સાથે ક્રીડા કરી રહ્યો હતો. તેણે વસ્ત્રો પણ ઘણા કીંમતી પહેર્યા હતા.

હાથમા બે સોનાના કકણુ હતા. કપાળમાં ન્હાની સુદર ટિપકી કરી હતી. ઓષ્ઠ પર તાબુલરસ જણાતો હતો. મ્હો પ્રેમ, સ્નેહ તેમજ સરળતા ભરેલુ ભાસતું હતું.

પાસેજ એક કીંમતી પાત્રમા શિરાજી ભરેલો હતો. પતિ પત્ની એક પછી એક શિરાજીપાત્રને પોતાના કઠમા ગટગટાવી દેતા હતા. નશીબનબીબી શિરાજીપાનથી અપૂર્વ આનદિત થઇ પતિના મુખ તરફ જોઇ રહી ગણુગણુ કરતી ગાન ગાતી હતી.

જહાન્દારખાને નશીબનબીબીએ આપેલુ ત્રિજુ પાત્ર પોતાના કઠમા ગટગટાવી દઇ નશીબન તરફ ટગર ટગર જોઇને કહ્યુ –"નશીબન ! તુ કેવી સ્વરૂપવતી છે ! ત્હારા સ્વરૂપની તુલના થઈ શકે તેમ નથી."

નશીબને કહ્યું.—"સ્વામિન્ ! જો તેમજ હોય તો એક વખત મનમાં વિચારી જુઓ કે-જે ખુદાએ સુદરી બનાવી છે--તે ખુદા જાતે કેવો સુદર હશે ! "

જહાન્દારખાને કહ્યુ--" નશીબનબીબી ! જ્યારે માણુસ સસારમા મસ્ત બને છે ત્યારે તે ખુદાને ભૂલી જાય છે. એક સાથે બે જાતની ગુલામી તે કરી શકતો નથી. સસારની સુખપૂર્ણ સ્થિતિમા ખુદાની કલ્પના ભાગ્યેજ કોઇના અતરમાં આવે છે ! કોઇ મનુષ્ય શયતાન હોય તો કોઈ મનુષ્ય દેવતા જેવો હોય છે. શયતાન લુચ્ચાઇ કરવામાં આનદ માને છે ત્યારે દેવતુલ્ય મનુષ્ય ખુદાની બદગી કરવામા જ આનંદ માને છે વળી કેટલાક મનુષ્યો સુન્દરીના સ્મરણ—દર્શન આગળ સઘળુ ભૂલી જાય છે. તેઓ સનમમાજ ખુદાનુ દર્શન કરે છે તે પ્રમાણે નશીબન ! હુ તને મ્હારી ખુદા સમજુ છુ--ખુદાની માફક રાત્રિ દિવસ ત્હારૂં સ્મરણુ કર્યા કરૂ છુ. વળી નશીબન ! તું કયા નથી જાણુતી કે દુખ પડયા સિવાય ખુદા યાદ

આવતો નથી જ્યારે દુખ પડશે ત્યારે હુ ખુદાનુ સ્મરણ કરીશ, તથા ખુદાની ઇચ્છા પણ જાણે કે એવી જ છે કેમકે આપણા સર્વ શ્રેષ્ઠ પ્રેમિક કવિવર હાફેજે કહ્યુ છે કે, "સુખ ખુદાની કૃપાનુ પરિણામ છે જ્યારે અનાવિલ સસાર સુખમા નિમગ્ન રહે ત્યારે તેને કદાપિ ઉત્તેજિત સ્વરે બોલાવીને વ્યાકુળ કરશો નહિ."

નશીબને હસીને કહ્યુ—'સ્વામિન્ ! તમે સકટમાથી બચી ગયા છો—મોતના ભયકર પઝામાથી મુક્ત થયા છો તેથી હુ શુ કાઇ અસુખી છુ ? ખુદાએ આં હતભાગિનીની બદગીથીજ તમારી તરફ ઉંચુ મ્હો કરીને જોયુ છે હમણા તમારૂ ચિત્ત અસ્થિર બની ગયુ છે તમે વિલાસ-વાસનાથી વિવેકને ગુમાવી બેઠા છો. ખરેખર, આ સમયે મ્હે આ પ્રસગ ઉંચકીને અન્યાય કર્યો છે !"

જહાન્દારખાને નશીબનને પોતાની છાતી સરસી ચાપી, તથા તેના લાલચોળ ઓષ્ઠાધર પર ચુબન કર્યુ

નશીબન સ્વામીના આવા અનન્ય અત્યાચારમાથી આત્મરક્ષણ કરવાને માટે પતિના કોમળ આલિગનમાથી મુક્ત થઈ ઉઠી ઉભી થઇ બનાવટી ક્રોધ દર્શાવતા તેણે કહ્યુ—"આ શુ કરો છો ? તમારી બુદ્ધિ હવામા ઉડી ગઇ છે કે શુ ?"

જહાન્દારખાન—હા, કાઇક એમજ છે ત્હારૂ આવુ રૂપ જોતાં આવી પકવ વયે બુદ્ધિશાળી શહેનશાહની બુદ્ધિ પણ હવામા ઉડી જાય તો હુ શા હિસાબમા ? નશીમન ! તુ કેટલી બધી સુંદર છે ! હુ કેટલો બધો ભાગ્યશાળી છુ કે તને મ્હારી પત્ની તરીકે મેળવી શકયો છુ ! ત્હારા જેવી સુન્દરીના સહવાસમા મ્હારા દિવસો પસાર થાય છે તેથી હુ કેટલો બધો સુખી છુ ! હુ હજારો નિરાશામા-દારૂણ દુ:ખમા હોઉ છુ તો પણ ત્હારૂ પ્રફુલ્લ વદન જોતાં હુ કેવો

આનંદઘેલો બની જાઉં છું ! નશીબન ! ખુદાની આ સૌંદર્યમયી દુનિયામાં તું સુંદરતાના અતુલનીય નમુના સ્વરૂપ છે ! ”

અમને લાગે છે કે, પ્રિયકર અને પ્રિયાના પ્રેમથી ઉત્પન્ન થતા સુવિમલ પ્રેમતરંગોમાં—ઇશ્વરનો અભિશાપ છે. કારણ કે આ સંસારક્ષેત્રમાં આપણે વારંવાર જોઇએ છીએ કે, જ્યાં પ્રેમિક પ્રેમિકાના અગર તો પ્રેમલુબ્ધ દંપતીના પ્રાણમાં, પ્રબળ આનંદ-તરંગો, પલકમાં આત્મમાન ભૂલી જવાનો ભાવ, તથા મિલનમાં સ્વર્ગ-સુખ હોય છે ત્યાં ગમે તે એક પ્રકારની અડચણ નડે છે ને નડે છેજ.

આનંદમાં, પ્રમોદોત્સવમાં, પ્રેમની ઉત્તેજનાથી-નીશો કેટલો આગળ વધી ગયો છે તે જહાન્દારખાન કે નશીબન સમજી શક્યાં નહિ. એકાએક ત્રીજા પ્રહરની નહબત વાગી ઉઠી. જડ જગત્ અને શાન્ત પ્રકૃતિ એ સમયે નિદ્રાનાં મોહમાં સમાચ્છન્ન હતા, તો પણ જે સઘળા નાગરિકો નિદ્રાને આધીન થયા નહોતા તેઓ આવી ગંભીર રાત્રે બિહાગનો ગુરૂ ગંભીર કરૂણાપૂર્ણ—ઝંકાર સાંભળીને અપાર્થિવ આનંદનો ઉપભોગ કરવા લાગ્યા

બરાબર આ સમયે એક પહેરગીરે આવી પહોંચ્યો

ખાનસાહેબના શયનાલયની બ્હાર એક ખોજો રાત્રિને સમયે સૂઇ રહેતો હતો આ ખોજો ઘણા વર્ષથી જહાન્દારખાનને ત્યાં નોકર તરીકે રહેતો હતો—તેથી તે ઘણો વિશ્વાસુ હતો. તેનું નામ જબરજસ્તખાન હતું.

જે કદાપિ બનતું નથી-- જે બની શકે એવી બિલકુલ સંભાવના હોતી નથી, એવા પ્રકારમાં આંખો ચોળતા ચોળતા બારણાં ઉઘાડયાં—જબરદસ્તખાન જ્યાં સૂઇ રહેતો હતો ત્યાં આખી રાત્રિ

સુધી દીવો બળ્યા કરતો તેથી તેને તે દિવસે દીવો સળગાવવાની કડાકુટ કરવી પડી નહિ.

જબરદસ્તખાને જોયુ કે, બગલાની બ્હાર પહેરો ભરનારા પહેરગીરે તેને જગાડયો હતો જબરદસ્ત તેના નામ પ્રમાણેજ બળવાન્ હતો. તેથી તેણે ઉઠી ક્રોધે ભરાઇને કહ્યુ —" શયતાન ! તુ જહન્નમમા જા ! જીન પરી તને આખોને આખો ખાઇ જાઓ ! ત્હે અત્યારે મ્હને શા માટે ઉઠાડયો ?"

પહેરગીરે કહ્યુ —" ભાઇ ! મ્હારો તિરસ્કાર કરવો હોય તો પછી કરજે, મ્હારે પણ નિરૂપાયે કાચી ઉઘમાથી જાગૃત થવું પડયુ છે મ્હને લાગે છે કે, કોઇ નવુ સકટ આવ્યુ છે ! "

જબરદસ્તખાને કહ્યુ —" સકટ! સકટ શાનુ છે ? "

પહેરગીર—જુઓ, શાન્તિથી સાભળો—મ્હને લાગે છે કે, આપણા માલિકના શિર પર મહા ભયકર સકટ આવ્યુ છે.

જબરદસ્તખાન—નહિ—નહિ— એ માની શકાય નહિ આપણા માલિક ખાનસાહેબ આ આગ્રા નગરીના મુખ્ય કોટવાલ છે. તેમને શિરે ભયકર સકટ આવેજ નહિ !

પહેરગીર—ભાઇ! ન્હાના મોટા સર્વે મનુષ્યો ની ઉપર ભાગ્યાનુસાર સકટ આવ્યા સિવાય રહેતુ નથી

જબરદસ્ત—હવે એ બધુ ડહાપણ મુકી દઇને શુ બન્યું છે તે જલદીથી કહે.

પહેરેગીર.—અત્યારે બે બાદશાહી સ્વારો બ્હાર આવીને રાહ જોતા ઉભા રહ્યા છે.

જબરદસ્તખાન—તુ શુ કહે છે ! આટલી રાત્રે !! અત્યારે રાત્રિના બે વાગ્યે તેઓ શા માટે આવ્યા છે !

પહેરેગીરઃ—શા માટે આવ્યા છે તે હું જાણતો નથી. તેમણે આ પત્ર મ્હારા હાથમાં આપીને કહ્યુઃ—"ઘણો જરૂરી કાગળ છે-હમણાં ને હમણાં ખાનસાહેબને જઇને આપ."

આ પ્રમાણે કહીને પહેરેગીરે પોતાના ફેંટામાંથી એક લાલ રંગનો પત્ર બ્હાર કાઢી જબરદસ્તખાનના હાથમાં આપ્યો. જબરદસ્તખાને કાગળને ચારે તરફથી જોયો. તેણે જોયુ કે, તેના પર બાદશાહી મહોર હતી! તેથી તે તરતજ પત્ર લઇને જહાન્દારખાન પાસે ગયો.

નશીબનબીબી અને ખાનસાહેબ એ સમયે સૂઇ રહેવાની તૈયારીમાં હતા નશીબન શિરાજીની સ્ફુર્તિથી અધીર થઇ જઇને ગાતી હતી કે,

"ક્યાં ગયા મેરે પ્યારે !
મન ચોરા રસિયા અમારા રે ?"

આ સમયે ખોજા જબરદસ્તખાને બ્હારથી દોરી ખેંચી. તરતજ શયનાલયમા એક ઘંટ વાગ્યો. ઘંટનો અવાજ સાભળી નશીબનબીબીએ પૂછ્યુ.—"ખાનસાહેબ! શુ બન્યુ હશે? અત્યારે એકાએક ઘંટ કેમ વાગ્યો? ઘંટ વગાડવાનો અધિકાર જબરદસ્ત ખાન સિવાય બીજા કોઇને નથી. આ પ્રકાર હુ બરાબર સમજી શકતી નથી. આપણા આવા અપાર આનંદના રંગરાગનો ભંગ થયો. જાઓ જોઇએ—શુ બન્યુ તે જુઓ."

જહાન્દારખાને કહ્યુ—"નશીબન! આજકાલ શાન્તિ આપણાથી દૂર નાસતી ફરે છે. તું હમણાં પાસેની ઓરડીમા ચાલી જા. હું તને થોડા સમયમાજ સઘળી હકીકત જણાવું છુ."

નશીબન ચચળ વિજળીની માફક બીજી ઓરડીમાં ચાલી ગઇ. ખાનસાહેબે શયનાલયના બારણા ઉઘાડયાં શયનાલયમાં પણ દીવો સળગતો હતો. જહાન્દારખાને બારણાં ઉઘાડીને જોયુ તો તેમનો વિશ્વાસુ ગુલામ જબરદસ્તખાન પોતાના હાથમા એક લાલ કાગળ ઝાલીને બારણા પાસે ઉભો રહ્યો હતો

જબરદસ્તખાને માલિકને જોતાજ એક લાબી સલામ ભરી કહ્યું —" ખુદા ! આપને સલામત રાખે."

જહાન્દારખાને ઉત્કઠિત સ્વરે કહ્યુ —" જબરદસ્ત ! શુ બન્યુ છે ?"

જબરદસ્તખાન'—ઘણો ગભીર પ્રકાર જણાય છે એમ ન હોત તો આ ગુલામનો પણ ગુલામ અત્યારે આપની સુખનિદ્રામા ખલેલ પહોચાડત નહિ. બાદશાહના બે સ્વાર આવ્યા છે તેમણે બગલાની બ્હાર પહેરો ભરનાર પહેરગીર મારફ્ક આ પત્ર આપને પહોચાડયો છે, તથા કહ્યુ —" પત્ર ઘણો જરૂરી છે"

જહાન્દારખાને ધ્રુજતા હાથે, ચિતાતુર હૃદયે એ લાલ રગનો પત્ર ઉઘાડીને વાચ્યો પત્ર વાચતાની સાથેજ જાણે કે એક પ્રકારની ઉત્તેજનાએ તેના મુખ પર દેખાવ દીધો. તેણે જબરદસ્તખાનને કહ્યુ —" તુ ઘોડેસ્વારોને હમણા થોડા સમય સુધી આપણા બગનામા વિશ્રામ લેવાનુ કહે, તથા મ્હારા ઘોડાના રક્ષકને ઘોડો તૈયાર કરવાનુ કહે, સિપાહીઓને કહે જે કે, તમે થોડો સમય વિશ્રામ લ્યો એટલામા હું આવું છુ."

જબરદસ્તખાન ચાલ્યો ગયો કે, તરતજ નગીબનબીબી પતિ પાસે આવી પહોચી. તેણે આવતાની સાથેજ પૂછ્યુ:—" શુ છે ખાનસાહેબ ?"

જહાન્દારખાને ગભીર મુખે કહ્યું:—" શુ બન્યુ છે તે હુ પણ બરાબર સમજી શકતો નથી. અત્યારે ને અત્યારે મ્હને મહારાજ બિરબલે શાહજાદા સેલિમના આરામમંજીલમાં હાજર થવાનુ જણાવ્યુ છે—એ ઉપરથી કાઇ સાધારણ પ્રકાર બન્યો હોય એમ ધારી શકાતુ નથી."

નશીબને કહ્યું—" ત્યારે શુ કરશો ? હમણાજ તમારે જવુ પડશે કેમ ?"

જહાન્દારખાને કાંઇક ઉત્તેજિત સ્વરે કહ્યું—" જરૂર જવુજ જોઇએ, બાદશાહ તેમજ શાહજાદામા કાંઇ વિશેષ તફાવત નથી; વળી શાહજાદા સેલિમજ હિદુસ્થાનના ભાવી શહેનશાહ છે."

જહાન્દારખાને થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો. પછીથી સહાસ્ય મુખે કહ્યુ—" બાદશાહ પાસે જતા મ્હને જેટલો ભય લાગે છે તેટલો શાહજાદા પાસે જતા લાગતો નથી. નશીબન ! તુ નિશ્ચિત જીવે સૂઇ જા શાહજાદા તરફથી આવુ રાત્રિનુ આમ-ત્રણ આ કાઇ પહેલવહેલુ નથી તુ ત્હારે બેફિકરથી સૂઇ જા હુ બનશે તો હમણાંજ પાછો આવી પહોચીશ"

આ પ્રમાણે કહીને જહાન્દારખાન વસ્ત્રો પહેરી બહાર નીકળ્યો. બે પહેરગીરોએ તેને સલામ કરી. પછી ત્રણે જણા ઘોડેસ્વાર થઇ ઉપડી ગયા.

જહાન્દારખાનના મનમાં વિવિધ પ્રકારના સદેહ થવા લાગ્યા. તે વિચારતો હતો કે—" સુલતાન સેલિમે આટલા દિવસ પછી એ-કાએક મ્હને આવા ભીષણ રાત્રિને સમયે કેમ બોલાવ્યો છે ? ત્યારે આ ખૂની મામલાનુ રહસ્ય હજી સુધી અમે જાહિર કરી શક્યા

નથી તેથી બાદશાહે પોતાની દંડાજ્ઞા સંબંધી બીજો કોઇ નવો હુકમ કાઢયો છે કે શુ ? પરતુ એમ બનવુ સભવિત નથી. હુ તો મહારાજ બિરબલથી ઉતરતા દરજ્જાનો નોકર છુ. જો અમારી દંડાજ્ઞામાં બાદશાહ નામવરે કાઇ ફેરફાર કર્યો હોય તો તરતજ તે મહારાજ બિરબલના જાણુવામા આવે. વળી જો દડાજ્ઞા થઇ ચુકી હોત તો આ ઘોડેસ્વારો પોતાની સાથે હાથ કડી પણુ લેઈ આવ્યા હોત.

" ના ના-- હુ બધા ઉધાજ વિચારો કર્યા કરૂ છુ. કાલે રાત્રે મહારાજ બિરબલે બાદશાહની આજ્ઞાથી છુપી રીતે આગ્રા નગરીનો ત્યાગ કર્યો છે--આ હકીકત એક વિશ્વાસુ માણુસ માર્ફત મ્હારા સાભળવામા આવી છે. તેમણે શા માટે છુપી રીતે આગ્રા નગરીનો ત્યાગ કર્યો હશે ? ત્યારે શુ તેમણે આ ખૂની મામલાનુ કાંઇ રહસ્ય જાણી તે સબધી મ્હારી સલાહ લેવા માટે મ્હને બોલાવ્યો હશે ?

" બાદશાહ બીમાર છે તે દિવસે વૈધરાજ--હકીમની--સાથે મુલાકાત થઇ હતી. તેમણે કહ્યુ હતું કે, બાદશાહ એટલા બધા દુર્બળ છે કે હજી પણુ પદર દિવસ સુધી તેઓ ' ઝરૂખા " મા દર્શન આપી શકશે નહિ અને જો એમજ છે તો પછી આમખાસમાં તો તેમના દર્શન થવાને ઘણો વખત લાગશે. આમ હોવાથી સઘળા રાજકાર્યો તેમણે શાહજાદા સેલિમને સોપ્યા હોય એ પણુ બનવા જેવુ છે.તેથીજ કદાચ શાહજાદાએ મ્હને બોલાવ્યો હશે."

ચિતાતુર ચિત્તે આ સઘળી હકીકત વિચારતા વિચારતાં જહાન્દારખાન પોતાના થાણા આગળ જઇ પહોચ્યો, તથા એક પહેરગીરને બોલાવીને ધીમેથી તેને કહ્યું:--" જે બે કેદીઓ તમારી હાજતમાં છે તેમની પર પૂરતી દેખરેખ રાખજો."

પહેરગીરે એક લાંબી સલામ કરી કહ્યું --" જનાબ' એ માટે આપ બિલકુલ બેફિકર રહો."

" બહુત ખુબ. " કહીને જહાન્દારખાન પોતાની સાથેના બે ઘોડેસ્વારો સાથે આરામ—મઝીલ તરફ ઉપડી ગયો.

પ્રકરણ ૧૯ મું.

કેદખાનામાંથી છુટકારો.

વાચકવર્ગ ! ચાલો આપણે એક વખત જહાન્દારખાનને ત્યાગ કરીને આ વિશાળ રહસ્યમય આગ્રા શહેરના મુખ્ય થાણા નીચે આવેલા કારાગારમા એક વખત પ્રવેશ કરીએ ત્યાં વળી એક નવીન અદ્દ્ભુત પ્રકાર બને છે તે જોઇ આવીએ

પૂર્વે અમે જે કારાગારની વાત કહી ગયા છીએ તે કારાગાર કારાગાર નહોતુ જો કે ત્યા પહેરાનો પૂરતો બદોબસ્ત હતો તો પણ મોગલોના બંગલાઓ નીચે આવેલા ભયકર કારાગારનુ જેવુ એ કારાગાર નહોતુ. વળી આ થાણામા આવેલા કેદખાનામાથી કેદી સહેલાઇથી નાશી છુટે તેમ નહોતુ.

જોતજોતામા ત્રણ દિવસો પસાર થઇ ગયા. લોકોમા એવી અફવા ચાલતી હતી કે, સમ્રાટની આજ્ઞાથી મહારાજ બિરબલ કોઇ જરૂરી કામને માટે ફત્તેહપુર સિક્રી ગયા છે તેઓ રાજધાનીમા ક્યારે પાછા આવશે એ કાઇ નકકી નહોતું. બીજી તરફ શહેનશાહની તબિયત પણ સારી નહોતી. વળી જહાન્દારખાનમા એટલુ બધુ

સાહસ નહોતું કે, તે બારોબાર શહેનશાહ પાસે જઇને પોતે પકડેલા બન્ને કેદીઓ સબધીના સમાચાર કહી શકે. તેથી કરીને જહાન્દારખાને મહારાજ બિરબલ પાછો આવે ત્યા સુધી બન્ને કેદીઓને સખ્ત પહેરા નીચે કેદ રાખવાનો નિશ્ચય કર્યો હતો

જહાન્દારખાન બન્ને વખત જઇને કેદીઓને જોઇ આવતો હતો તેણે બન્ને કેદીઓને બરાબર ઓળખી લીધા હતા જહાન્દારખાને કેદીઓ સાથેની વાતચિતમા ઘણી ભદ્રતા તેમજ નમ્રતા બતાવી હતી, તો પણ તે કેદીઓને મુખે ખૂની મામલા સબધનુ કાઇ પણ રહસ્ય જાણી શકયો નહોતો તેમને બન્નેને ઘણો ભય દર્શાવવામા આવતા પણ તેમણે કશી હકીકત જણાવી નહોતી તેમને જ્યારે આઠ દશ પ્રશ્ન પૂછવામા આવતા ત્યારે એક ઉત્તર મળતો હતો જે ઉત્તર મળતો તે ઉત્તર પણ સતોષજનક તો નહિ જ અકબરશાહની રાજ્યવ્યવસ્થાનો સનાતમ નિયમ એવો હતો કે, ગુન્હેગારે સપૂર્ણ રીતે ગુન્હો કર્યો છે એમ માલૂમ પડે નહિ ત્યા સુધી કોઇ પણ સરકારી નોકરે તેને બિલકુલ સતાવવો નહિ વળી તે સાથે એવો પણ નિયમ હતો કે, ખરો ગુન્હેગાર પ્રથમ પોતાનો ગુન્હો છુપાવે--અગર તો જાણી જોઇને તપાસના કામમા અડચણ ઉભી કરે તો તેને ભયકર સજા થશે સઘળા ગુન્હેગારો આ હકીકત જાણતા હતા—આથી ઘણા ગુન્હેગારો પ્રથમથીજ સત્ય હકીકત જાહિર કરી દેતા હતા પ્રાણ જવાના ભયથી તેઓ ખરી હકીકત છુપાવવાનુ સાહસ કરી શકતા નહિ સાધારણ ગુન્હાઓનો ન્યાય શહેનશાહ જાહેર દરબારમાજ કરતા હતા

મહારાજ બિરબલની ગેરહાજરી હતી શહેનશાહ બિમાર હતા તેથી જહાન્દારખાન બન્ને કેદીઓને કેદ કરીનેજ નિશ્ચિંત થયો. હ-

મેશાં પ્રભાતકાળે અને રાત્રિના પ્રથમ પ્રહરમા જહાન્દારખાન જાતે કેદીઓ પાસે જઇ આવતો હતો તથા કેદીઓને શાંતિમા દિવસો ગુજારતા જોઇને તે ઘણો નિશ્ચિત થયો હતો.

રાત્રિનો ત્રિજો પ્રહર હમણાજ ચાલુ થયો હતો. થાણામાના પહેરેગીરોની એક ટુકડી હમણાજ પહેરા ઉપર ચાલી ગઇ હતી જેઓ પહેરા પરથી પાછા ફર્યા હતા તેઓ થાકી ગયા હતા. તેથી તેઓ આખો મીચી પથારીમા પડ્યા હતા. તેમનુ રહેવાનુ ઠેકાણું થાણા આગળથી ઘણે દૂર હતુ માત્ર બે પહેરેગીરો થાણા પાસે પહેરો ભરતા હતા નીચે ઉતરવાના દ્વાર પાસે એક પહેરેગીર પહેરો ભરતો હતો આટલો બદોબસ્તજ પૂરતો હતો, કેમકે પહેરે-ગીરો સમજતા હતા કે, વાઘની ગુફામાથી પલાયન કરી જવાની શક્તિ અને સાહસ ઘણા થોડા લોકોમાજ હોય છે

પાઠક ! આપણે એક વખત થાણામાના કેદખાનામાં—કારા ગારમા પ્રવેશ કરીએ એ બન્ને કેદીઓ આ ભયકર રાત્રે શી વાત-ચિત કરે છે તે આપણે સાભળીએ એ મોગલોનુ કેદખાનુ છે તેથી આપણે ભયભીત થવાનું કાઇ કારણ નથી ગ્રથકારની ગતિ હમેશાં વાયુના જેવી હોય છે—એ ગતિને કોઇ અટકાવી શકતુ નથી તમે સ્વચ્છંદે અમારી સાથે આવી શકશો

એક ન્હાની પત્થરની ઓરડીમા ઇસ્કાન્દાર ચિતાતુર ચિત્તે એક પલગમા બેઠો હતો. થોડે દૂર બીજા એક ખાટલામા સિકન્દર-ખાન સૂતો સૂતો આખો મીચી દઇને કાઇ વિચાર્યા કરતો હતો

ઇસ્કાન્દારે કહ્યું.—"ભાઇ ! હજી કેટલા દિવસ સુધી આ ભયકર કેદ-ખાનામા રહેવું પડશે ? ઉપર જવાના ખુલ્લા માર્ગ તરફથી જે ન-

જીવું અજવાળુ આવે છે તે ઉપરથીજ સૂર્યોદય થયો છે યા તો દિવસ છે એટલુ જાણી શકાય છે. જ્યારે એ નજીવુ અજવાળું બધ થઇ જાય છે ત્યારે રાત્રિ થઇ છે એમ જાણી શકાય છે. અધકાર-મયી રાત્રે તો કાંઇ સમજી શકાતું નથી. આપણને આવા રીતે કેદ કરી રાખવાથી તેમનો શો ઉદ્દેશ સિદ્ધ થશે તે હું સમજી શકતો નથી આપણા છુટકારાનો એક પણ ઉપાય નથી કે શુ ?"

સિકન્દરે પોતાના ખાટલા ઉપર સૂતાં સૂતાંજ કરૂણાપૂર્ણ સ્વરે કહ્યું—"ખુદાએ ધાર્યું હશે તે થશે. હમણાની સ્થિતિ સબધી વિચાર કરવાની જરૂર નથી; પરતુ ભવિષ્યમા આપણી કેવી દુર્દશા થશે તેનો વિચાર કરી જો, ભાઇ !"

ઇસ્કાન્દારઃ—ભવિષ્યમાં જે ભયકર દુર્દશા થવાની છે તેનુ દર્શન હું અત્યારથીજ કરી શકુ છુ ! પરતુ વિના અપરાધે—

સિકન્દર—વિના અપરાધે ! તુ એમ ન બોલ. બાદશાહ કદાચ સાક્ષીઓના અભાવને લીધે ત્હારો ગુન્હો માફ કરી શકે, પરતુ હું ત્હારો જીવજાન દોસ્ત છુ છતાં ત્હારા ગુન્હાને માફ કરી શકતો નથી.

ઇસ્કાન્દારઃ—દોસ્ત ! હું કબૂલ કરૂં છુ કે મ્હે મહા ભયંકર ગુન્હો કર્યો છે, પરતુ સેલિમાના ખૂન માટે હું એકલોજ ગુન્હેગાર છુ કે શુ ? જેને લીધે આ ગુન્હો થયો છે તે પોતાના મ્હોટા અધિકારને લીધે ન્યાયના પંઝામાથી બચી જશે કે શુ? ખુદાના ન્યાય આગળ અમીર અને ફકીર બન્ને સમાન છે.

સિકન્દર.—મ્હારી પણ એવીજ માન્યતા છે; પરતુ ખુદાનો ન્યાય મૃત્યુલોકમાં ભાગ્યેજ ચાલી શકે છે જે દુનિયાનો બાદશાહ હોય છે તેજ દુનિયાનો ન્યાયકર્ત્તા ગણાય છે. તું જેની વાત કરે છે

તેના ઉપર ગુન્હો સાબિત કરવાની ત્હારામા શી તાકાત છે ? અને ધાર કે કદાચ તું તેના પર ગુન્હો મુકવાનો યત્ન કરે તો પણ તે ખરૂં કોણ માનશે ? વળી તેનો ગુન્હો સાબિત કરવા જેવું એક પણ પ્રમાણ ત્હારી પાસે છે કે ? અરેરે ! ઓ હતભાગ્ય ! હજી પણ તું ત્હારી સ્થિતિ સમજી શકતો નથી ? એક લાવણ્યમયી લલનાનુ ખુન કર્યાનો ગુન્હો ત્હારા શિર પર છે. તે ઉપરાંત એક મુસલમાન જે કરી શકે નહિ—એક મનુષ્ય જે કરી શકે નહિ—જેનામાં થોડુ ઘણુ પણ મનુષ્યત્વ છે તે જે કરી શકે નહિ—તે ત્હે કર્યું છે

આ તિરસ્કાર ભરેલા વચનો સાભળી ઇસ્કાન્દારે શાન્ત ભાવ ધારણ કર્યો. ત્યાર પછી થોડા સમય સુધી કાઇ વિચાર કરીને તેણે કહ્યુ —" ભાઇ ! તું મ્હારા મનની વાત સાભળીશ કે ? અતરની ઇચ્છા જાણીશ કે ? મ્હને મ્હારા પોતાની બિલકુલ ચિંતા નથી. મ્હને માત્ર ત્હારીજ ચિતા થયા કરે છે. સેલિમા ! મ્હારી જીવન-મોહિની સેલિમા તો હવે આ દુનિયામાથી હમેશાને માટે અદ્રશ્ય થઇ ગઇ છે—આ જીવનમા હુ હવે તેનુ દર્શન કરી શકનાર નથી. પશ્ચાત્તાપના ભયકર અગ્નિમા મ્હારા પાપનુ પ્રાયશ્ચિત્ત થશે; પરતુ ભાઇ ! મ્હને માત્ર ત્હારીજ ચિંતા થયા કરે છે. મ્હને ત્હારા જેવા જીવજાન દોસ્તનીજ ફિકર થયા કરે છે ભાઇ ! આ ખુની મામલામા ત્હારો બિલકુલ દોષ નથી. ત્હે કોઇ પણ પ્રકારનુ પાપ કર્યું નથી તો પછી ત્હારે આવુ દુ ખ શા માટે ભોગવવુ જોઇએ ? ખુદા ! તમે મ્હારો જીવ લ્યો. મ્હને ગમે તો તમે મહા દુઃખના સાગરમા ડૂબાવીદ્યો—પરતુ તમે મ્હારા નિરપરાધી દોસ્તનુ રક્ષણ કરો. ખુદા ! તમે જો સત્ય હો, જો કદાચ આ આસ્માનની ઉપર તમારૂં રાજ્ય

હોય, જો પાપી અને પુણ્યવાન્-સૌ કોઇ તમારાં બાળકો હોય તો તમે મ્હારો નાશ કરો અને મ્હારા બંધુનુ રક્ષણ કરો."

આ પ્રમાણે બોલીને ઇસ્કાન્દાર પોતાના બન્ને હાથથી પોતાનું મ્હો ઢાકી દઇને એક બાળકની માફક રડવા લાગ્યો.

સિકન્દર આ દયાજનક દેખાવ જોઇ શકયો નહિ તેણે પલગ પરથી ઉઠીને મિત્ર પાસે જઇ મિત્રની આખોમાના આસુ સાફ કરી નાખ્યા પ્રેમિક પુરૂષ જે પ્રમાણે પોતાની પ્રણુયિનીને પોતાની પાસે ખેચી લઇ તેને આલિગનમા બાધી લે તેવી રીતે સિકન્દરે પણ ઇસ્કાન્દારને સ્નેહાલિગનમા બાધી લીધો અને કહ્યુ —"ભાઇ! ત્હે જે કહ્યુ છે તે બરાબર છે! હુ મૂર્ખ છુ. ત્હારા અતરની વાત અત્યાર સુધી હુ બરાબર જાણી શકયો નહોતો ખરેખર, આ દુનિયામા માત્ર એક ખુદાજ શ્રેષ્ઠ છે! તેમના મહિમાનો પાર નથી—"

આ સમયે એકાએક એ કેદખાનાની ઓરડી પાસે એક છાયા-મૂર્ત્તિ આવીને ઉભી રહી! એ ન્હાની પત્થરની ઓરડીમાં એક દીવો સળગતો હતો ખરો, પરતુ કેદખાનામા જેવો દીવો હોય તેવોજ તે દીવો હતો. દીવાનો પ્રકાશ ઘણો ઝાંખો હતો

એ છાયામૂર્ત્તિએ ઓરડીના બારણા પાસે આવીને અસ્પષ્ટ સ્વરે કહ્યુ.—"ખરેખર, આ દુનિયામા ખુદાજ શ્રેષ્ઠ છે તેઓ જે ધારે તે જરૂર કરી શકે છે"

બન્ને કેદીઓએ આ વચનો સાભળી અતિ આશ્ચર્ય પામીને ઓરડીના બારણા તરફ નજર કરી. આવનારે કાંઇક આગ્રહ તેમજ ઉત્તેજનામય સ્વરે કહ્યુ—"ચુપ! ચુપ! ધીમેથી બોલો. તમારે મુક્તિ જોઇએ છીએ?"

ઇસ્કાન્દારે આવેગ ભર્યા અવાજે કહ્યુ—" જોઇએ છીએ—જોઇએ છીએ. મ્હારે પોતાને માટે નહિ–પરંતુ મ્હારા જીગરજાન દોસ્તને માટે મુક્તિ જોઇએ છીએ. મ્હને છુટો નહિ કરો તો કાઇ ફિકર નથી; પરતુ દયા કરીને મ્હારા આ દોસ્તને છુટો કરો."

જે છાયામૂર્ત્તિ એ ઓરડામા આવી હતી તેણે એક કાળા ઝભ્ભામા પોતાનુ સઘળુ શરીર છુપાવી દીધુ હતુ. જો કે તેનો કંઠ-સ્વર ઘણો કોમળ હતો, પરંતુ એ અવાજ પુરૂષનો હતો–કે સ્ત્રી જાતિનો હતો તે સમજી શકાતુ નહોતું એ અવાજને જાણે કે તે ઓળખતો હતો—પરતુ એ અવાજ આ ઠેકાણા સુધી આવી શકે એમ નહોતુ. મોગલ શહેનશાહના થાણામા આવેલા ગુપ્ત કેદખાના સુધી એ અવાજ આવી પહોચવો સર્વથા અસભવિત હતો.

ઇસ્કાન્દારે ફરીથી આવેગપૂર્ણ સ્વરે કહ્યુ—" કોણ છો તમે? તમે મ્હારા દોસ્તને બચાવો ખુદા તમારૂ કલ્કાણ કરશે."

છાયામૂર્ત્તિએ કહ્યુ—" હુ ગમે તે હોઉં તેની પચાત કરવા કરતાં અત્યારે તમારો છુટકારો કરવાનુ કામ ઘણું જરૂરનુ નથી કે?"

ઇસ્કાન્દારે કહ્યુ.—" તમારૂ કહેવુ ખરૂ છે. અમે અમારો છુટકારો ઇચ્છીએ છીએ. હવે અમે આ ભયકર કેદખાનાનુ અસા-ધારણ દુખ સહન કરી શકતા નથી."

એ છાયામૂર્ત્તિએ કહ્યું—" મ્હેં તમારો છુટકારો કરવાને માટે ઘણી સાહસિકતા કરી છે—તમે નિશ્ચિત રહો. હુ હમણા ને હમણાં તમને બન્નેને છુટા કરીશ, પરતુ તમારે મ્હારો એક કરાર માનવો પડશે."

ઇસ્કાન્દારે કહ્યુ—" તમારો એ કરાર શો છે તે કહો."

છાયામૂર્ત્તિએ ઉત્તર આપ્યો—" મ્હારો કરાર એજ છે કે, તમારે કાંઇ પણ બોલ્યાચાલ્યા સિવાય હું જ્યાં લઇ જઉં ત્યાં આવવું".

ઇસ્કાન્દાર—તેમ કરવાને અમને કોઈ પણ જાતની હરકત નથી.

છાયામૂર્ત્તિએ આ ઉત્તર સાભળી પ્રસન્ન થઇને કહ્યું—" તમે એ માટે ખુદાના કસમ ખાઓ "

ઇસ્કાન્દાર બોલી ઉઠયો—" હુ ખુદાના કસમ ખાઇને કહું છુ કે તમે પિશાચ હશો, શયતાન હશો, રાક્ષસ હશો અગર તો ગમે તે હશો તો પણ અમે કાંઇ પણ બોલ્યા કે પૂછ્યા સિવાય તમારી સાથે આવીશું. મ્હારા જીવજાન દોસ્તના રક્ષણને માટે-બચાવને માટે તમે કહો તે પ્રમાણે વર્તવાને હુ તૈયાર છુ. તમે અમને નરકમા લઇ જશો તો ત્યા આવવાને પણ અમે તૈયાર છીએ."

એ અજાણી છાયામૂર્ત્તિએ કહ્યું—" ત્યારે હુ આ ઓરડીના બારણાં ખુલ્લા રાખુ છુ—તમે મ્હારી સાથે આવો. જ્યા સુધી આપણે અહિંથી નાસી છુટીને કોઈ નિર્ભય સ્થાને જઇ નહિ પહોંચીએ ત્યા સુધી તમે શાન્તિથી મ્હારી પાછળ પાછળ આવજો."

ઇસ્કાન્દાર અને સિકન્દર સાથેજ બોલી ઉઠયા—" ભલે ચાલો —અમને હમણાને હમણા જ તમારી સાથે બ્હાર લઇ ચાલો"

પછીથી છાયામૂર્ત્તિની પાછળ પાછળ ઇસ્કાન્દાર અને સિકન્દર ઓરડીની બ્હાર નીકળી પડયા. બ્હાર જઇને તેઓ અસ્પષ્ટ સ્વરે બોલી ઉઠયા—" ખુદા ! ખુદા ! તમારી લીલા ન્યારી છે ! તમારા મહિમાનો પાર નથી."

ત્રણે જણાં ધીમેથી ઓરડીની બ્હાર નીકળી અતિ સાવધાનતાથી એક ચોકમાથી પસાર થઇને થાણાની બ્હાર જવા માટે પગથિયા ઉતરવા લાગ્યા

પગથિયાં ઉતરી તેઓ આગળ ચાલતા ચાલતાં મુખ્ય રાજમાર્ગ પર જઈ પહોચ્યાં. રાત્રિનો ત્રિજો પ્રહર હતો. આકાશમાં અસંખ્ય તારાઓ પ્રકાશી રહ્યા હતા એક દિવસે શુકલપક્ષની તૃતીયા હતી; પરન્તુ અંધકાર વિશેષ પ્રમાણમા નહોતો. પ્રકૃતિ સુંદરીએ ચન્દ્રદેવના વિરહથી કાળા વસ્ત્રો પહેરેલા હતા; તો પણ તારાઓના પ્રકાશથી એ કાળા વસ્ત્રો વિશેષ ભયંકર ભાસતા નહોતા.

જે ત્રણ જણા આ સમયે શાન્ત તેમજ એકાન્ત રાજમાર્ગ પર થઇને ચુપકીદીથી આગળ ચાલ્યા જતા હતા તેઓ સર્વે ચિતાતુર જણાતાં હતા. અડધા કલાક સુધી માર્ગ કાપ્યા પછી —આગ્રા નગરની બ્હાર ઘણે દૂર એક બે મજલાના મકાન આગળ જઈ પહોચ્યા પછી—એ અજાણી વ્યક્તિ ઉભી રહી તથા તેણે એ મકાનના પ્રવેશદ્વાર પાસે જઇને સંકેતસૂચક અવાજ કર્યો. વિના વિલંબે દ્વાર ઉઘડયા એ અજાણી વ્યક્તિએ ઇરકાન્દાર અને સિકન્દર સાથે એ મકાનમા પ્રવેશ કર્યો કે તરતજ પાછાં બારણા બંધ થઇ ગયા.

પ્રકરણ ૨૦ મું.

પાપનો પશ્ચાત્તાપ.

તેઓ જે મકાનમા ગયા એ મકાન આગ્રા શહેરથી ઘણે દૂર એક એકાત જગ્યાએ આવેલુ હતું. આસપાસ થોડાં ઘણાં મકાનો હતા અને તે ઉપરથી એ ઠેકાણાનો દેખાવ એક ન્હાના ગામડાના

જેવો હતો. રસ્તે ઝાઝા માણુસોનો અવર જવર નહોતો. ઇસ્કાન્દાર અને તેના દોસ્ત સિકન્દરે જ્યારે પેલી અપરિચિત વ્યક્તિ સાથે મકાનમા પ્રવેશ કર્યો ત્યારે તેમણે એક બીજાનો હાથ દબાવ્યો—તેનો અર્થ એવો હતો કે બન્ને જણા આશ્ચર્યચકિત બની ગયા હતા. તેઓ કયા આવ્યા છે તે કાઇ સમજી શકતા નહોતા.

જે અપરિચિત વ્યક્તિ તેમને બન્નેને સાથે લઇ આવી હતી તેનુ મ્હો, હાથ પગ સૌ કાળા વસ્ત્રમા ઢકાયેલુ હતુ. મ્હો પરનો બુરખો એવો હતો કે અધકાર થોડો હોવા છતા એ વ્યક્તિને ઓળખી શકાતી નહોતી. તેનો કઠસ્વર ઘણો કોમળ હતો અત્યાર સુધી તેઓ કાઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય એ અજાણી વ્યક્તિ સાથે આવ્યા હતા તેથી એ અજાણી વ્યક્તિ પુરૂષ હતી કે કોઇ સુદરી હતી તેનો કશો નિર્ણય તેઓ કરી શક્યા નહોતા. છતાં બન્ને દોસ્તોએ એવી કલ્પના કરી હતી કે તેમને બન્નેને કેદખાનામાથી છોડાવનાર એક સુદરીજ હોવી જોઇએ

જે માણુસે આવીને મકાનનુ બારણુ ઉઘાડયુ તેના કાનમા રમણીએ ઘણાજ અસ્પષ્ટ સ્વરે કાઇ કહ્યુ, પરતુ તેણે શુ કહ્યુ તે ઇસ્કાન્દાર કે સિકન્દરના જાણવામા આવ્યુ નહિ તેઓ જ્યા હતાં ત્યાજ સ્થિરતાથી ઉભા રહ્યા. એવામા એકાએક મકાનમા સળગતા દીપકનો પ્રકાશ ફેલાયો ઇસ્કાન્દાર અને સિકન્દર સમજ્યા કે મેડા પરથી કોઇ માણુસ દીવો લઇને તેમની તરફ આવે છે.

અજાણી છાયામર્ત્તિએ ઇસ્કાન્દાર તેમજ સિકન્દરને સબોધીને અસ્પષ્ટ સ્વરે કહ્યુ —" તમે બિલકુલ ભય પામશો નહિ. જે માણુસ દીવો લઇને આવે તેની સાથે તમે કોઇ પણ પ્રકારનો સદેહ રાખ્યા

સિવાય ગુપચુપ જાઓ. હમણા મ્હને ઘણો થાક લાગ્યો છે, કાલે હું તમારી મુલાકાત લઇશ "

આ પ્રમાણે કહી પ્રત્યુત્તર સાભળવાને થોભ્યા સિવાય એ છાયામૂર્ત્તિ ક્ષણ માત્રમા અદ્રસ્ય થઇ ગઇ, તેની આવી વર્તણુકથી ઇસ્કાન્દારે વિચાર્યું કે—" એ છાયામૂર્ત્તિ એ મકાનની આસપાસના રસ્તાઓથી સપૂર્ણ પરિચિત હોવી જોઇએ, નહિ તો તે અધકારમા આ પ્રમાણે એકદમ અદ્રશ્ય થઈ જાય નહિ "

જે માણસ મેડા પરથી દીવો લઇને નીચે આવ્યો તે માણસ દેખાવમાં ઘણો કાળો હતો તેમજ એક આખે આધળો હતો તેના મ્હોનો દેખાવ હબસી ખોજાના જેવો હતો. દાઢી મુછ જણાતા નહોતા તેનુ મ્હો ઘણું નિષ્ઠુર જણાતું હતું તેની દૃષ્ટિ ઘણી ચાલાક હતી. કોઇ પણ પ્રકારનો નીશો કરતા આખો જેવી લાલચોળ બની જાય છે તેવીજ તેની આખો લાલચોળ જણાતી હતી.

આ બળવાન્ પુરૂષની કમ્મરમા એક મેલા ચામડાના મ્યાનમા એક તીક્ષ્ણ કટાર હતી. ડાબા હાથમા એક ન્હાનુ ફાનસ હતુ, તેના જમણા હાથમા એક ચાવીઓનુ ઝુમખુ હતું ઉમરે તે જો કે વૃદ્ધ જણાતો હતો, પરતુ ભલભલાને મ્હાત કરી નાખે એવો તેનો બાધો હતો

ઇસ્કાન્દારે કલ્પનાથી એમ વિચાર્યું કે ઘણું કરીને એ હબસીએજ અધકારમા આવીને પ્રથમ મકાનનુ બારણ ઉઘાડયુ હશે. એ હબસીએ આવીને પ્રથમ તો મકાનના પ્રવેશ કરવાનાં બંધ બારણાને એક મજબુત તાળુ વાસી દીધુ. પછીથી ઇસ્કાન્દાર તેમજ સિકન્દરને પોતાની પાછળ આવવાનો હસ્તસંકેત કરીને તેણે એક ન્હાની ઓરડીમા પ્રવેશ કર્યો. એ ઓરડીમાથી એ હબસી એક દાદર પર

ચઢવા લાગ્યો. એ દાદરનાં પગથિયા પત્થરનાં બનેલાં હતાં. દાદર ચઢી ગયા પછી એ ત્રણે જણાએ એક સુસજ્જિત તેમજ સુંદર ઓરડામા પ્રવેશ કર્યો. એ ઓરડામાં એક મ્હોટો પ્રકાશિત દીપક બળગી રહ્યો હતો. કોઈ ગૃહસ્થનો બેઠકનો ઓરડો જે પ્રમાણે સર્વ સાધનોથી સુસજ્જિત હોય તેવોજ સુસજ્જિત એ ઓરડો હતો.

એ કાળા, એક આંખે આંધળા હબસી ખોજાએ બન્ને યુવકોને સંકેતથી એમ કહ્યું કેઃ—" આ ઓરડો આપને માટેજ છે; ખાવા પીવાની સઘળી વ્યવસ્થા પણ અહિંજ થશે "

ખરી રીતે જોવા જતા થાક તેમજ ચિંતાને દૂર કરવાના સઘળા સાધનો એ ઓરડામા હતા. ખોજાએ એ બધા સાધનો હસ્તસંકેતથી બતાવી દીધા. પછીથી તે ફાનસ સાથે લઇને ધીમે ધીમે ચાલ્યો ગયો. આ ખોજો પોતે જાણી જોઇને કાઇ બોલતો નથી કે ઇશ્વરે તેને બોબડોજ બનાવ્યો છે ? પ્રભુ જાણે કે આ વળી શુ રહસ્ય છે ? તે એટલી બધી ઉતાવળથી ચાલ્યો ગયો કે ઇસ્કાન્દાર તેમજ સિકન્દર બેમાથી એકકે તેને કાઇ પૂછી શકયા નહિ

ઇસ્કાન્દારે જોયુ કે, એ એકાંત ઓરડાના એક ભાગમા સફેદ ફીણના જેવી ઉજળી તેમજ સુંદર બે શય્યાઓ હતી. તેનાથી થોડી દૂર એક મ્હોટી ગાદી નાખેલી હતી. એ ગાદીની ઉપર બે ચાર તકિયાઓ પણ ગોઠવેલા હતા એક હુક્કો ભરેલો પણ તૈયાર પડયો હતો. હુક્કામાંની તમાકુ એટલી બધી સુગંધિત હતી કે તેની સુવાસ આખા ઓરડામાં ફેલાઇ રહી હતી.

ઓરડાની બ્હાર એક ન્હાનો ચોક હતો એ ચોકમાં એક પિત્તળનુ વાસણ સ્વચ્છ જળથી ભરીને રાખી મૂક્યુ હતું. હાથ મ્હોં ધોવાને માટે ત્યા આગળ એક રૂમાલ પણ મુકેલો હતો.

એ ઓરડામાં પોતાના દોસ્ત સિવાય બીજું કોઇ નહિ હોવાથી ઇસ્કાન્દારે તેના બધુને કહ્યુઃ—" દોસ્ત ! આ શો પ્રકાર છે તે તું સમજી શકે છે કે ? મ્હને લાગે છે કે આપણે કોઈ ભયકર સંકટ-જનક સ્થાને આવીને ફસાઇ પડયા છીએ "

સિકન્દરખાને કહ્યું—" હું તો કાંઇ સમજી શકતો નથી. આપણે કદાચ ચુલામાથી નીકળીને હૉલામાં પડયા હોઇએ તો તે બનવા જેવુ છે. આ બધો પ્રકાર ઘણો રહસ્યમય જણાય છે ! એ માણસ પોતાની ઇચ્છાથીજ બોબડો બન્યો છે કે કેમ તે સમજી શકાતું નથી. તેનુ ભયકર મ્હો તેમજ સિહના જેવી લાલચોળ આખો જોઇને હું તેને કાઇ પણ પૃછવાનુ સાહસ કરી શકયો નથી. "

ઇસ્કાન્દાર—ત્યારે હવે ઉપાય ?

સિકન્દર—ઉપાય તો કાઇ જણાતો નથી. ઘટનાપ્રવાહે આપણુને કેદખાનામાથી બચાવી બીજે એક ભયકર સ્થાને ફસાવી દીધા હોય એમ લાગે છે. હવે તો માત્ર ખુદાનો આધાર છે.

ઇસ્કાન્દાર—દોસ્ત ! ત્હારૂ કહેવું ખરૂ છે આ બધો રહસ્યમય પ્રકાર જોઇ હું ભૂતકાળની ચિતાને ભૂલી જઇ ચાલુ સ્થિતિની ચિતામાં પડયો છુ.

સિકન્દર— ચિતા કરવાથી શુ થનાર છે ?

ઇસ્કાન્દાર,— એ વાત ખરી છે, પરતુ મ્હને આપણી સ્થિતિ ભયમુક્ત જણાતી નથી. મ્હને લાગે છે કે આપણે ફરીથી સંકટમાં સપડાઇશુ.

સિકન્દર—આપણે જે મ્હોટા સકટમાંથી બચી ગયા છીએ એ મ્હોટા સંકટ આગળ આ સકટ તુચ્છ છે !

ઇસ્કાન્દાર—ત્યારે ચાલ, આપણે ગુપચુપ અહિથી નાસી છુટીશુ ?

સિકન્દર—દોસ્ત ! તું તદ્દન મૂર્ખ છે—પાગલ છે—ચક્રમ છે ! ત્હારા ચિત્તનુ તેમજ ત્હારી વિચારશક્તિનુ કાઇ ઠેકાણુ નથી ! આપણને કાળના કરાળ પઝામાથી કોણે બચાવ્યા છે તેને જાણ્યા સિવાય—આપણા રક્ષણકર્ત્તાને ઓળખ્યા સિવાય—આ ભયકર રહસ્યમય મામલાનો ભેદ જાણ્યા સિવાય--શુ તું અહિથી ગુપચુપ નાસી જવાની ઇચ્છા રાખે છે ?

બન્ને મિત્રોની વાતચિત આટલેથીજ અટકી. ઉપર ઓળખાવેલો હબસી ખોજો પાછો તેમની પાસે એ સુસજ્જિત ઓરડામા આવી પહોચ્યો તેની સાથે એક બાદી હતી. એ બાદી પણ ખોજાના જેવી બેડોળ અને કદરૂપી હતો ! તેના મ્હો પરથી તે ઘણી શયતાન હોવી જોઇએ એવી કલ્પના ઉપજતી હતી.

એ બાદી એ ખોજાની બ્હેન હોય એમ લાગતું હતું. બન્નેના આકાર પ્રકાર સરખાજ જણાતા હતા. એ બાદીના મ્હો પર વળી શીળીના ડાઘ હોવાથી તે વિશેષ કદરૂપી લાગતી હતી !

એ કાળા ખોજાએ હસ્તસંકેતથી હાથ પગ ધોવાનુ પાણી બતાવ્યુ.

ઇસ્કાન્દારે હવે ધૈર્યનો ત્યાગ કરી પુછ્યુ—" તુ કોણ છે ? અમને ક્યાં લાવીને રાખવામા આવ્યા છે ? હુ તને ખુદાના કસમ આપીને કહુ છુ કે તુ મ્હારા પ્રશ્નોનો ખરો ખુલાસો આપ. "

આ પ્રશ્નોનો કશો ઉત્તર મળ્યો નહિ. ખોજો તો પ્રથમ પ્રમાણે નિરૂત્તર—શાન્ત રહ્યો.

સિકન્દરે કહ્યુઃ—" અમે હમણાંજ હાથ મ્હો ધોઇએ છીએ, પરંતુ તુ અમારા પ્રશ્નોના ખરા ઉત્તરો આપી અમારી ઉત્સુક્તા દૂર કર."

ખોજાએ સિકન્દરના વાકયનો કાંઇ પણ ઉત્તર નહિ આપતા તેની સાથેની બાદીને ઈશારતથી કહ્યુ —" તું સઘળી વસ્તુઓ અહિઆ મુકી દે."

બાદીએ તરતજ ખોજાની સૂચના પ્રમાણે કામ કર્યું તેણે એક ઢાકેલુ ચાદીનુ પાત્ર નીચે મુકી દીધુ એ પાત્રમા બન્ને યુવકોનો ખોરાક હતો.

બાદી ખાદ્યસામગ્રીના પાત્રને યથાસ્થાને મૂકી વિજળીની ઝડપે એ ઓરડામાથી ચાલી ગઈ.

આ વખતે ખોજો પોતાના શરીર પર એક કાળો ઝભ્ભો ઓઢીને આવ્યો હતો માત્ર તેની બે આંખોજ ખુલ્લી હતી. એ આંખોમાથી જાણે કે અગ્નિકણો ઝરી પડતા હતા. ખોજો થોડા સમય સુધી ઇસ્કાન્દાર અને સિકન્દરના મ્હોં તરફ ટગર ટગર જોઇ રહ્યો. પછીથી તેણે કહ્યુ—" કોઇ પણ પ્રકારનો ભય રાખશો નહિ. તમે નિરાતે ખાનપાન કરો. આ પાસે જે શય્યા જુઓ છો તે તમારે માટેજ તૈયાર રાખવામા આવી છે."

ઘણા સમય પછી આ બોબડા પુતળાના મ્હોડે આટલો ખુલાસો સાંભળી બન્ને મિત્રો આશ્ચર્યમા પડી ગયા. ઈસ્કાન્દારે ખોજાને કહ્યુંઃ—" ભાઈ! તને હુ એક વાત પૂછવાની ઇચ્છા રાખુ છુ. હુ તને ખુદાના કસમ આપીને કહું છુ કે હું તને જે પૂછુ તેનો ખરો ઉત્તર આપજે. તું અમારી આવી ઉત્તમ આગતા સ્વાગતા

કરે છે એ માટે અમે બન્ને અંતઃકરણપૂર્વક તને ધન્યવાદ આપીએ છીએ; પરંતુ ભાઇ! તું કહીશ કે અમને કયા આગળ લાવીને રાખવામા આવ્યા છે ? ”

ખોજાએ ઉત્તર આપ્યો:—“ કાલે રાત્રે તમે સઘળી હકીકત જાણી શકશો. હમણાં એ માટે વ્યાકુળ બની જશો નહિ ”

સિકન્દરે કહ્યુ—“ આજે કહેવાને શી હરકત છે ? ”

ખોજો—હુ માત્ર હુકમનોજ નોકર છુ. તમારી સાથે કાંઇ પણ બોલવા ચાલવાની મ્હારી શેઠાણીએ મ્હને મના કરી છે.

સિકન્દર—ત્હારી શેઠાણી ? કોણ છે તે ? શુ અમે તેમનું એક વખત દર્શન નહિ કરી શકીએ ?

ખોજો:—શા માટે નહિ દર્શન કરી શકો ! તેમને તો તમે જોયા છે ! જેઓ તમને અહિ લઇ આવ્યાં છે, જેમના સંકેતસૂચક અવાજથી મ્હે આ વિશાળ મકાનના બારણા ઉઘાડયા હતા—જેમના હુકમથી હું તમને અહિ લાવ્યો છુ—તેઓજ મ્હારા શેઠાણી છે.

સિકન્દર.— બીજી એક વાત જાણવાની હું ઇચ્છા રાખું છું.

ખોજો:—શી, કહો ?

સિકન્દર.—અમે અહિ સ્વતંત્ર છીએ કે પરતંત્ર કેદી છીએ ?

ખોજો—તમે કેદી તો નથીજ, પરંતુ તમારી પર દેખરેખ રાખવાનુ મ્હારી શેઠાણીએ મને ફરમાવ્યું છે.

સિકન્દર:—ત્યારે જો કદાચ અમે તમારી અતિથિ—સેવા ન સ્વીકારતાં અત્રેથી નાશી છૂટીએ તો ? !

ખોજો—તમે અહિથી નાશીને જઇ શકો તેમ નથી. આ મકાનનાં સઘળાં બારણાં મજબુતાઇથી બંધ કરી દીધેલા છે. તે સિવાય ચાર હબસી ખોજાઓ આ ઓરડાની આસપાસ પહેરો ભર્યા

કરનાર છે. જો નાશી જવાની ખટપટ કરશો તો ઉલટા મ્હોટા સકંટમાં સપડાશો. જેમણે મહા દુઃખ વેઠીને કોઇ પણ પ્રકારનો ભય રાખ્યા સિવાય ઘણી સાહસિકતાથી કેદખાનામાંથી તમને છુટા કરી આણ્યા છે તેમના તરફ તમારે કેવી વર્તણુક ચલાવવી એ વિચારવા જેવુ છે. વળી અહિં તમે આજની રાત્રિ કોઇ પણ પ્રકારની શંકા રાખ્યા સિવાય પસાર કરો.

આ પ્રમાણે કહીને એ ખોજો બીજુ કાંઇ બોલ્યા સિવાય તરતજ એ સુસજ્જિત ઓરડામાથી ચાલ્યો ગયો જતી વખતે તેણે જેવાં એ ઓરડાના બારણા બધ કરવાને પોતાના હાથ લબાવ્યા કે તરત જ ઇસ્કાન્દારખાને ઘણાજ વેગથી તેને એક ધક્કો માર્યો.

એ ખોજો ઇસ્કાન્દાર જેવા એક બળવાન્ યુવકનો ધક્કો ખાધા છતા સહજ પણ હાલ્યો ચાલ્યો નહિ—ચચળ પણ થયો નહિ. તે સાથેજ તેણે પ્રેતની માફક ભયકર હાસ્ય કરીને પોતાના કમરમાની કટાર બ્હાર ખેચી કાઢી. તેના જમણા હાથમા કટાર હતી. ડાબા હાથથી તેણે ઇસ્કાન્દારના બન્ને હાથ મજબુતાઇથી પકડી રાખ્યા પછીથી પોતાના હાથમાંની કટાર જેવો તે ઇસ્કાન્દારને મારવા જતો હતો એવામા સિકન્દરે તેની પાસે આવીને કહ્યુ—"દોસ્ત ! તને ખુદાના કસમ છે ! તુ મ્હારા આ દોસ્તને માફ કર. તેને બચાવ."

આ વાકય સાંભળી ખોજાએ તરતજ પોતાના હાથમાની તરવાર કમર પરના મ્યાનમા ખોસી દીધી. પછીથી તેણે ઇસ્કાન્દારનો હાથ છોડી દઈને કહ્યુ—"તમારો આ મિત્ર ઘણો મૂર્ખ જણાય છે ! એ જાણતો નથી કે હું વૃદ્ધ થયો છુ તો પણ તેના જેવા દશ યુવકોને ક્ષણ માત્રમા હરાવી દઉ તેમ છુ, પરતુ જ્યારે તમે મ્હને ખુદાના કસમ દીધા છે ત્યારે હુ તમારા મિત્રને માફી આપુ છુ; પરતુ

સાવધાન ! જાઓ હવે તમે બન્ને જણા સૂઇ રહો. અમે ધારીશુ તો પાછા તમને બન્ને જણાને કેદખાનામા મોકલી શકીશુ. તમે ઘણા નિમકહરામ છો—શયતાન છો.

ઇસ્કાન્દાર આ ભયકર પ્રકારથી એટલા બધા આશ્ચર્યમા પડી ગયો કે તે કાઇ પણ બોલ્યા સિવાય ચુપકીદીથી પથારી પાસે ગયો. ખોજો પણ તરતજ ઓરડાના બારણા બધ કરી ચાલ્યો ગયો.

બન્ને બધુઓના આશ્ચર્યનો પાર નહોતો આવા ધરડા ખોજામા આટલુ બધુ બળ ! ઇસ્કાન્દારે એ ધરડા ખોજાના બળનો વિશેષ પરિચય મેળવ્યો હતો ! સિકન્દરનો સ્વભાવ ઇસ્કાન્દારના સ્વભાવ કરતા ઘણો નમ્ર હતો તેણે એવો નિશ્ચય કર્યો કે, તેઓ મ્હોટા સકટમા સપડાયા છે

પ્રથમથીજ જે પ્રકાર બનતો હતો તે રહસ્યમય જણાતો હતો. કેદખાનામા તેઓ મૃત્યુને મળવાને માટેજ તૈયાર થઇ રહ્યા હતા. અતે કોઇ પણ પ્રકારની વિનતિ કે પ્રાર્થના કરવામા આવેલી નહોતી તો પણ ખુદાએ એક સુદરીને મોકલી તેમને છોડાવ્યા. એ સુદરીનું સમસ્ત અગ એ સમયે કાળા ઝભ્ભામા ઢકાઇ રહેલુ હતું. વળી તેણે પોતાનો કઠસ્વર સુદ્ધા એટલો બધો બદલી નાખ્યો હતો કે તે ઉપરથી પ્રથમ એ સુદરી હશે કે પુરૂષ તેનો નિર્ણય થઇ શકયો નહોતો. છેવટે આ હબસી ખોજાના કહેવાથીજ ઇસ્કાન્દાર તેમજ સિકન્દરને માલૂમ પડયુ કે તેની શેઠાણીએજ તેમનો બન્નેનો ભયકર કેદખાનામાથી છુટકારો કર્યો છે

આટલો ખુલાસો થયા પછી બન્ને મિત્રોને એવી ચિતા થવા લાગી કે એ સ્ત્રી કોણ હશે ? તેઓ બન્નેમાથી એકકેની સાથે એ સ્ત્રીનો પૂર્વે પરિચય હોય એમ લાગતું નહોતું વળી મનુષ્ય કોઇ

પણ કાર્ય ઉદ્દેશ વિના કરતુ નથી. સ્વાર્થને દૂર કરી કોઇ પરોપકાર કરવા આગળ પડતુ નથી. જેઓ સ્વાર્થશૂન્ય દષ્ટિથી માત્ર પરોપકાર કરે છે—તેઓ તો મહાત્મા ગણાય છે, પરતુ આ સ્વાર્થી દુનિયામાં એવા મહાત્માઓ ભાગ્યેજ જોવામા આવે છે. વિશ્વમાં એવા મહાત્માઓ વિરલજ હોય છે—ત્યારે એ બન્ને દોસ્તને કેદખાનામાંથી છોડાવવામા એ સ્ત્રીનો શો સ્વાર્થ હશે?

બન્ને મિત્રોની ચિન્તા એકજ પ્રકારની હતી. ઘણો સમય તેમણે વિચારો કરવામા પસાર કર્યો. પછીથી સિકન્દરે મૌનનો ભગ કરીને કહ્યુ—" ઇસ્કાન્દાર! ભાઇ! શો પ્રકાર છે, તે તુ કાંઇ સમજી શકે છે? "

ઈસ્કાન્દારે એક મર્મભેદક ગાઢ નિશ્વાસ મુકીને કહ્યુ—" ના ભાઇ! હું તો કાંઇ સમજી શકતો નથી "

સિકન્દર—આ સઘળો પ્રકાર ધીમે ધીમે વિશેષ રહસ્યમય બનતો જાય છે!

ઇસ્કાન્દાર—હું પણ એમજ વિચારૂ છુ!

સિકન્દર—એ અદ્દ્ભત સ્ત્રી કોણ હશે! આપણને ભયકર કેદખાનામાથી છોડાવી લાવી અહિ રાખવામા તેનો શો ઉદ્દેશ હશે?

ઇસ્કાન્દાર—એ સ્ત્રી આપણને જીવતા નહિ મારી નાખે; છતા તેનુ વર્ત્તન ઘણું રહસ્યમય જણાય છે.

સિકન્દર:—ત્યારે હવે છુટકારોનો કોઇ ઉપાય?

ઇસ્કાન્દાર—જે સ્ત્રીએ આપણને અહિ લાવીને નજરકેદમા રાખ્યા છે તેની કૃપા સિવાય છુટકારો થવો તદ્દન અસભવિત છે.

સિકન્દર:—ચાલ ત્યારે, હમણા તો આપણે થોડુ ઘણુ ખાઇ

સઇએ. આપણે ઘણા થાકી ગયા છીએ. નિદ્રાની આપણને ઘણી જરૂર છે.

ઇસ્કાન્દારઃ—અજાણ્યે ઠેકાણે અજાણ્યા માણસ તરફથી મળતા ખોરાકમા જહર હોવાનો સભવ છે.

સિકન્દર —ના ના—ઇસ્કાન્દાર ! એવો સદેહ રાખવાનુ કાઇ કારણ નથી

આ પ્રમાણે કહીને સિકન્દરે ઉઠીને એ ભોજન પાત્રનુ ઢાંકણુ ઉઘાડયુ અદર બન્ને જણને બસ થઇ પડે એટલો ખોરાક હતો. પુલાવ, કબાબ, રોટી તેમજ તરકારીથી એ પાત્ર ભરેલુ હતું. બન્ને બધુઓ ઘણા ભૂખ્યા થયેલા હોવાથી તેમણે એ બધા ખોરાકને પેટમા પધરાવી દીધો. પછીથી સુવાસિત જળ પીધુ અને તેમનો થાકેલો જીવ, કટાળી ગયેલુ શરીર તેમજ ચિતાતુર ચિત્ત કાઇક શાન્ત થયુ.

ત્યાર પછી બન્ને મિત્રો શય્યામા સૂતા. થોડાજ સમયમા તેઓ નિદ્રાધીન ગઇ ગયા; પરતુ એ નિદ્રા સુખની નિદ્રા હોવા છતા ચિ-તાશૂન્ય નહોતી. ઇસ્કાન્દારે નિદ્રાધીન સ્થિતિમા એક સુદર સ્વપ્ન જોયુ. તેણે જોયુ કે, તે જાણે કે એક નિર્જન તેમજ ભયંકર જગલમા જઇ ચઢ્યો છે. એ જગલમાં કોઇ પણ પશુ પ્રાણીનો અવાજ સભળાતો નથી. જ્યા જુએ છે ત્યાં કાળા રાક્ષસ જેવાં વૃક્ષો આકાશ સાથે વાતો કરી રહ્યાં છે. જંગલમા જ્યાં જુએ છે ત્યા ઘનઘોર અધકાર જણાય છે. પૃથિવીદેવીએ ચદ્ર-વિયોગનો શોક પ્રદર્શિત કરવા કાળાં વસ્ત્રોથી પોતાના સમસ્ત અંગને ઢાંકી દીધું છે.

એ મહા ભયકર અધકારપૂર્ણ જગલમા માત્ર ઇસ્કાન્દાર સિવાય બીજુ કોઇ નથી! એ વનમા હિસક પશુઓ નથી, પક્ષીઓ નથી, કીટ નથી, પતગ નથી—છે માત્ર ભયકર અધકાર એ અધકારથી જાણે કે શ્વાસ બધ થઇ જાય છે ઇસ્કાન્દારને ઘણો ભય ઉપજ્યો. તે ભયથી વ્યાકુળ બની જઇને ધડકતે હૃદયે એ જગલમા માર્ગ કાપવા લાગ્યો, પરતુ જેમ જેમ તે માર્ગ કાપવા લાગ્યો તેમ તેમ માર્ગ આગળ વધવા લાગ્યો અતે ઇસ્કાન્દારે ધૈર્ય ગુમાવ્યુ. તેણે આકાશને ગજાવી મુકે એવા કઠાર સ્વરે કહ્યુ —" આટલામા કોઇ છે કે નહિ ? જો હોય તો મ્હને માર્ગ બતાવી દ્યો. મ્હારો જીવ જાય છે." પરતુ આ વાકયોનો કશો ઉત્તર મળ્યો નહિ ઉલટુ આ વાકયોનો પડઘો સાભળીને ઇસ્કાન્દાર વિશેષ કપવા લાગ્યો. તેને લાગ્યુ કે, તેણે જે પડઘો સાભળ્યો તે ખરો પડઘો નહિ, પરતુ તે કોઇ ઉપદેવતા તેની મશ્કરી કરે છે તેનો અવાજ છે. એ નિશ્ચય ભૂતપ્રેતનુ રહેવાનુ ઠેકાણુ છે! ઇસ્કાન્દાર તદ્દન ઉન્મત્ત બની ગયો. તે વિશેષ ઝડપથી આગળ વધવા લાગ્યો અનેક કાટાઓ ભોકાવાથી તેના પગોમાથી લોહી નીકળવા લાગ્યુ પગો ધીમે ધીમે જાણે કે માર્ગ કાપવાને માટે દુર્બળ બની જવા લાગ્યા

અતે ઇસ્કાન્દાર આગળ ચાલી શકયો નહિ. તે એક ઠેકાણે બેસી ગયો તેણે મ્નમા ને મનમા કહ્યુ—"અરેરે! હુ કયારનો ચાલ્યા કરૂ છુ--તો પણ રસ્તો ખૂટતો નથી! મ્હારૂ નશીબ ચાર ડગલા આગળનુ આગળ નાસતુ ફરે છે! હે ખુદા! શુ આ ભયકર રાત્રિનો અત પણ નહિ આવે કે? અધકારમાં મ્હને કાઇ સૂઝતુ નથી."

ઇસ્કાન્દારના અગમાથી પસીનાના બિદુઓ ઉપસી આવ્યાં. તેના મસ્તકમા ઘણી વેદના થવા લાગી તેનુ હૃદય ઘણી ઝડપથી ધબકવા લાગ્યુ. એ સમયનુ દુ ખકર જીવન ઘણું શોચનીય બની ગયુ ! ઇસ્કાન્દાર અતરના આવેગથી ફરી બોલી ઉઠયો.—"ખુદાના કસમ છે ! જો આ ઠેકાણે કોઇ પણ મનુષ્ય હાજર હોય તો દયા કરીને મ્હને માર્ગ બતાવો અને જો પ્રેત હોય તો મ્હારો નાશ કરી નાખો."

એવામાં એકાએક એ ભયકર જગલની એક બાજુએ પ્રકાશ જણાયો—પ્રકાશ ઘણો ઉજ્વળ હતો !

ઇસ્કાન્દાર ઘણા સમય સુધી એ ઉજ્વળ પ્રકાશ તરફ જોઇ રહ્યો. એ પ્રકાશમા એક સુદરીની મૂર્ત્તિ જણાતી હતી એ સુદરીના અગની જ્યોતિમાથીજ એ પ્રકાશ ઉત્પન્ન થયો હતો. ઘણા સમય સુધી એ સુદરીને જોઇ રહીને અતે ઇસ્કાન્દાર તેને ઓળખી શકયો એ જ્યોતિર્મયી મૂર્ત્તિ સેલિમાની હતી

"આ શુ ? એ સેલિમા છે ? ના ના—હોઇ શકેજ નહિ સેલિમા તો સ્વર્ગમા ચાલી ગઇ છે એ આવા ભયંકર જગલમા શા માટે આવે ? આ ભયકર નરક જેવુ જગલ કદાપિ સ્વર્ગ હોઇ શકે ખરૂ કે ? મ્હે સાભળ્યુ છે કે, બિહિસ્ત તો રાત્રિ-દિવસ અસાધારણ પ્રકાશથી પ્રકાશિત રહે છે

સેલિમા મરી જઇને આટલી બધી સુદર બની ગઇ છે ? એના મુખનો પ્રકાશ કેટલો બધો તેજસ્વી છે ! તેના બન્ને નેત્રો કેવા સ્નિગ્ધ —મધુર ભાવથી ભરેલા જણાય છે ! એ પ્રેમથી ભરેલા નેત્રો તદ્દન ભાષાહીન તેમજ ચંચળતાહીન છે તેના શરીરની કાતિ જાણે કે ઘણી વધી ગઇ છે ચદ્રદેવથી હાસ્ય કરી રહેલી રાત્રિએ વેલા,

માલતી, તથા મલ્લિકાનુ શુભ્ર સૌંદર્ય જેવી રીતે ઘણુ વધી જાય તેવી રીતે સેલિમાના મુખની તેમજ અંગની જ્યોતિ વધી ગઇ હતી.

ઇસ્કાન્દાર વિસ્મય પામીને મનમા ને મનમા વિચારવા લાગ્યો.—"આ હાથે મ્હે તેના કોમળ કાળજામા સોનેરી ખજર માર્યુ છે. એક સાધારણ પત્ર ઉપર અધવિશ્વાસ મુકીને—તેના સુવિમળ ચરિત્ર અને નિષ્કપટ સ્નેહની ઉપર સદેહ પામીને તેને આ લોકમાથી દૂર કરી છે, તેનો નિર્જીવ દેહ—એક લાકડાની પેટીમા મુકીને, આગ્રાના રાજમાર્ગમા નિરૂપાયે મુકી દીધો હતો—છુપી રીતે, છુપા વેશમા બીજે દિવસે કબ્રસ્થાનમા જઇને તેના મડદાનુ દર્શન કરી આવ્યો હતો. મ્હે તેની કબર ખોદી હતી—તે સેલિમા શુ જીવતી છે ! ના ના—જીવતી હોઇ શકેજ નહિ."

વળી થોડા સમય સુધી તેણે શાન્ત રહી જીવની ભયકર ઉત્તેજનાથી પીડા પામી હાથ જોડીને કહ્યુ—"સેલિમા ! પ્રાણાધિકે ! મ્હને માફ કર. હું હવે ત્હારી આશા રાખતો નથી; પરતુ તને બન્ને હાથ જોડીને હુ વિનતિ કરૂ છુ—તું એક વખત બોલ—કે મ્હને માફી આપી છે ?"

એકાએક એ પ્રકાશ ઉડી ગયો ! જગલ પાછુ પ્રથમના જેવુ ભયકર અધકારમય બની ગયુ ! ઇસ્કાન્દાર ભયનો માર્યો બૂમ પાડીને બોલી ઉઠયો—"સેલિમા ! જ્યારે ત્હે દયા લાવી આ દુષ્ટાત્માને દર્શન દીધુ ત્યારે પછી તુ મ્હને માફી આપ્યા વિના કેમ અદ્રશ્ય થઇ ગઇ ?"

આ શબ્દોથી ભયકર જગલ જાણે કે કપી ઉઠયુ. ઇસ્કાન્દાર વળી પાછો બોલ્યો—"સેલિમા ! હવે મ્હને ભયમા નાખીશ નહિ

—મ્હારી પર કૃપા કરીને કહે કે ત્હારી એ ઉજ્વળ મૂર્તિ સ્વર્ગમા છે કે નહિ ? ”

એ જગલમાથી કોઇ જાણે કે બોલી ઉઠ્યુ—“ નિષ્ઠુર ! તુ જાણતો નથી કે ત્હે ત્હારે પોતાને હાથેજ મ્હારૂ ખૂન કર્યું છે? ”

“ હા હા—હુ મ્હારૂ પાપ કબૂલ કરૂ છું—મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત શુ છે તે મ્હને કહે, સેલિમા ? ”

“ પ્રાયશ્ચિત—આત્મબળિદાન. ”

“ ત્યારે તું મ્હને અસ્ત્ર આપ—હું હમણાજ આત્મહત્યા કરૂ છુ. ”

“ ના ના—તેથી તો ત્હારા સઘળા દુખનો અત થાય તેમ છે. ”

“ ત્યારે તુજ કહે કે, મ્હારૂ મૃત્યુ કેવી રીતે થશે ? ,”

“ જીવન સુધી પશ્ચાત્તાપ કરવાથીજ ત્હારા પાપનુ પ્રાયશ્ચિત્ત થશે.”

“ તુ ફરીથી એક વખત મ્હને દર્શન આપ તુ મ્હને જે પ્રમાણે મ્હારા પાપનુ પ્રાયશ્ચિત્ત કરવાનુ કહીશ તેજ પ્રમાણે હું કરીશ ”

“ તુ હવે ફરીથી મ્હારૂ દર્શન કરી શકીશ નહિ. ”

‘ કારણ ? ”

“ હમણા હુ પ્રેતલોકમાં છુ ”

“ ના ના—તું બિહિસ્તમા છુ. પ્રેતનુ રૂપ કદાપિ ત્હારા જેવુ ઉજ્વળ હોઇ શકે નહિ સેલિમા ! ફરીથી એક વખત ત્હારૂ દર્શન કરાવ—દુષ્ટ પર દયા દર્શાવ. ”

હુસ્કાન્દારે આશ્ચર્ય પામીને જોયું તો ફરીથી એ જગલમાં એક ઉજ્વળ મૂર્તિ તેના જોવામાં આવી, પરતુ એ મૂર્તિ પ્રથમની મૂર્તિના જેવી અતિ ઉજ્વળ નહોતી જયોતિર્મય ચદ્રને જે પ્રમાણે

-વાદળાઓ ઢાંકી નાખે અને તેથી તે જેવો મલિન જણાય તેવીજ એ મૂર્તિ જણાતી હતી. એ મૂર્તિએ પોતાની છાતી આગળ આગળો કરી પૂછ્યુ —" આ શુ છે, કહે જોઇએ ?"

ઇસ્કાન્દારે આશ્ચર્યથી સેલિમાની છાતી તરફ જોયુ. જોઇને કહ્યુ —' અરેરે ! આ શુ ? આ તો ઉજ્વળ લોહીની રેખા છે ! સેલિમા ! સેલિમા ! તું ત્હારી છાતીમાથી આ ઉજવળ લોહીનુ કલક સાફ કરી નાખ. એ કલક જોતા મ્હારી આખો બળીને ખાક થઇ જાય છે ! "

" ભલે ત્હારી આખો બળીને ખાક થઇ જવા દે ! પરતુ જ્યાં સુધી ત્હારી આખો બળીને ખાક ન થઇ જાય ત્યા સુધી તું આ તરફ જોઇ રહે "

" ના ના—હવે હુ ત્હારી તરફ જોઇ શકતો નથી. સેલિમા ! મૃત્યુ કરતા પણ આ પ્રાયશ્ચિત્ત ઘણુ કઠોર છે ! મ્હારી ,પર તું આ-ટલી બધી નિષ્ઠુર ન થા "

" ત્હે મ્હારી તરફ નિષ્ઠુરતા નહોતી કરી કે ? "

" ત્યારે તુ ત્હારા વેરની વસુલાત લેવા ચ્હાય છે કે ? "

" હા "

" મ્હારો ગુન્હો તું માફ નહિજ કરે ? "

" ના "

" ત્યારે કહી દે કે મ્હારી આ જવાળાની શાન્તિ કેવી રીતે થશે ? "

" આવા પ્રકારના શોચનીય મૃત્યુથી. '

આટલો ઉત્તર આપી એ છાયામૂર્તિ ધીમે ધીમે અધકારમા મળી ગઇ. તે સાથેજ પ્રચડ વાયુ વહેવા લાગ્યો. એ વાયુથી આખુ

જગલ કપી ઉઠ્યુ ! ઇસ્કાન્દારનો શ્વાસ બધ થઇ જવા લાગ્યો—તે બૂમ મારીને દયાજનક સ્વરે બોલી ઉઠયો—" સેલિમા ! સેલિમા ! "

વિશેષ કાંઈ તેનાથી બોલાયું નહિ. તેના મ્હોની વાત મ્હોમાજ રહી ગઇ. ઇસ્કાન્દાર તદ્દન બેભાન બની ગયો.

બરાબર આ સમયે ઇસ્કાન્દાર તેમજ સિકન્દર જે ઓરડામા સૂઇ રહ્યા હતા તે ઓરડાનું એક ગુપ્ત દ્વાર ઉઘડયુ. એ દ્વારમાથી બુરખો નાખેલી એક રમણીમૂર્ત્તિ ધીમે ધીમે બ્હાર નીકળીને ઓરડામા આવીને ઉભી રહી. તેની પાછળ ચાર બળવાન્ ખોજાઓ હતા.

રમણીએ ઓરડાના મધ્યભાગમા ઉભી રહીને અસ્પષ્ટ સ્વરે ખોજાઓને સબોધીને કહ્યુ—" આ હતભાગ્યના પાપના પ્રાયશ્ચિત્તની શુરૂઆત થઇ ગઇ છે હુ સમજી શકતી નથી કે, મ્હારી આવી સ્થિતિ ક્યારે થશે ? મ્હે પણ મ્હારા જીવનમા અનેક પાપ કર્યા છે મ્હને લાગે છે કે, ઇસ્કાન્દાર ભયકર સ્વપ્ન જોઇને મુર્ચ્છિત બની ગયો છે. તેનો બધુ સિકન્દર નિશ્ચિતે ઉઘતો જણાય છે. પાણીના અદર તેમને જે માદક પદાર્થ આપ્યો છે તે ઠીકજ કર્યુ છે. જો તેમ ન કર્યું હોત તો કદાચ સિકન્દર જાગી ઉઠત અને મ્હારો ઉદ્દેશ વિફળ થાત. "

આ પ્રમાણે કહીને રમણીએ પોતાના મ્હો પરથી બુરખો ખસેડી નાખ્યો. એ રમણી બીજી કોઇ નહિ, પરંતુ જુલિયા હતી. જુલિયાએ સિકન્દર તથા ઇસ્કાન્દારને શા માટે કેદખાનામાંથી છુટા કર્યા હતા, શો હેતુ પાર ઉતારવાને માટે તેણે તેમને પાણીની

અંદર માદક પદાર્થ પાઇ દીધો હતો તે હકીકત પછીથી જાણવામાં આવશે.

જુલિયાની સાથે જે ચાર ખોજાઓ હતા તેઓ પૈકી એક ખોજો તો પેલો એક આખે આંધળો હતો તેજ હતો. જુલિયાએ તેને સબોધીને કહ્યુ—" શેખજી ! આ મુર્છિત દેહને ઉચકી લઇ તેને તું મ્હારા વિશ્રામના ઓરડામા મુકી આવ એના જીવનની મ્હારે ઘણી જરૂર છે એટલા માટેજ હુ મહાભયકર સકટનો ભય રાખ્યા સિવાય કેદખાનામાથી તેને છોડાવી લાવી છુ. વળી બીજી એક વાત સાભળ—આ સિકન્દર પ્રભાતના અરસ્સામા જાગી ઉઠશે એટલે તેને મનસુરગંજના અડ્ડામા લઇ જઇને છુપાવી રાખવો જોઇએ. બન્ને ગુન્હેગારોને એક ઠેકાણે રાખવામા સાર નથી કાલે પ્રભાતકાળે આગ્રા નગરીમા ખળભળાટ થયા સિવાય રહેશે નહિ. મ્હે એક બળદગાડી નક્કી કરી રાખી છે. થોડા સમયમાજ ગાડી આવી પહોંચશે તું સિકન્દરને આ પત્ર આપજે એટલે તે કાઇ પણ બોલ્યા સિવાય ત્હારી સાથે આવશે."

જુલિયાએ સિકન્દરને આપવાને માટે જે પત્ર આપ્યો હતો તેમા લખ્યુ હતું કે—" સાહેબ ! જો તમે તથા તમારો જીવજાન દોસ્ત ભયકર રાજ્ય સજામાથી બચી જવાની ઇચ્છા રાખતા હો તો કાઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય આ ખોજા સાથે ચાલ્યા જજો. ખુદાના કસમ છે ! આપને કોઇ પણ પ્રકારનુ નુકસાન વેઠવું પડશે નહિ. આપના જીવનનુ રક્ષણ કરવામા મ્હારો પણ એક પ્રકારનો સ્વાર્થ સમાયલો છે."

જુલિયાની આજ્ઞા સાભળી રહેતાની સાથેજ એ ચાર ખોજાઓ

ઇસ્કાન્દારનો મુર્છિત દેહ ઉચકી લઇને ઉપર દર્શાવેલા ગુપ્તદ્વારમાંથી અદ્રશ્ય થઈ ગયા.

રમણી તરતજ એ ઓરડાનો ત્યાગ કરી ચાલી ગઇ તથા તેણે જે ઠેકાણે ઇસ્કાન્દારને લઇ જવામા આવ્યો હતો ત્યા જઇને એક લાલરગના કાગળમા કેટલીક લીટીઓ લખીને તે કાગળ ઇસ્કાન્દારના ઊસિકા નીચે મુકી રાખ્યો ઇસ્કાન્દાર ઉઠે કે તરતજ એ કાગળ તેના જોવામા આવે એવી રીતે એ પત્ર મુકી રાખવામા આવ્યો હતો.

ઇસ્કાન્દારની સ્થિતિ જોઇ તે સમજી કે કોઇ પણ પ્રકારના ભયનુ કારણ નથી, તથાપિ તેણે મહા મહેનત કરીને તેને એક ઉત્તેજક ઔષધ આપ્યુ. તેણે વિચાર્યું કે એ ઔષધીથીજ ઇસ્કાન્દારની મુર્છાનો ભગ થશે.

ત્યાર પછી દીપક બુઝાવી નાખી એ રમણી પ્રેતિનીની માફક એકાએક અધકારમા મળી ગઇ

પ્રકરણ ૨૧ મું.

સકટપર સકટ.

" જહાન્દારખાન ? "

" આજ્ઞા ફરમાવો, જનાબેઆલિ "

" વળી પાછુ નવુ સકટ આવી પડયુ છે ! "

" શુ છે ? "

" સુલતાન સેલિમ આપણા પર ઘણા ક્રોધે ભરાયા છે, "

" આપણી શી ગુસ્તાખી થઇ છે, રાજાસાહેબ ? "

" સુલતાન સેલિમ કહે છે કે કોઈ પણ પ્રકારના પ્રમાણ સિવાય બે યુવકોને કેદ કરી તમે ઘણો અન્યાય કર્યો છે। "

" મ્હેં સુલતાનના પિતાના ફરમાનથી—આપના ફરમાનથી—તેમજ મ્હારૂં કર્ત્તવ્ય બજાવવાની ખાતર આ કામ કર્યું છે. "

" એ ખરૂંછે; પરંતુ તેમની વિરૂદ્ધ આપણને શા પ્રમાણ મળી આવ્યા છે ? "

" મ્હેં મ્હારે કાને અપરાધીઓના અંતરની વાત તેમને મુખે સાંભળી છે. "

" તેની સાબિતી શી ? "

" સાબિતીમા માત્ર મ્હારા બન્ને કાન ! "

" અપરાધીઓના મુખની વાત તમારા સિવાય બીજા કોઇએ સાભળી નથી ? "

" ના. "

" તે સમયે તમારા સિપાહીઓ કયા હતા ? "

" તેમને સાથે લેવાથી કદાચ ગરબડ થાય અને અપરાધીઓ ચેતી જાય એટલા માટેજ મ્હેં એકલાએજ અપરાધીઓની પૂંઠ લીધી હતી "

" ત્યારે તો અપરાધીઓ પોતે દોષિત છે એ વાત તમારા સિવાય બીજા કોઇએ સાભળી નથી કેમ ? "

" ના, મ્હારા સાથીદારોએ સાભળી નથી, પરંતુ મ્હે તેમજ સર્વશક્તિમાન ખુદાએ સાભળી છે. "

" પરંતુ ખુદા તમારાં વચનો ખરા ઠરાવવા માટે સાક્ષી તરીકે દરબારમા હાજર થઇ શકાશે નહિ। "

" પરતુ હું એક હોદ્દાવાળો રાજ્યનો નોકર છુ–મ્હારા વચનો પર સહુ કોઇએ વિશ્વાસ રાખવોજ જોઇએ."

" પરતુ યાદ રાખજો કે ગુન્હેગાર નહિ પકડાય તો તમારો જીવ જશે. જ્યા સુધી તમે આ બન્ને કેદીઓની ઉપર ગુન્હો પ્રમાણ સાથે સાબિત નહિ કરી શકો ત્યા સુધી બાદશાહ નામવર એમજ વિચારશે કે તમે તમારો જીવ બચાવવાને માટેજ જે કોઇ હાથમાં આવ્યા તેમને કેદ કર્યા છે. અપરાધીઓ જો પોતાનો ગુન્હો કબુલ નહિ કરે તો તમારા દુ:ખનો પાર રહેશે નહિ"

" ત્યારે કાઇ ઉપાય ?"

" ઉપાય તો કાઇ જણાતો નથી."

" સુલતાન સેલિમ કયા છે ?"

" તેઓ પાસેના ઓરડામા સૂઇ રહ્યા છે."

" શાહજાદાનો શો અભિપ્રાય છે."

" શાહજાદાનુ કહેવુ એવુ છે કે તમે ગુન્હેગારોને આજે રાત્રેજ અહિ હાજર કરો. તેઓ તેમને કેટલાક પ્રશ્નો પૂછવાની ઇચ્છા રાખે છે। શહેનશાહ હમણા બીમાર છે મ્હને લાગે છે કે હજી પણ એક અઠવાડીઆ સુધી તેઓ ઝરૂખામા દર્શન દઇ શકશે નહિ. આ ખૂની મામલાની તપાસ શહેનશાહને બદલે શાહજાદાજ કરનાર છે."

" હુ ગુન્હેગારોને હમણાને હમણા હાજર કરૂ છુ."

" જહાન્દારખાન। તેમજ કરો. હું પણ આ મામલાથી મ્હોટા સંકટમા પડયો છુ."

ઉપર પ્રમાણે વાતચિત આગ્રા શહેરના કોટવાલ જહાન્દારખાન અને મહારાજ બિરબલ વચ્ચે ચાલતી હતી. પાઠક પાઠિકા-

ઓના જાણુવામાં એ હકીકત આવીજ હશે.

સુલતાન સેલિમ—સમસ્ત રાત્રિ ઉત્કંઠાપૂર્ણ ચિત્તે પસાર કરીને ઘણો થાકી ગયો હતો તેથીજ રાત્રિના ત્રિજા પ્રહરને સમયે તે સુકોમળ શય્યામાં સુઈ ગયો હતો. તેના સુવાના ઓરડામા એકલા યાર લતીફ સિવાય બીજા કોઇને જવાની રજા નહોતી. મહારાજ બિરબલની સાથે વાતચિત કરીને તેણે તેની માર્ફત જહાન્દારખાનને બોલાવડાવ્યો હતો.

જહાન્દારખાન વિદાય થયો એટલે મહારાજ બિરબલ એક સોફામા આડો પડયો એ ઠેકાણે બીજુ કોઇ મનુષ્ય હાજર નહોતું. એક ખોજો ત્યા હુકમ ઉઠાવવા હાજર હતો ઓરડામા ઉજ્વળ દીપક સળગી રહ્યો હતો

આ તરફ રાત્રિ પણ પૂરી થવા આવી હતી. પૂર્વાકાશમા સાધારણ પ્રકાશ ફેલાવા લાગ્યો હતો આકાશમાના સઘળા તારાઓ અસ્ત પામી ગયા જેવા જણાતા હતા—ભગવાન્ સૂર્યનારાયણની પધરામણીના ભયથી છુપાઇ જવા લાગ્યા હતા માત્ર એકલો શુક્રનો તારો ઘણો પ્રકાશી રહ્યો હતો પખીઓ મધુર કલરવ કરતા આમ તેમ ઉડી જતા જણાતા હતા. તેમનો મધુર સ્વર અતિ કર્ણપ્રિય લાગતો હતો. મલય વાયુ સુગધિત પુષ્પોદ્યાનોમાંની સુગધિ હરી લઇને વહેતો હતો. આગ્રા દુર્ગના મુખ્ય દરવાજા ઉપર પ્રભાતકાળની નહબત વાગતી હતી, તથા એ નહબતનો અવાજ વાયુને જાણે કે ધ્રૂજાવી દેઇ ચારે તરફ ફેલાઇ જતો હતો. આખી આગ્રા નગરીએ આખી રાત્રિ વિશ્રાતી ભોગવ્યા પછી જાણે કે ફરીથી નવજીવન મેળવ્યું હતું.

આ પ્રભાતકાળના વાયુના કોમળ સ્પર્શથી મહારાજ બિરબલ તદ્રામાં પડી ગયો. તે રાત્રિના પ્રથમ પ્રહરે ફત્તેહપુર સિક્રીથી આગ્રા પાછો આવ્યો હતો. બાદશાહે શા માટે તેને સિક્રી મોકલ્યો હતો તે માત્ર એ પોતેજ જાણતો—શાહજાદા સેલિમે એ કારણ જાણવા માટે ઘણી ચતુરાઇ ચલાવી હતી, પરતુ તેની ચતુરાઇ નિષ્ફળ થઇ ગઇ હતી તેણે મહારાજના આગમનના સમાચાર અત્યાર પૂર્વે સાંભળ્યા હતા યાર લતીફના નિરાશ થઇ પાછા આવ્યા પછી તેણે મહારાજ બિરબલને આરામ-મજીલમા બોલાવી મગાવ્યો હતો. તે સમયે રાત્રિનો બીજા પ્રહર પસાર થઇ ગયો હતો.

સેલિમ અને બિરબલ ઘણા સમય સુધી ગુપ્ત ઓરડામા બેસી વાતચિત કર્યા કરતા હતા તેમણે શા વિષયની વાતચિત કરી હતી તે અમે બરાબર જાણતા નથી. તો પણ એટલુ કહી શકીએ છીએ સુલતાન સેલિમ અવસન્ન દેહે, ચિતાતુર ચિત્તે શય્યામા સૂતો કે તરતજ મહારાજ બિરબલે એ બાદશાહી ઘોડેસ્વારોને જહાન્દારખાનની પાસે મોકલ્યા હતા

ત્યાર પછી જે કાંઈ બન્યુ હતુ તે પાઠકો જાણે છે, આ ઠેકાણે એ સઘળી ઘટનાનો પુનરૂલ્લેખ કરવો નિષ્પ્રયોજન છે

મહારાજ બિરબલ તદ્રાધીન થઇને સપુર્ણ વિશ્રામ સુખ ભોગવતો હતો કે કેમ તે અમે નિશ્ચયપૂર્વક જણાવી શકતા નથી. માત્ર તેનુ મ્હો ઘણુ ચિતાતુર જણાતુ હતુ !

એકાએક આગ્રા નગરીના રક્ષકે સમસ્ત સૈન્યને યથાસ્થાને એકઠુ કરવાને માટે ગભીર રણસિગડુ ફુકયુ. એ રણસગડાના અવાજથી મહારાજ બિરબલની તદ્રાનો ભગ થયો. તેણે જાગ્રત થઇને બન્ને હાથ જોડી પ્રભાતસૂર્યને પ્રણામ કર્યા. એમ કરવાથી તેનુ ચિંતાતુર ચિત્ત જાણે કે અતિ પ્રફુલ્લ થયુ.

એવે સમયે જહાન્દારખાને હાંફતા હાંફતાં આવી પહોંચીને મલિન મુખે કહ્યું—"રાજાજી! ભોગ મળ્યા છે! બંદીઓ પલાયન કરી ગયા છે—શિકાર હાથમાંથી છટકી ગયો છે!"

રસ્તામાં જતો મનુષ્ય એકાએક પોતાના પગ પાસે ભયંકર સર્પને જોઇને જેવી રીતે ચમકી ઉઠે તેજ પ્રમાણે જહાન્દારખાનને મ્હોડે કેદીઓના પલાયન કરી ગયાના સમાચાર સાભળીને મહારાજે આશ્ચર્ય પામી, આવેગથી સોફાપરથી ઉઠી ઉભા થઇ જઇને મલિન મુખે કહ્યું—"જહાન્દારખાન! તમે શું કહો છો? શું કેદીઓ પલાયન કરી ગયા છે? ના ના—મ્હને લાગે છે કે તમને ભ્રમ થયો છે"

જહાન્દારખાને શુષ્ક કંઠે કહ્યું—"જનાબેઆલિ! હું ખુદાના કસમ ખાઇને સાચુંજ કહું છું—જહાન્દારખાન પોતાના જીવનમાં કદાપિ જૂઠું બોલ્યો નથી."

બિરબલ—હું એમ ક્યાં કહું છું કે તમે જૂઠું બોલો છો-મ્હારૂં કહેવું એવું છે કે તમને કદાચ ભ્રમ થયો હશે

જહાન્દાર—ના ના—મ્હે ચોક્કસ તપાસ કરી છે.

બિરબલ—ગુન્હેગારો ક્યારે પલાયન કરી ગયા છે તે કાંઈ માલૂમ પડયું કે?

જહાન્દાર.—મ્હારા અહિં આવ્યા પછી—અર્થાત્ રાત્રિનો ત્રિજો પ્રહર ચાલતો હતો તે દરમ્યાન તેઓ પલાયન કરી ગયા છે."

બિરબલ—તમે અહિં આવ્યા ત્યારે થાણામાં જઇને ગુન્હેગારોને જોઇને નહોતા આવ્યા?

જહાન્દાર—જોઇનેજ આવ્યો હતો.

બિરબલઃ—તમે તમારી નજરે કેદીઓને જોયા હતા ?

જહાન્દાર—ના—મ્હારી નજરે તો નહોતા જોયા, છતા થાણાના મુખ્ય પહેરગીરે મને જણાવ્યુ હતું કે બન્ને કેદીઓ ઉંઘે છે.

બિરબલે એક ગાઢ નિશ્વાસ મુકીને કહ્યુ—" જહાન્દારખાન ! ખરેખર આપણે ચુલામાથી નીકળી હૉલામા ફસાઇ પડયા છીએ. "

જહાન્દાર—ખરૂ છે મહારાજ ! આપણી દુર્દશાનો હવે પાર રહેશે નહિ.

બિરબલ—જો તમારા કહેવા પ્રમાણે કેદીઓ ત્રિજા પ્રહર દરમ્યાન પલાયન કરી ગયા હોય તો તો હજી પણ આપણે તેમને પકડી શકીએ તેમ છીએ તેઓ પગે ચાલતા ગયા છે એ માટે બિલકુલ સદેહ નથી.

જહાન્દાર—પરતુ કદાચ એક્કામા બેસીને પણ નાસી છુટયા હોય.

બિરબલ—ના—ના—એમ બનવુ અશકય છે તેમનો કેદીના જેવો પોષાક જોવામા આવે એટલે કોઇ પણ એક્કાવાળો તેમને ગાડીમા બેસાડે નહિ

જહાન્દાર—ના—ના—મ્હે તેમને કેદીનો પોષાક પહેરાવ્યો નહોતો તેઓ તો તેમના પોતાનાજ પોષાકમા પલાયન કરી ગયા છે.

બિરબલ—જહાન્દારખાન ! શા માટે તમે તેમને કેદીનો પોષાક પહેરાવ્યો નહોતો ? તમે ઘણી ભયંકર ભૂલ કરી છે.

જહાન્દાર.—આપ આગ્રા નગરીમા હાજર નહોતા—બાદશાહ નામવર બીમાર છે. કોના ફરમાનથી હુ તેમને કેદીનો પોષાક પહે-

શવુ ? મોગલ સામ્રાજ્યનો મુખ્ય નિયમ એવો છે કે, ગુન્હાનો ન્યાય તેમજ દંડાજ્ઞા થયા સિવાય કોઈપણ કેદીને અપરાધીની માફક બેડીઓ નાખવી નહિ તેમજ તેને કેદીનો પોષાક પહેરાવવો નહિ.

આ ઉત્તર સાંભળી મહારાજ બિરબલે વિચાર્યું કે, જહાન્દારખાને બરાબર નિયમને અનુસરીનેજ કામ કર્યું છે ખરૂ; પરંતુ ઘટનાચક્રને લીધે આ મામલામાં તે એક મ્હોટા ગુન્હામા ફસાઈ પડયો છે.

મહારાજને ચિંતાતુર મુખે બેસી રહેલો જોઇને જહાન્દારખાને કહ્યું—" રાજાસાહેબ ! ત્યારે હવે આપણે કયો ઉપાય અજમાવીએ ?! "

" ઉપાયમા માત્ર ખુદા સિવાય હવે કોઇ તમારો મદદગાર નથી. આ ખૂની મામલામાથી હું તો જો કે બચી ગયો છુ, પરંતુ તમારા દુર્દૈવનો પાર રહ્યો નથી."

જહાન્દારખાને કરૂણાજનક સ્વરે કહ્યુ—" મહારાજ ! કૃપા કરી મ્હારો બચાવ થાય એવો કોઇ ઉપાય કરો—અરેરે ! મ્હારી કેવી દુર્દશા થશે ?! "

મહારાજ બિરબલ.—બચાવનાર માત્ર ખુદા તેમજ બાદશાહ છે. ખાનસાહેબ ! ફિકર કરશો નહિ. હમણાંજ હું શહેનશાહને મળવા જઇશ હું તેમને આ પ્રકાર સમજાવવા મ્હારાથી બનતો પ્રયત્ન કરીશ. હું માત્ર શાહજાદા સેલિમને માટે અહિ બેસી રહ્યો છુ. તમે જલદીથી પાછા થાણામા જાઓ. પહેરેગીરોને પૂછપરછ કરી ગુન્હેગારોને પકડવાની મહેનત કરો. "

જહાન્દારખાને " ખુદા આપનુ કલ્યાણુ કરો. " કહીને એક લાબી સલામ કરીને મહારાજ બિરબલ પાસેથી વિદાય લીધી.

આરામ-મંઝીલમાંથી બ્હાર નીકળતાં નીકળતાં જહાન્દારખાને પોતાના મન સાથે કહ્યુ —" ખુદા ! દીન દુનિયાના દયાળુ માલિક ! મ્હને આ ભયકર સકટમાથી બચાવો ખુદા ! મ્હારા જેવા હત ભાગ્યની તરફ દયા દષ્ટિ કરો. ગઇ રાત્રે હુ મ્હારી પ્રાણાધિકા નશીબનબીબી આગળ બોલ્યો હતો કે —" દુખના દિવસો આવ્યા સિવાય મનુષ્ય ખુદાને યાદ કરતુ નથી " હે ખુદા ! હે દયામય ! ત્યારે શુ તમે મ્હારા એ અભિમાનને ઉતારી નાખવા માટેજ મ્હને પાછો આવા મહાદુખમા નાખ્યો છે ? નાથ ! મ્હને ક્ષમા કરો "

ઉત્તેજનાથી તેમજ વિશેષ માનસિક ચિતાથી જહાન્દારખાનના લલાટપર પસીનાના બિદુઓ ઉપસી આવ્યા. પ્રભાતવાયુ પોતાના સુખમય સ્પર્શથી એ બિદુઓને સાફ કરી શકતો નહોતો. જહાન્દારખાનનુ મુખમડળ દારૂણ ઉત્તેજનાથી નવોદિત સૂર્યનારાયણની માફક ઉજ્વળ—લાલચોળ બની ગયુ હતું.

આરામ મઝીલના પ્રવેશદ્વાર પાસે તેનો પ્રિય ઘોડો કઠ ઉચો કરીને ઉભો રહ્યો હતો. પોતાના માલિકને પોતાની પાસે આવેલો જોઇને તે ખોંખારો કરી ઉઠયો—પરતુ તેના બદલામા તેની પિઠપર નિષ્ઠુર ચાબુક પડી !

જહાન્દારખાન જલદીથી ઘોડો દોડાવતો દોડાવતો વિના વિલબે થાણામા જઇ પહોચ્યો. એ સમયે થાણામાં ઘણી ગરબડ સરબડ થઇ રહી હતી. પોતાના માલિકને એકાએક પોતાની પાસે આવેલો જોઇને સઘળા પહેરગીરોનાં મ્હોડા સુકાઇ ગયા. ક્રોધે ભરા-

ચલા કોટવાલ પોતાને કેવી કઠોર શિક્ષા કરશે તેના ભયાજનક વિ-
ચારથી પહેરેગીરો ઘણા વ્યાકુળ બની ગયા હતા.

એકાએક એક પહેરગીરે જહાન્દારખાનને જોઈ તેની પાસે આવી તેના હાથમા એક લાલ રગનો કાગળ મુકયો. પછી તેણે કહ્યુ—" જનાબ ! આ કાગળ બન્ને કેદીઓને જે ઓરડીમા કેદ કરી રાખવામા આવ્યા હતા ત્યાથી મળી આવ્યો છે."

જહાન્દારખાને ત તજ એ પત્ર વાચી જોયો તેનુ ઉત્તેજનામય મુખમડળ વિશેષ ઉત્તેજીત બની ગયુ. તેના બન્ને નેત્રોમા જાણે કે ભયકર અગ્નિ સળગી ઉઠયો. તેણે કઠોર સ્વરે પહેરગીરને સબોધીને કહ્યુ—" શયતાન ! આ પત્ર તને જડયો છે કે ? "

પહેરગીરઃ—હા જનાબ !

જહાન્દાર.—હે આ પત્ર વાચ્યો છે ?

પહેરગીર—ના, હુઝુરેઆલિ !

જહાન્દાર—બીજી કોઇ વસ્તુ ત્યાથી મળી આવી છે કે ?

પહેરગીર.—ના, જનાબ !

જહાન્દાર.—કાલે રાત્રે કોણુ કોણુ પહેરા પર હતા ?

પહેરગીરઃ—ગુલામખાન અને શેરખાન.

જહાન્દાર—તેઓ બન્ને હમણા કયા છે ?

પહેરગીર—તેમણે ભાગ પીધી હોય એમ લાગેછે, તેઓ અચેતન સ્થિતિમા સૂઇ રહ્યા છે.

જહાન્દાર—ત્યારે તો તેમણે નીશો કરીનેજ મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે. હુ તને આજ્ઞા કરૂ છુ કે, કેદખાનાના જે ઓરડીમાથી કેદીઓ પલાયન કરી ગયા છે તેજ ભયંકર ઓરડીમાં એ બન્ને શયતાનના બચ્ચાઓને કેદ કરી રાખ.

પહેરગીરઃ—જેવો હુકમ.

પછીથી પહેરગીર સલામ કરી ચાલ્યો ગયો. જહાન્દારખાને ઉપરોકત લાલ રંગના પત્રને જોઇ વિચાર્યું:—"અક્ષર તો કોઇ સ્ત્રીના હોય એમ લાગે છે. મ્હને લાગેછે કે, આ ખૂની મામલામા કોઇ સ્ત્રી પણ શામિલ થયેલી છે. ગમે તે પ્રકારે એ શયતાન સ્ત્રીનો પત્તો મેળવવો પડશે."

આવો વિચાર કરી જહાન્દારખાને પોતાની ગુપ્ત ઓરડીમાં પ્રવેશ કરી ઓરડીના બારણાં બંધ કરી દીધા

પ્રકરણ ૨૨ મું.

પ્રેમઘેલી જુલિયા.

" ક્યા તડપનેમેં મઝા હે,
કત્લ હો પ્યારેકે હાથ;
ઉસ્કી લજ્જતકો કીસ,
બિસ્મિલસે પૂંછા ચાહયે "

વાચકબંધુ! આપણે હવે ઇસ્કાન્દાર અને સિકન્દરની તપાસ કરો આવીએ અને જોઇએ કે તેમનુ ભાગ્યચક્ર તેમને ક્યા ખેંચી ગયું છે!

ઇસ્કાન્દાર બેહોશ બની ગયો એટલે ચાર પાંચ ખોજાઓ તેને કેવી રીતે ક્યાં લઇ ગયા એ સુજ્ઞ પાઠકો જાણે છેજ.

. ખોજાઓએ રમણીની સૂચના પ્રમાણે ઇસ્કાન્દારના મુચ્છિંત દેહને એક દૂધના જેવી સફેદ શય્યા પર સૂવાડયો. જુલિયા સુંદરી ફરીથી પાછી આવીને તેની સેવા કરવા લાગી, તેથી ઇસ્કાન્દારના મુખનો ઉત્તેજનામય ભાવ ઘણી સ્વાભાવિક સ્થિતિ પર આવવા લાગ્યો. નિદ્રાથી ઉપજતો ગભીર શ્વાસ જોઇ એ અજાણી રમણીએ એક ગાઢ નિઃશ્વાસ મૂકી કહ્યુ —" મ્હને લાગે છે કે, હવે શુદ્ધિ આવે છે—હમણાં સ્વાભાવિક નિદ્રામા હોય એમ જણાય છે. "

જે ઓરડામા ઇસ્કાન્દાર સુદર કીમતી તેમજ સ્વચ્છ શય્યામા સુઇ રહ્યા હતો એ ઓરડાની સાજ સજ્જા કોઇ અમીર ઉમરાવને છાજે એવી હતી. એ ઊપરથી એ સુંદરીની આર્થિક સ્થિતિ ઘણી સારી હોવી જોઇએ એ માટે કાઇ શક રહેતો નથી. જો આર્થિક સ્થિતિ સારી ન હોય તો આટલા બધા ચાકર બાકર તે રાખી શકે નહિ.

આ સુંદરીનો વિશાળ તેમજ ઉંચો બંગલો આગ્રા શહેરના એક એકાંત સ્થાને આવ્યો હતો. એ ઠેકાણે ગૃહસ્થ લોકો ઘણી થોડી સખ્યામાં રહેતા હતા. ઘણા બદમાશ તેમજ લુચ્ચા માણસોજ ત્યાં રહેતા હતા.

રમણીએ એક બારી ઉઘાડી. પછીથી તેણે એક વખત આસ્માની આકાશ તરફ નજર કરી. તેણે જોયુ કે પ્રભાતકાળનો શીતળ વાયુ ધીમે ધીમે વહેતો હતો, પરંતુ પ્રભાત થવાને હજી બે કલાકની વાર હતી આકાશમાના તારકો આખી રાત્રિપર્યંત પોતાનો પ્રકાશ ફેલાવી જાણે કે ઘણા થાકી જઇને ઝાંખા પડી ગયા હતા રમણીએ એક હૃદયભેદક નિઃશ્વાસ મુકીને બારી પાછી બધ કરી દીધી.

ત્યાર પછી ધીમે સ્વરે તેણે ઇસ્કાન્દારને કહ્યું —" મુસાફિર !

તું હજી સુધી મ્હને ઓળખી શક્યો નથી; પરંતુ હું તને સારી રીતે ઓળખુ છુ મ્હેં કાઇ સ્વાર્થ સિવાય આવા મહાભયકર સંકટમા પડીને ત્હારો તેમજ તારા દોસ્તનો છુટકારો કર્યો નથી—હું ત્હારૂ રૂપ જોઇને દીવાની બની ગઇ છુ—અત્યાર સુધીમાં મ્હે તને મેળવવાને માટે અનેક યત્નો કર્યા છે—પરતુ તને મેળવી શકી નથી. આ વખતે મહા મહેનતે જીવનની પરવાહ રાખ્યા સિવાય હું તને મ્હારી પાસે લાવી શકી છુ—મ્હે તને મ્હારા હાથનુ પૂતળું બનાવી દીધો છે— હવે હુ જોઉ છું કે, તું મ્હારો થાય છે કે નહિ.

" મ્હારા સ્વાર્થના માર્ગમા ત્હારી સેલિમા આડી આવીને ઉભી રહી હતી, તેથીજ ત્હારા મનમા સદેહ ઉપજાવીને મ્હે ત્હારે હાથેજ તેનુ ખૂન કરાવ્યુ છે. ત્યાર પછી જેને માટે હુ કલકિની થઇ છુ, જેને માટે સમાજમા પ્રવેશ કરવાનો અધિકાર સુદ્ધા મ્હને નથી તે યુવરાજ સેલિમ ત્હારી સેલિમાનુ રૂપ જોઇ ઉન્મત્ત બન્યો છે—ત્યારે મ્હે સુયોગનો ઉપયોગ કરીને એક કાકરે બે પખીને માર્યા છે—એક ગોળીથી બે શિકાર જમીનદોસ્ત કર્યા છે."

" એ મ્હારૂ મ્હોટું દુર્ભાગ્ય છે કે, અમીરઉદ્દૌલા નિશારતખાનના જન્મ દિવસે થયેલી મજલિસમા મ્હે તને પ્રથમ જોયો છે. ત્હારૂ રૂપ જોઇને હુ સઘળુ ભૂલી ગઇ છુ—ત્હારા રૂપયૌવનના સાગરમા ડૂબી છુ—અરે મરીજ ગઇ છુ ! સેલિમા અને સેરિના આરામબેગની કન્યાઓ હોવાથી એ મજલિસમા નિમંત્રણનું રક્ષણ કરવાને આવી હતી. હતભાગ્ય નિશારતખાને સેલિમાની સાથે ત્હારો વિવાહ સબધ થાય છે એમ જોઇને બધુકન્યા સેલિમાની સાથે તને પણ એ મજલિસમાં નિમત્રણ કર્યું હતું. હાય ! એ મજલિ-

સુમાં તને જોતાંની સાથેજ મ્હે મ્હારી બુદ્ધિ શુદ્ધિ ગુમાવી છે—મ્હારો તેજ દિવસથી વિનાશ થયો છે—ત્હારા વિયોગે હું સમસ્ત સંસારમાં આંધળી બની ગઇ છું !

" નિશારતખાનને ઘેર મ્હને શા માટે આમત્રણ કરવામાં આવ્યુ હતું તે જો જરૂર જેવુ જણાશે તો હું તને કહી સભળાવીશ ત્યાર પછી તુ એ ગભીર રાત્રે નિશારતખાનના કહેવાથી સેલિમા અને સેરિનાને તેમના મુકામ પર પહોચાડવા ચાલ્યો ગયો અરેરે ! તે દિવસથીજ મ્હારા સર્વનાશની સૂચના થઇ.

" મનુ'ય હમેશા મુગ્ધ જીવ છે—તે દુનિયામાં છેતરાય પણુ છે વિશેષત· મનુષ્ય જ્યારે કલકિની નારીના પ્રપચમય મોહને આધીન થાય છે ત્યારે તે એ કલકિનીની પ્રપચજાળમાં બધાઇ જઇને પશુત્વને પ્રાપ્ત થાય છે આરામબેગ'નુ તેમજ થયુ હતું તેટલા માટેજ તેણે તેના ભયંકર શત્રુ નિશારતખાનને પોતાનો પ્રિય મિત્ર સમજીને તેની ઉન્નતિનો માર્ગ સરળ કર્યો હતો

" અરેરે ! શા માટે આજે મ્હારા હૃદયમાં અટકી રહેલો પ્રવાહ ફિઇળી ગયો ? ત્હારૂ દર્શન થયુ છે માટે ? તને મ્હે મ્હારી સત્તાને આધીને કર્યો છે માટે ? બસ બસ હવે આ સઘળી ભૂતકાળના બનાવોની ચિતા કરવી પડતી મુકીને વર્ત્તમાન બનાવોનીજ ચિતા કરીશ " ઘણા સમય સુધી ચિતાસાગરમા ઝોકા ખાધા પછી જુલિયા વિજળીના જેવી ગતિથી બીજા ઓરડામાં ચાલી ગઇ અને લગભગ પંદર મિનિટમા પોતાનો વેષ બદલી નાખીને પાછી ઇસ્કાનન્દાર પાસે આવી પહોચી.

ઇસ્કાન્દાર એ સમયે પણ ગભીર ચિંતામા નિમગ્ન હતો. તેનો બિચારાનો ગુન્હો પણ શો હતો ? કેદખાનામાંથી પલાયન

ફરી આવતાં રસ્તે પડેલુ સંકટ, દુશ્ચિંતા, દુ સ્વપ્ન વગેરેથી તે ઘણો થાકી ગયો હતો. રાત્રિના છેલ્લા પ્રહરની સ્નિગ્ધતામાં તે ઘોર નિદ્રામાં પડયો હતો.

મોહિની વેષમાં સજ્જિતા થઇને જુલિયાબીબી ધીમે ધીમે ઇસ્કાન્દારની શય્યા પાસે આવી પહોચી. પછીથી તેણે મૃદુસ્વરે કહ્યુ—"ઇસ્કાન્દાર ! શા માટે તું આવુ દેવદુર્લભ રૂપ લઇને આ દુનિયામાં આવ્યો છે? આવ્યોં તો પછી મ્હારી નજરે શા માટે પડયો? મ્હને ત્હેં ત્હારા રૂપમોહના નીશામા ઉન્માદિની બનાવી ફઇ નિરાશ શા માટે કરી?"

"તને મેળવવાને માટેજ મ્હે સેલિમાનો કાંટો દૂર કર્યો છે. આટલા બધા દુ ખ તેમજ સ કટને મ્હન કરીને તને મૃત્યુના ભયંકર મુખમાથી જીવનની સીમામા આણી રાખ્યો છે. મ્હારા જેવી વાઘિણીના નિવાસસ્થાનેથી તને લઇ જવાની તાકાત કોનામા છે? ઇસ્કાન્દાર ! જીવનાધિક ! પ્રિયતમ ! તું મ્હારો થા ! હુ ત્હારી દાસીની દાસી થઇ રહીને ત્હારી સેવા કરવામા મ્હારા જીવનની સફળતા સમજીશ.

"ત્હારે દ્રવ્ય જોઇએ છીએ ? ત્હારે જેટલુ દ્રવ્ય જોઇતુ હશે તેટલુ તને મળશે. આ ત્હારી દાસીની દાસીનો જીવ એટલો બધો કઠિન છે કે, તે ભારતના ભવિષ્યના શહેનશાહ સુલતાન સેલિમના અગાધ સ્નેહને જોઇને પણ બિલકુલ વિચળિત થયો નથી—માત્ર આ કઠિન જીવ તને જોઇને મુગ્ધ બની ગયો છે. મ્હારા આ કઠિન જીવમા મ્હેં ત્હારે માટે અપૂર્વ પ્રેમ રાખી મુકયો છે. જો ત્હારે પ્રેમ જોઇતો હશે, માયા જોઇતી હશે, માન જોઇતું

હશે, સેવા ચાકરી જોઇતી હશે તો એ સઘળુ તને મળશે. હે દયિતા હે કાન્ત ! હે પ્રિય ! તમે મ્હારા થાઓ. જે જુલિયાએ સુલતાન સેલિમના સ્નેહને સ્વીકાર્યો નથી—અસખ્ય ધનાઢ્ય અમીર ઉમરાવોની પ્રેમપ્રાર્થનાઓ સાંભળી નથી—જુલિયાએ જો ઇચ્છા કરી હોત તો તે બાદશાહી રગમહેલમા પૂર્ણ અયશઆરામમાં રહી શકત તેજ જુલિયા આજે ત્હારે માટે ઉન્મત્ત બની ગઇ છે. તેની પર કૃપા કર—રક્ષા કર—તેના સ્નેહને સ્વીકારી લે."

પાઠક ! આ જુલિયાને અત્યાર સુધીમા કદાચ તમે ઓળખી શકયા હશો. અ તરના આવેગથી પોતાના મનનો ભાવ જાહિર કરવા જતા તેણે પોતાનો પરિચય પણ કરાવી દીધો છે. આ અજાણી અદ્ભૂત શક્તિમયી રમણીના ભયકર કાર્યો આગળ ઉપર જાણવામા આવશે.

જુલિયા દીપકના ઉજ્વળ પ્રકાશમાં ઇસ્કાન્દારનુ સૌન્દર્યથી ઝળહળી રહેલુ મુખમડળ જોવા લાગી તથા મનમાં ને મનમા બોલવા લાગી,—"અરેરે ! આ રૂપને હજારો વખત જોવામાં આવે તો પણ તૃપ્તિ થાય તેમ નથી. આખોની પલક મુકયા સિવાય આ રૂપનુ રાત્રિ દિવસ દર્શન કરવામા આવે તો પણ આકાક્ષા પૂરી થાય તેમ નથી. કેવા સુદર નેત્ર છે ! કેવું સુદર મુખમડળ છે ! કેવો સુદર શરીરનો બાધો છે ! નેત્રોમાં કેવી સરળતા ભરેલી આકર્ષક દૃષ્ટિ છે ! હાય ખુદા ! ત્હે શા માટે આ નરરત્નને મ્હારી આગળ મોકલી મ્હારા સર્વસ્વનો નાશ કર્યો ?"

હૃદયભેદક ઉત્તેજના સહન નહિ થવાથી જુલિયા સુંદરીએ પાસેના એક દબાટને ઉઘાડી તેમાથી ઉત્તમ શિરાજની બૉટલ બ્હાર

કાઢી. પછીથી તેણે એક ચાદીના પ્યાલામા શિરાજી નાખી પોતાના કંઠમા રેડી દાધો. શિરાજીની અસરથી જુલિયાના જીવમા એક પ્રકારની સ્ફુર્ત્તિ આવી. ચિતાનુ વાદળ દૂર થઇ ગયુ—અને અંતરાકાશમા જાણે કે ઉલ્લાસમયી ઉજવળ ચાદની પ્રકાશી નીકળી

બરાબર આ સમયેજ ઇસ્કાન્દારે પાસુ ફેરવ્યુ. જુલિયા તરત જ એ શય્યા પરથી ઉઠી જઇને આતુરનયને ઇસ્કાન્દારના મ્હો તરફ જોઇ રહી. ઇસ્કાન્દારની નિદ્રાનો ભગ થયો હતો. શરીર સુસ્થ થયેલુ હોવા છતા જે ભયકર સ્પપ્ન તેને આવ્યુ હતુ તેને તે ભૂલી શકયો નહોતો. ઇસ્કાન્દારે થોડા સમય સુધી પોતાના બન્ને હાથથી આખો ચોળી અને પછીથી તે શય્યામા ઉઠી બેઠો થયો. તે ઉઠીને બેઠો થયો તે પહેલાજ જુલિયાબીબી સાવધાનતાથી એ ઓરડાની બ્હાર નાકળી જઇ બારણા પાછળ છુપાઇ ગઇ હતી

ઇસ્કાન્દારે જોયુ કે, પોતે જે ઓરડામા સૂઇ ગયો હતો તે ઓરડામા અત્યારે પોતે નહોતો આ પ્રકારથી તેને ઘણુ આશ્ચર્ય ઉપજયું તે આશ્ચર્ય પામીને એ ઓરડાને લક્ષ્યપૂર્વક જોવા લાગ્યો.

આશ્ચર્યની પર આશ્ચર્ય ! તેનો જીવજાન દોસ્ત સિકન્દરખાન તો તેની પાસે હાજર નહોતો. ઘણા સમ્ય સુધી વિચાર કરીને ઇસ્કાન્દાર એવા નિશ્ચય ઉપર આવ્યો કે, એક અજાણી સ્ત્રીએ તેમને બન્નેને કેદખાનામાથી છોડાવ્યા છે--ત્યાર પછી તેણે તેમને બન્નેને પોતાના મકાનમા લાવીને આશ્રય આપ્યો છે હવે ઇસ્કાન્દારે પોતાના જીવજાન દોસ્ત સિકન્દરને જોયો નહિ ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ

વળી સિકન્દર ઇસ્કાન્દારને સૂતો રહેવા દઇને એકલોજ પલાયન કરી જાય એ પણ નહિ બને એવુ હતુ ઇસ્કાન્દાર પથારીમાંથી

ઉઠી ઉભો થઇ એક સુદર સોફા ઉપર બેઠો. હજી પણ તેના ચિત્ત-માથી ભયકર સ્વપ્નની સ્મૃત્તિ દૂર થઇ નહોતી. હજી સુધી તે સ્વપ્નમાં જોયલી સેલિમાને ભૂલી શકયો નહોતો.

ઇસ્કાન્દાર માથા પર હાથ મુકીને આકાશ પાતાળના વિચારો કરવા લાગ્યો તેઓ થાણા નીચે આવેલી એક મહા ભયકર ઓરડીમા કેદ થઇ પડેલા હતા. તેમને કોણ કેદખાનામાંથી છોડાવી લાવ્યુ ? ત્યાર પછી બન્ને બધુઓ જે ઓરડામા સૂઇ રહ્યા હતા એ ઓરડો કયા ગયો ? પોતાનો જીગરજાન દોસ્ત કયાં જતો રહ્યો ? આ ઓરડાનો ઠાઠ માઠ તદ્દન જૂદી જાતનો જ હતો.

હજી પણ આ ઓરડામા દીપક સળગતો હતો. ઓરડાની એક તરફની દિવાલના ઉચા ભાગમાં એક ન્હાની સળીઆની જાળી હતી એ જાળીમાંથી ઉષાદેવીનો પ્રકાશ ઓરડામા થોડેઘણે અશે પ્રવેશ કરી શકયો હતો ઇસ્કાન્દાર સોફા પરથી ઉઠીને ઉભો થયો સ્હામેજ બહાર નીકળવાના બારણા હતા.

ઇસ્કાન્દાર બારણા પાસે જવા લાગ્યો એવામા એક અતિ સ્વરૂપવતી સુદરી એ બારણા પાસે આવીને ઉભી રહી તથા તેણે ઓરડામા પ્રવેશ કરી ઘણી ઝડપથી બારણા બધ કરી દીધા ઇસ્કાન્દારે એ સુદરીને જોતાજ ભયથી ચિત્કાર કરીને કહ્યુ—"આ શુ ! આ શુ ! સેલિમા ! ત્યારે શુ મ્હારૂ સ્વપ્ન સાચુ ઠર્યુ છે ? તુ કહે કે ત્હેજ મ્હને ભયકર જગલમા દર્શન દીધુ હતું કે નહિ?"

સુદરીએ ધીમે સ્વરે કહ્યુ.—"ઇસ્કાન્દાર ! સ્થિર ચિત્તે વિચાર કરી જો. જે સેલિમા મરી ગઇ છે તે કદાપિ જીવતી થઇ શકે ખરી

કે ? શીતળ કબરમાં જેનો જીવ વગરનો દેહ દાટવામાં આવ્યો છે તેનો જીવ ફરીથી આવી શકે ખરો કે ?"

"ના ના અસંભવ નથી—ખરી વાત છે ! હુ ભ્રમિત થઇ ગયો નથી; પરતુ તું કોણુ છે ? ત્હારામા અને સેલિમામા ઘણો થોડો ફેરફાર છે."

"હુ સેલિમા નથી—જુલિયા છું !"

"જુલિયા ! જુલિયા ! આટલી ઓળખાણુ સંપૂર્ણ ગણી શકાય નહિ."

"હુ આરામબેગની—"

જુલિયા જે બોલવા જતી હતી તે બોલી શકી નહિ. તેનુ વાક્ય વચ્ચેથીજ અટકી ગયુ.

ઇસ્કાન્દારે જુલિયાને લક્ષ્યપૂર્વક જોઇ. તેની ખાત્રી થઇ કે, સેલિમાના અગ પ્રત્યગની સાથે તેનુ અગ પ્રત્યગ તેમજ મુખમડળ ઘણે ખરે ભાગે મળતું આવતું હતું—પરતુ તે સેલિમા નહોતી. ઇસ્કાન્દારે નમ્ર સ્વરે કહ્યુ—"જુલિયા ! ખરેખર મ્હને ભ્રમ થયો-છે. એકજ મનુષ્યની આકૃતિ બીજા મનુષ્ય સાથે આટલી બધી મળતી આવે છે એ જોઇ હુ ઘણા આશ્ચર્યમા પડી ગયો છુ."

"હવે ત્હારો ભ્રમ દૂર થયો છે ?"

"હા, પરતુ હું કયાં છુ ?"

"મ્હારા મકાનમા."

"આ ઘરની માલિક તુજ છે કે ?"

"હા."

"અહિ એક પણ પુરૂષ નથી ?"

"ના—જે કોઇ પુરૂષો છે તે તો મ્હારા ગુલામો—નોકરો છે."

"તુ યુવતી છે છતાં ત્હારા ઘરમાં પુરૂષ નથી!!"

"હા હું યુવતી છુ પરંતુ કલંકિની છુ—તમે પૂછો તે પહેલાં-જ હું આ વાત કબૂલ કરૂં છું."

"ત્હેંજ અમને કેદખાનામાથી છોડાવી આણ્યા છે કે?"

"છોડાવનાર તો ખુદા છે—હુ તો માત્ર કારણરૂપ છું."

"અમને છોડાવી લાવવામાં ત્હારો શો સ્વાર્થ છે?"

"સ્વાર્થ ન હોય તો દુઃખના દરિયામાં પડતું નાખીને તમને શા માટે છોડાવી લાવુ?"

"ત્હારો શો સ્વાર્થ છે તે હુ જાણી શકીશ કે?"

"ના—હમણાં નહિ—વખત આવ્યે જાણી શકીશ."

"એ વખત કયારે આવશે?"

"તે સબંધી હમણા હું કાઇ કહી શકતી નથી—"

"મ્હારો દોસ્ત સિકન્દર કયા છે?"

"તે બીજે ઠેકાણે ચાલ્યો ગયો છે?"

"તેની પોતાની ઇચ્છાથી ગયો છે."

"ના—મ્હેં મ્હારી ઇચ્છાથી તેને બીજે ઠેકાણે મોકલી દીધો છે."

"તેમ કરવાનુ કાઇ કારણ?"

"કારણ—તમે જાણો છો કે મ્હે એક મ્હોટું ભયકર તેમજ સાહસિક કામ કર્યું છે. હમણા મ્હને એવા સમાચાર મળ્યા છે કે, આગ્રા શહેરનો કોટવાલ તમને પાછા પકડવાની ધમાલ કરી રહ્યો છે."

" પરતુ સિકન્દરને અહિંથી વિદાય કરી દેવામાં ત્હારો શો ઉદ્દેશ છે ? "

" મ્હને લાગે છે કે, તમારી બન્નેની તપાસ કરવાને માટે જહાન્દારખાન અહિ પણ કદાચ આવી ચઢે. જહાન્દારખાન તેમજ મહારાજ બિરબલ ઘણા કાળથી મ્હને ઓળખે છે. તેઓ જો કદાચ અહિ આવી ચઢે તો પાછુ તમારી બન્નેની સાથે મ્હારે પણ મ્હોટા ભયકર સકટમા સપડાવુ પડે. "

" સિકન્દરની સ્થિતિ પણ મ્હારા જેવી છે—ત્હેં તેને અહિથી વિદાય કરી દીધો એ ઠીક કર્યું નથી. "

" જો કે, મ્હે તેને અહિથી વિદાય કરી દીધો છે ખરો; પરતુ તેને જે ઠેકાણે મોકલી દીધો છે, એ ઠેકાણું આ ઠેકાણા કરતા વધારે નિર્ભય છે. બે પલાયન કરી ગયેલા કેદીઓને એકજ ઠેકાણે છુપાવી રાખવા એ ડહાપણુ ભરેલુ ગણી શકાય નહિ. "

" ત્યા મ્હારા મિત્રને શિરે સકટ તો નહિ આવી પડે ને ? "

" ના—એ માટે બિલકુલ બેફિકર રહો. વળી અહીં માત્ર એકજ ગુપ્ત ઠેકાણુ હોવાથી મ્હે તેને બીજે ઠેકાણે નિરૂપાયે વિદાય કરી દીધો છે. તમારે પણ થોડા દિવસ સુધી આ મકાનમાના ગુપ્તસ્થાને છુપાઇ રહેવુ પડશે; કેમકે આખી આગ્રા નગરીમાં ગરબડાટ થઇ રહ્યો છે. "

" મ્હારે મ્હારા મિત્ર પર એક પત્ર લખી મોકલવો છે. "

" બેલાશક લખી આપો—એ પત્ર હુ તમારા મિત્રને પહોંચાડાવીશ, તેમજ તેનો ઉત્તર પણ મંગાવી આપીશ. "

વિશેષ વાતચિત થઈ નહિ. આ સમયે એક ખોજાએ આવીને

કહ્યુઃ—"બીબીસાહેબા! કોટવાલ સાહેબ જહાન્દારખાન તમને મળવા માટે આવ્યા છે."

આ વાક્ય સાભળવામા આવતા જુલિયાનુ મુખ શબના જેવુ મલિન બની ગયુ. ઇસ્કાન્દારના ભયનો પણ પાર રહ્યો નહિ, પરતુ જુલિયાએ તરતજ સમયને વિચારી જઇને કહ્યું—"ઇસ્કાન્દાર! ભય પામીશ નહિ સ્થિર થઇ જા." આ પ્રમાણે કહીને જુલિયાએ પેલા ખોજાના કાનમા કાઇ કહ્યુ. ખોજાએ એ હકીકત સાભળી ઇસ્કાન્દારની તરફ નજર કરી ઇસ્કાન્દારે જોયુ કે, જે ખોજાને તેણે ગઇ રાત્રે આઘાત કર્યો હતો તેજ આ ખોજો હતો.

જુલિયાએ ઇસ્કાન્દારને કહ્યુ—"યુવક! કોઇ પણ પ્રકારનો સદેહ રાખ્યા સિવાય આ ખોજાની સાથે જા. એ તને જે કરવાનુ કહે તે કરજે. જો તેના કહેવા પ્રમાણે નહિ વર્ત્તે તો ત્હારો જીવ જશે."

ઇસ્કાન્દાર નિરૂપાયે એ ખોજાની સાથે ચાલ્યો ગયો. જુલિયાએ એક બીજા ખોજાને કહ્યુ—"ખાનસાહેબને માન આપીને અહિ બોલાવી લાવ"

પ્રકરણ ૨૩ મું.

જુલિયા અને જહાન્દારખાન

જહાન્દારખાને ધીમે ધીમે ખોજાની સાથે જુલિયાના ઓરડામાં પ્રવેશ કર્યો. જુલિયા કોટવાલને જોતાની સાથેજ આસન પરથી ઉઠી

ઉભી થઇ ગઇ; પછીથી એક સોફા તરફ આગળી કરી તેણે જહાન્દારખાનને તેની પર બેસવાનુ કહ્યું.

જહાન્દારખાન આસન પર બેઠો એટલે જુલિયાએ હાસ્યમુખે કહ્યું—"આજે હુ મ્હારૂ મહાભાગ્ય સમજુ છુ કે, આ આગ્રા શહેરના મુખ્ય કોટવાલ સાહેબ મ્હારા ગરીબખાનામાં પધાર્યા છે. આજે હું કોનું મ્હો જોઇને ઉઠી હોઇશ તે વિચારી શકતી નથી!"

જહાન્દારખાને આ વચનો સાભળી પ્રસન્ન થઇને કહ્યું—"મહાભાગ્ય તો મ્હારૂ ગણાય તેમ છે. અનેક અમીર ઉમરાવો જેનુ દર્શન કરવાને વ્યાકુળ રહે છે એ જુલિયાબીબીનો હુ મ્હારા પ્રત્યે અપૂર્વ પ્રેમ જોઉછુ!"

જુલિયાએ ફરીથી હસીને કહ્યું--"ના ના-ખાનસાહેબ! એમ ન બોલો. હુ જાણું છુ કે આપની મ્હારી પર ઘણી મહેરબાની છે. તમે જાણો છોજ કે, હું કેવી સુદર કૉફી બનાવી શકું છુ. આજે હુ મ્હારે હાથેજ કૉફી બનાવીને આપને પાઇશ. તમારા જેવા માનવતા અતિથિ મ્હારે ત્યા ભાગ્યેજ પધારે છે"

આમ કહીને જુલિયા પાસેના ઓરડામાં એકાએક ચાલી ગઇ. દશ મિનિટમા તો તે બે ચાદીના પ્યાલા ગરમ તેમજ સુવાસિત કૉફીથી ભરી લાવી. તે સાથે થોડો મેવો પણ એક તાસકમા લઇ આવી.

જહાન્દારખાન જુલિયાબીબીના આતિથ્યથી ઘણો પ્રસન્ન થયો—તૃપ્ત થયો, પરતુ તેના અતરમા ભયકર ચિતાગ્નિ સળગી રહ્યો હતો. તેણે યત્નપૂર્વક પોતાના અતરનો ભાવ છુપાવી રાખીને મ્હો પર પ્રફુલ્લતા આણી હતી એ પ્રફુલ્લતા ઘણા સમય સુધી કાયમ રહી શકી નહિ. શરતનુ સુપ્રસન્ન આકાશ એકાએક વાદળાં-

. ઓથી ઢંકાઇ જતા જે પ્રમાણે અધકારમય બની જાય તેજ પ્રમાણે જહાન્દારખાનના મુખમડળપર પણ પાછી ચિતાની છાયા છવાઇ ગઇ.

જહાન્દારખાનને ચિતાતુર જોઇને જુલિયા પોતાના મનમા જહાન્દારખાનની ચિતાનુ કારણ સમજી ગઇ, પરતુ તેણે પણ પોતાના અતરનો ભાવ છુપાવી રાખીને પૂછ્યુ --સાહેબ ! આપ આટલા બધા ચિતાતુર કેમ જણાઓ છો ? નર્ગીસબાનબીબીની તબીયત તો સારી છે ને ?"

જહાન્દારખાને ઉત્તર આપ્યો—ખુદાની મહેરબાનીથી બીબીની તબિયત તો સારી છે, પરતુ જુલિયાબીબી ! હુ એક મ્હોટા ભયકર સકટમા સપડાયો છુ !"

" એવુ તે શુ સકટ છે ?"

" થાણાની નીચેના કેદખાનામાથી બે કેદીઓ નાશી ગયા છે, તેથી જો તેમનો પત્તો નહિ લાગે તો મ્હારો જીવ જશે."

" આપ આ શુ કહો છો ? એ કેદીઓએ શો ગુન્હો કર્યો હતો ?"

" તેમણે એક લાવણ્યમયી લલનાનુ ખૂન કર્યું હતુ"

" પેલી સેલિમાનુ કે ?"

" હા."

" ગુન્હેગારો કેવી રીતે પકડાયા હતા ?"

" એ બધી હકીકત કહેવાની અત્યારે મ્હને ફુરસદ નથી. માત્ર એટલુજ કહુ છુ કે, ખૂનીઓ પૈકીનો એક--એક દિવસે સેલિમાની કબર ખોદાવા ભયકર રાત્રે કબરસ્થાનમાં ગયો હતો."

' આશ્ચર્ય !"

" વળી જો ગુન્હેગારો ફરીથી નહિ પકડાય તો મ્હારે તેમજ. મહારાજ બિરબલને બાદશાહ નામવરની ભયંકર સજા ભોગવવી પડશે આ ખૂની મામલાની તપાસ બાદશાહ પોતેજ કરે છે."

" એ હકીકત તો મ્હારા સાભળવામા આવી છે, વારૂં એ બન્ને કેદીઓના નામ શા છે!"

" તેમણે પોતાના નામ કહ્યા નથી; વળી બાદશાહ નામવરનો એવો હુકમ છે કે, ન્યાય થયા પહેલા કેદીઓને સતાવવા નહિ. જો મ્હેં તેમને બરાબર દુખી કર્યા હોત તો તેઓ કદાચ તેમના નામ કહેત"

" તેમનીપર પહેરાનો બરાબર બદોબસ્ત રાખ્યો નહોતો કે શુ ?"

" પહેરો તો બરાબર રાખેલો હતો, પરતુ એક શયતાન સુંદરી લુચ્ચાઇથી કેદીઓને છોડાવી ગઈ છે."

" આશ્ચર્ય પર આશ્ચર્ય ! એક સુદરીએ આવુ ભયકર સાહસિક કામ કર્યું ? એ સુદરી ઘણી સાહસિક હોવી જોઇએ.

" અરે સાહસ તો શુ; પરતુ તેની શક્તિ પણ ઘણી છે."

" એવો વિચાર તમે શા ઉપરથી કર્યો ?"

" તેણે બે પહેરગીરોને અફિણ મેળવેલી ભાગ પાઈ બેભાન બનાવી દઇને થાણામા પ્રવેશ કરી આ ભયકર કાર્ય કર્યું છે."

" પરતુ આપના પહેરગીરોએ એ અજાણી સુંદરીના હાથની ભાગ શા માટે પીધી ?"

" તેઓ ઘણા બેવકૂફ હતા. વળી તપાસ કરતાં મ્હને એમ

માલૂમ પડી આવ્યુ છે કે, એ બન્ને પહેરગીરોને ભાગ પીવાની ઘણી આદત પડી ગઈ છે " તે સિવાય મ્હારા એક પહેરગીરને જે ઓરડીમા બન્ને ગુન્હેગારોને કેદ કરી રાખ્યા હતા તે ઓરડીમાથી એક લાલ કાગળ મળી આવ્યો છે. એ કાગળ કોઇ સ્ત્રીનો લખેલો છે, તથા એ પત્રની ભાષા ઉપરથી હુ એવો નિશ્ચય કરી શકયો છુ કે, એ સ્ત્રી ગણુ સારૂ ઉર્દૂ જાણતી હોવી જોઇએ. "

" એ પત્ર ક્યા છે? મ્હને એક વખત બતાવી શકશો? "

" હા, બતાવવામા મ્હને શી હરકત છે? "

આ પ્રમાણે કહીને જહાન્દારખાને પોતાના જામાના ખિસ્સામાથી એક લાલ રગનો કાગળ બહાર કાઢી કહ્યુ —" આ લ્યો એ પત્ર. ઘણા દિવસ સુધી આગ્રા શહેરીની કોટવાલી કરીને મ્હને જે અનુભવ તેમજ જ્ઞાન મળ્યુ છે, તે ઉપરથી મ્હને લાગે છે કે, આ આગ્રા શહેરમાં એક રાજ્યદ્રોહી મડળ રહે છે. એ મડળના માણસોએજ પોતાના મડળની પુષ્ટિ કરવાને માટે બન્ને કેદીઓને છોડાવ્યા હોય એમ મ્હને લાગે છે. "

આમ કહીને જહાન્દરખાને હાથમાનો પત્ર જુલિયાને આપ્યો જુલિયાએ વિશેષ લક્ષ્યપૂર્વક એ પત્ર વાચ્યો કે નહિ તે અમે જાણતા નથી તો પણ તેણે એ પત્ર વાચવામા પોતાનુ એટલુ બધુ લક્ષ્ય બતાવ્યુ કે જાણે કે તે એ પત્ર વાચીને ઘણા આશ્ચર્યમા પડી ગઇ. પછીથી તેણે કહ્યુ —" ખાનસાહેબ! આપના હાજતખાનાના કઠોર પહેરામા પ્રવેશ કરે એવી સાહસિક સ્ત્રી આ આખી આગ્રા નગરીમાં હશે કે કેમ એ માટે મ્હને સદેહ હતો, પરતુ હવે મ્હને માલૂમ પડયુ

છે કે, જ્યારે આવા સખ્ત પહેરાની આખોમા ધૂળ નાખીને, તમે જે રાજ્યદ્રોહી મ ડળની વાત કરો છો એ મ ડળની એક સ્ત્રી કેદીઓને છોડાવી ગઇ છે ત્યારે એ રાજ્યદ્રોહી મંડળની શક્તિ કાઇ જેવી તેવી નહિ હોય. જે મ ડળ આવુ મહા ભયંકર તેમજ સાહસિક કાર્ય કરી શક્યુ છે. તે બીજુ કયુ કાર્ય ન કરી શકે? "

જહાન્દરખાને પોતાના મતને અનુસરતી વાત સાભળીને કાંઇક ઉત્તેજિત સ્વરે કહ્યુ—" જુલિયાબીબી! તમારૂ કહેવુ ખરૂ છે હુ તમારી પાસે શા માટે આવ્યો છુ તે તમે જાણો છો? "

જુલિયા — ના, તો પણ હું એટલુ તો જાણુ છુ કે, મ્હારા સૌભાગ્યનો ઉદય થયા સિવાય આપ મ્હારી ગરીબ ઝુપડીમા પધારો નહિ. બાદશાહની રાજધાનીના મુખ્ય રક્ષક મ્હારા જેવી એક અનાથ અભાગિની નારીની મુલાકાતે આવે એ શુ ઓછા આનદની વાત છે?

આ વાક્યોથી જહાન્દારખાનનુ મન ઘણુ પ્રસન્ન થયુ જે જુલિયા ભલભલા અમીર ઉમરાવોની તરફ નજર સુદ્ધા કરતી નહોતી, જે જુલિયાએ શાહજાદા સેલિમની કૃપા પ્રાપ્ત કરી હતી તેજ જુલિયા આજે પોતાને આટલુ બધુ માન આપતી જોવામા આવ્યાથી જહાન્દારખાને વિચાર્યુ કે, પ્રકાર કાઇ સાધારણ જણાતો નથી. તેણે જુલિયાને બોલતી અટકાવીને કહ્યુ·—" જુલિયાબીબી! હુ જાણુ છુ કે, તમે શાહજાદા સેલિમની કૃપા મેળવી છે હુ શાહજાદા સેલિમના ગુલામનો પણ ગુલામ છુ! હુ તમારી પાસે શા માટે આવ્યો છુ તે હવે મ્હારે તમને જણાવવુ જોઇએ હમણા મ્હારો વખત ઘણો અમૂલ્ય છે. સુલતાન સેલિમ હમણા નિશ્ચિત્ત ઉંઘે છે, પરતુ તેઓ જાગી ઉઠશે

એટલે મ્હારી દુર્દશાનો પાર રહેશે નહિ ”

જુલિયાએ પોતાના મ્હોપર આશ્ચર્ય દર્શાવીને કહ્યુ:—“આપને જે કાંઈ કહેવુ હોય તે બેલાશક કહો. હુ તમારા બ્યાનપર કાન દઇને ધ્યાનથી સાભળીશ.”

જહાન્દરખાને કહ્યુ.—“ આ તમારા મહોલ્લામાં પહેરો ભરનાર પહેરગીરે મ્હને એવી ખબર આપી છે કે, ગઇ રાત્રે છેલ્લા પ્રહરે ત્રણ માણસોએ તમારા મકાનમા પ્રવેશ કર્યો છો કેમ ખરી વાત છે ને? ”

જુલિયાએ કહ્યુ —“ હા ખરી વાત છે. હુ એ વાત કબુલ કરૂ છુ, પરંતુ એ ત્રણ પુરૂષો બાદશાહના નામજાદા અમીર હતા. તેઓ શિરાજી પીને વિહ્વળ બની ગયા હતા, તથા મ્હરા એક વિશ્વાસઘાતક પહેરગીરને કબજે કરીને તેમણે મ્હારા મકાનમા પ્રવેશ કર્યો હતો; પરતુ ખુદાની કૃપાથી હુ એ સમયે જાગતી હતી તેથી તે સમએ મ્હે મ્હારા બીજા ખોજાઓની સહાયતાથી મ્હે તેમને મ્હારા મકાનમાથી હાકી કાઢયા હતા વળી આપ યાદ રાખજો કે, એ ત્રણ અમીરોમાનો એક તો આપનો કર્તા હર્તા તેમજ વિધાતા જેવો હતો. આ સબધી મ્હારી સાથે વિશેષ રકઝક કરશો તો હું શાહજાદાને તેમના નામ કહી દઇશ. હુ એમ કરૂ અને આપ એ તમારા ઉપરી અમીરની ચક્ષુશૂળ થઇ પડો તો તમારી કેવી શોચનીય સ્થિતિ થઇ પડે તે વિચારી જુઓ. ”

જહાન્દારખાન આ વચનો સાભળી વિચારમા પડી ગયો. જુલિયાએ કહ્યુ કે, એ ત્રણ અમીરોમાનો એક અમીર તેનો કર્ત્તા હર્ત્તા તેમજ વિધાતા હતો. ત્યારે શુ તે મહારાજ બિરબલ હશે?

પરંતુ મહારાજ તો હિંદુ છે--તેનું ચરિત્ર પણ ઉત્તમ છે ! તેના જેવો પુન્યશાલી પુરૂષ જુલિયાના જેવી એક વિલાસમયી રમણીને ત્યાં પોતાના મિત્રો સાથ ગભીર રાત્રે આવે તે તદ્દન અસંભવિત છે વળી ગઇ કાલે સંધ્યા પછીજ મહારાજ બિરબલ સિક્રીથી આવ્યો હતો તથા મધ્યરાત્રે શાહજાદા સેલિમે તેને આરામ મંજીલમાં બોલાવ્યો હતો તેથી ગઈ કાલે રાત્રે મહારાજ બિરબલ જુલિયાને ત્યાં ક્યાંથી આવી શકે? ત્યારે જુલિયાને ત્યાં અમીર-ઉમ્રૌલા, નિશારતખાન આવ્યો હશે કે શું?

જહાન્દરખાન જે કારણને લીધે જુલિયા પાસે આવ્યો હતો તે કારણ અદ્ધરજ રહ્યું, ઉલટું તેને વિશેષ નિરાશ થવું પડ્યું. જુલિયાએ જહાન્દરખાનને ચિંતાતુર બની ગયેલો જોઇને વિચાર્યું કે, તેના ઔષધની બરાબર અસર થઈ હતી તેનો ઉદ્દેશ સિદ્ધ થયો હતો.

હાય નારી! હાય! ત્હારી પ્રપંચી શક્તિ! હાય ત્હારૂં રૂપ! હાય! ત્હારા નેત્રોના કુટીલ કટાક્ષ! આજે ત્હારા જેવી એક રમણીના પ્રપંચથી આગ્રા શહેરનો મુખ્ય કોટવાલ જહાન્દારખાન પત્થરના પૂતળા જેવો બની ગયો છે

જુલિયાએ જહાન્દારખાનને કહ્યું—"સાહેબ! આપને મ્હારા વચનોપર વિશ્વાસ બેસતો નથી કે શું? જો તેમ હોય તો હું આ ઠેકાણેજ બેસી રહું છું. આપને મ્હારા મકાનમાંના સઘળા ઓરડાઓ તેમજ ઓરડીઓની કુંચીઓ આપું છું આપ મ્હારા મકાનનો ખુણે ખુણો તપાસો અને આપના મનેહને દૂર કરો મ્હને તેથી કોઇ પણ પ્રકારનું નુકસાન નથી."

જુલિયાના આવા વચનો સાંભળી જહાન્દારખાન જે કામ કરવા માટે આવ્યો હતો તે કામ તદ્દન ભૂલી ગયો જુલિયા ઉપર

હવે તેને સહજ પણ સદેહ રહ્યો નહિ. તે ચિંતાતુર મુખે જુલિયા-પાસેથી વિદાય લઈને ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૪ મું.

જહાન્દારખાન ચાલ્યો ગયો એટલે જુલિયાએ બારીમાથી નજર કરી તે કયી તરફ જાય છે તે જોયુ. જહાન્દારખાન ઘોડેસ્વાર થઇને ચાલ્યો ગયો

જહાન્દારખાનને આટલી બધી ત્વરાથી છેતરી શકાશે એવી આશા જુલિયા સુદરીએ રાખી નહોતી ઘણી સહેલાઇથી પોતાનો હેતુ સિદ્ધ થયાથી તેને અપાર આનદ થયો. જો કદાચ તેના કમનશીબે જહાન્દારખાને તેના મકાનનો એકેએક ઓરડો બારીકાઇથી તપાસ્યો હોત તો ઇસ્કાન્દારખાન પકડાયા સિવાય રહેત નહિ એકાએક જહાન્દાર-ખાનને ચાવીઓનુ ઝુમખુ આપવાનુ બોલાઇ જવાથી જુલિયાએ એક નવીન સકટમા સપડાવાનો ઉપાય પોતાની મેળે કર્યો હતો—પરતુ ખુદાએજ તેને એ સકટમાથી બચાવી હતી.

જુલિયા યુવતી સુદરી હતી વિધાતાએ તેને અતુલનીય રૂપ-શાલિની બનાવી નહોતી તો પણ તેનુ રૂપ જોવા જેવુ હતુ. સુદર તારાની માફક બે નેત્રો રાત્રિ દિવસ પ્રકાશી રહેતા જણાતા હતા એ નેત્રો સરળતાના વિનિયમયથી, ભયકર કુટિલતા પ્રકાશિત હતી. બન્ને ભ્રમરો જાણે કે કામદેવના અખડ શરાસન જેવી હતી કંઠની સુદરતાનો પાર નહોતો. મુખ ચપકના જેવું હતુ ઓષ્ઠાધર ગુલા-

મના ખિલતા પુષ્પના જેવા હતા. તેની પર તાંબુલનો રસ હોવાથી તે ઘણા સુંદર જણાતા હતા. જુલિયાના રૂપનું વિશેષત્વ એ હતું કે, એ લાલચોળ ઓષ્ઠાધાર સર્વદા જાણે કે હસમુખા દેખાતા હતા. એ હાસ્ય જોવામા આવતા ભલભલાઓના માથાં ફરી જતા હતા.

જુલિયાનુ ચરિત્ર પણ અદ્દ્ભુત રહસ્યમય હતું. તેના ચરિત્ર સંબંધી આગ્રાના અમીર—ઉમરાવો વચ્ચે ઘણો વાદવિવાદ ચાલતો હતો એક પક્ષનો મત એવો હતો કે, સુલતાન સેલિમને જુલિયાની મોહિની લાગેલી છે સેલિમ શહેનશાહ થશે. અને તેને સુયોગ મળશે એટલે જુલિયા બાદશાહના રંગમહેલ—જનાનામા પ્રવેશ કરી શકશે. બીજા પક્ષનો મત એવો હતો હતો કે, જુલિયા ચરિત્રથી ભ્રષ્ટ થયેલી અને કલંકિની નથીજ કારણ કે, અનેક અમીર ઉમરાવોએ છુપી રીતે તેના ચરિત્રબળની પરીક્ષા કરવાને માટે અનેક ઉપાયોથી તેને મેળવવાનો યત્ન કર્યો હતો, પરંતુ જુલિયાએ એ સઘળા અમીર ઉમરાવોને પોતાના ખોજાઓની સહાયતાથી પોતાના મકાનમાથી હાંકી કાઢયા હતા એક દેખાવડા અમીરે સૌંદર્ય અને દ્રવ્ય—બન્નેની લાલચ બતાવી હતી, પરંતુ જુલિયાએ તેને શાહજાદા સેલિમ પાસે ઉભો કરવાને માટે કેદ કરી રાખ્યો હતો. પછીથી જ્યારે એ દેખાવડા અમીરે જુલિયાની પાસે ઘણીજ નમ્રતાથી માફી માગી ત્યારે જુલિયાએ તેની પ્રત્યે દયા દર્શાવી તેનો ગુન્હો માફ કરી તેને છોડી દીધો હતો.

પાઠક બંધુઓ ! હવે વિચારી જુઓ કે, જુલિયા જ્યારે રૂપ તેમજ રૂપિયાથી લલચાતી નથી, શાહજાદા સેલિમને પણ હૃદય પૂર્વક ચ્હાતી નથી ત્યારે પછી તેનુ ચરિત્ર ગણ રહસ્યમય હોવું

જોઇએ કે નહિ ? જ્યારે જુલિયાના રહસ્યમય ચરીત્રને આપણે જાણી શકીશુ ત્યારેજ આપણે સેલિમાના ખૂની મામલાના અદ્‌ભુત ભેદને સપૂર્ણ રીતે જાણી શકીશુ.

વાચકોને યાદજ છે કે, પ્રભાતકાળના અરસ્સામા એકાએક જુલિયાને પોતાની પાસે આવેલી જોઇને ઇસ્કાન્દારે ભ્રમથી તેને સેલિમા તરિકે સબોધી હતી. એ કાઇ વિશેષ આશ્ચર્ય પામવા જેવો પ્રકાર નહોતો. આ જગતમા વિધાતાએ બનાવેલા મનુષ્યોમા કેટલાક માણસોના સમાન અવયવ તેમજ સમાન મુખમડળ જોવામા આવે-છે ઇસ્કાન્દારે પછીથી ઓરડામા સળગતા દીપકની સહાયતાથી જુ-લિયા તરફ જોયુ તો તેને પોતાનો ભ્રમ સમજાયો, છતા જો સુર્ય દેવના પ્રકાશમા તેણે જુલિયાને જોઇ હોત તો તેને ખાત્રી થાત કે, જુલિયાના શરીરના અવયવો તેમજ મુખમડળ સેલિમાના અવયવો તેમજ મુખમડળની બરાબર હોવા છતા સેલિમાના શરીરનો રગ જુલિયાના કરતા ઘણો ઉજવળ હતો.

જુલિયા સ્વાધીનભર્તૃકા નથી તેમજ નારીજાતિમા કલકિની પણ નથી—સેલિમના સ્નેહની પુતળી પણ નથી—ત્યારે કોણ છે ? આ પ્રશ્નનો ઉત્તર હમણા અમે પણ આપી શકતા નથી વાચક ! આ નવલકથાની સાથે જેમ જેમ આગળ વધતા જશે તેમ તેમ જુલિયાનુ ચરિત્ર જાણવા સબધી તેમના મનમા જે જીજ્ઞાસા ઉત્પન્ન થઇ છે તે જીજ્ઞાસા પૂરી થશે

સેલિમાનુ ખૂન, તે સબધી અકબરશાહની આજ્ઞા, રાજમાર્ગમા પડેલો સેલિમાનો મૃતદેહ, તેની કબર ખોદી તેમા ખિલેલા તાજા ગુલાબ પુષ્પો મુકી આવવા, જે પુષ્પો જોઇને ઇસ્કાન્દારે તેના દોસ્ત

સિકન્દરને કહ્યું હતું કે " સર્વસ્વનો નાશ થયો છે " એ સઘળી . હકીકત તથા સેલિમાના ખૂનો તરીકે કોને પકડવામા આવ્યા હતા એ હકીકત પણ રહસ્યમયી જુલિયા જાણતી હતી. જો એ હકીકત તે ન જાણતી હોત તો કેદખાનામા જવાનુ સાહસ તે શા માટે કરે ? ઘણી સહેલાઇથી તે પહેરેગીરોની આખોમાં ધૂળ નાખી કેદીઓને છોડાવી પણ કેવી રીતે શકે ? ઉપરની સઘળી હકીકત જુલિયાના જાણવામા કેવી રીતે આવી હતી તે માત્ર તે પોતેજ જાણતી હતી, તેથીજ અમે કહીએ છીએ કે, જુલિયા એક ગભીર રહસ્યમયી નારી હતી, અને આ નવલકથામા હવે ઘણો ખરો ભાગ એ જાલિમ જુલિયાજ ભજવે છે

જહાન્દારખાનને વિદાય કરી દઇને જુલિયાએ પોતાના ચચળ મનને શાન્ત કરવાને માટે નોકરને આજ્ઞા કરી કે—" જલદીથી એક પ્યાલો કૉફી અને થોડો મેવો લઇ આવ. આખી રાતનો ઉજાગરો થવાથી મ્હારૂં શરીર ઘણુ ખરાબ થઇ ગયુ છે "

નોકર ચાલ્યો ગયો જુલિયા પાછી ભયકર ચિન્તામા પડી. તે આકાશ પાતાળના વિચારો કરવા લાગી તેની ચિન્તાનો વિષય શો હતો તે અમે બરાબર જાણતા નથી તેના મુખની ઉત્તેજના, પળે પળે બદલાતા ભાવ એમ જાહિર કરી દેતા હતા કે એક પ્રકારની ભયકર ચિન્તા તેના હૃદયપ્રદેશની ચારે તરફ ફેલાઇ રહીને દાવાનળની માફક સળગે છે

નોકર એક ગરમ પ્યાલો ભરીને કૉફી લાવ્યો તથા એક ચાદીની રકાબીમા કેટલોક સ્વાદિષ્ટ મેવો પણ લઇ આવ્યો. નોકર પોતાની શેઠાણીને હાથેજ ઉત્તમ કૉફી બનાવતા શીખ્યો હતો તથા જુલિયા કૉફી બનાવવામા એટલી બધી ચતુર હતી કે, શાહજાદા

સેલિમને પણ જુલિયાને હાથે બનેલી કૅાફી ઘણી પ્રિય થઇ પ-ડતી હતી.

કૅાફી પીધા પછી જુલિયાનુ શરીર કાંઇક સુસ્થ થયુ, તેનું મુખ પ્રફુલ્લ થયુ. તેને જાણે કે નવજીવન મળ્યુ.

આ સમયે નોકરે આવીને સમાચાર જણાવ્યા કે—" બીબી-સાહેબા ! બ્હાર એક પાલખી આવી છે. તેમા એક આબરૂદાર ર-મણી આવી છે એ રમણી તમારી મુલાકાત કરવાની ઇચ્છા રાખે છે તે પાલખીમાથી ઉતરી ઉપર આવે છે. "

ક્ષણ માત્રમા તો જુલિયાએ પોતાના મુખપરનો ભાવ બદલી નાખ્યો એ રહસ્યમયી માયાવિની સુદરીએ પોતાના મ્હોં ઉપર એવો ભાવ આણ્યો કે, તેને કોઇ પણ પ્રકારની ચિન્તા નથી તેના હુકમથી નોકર કૅાફીનો પ્યાલો અને મેવાની રકાબી લઇને ચાલ્યો ગયો

જુલિયાએ આ સમયે આશ્ચર્ય પામીને જોયુ તો એક બુરખા-વાળી રમણી તેના ઓરડાના પ્રવેશદ્વારમા આવીને ઉભી રહી હતી ! બુદ્ધિમતી જુલિયા એ બુરખાનુ કારણ સમજી શકી અને તરતજ તેણે નોકરને ત્યાથી જતા રહેવાની આજ્ઞા કરી નોકર આજ્ઞા સાભળતાની સાથેજ ત્યાથી ચાલ્યો ગયો

જુલિયાએ આશ્ચર્યમા પડી જઇને પૂછ્યુ —"બ્હેન ! તુ કોણ છે?"

બુરખાવાળી રમણીએ પોતાનો બુરખો ઉચો કરી નાખ્યો જાણે કે વાદળુ ખસી ગયુ—ચદ્ર ચમકી ઉઠયો.

આ આવનાર રમણીને જુલિયા બિલકુલ ઓળખતી નહોતી. તેનુ રૂપ ખરેખર જોવા જેવુ હતુ ! તેની સુવિમલ કાન્તિ–તેમજ પલક વગરનાં નેત્રો ઉપભોગ કરવા જેવા હતા.

ચતુર જુલિયા એક મ્હોટા સંકટમા પડી ગઇ. એ અજાણી રમણી કોણ હશે! તેના દેખાવ તેમજ વસ્ત્રો પરથી તે આબરૂદાર હોય એવી કલ્પના ઉપજતી હતી. એવી આબરૂદાર રમણી જુલિયાને ત્યા શા માટે આવી હશે? આખુ જગત તો જુલિયાની તરફ તિરસ્કારથી ભરેલી દ્રષ્ટિથી જુએ છે. તેને ત્યા આ રમણીનો મુખચંદ્ર શા માટે પ્રકાશી નીકળ્યો હશે?

જુલિયા આવેલી રમણી તરફ ટગર ટગર જોઇ રહી. થોડા સમય પછી તેણે પુછ્યુ :—" બ્હેન ! તમે કોણ છો? જ્યારે આ આ અભાગિનીના કલંકિત મકાનમાં પધાર્યા છોતો ત્યારે હવે આસનપર બિરાજી મ્હને કૃતાર્થ કરો."

એ રમણી જુલિયાએ દર્શાવેલા આસન પર બેઠી તેણે એક વખત ઓરડાની ચારે તરફ દૃષ્ટિ ફેંકી જોઇ. પછીથી તેણે ચિંતાતુર મુખે કહ્યુ.—" તમારૂજ નામ જુલિયા સુંદરી છે કે?"

આ પ્રશ્નથી જુલિયાએ કાંઇક શરમાઇ જઇને કહ્યુ—" બ્હેન! તમારા આવા ભુવનમોહન રૂપ આગળ મ્હારૂ રૂપ તુચ્છ છે, માટે મ્હને સુંદરી કહીને સંમાન આપશો નહિ બ્હેન! તમે આવી રીતે મ્હારી મશ્કરી કરવાનેજ આવ્યા છો કે શુ?"

આવનાર રમણી જુલિયાના માત્ર આ એકજ વાક્ય ઉપરથી સમજી ગઇ કે, જુલિયા ઘણી ચતુર તેમજ બુદ્ધિમતી છે રમણીએ પોતાના અંતરનો ભાવ છુપાવી રાખી ચિન્તાશૂન્ય મુખે કહ્યુ—" ખરેખર! તમે સુંદરી છો. તમે ભુવનમોહિની છો. હુ રમણી છુ છતાં મુક્તકંઠે તમારા રૂપની પ્રશંસા કરૂં છુ ખુદાએ તમને ઘણુંજ રૂપ આપ્યુ છે. તમારા સુંદર નેત્રોમા સરળતા ભરેલી છે--

તમારા બન્નેઓષ્ઠ હાસ્યમય જણાય છે હું ખાત્રી પુર્વક કહી શકુ-છુ કે--આવું સ્વર્ગીય રૂપ બાદશાહના રગમહેલની અનેક રૂપવતી રમણીઓના રૂપને પણ ઝાખુ કરી નાખે તેમ છે"

આટલી બધી પ્રશસા સાભળી જુલિયાએ પોતાના મનમા ને મનમાં વિચાર્યું —" આ મળવા આવનાર રમણી પણ કાંઇ ઓછી ચતુર નથી. ગમે તેવી રમણી તેના રૂપની પ્રશસાથી નમ્ર થઇ ગયા સિવાય રહેતી નથી પુરૂષો કરતા સ્ત્રીઓ પોતાના રૂપની પ્રશસા સાંભળી ઘણી પ્રસન્ન થાય છે. આ રમણી કોઇ ખાસ કારણને લીધેજ મ્હને મળવા આવી હોય એમ લાગે છે તથા મ્હારા રૂપની પ્રશસાથી મ્હને પ્રસન્ન કરી તે પોતાનો હેતુ સિદ્ધ કરવાની ઇચ્છા રાખે છે. જ્યાં સુધી તેનો હેતુ જાણવામા ન આવે ત્યા સુધી દઢતા રાખવાની ઘણી જરૂર છે"

જુલિયાને વિચારમા પડી ગયેલી જોઇને આવનાર રમણીએ પ્રફુલ્લમુખે કહ્યુ--" મ્હારી પર તમને સદેહ ઉપજે છે ? ' મ્હે તમારી પાસે આવતાની સાથેજ તમારા રૂપની પ્રશસા કરવા માંડી છે તેથી તમે એમ વિચારો છો કે, હું કોઇ મુખ્ય કારણને લીધે તમારી પાસ આવી છુ ? તમારી આ ધારણા ભૂલ ભરેલી તો નથી-જ પરતુ તેથી એમ ન વિચારશો કે, હુ તમારા સુદર રૂપ સબધી જે કાઇ બોલી છુ તે તમારી ખુશામદ કરવાના હેતુથી બોલી છુ, હું એક વાર નહિ, પરતુ અનેકવાર કહીશ કે, તમે આ દુનિયામા સર્વશ્રેષ્ટ સુદરી છો.

જુલિયાએ ધીરે સ્વરે કહ્યુ --" તમને જોતાજ તમે કોઇ આબરૂદાર રમણી હો એમ ધારૂ છુ. તમારા જેવી ચતુર તેમજ રૂપ-

વતી રમણીઓ મ્હે પણ ઘણી થોડી જોઇ છે. માત્ર તમારા જેવી સ્વરૂપવતી રમણી એકજ મ્હારા જોવામા આવી હતી કે જેના રૂપ સાથે તમારા રૂપની તુલના થઇ શકે તેમ હતું, પરંતુ હમણાં એ રમણી આલોકમા નથી બીજી એક સર્વશ્રેષ્ટા સુંદરી આમા નગરીમાં છે, પરંતુ તે મોગલ નથી--ઇરાની છે. તે ગ્યાસબેગની કન્યા છે--તેનુ નામ મેહરૂન્નીસા છે."

આ સમયે જુલિયાએ એરમણીની તરફ એક આકર્ષક કટાક્ષ ફેંક્યો. આ વચનો ઉપર આવેલી રમણી બીજુ કાંઇ બોલી શકી નહિ. તેણે સ્થિરતાથી કાંઇ વિચાર કરી નમ્ર સ્વરે કહ્યુ:--"બ્હેન ! હું એક મ્હોટા સંકટમા સપડાઇ ગઇ છું. તમે દયા લાવી મ્હારૂ રક્ષણ કરો."

જુલિયાએ સ્મિત હાસ્ય કરી પૂછ્યુ—"તમે કોણ છો ? તમે એવા તે કયા ભયંકર સંકટમા સપડાયા છો ? તથા હુ તમને સહાયતા કરી શકુ તેમ છુ કે નહિ તે સઘળી હકીકત જાણ્યા સિવાય હુ તમને શો ઉત્તર આપી શકુ ? "

એ રમણીએ એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું—" હુ નશીબન બીબી —"

રમણી વિશેષ બોલી શકી નહી. જુલિયા તરતજ આસન પરથી ઉઠી ઉભી થઇ ગઇ ત્યાર પછી એક માનસૂચક સલામ કરી નશીબનના બન્ને હાથને કોમળ ભાવથી દાબી તેણે કહ્યુ—"આજે મ્હારૂ મહા સૌભાગ્ય સમજુ છુ કે, તમારા પગના સ્પર્શથી મ્હારી ઝુંપડી પાવન થઇ છે. મ્હે તમારૂં નામ સાભળ્યુ છે—પરંતુ મ્હે તમને કદાપિ નજરે જોયાં નથી. આજેજ હુ સમજી શકી કે તમારા જેવાં પત્ની મળવાથી ખાનસાહેબનુ જીવન સ્વર્ગમય બની રહેલુ છે "

નશીબને કહ્યુ—" જુલિયા ! બ્હેન ! મ્હને લાગે છે કે મ્હારા પતિના સ્વર્ગીય સુખના દિવસો પૂરા થવા આવ્યા છે. તેમને શિરે મહા ભયકર સકટ આવ્યુ છે. આ નિરાધાર નારીનો એક માત્ર આધાર દિલ્લીશ્વર અકબરશાહની કઠોર સજાનો ભોગ થઇ પડશે. તેથી પતિનુ રક્ષણ કરવાને માટે હુ તમારે આશ્રયે આવી છુ. જુલિયાબાબા ! તમે મ્હને બચાવો "

જુલિયાએ કહ્યુ—" બ્હેન ! વ્યાકુળ બની જાઓ નહિ ! પ્રથમ મ્હને સઘળી હકીકત સાભળી લેવા દો મ્હારાથી બનતું હુ જરૂર કરીશ થોડા સમય પહેલા ખાનસાહેબ જાતેજ અહિ આવ્યા હતા. તેમને મુખે મ્હે સઘળી હકીકત સાભળી છે. કેદીઓના નાશી જવાથી વળી પાછા તેઓ સકટમા સપડાયા છે, એ પણ હુ જાણુ છુ "

નશીબને કહ્યુ—" મ્હને લાગે છે કે, તમે માત્ર થોડી દયા દર્શાવશો તો મ્હારા પતિનુ જીવન બચશે."

જુલિયાએ આશ્ચર્ય દર્શાવીને કહ્યુ—" તમે શુ કહો છો ! હુ તમારૂ કહેવુ બિલકુલ સમજી શકતી નથી હુ એક સાધારણ સ્ત્રી છુ—હતભાગિની છુ સસારના એક એકાંત ખુણામા પડી રહી છુ. હુ આવા ભયકર પ્રકારમા શુ કરી શકુ તેમ છુ ?"

નશીબનને આ વાક્યોથી જાણે કે કાઇક ખોટું લાગ્યુ. તીવ્ર સ્વરે તેણે કહ્યુ—" જુલિયાબાબા ! યાદ રાખજો કે ખાનસાહેબની ધર્મપત્ની નશીબનનામા પણ થોડી ઘણી બુદ્ધિ છે. મ્હે મરી ગયેલી સેલિમાનુ ચિત્ર જોયુ છે. તેમજ તમારી જીવતી પ્રતિમા પણ જોઇ

છે. ખુદાએ જો તમને સહજ વિશેષ ઉજવળ બનાવ્યાં હોત તો હું એમજ ધારત કે, સેલિમા મરી ગઇ નથી—જીવતી છે, તથા એ સેલિમાજ જાણે કે અત્યારે મ્હારી પાસે બેઠી છે એ સેલિમાના ખૂની મામલામાં એક પ્રકારનો ભયંકર ભેદ સમાઇ રહેલો છે જુલિયા-બાબી! મ્હને એમ લાગે છે કે તમે એ સઘળો ભેદ જાણો છો!! તમે દયા કરો તો મ્હારા પતિનો જીવ બચી શકે તેમ છો. તમે ધારો તો ગુન્હેગારોને પાછા પકડાવી શકો તેમ છો"

જુલિયા ક્રોધે ભરાયલી નાગણની માફક ઉંચુ મ્હો કરી ક્રોધ દર્શક સ્વરે બોલી ઉઠી—" નશીબનબાબી! તમે ભ્રમમા પડી ગયા છો, તથા મ્હને એમ લાગે છે કે, જહાન્દારખાને પોતાના મનની ભૂલ ભરેલી ધારણા તમારા મનમા ઉત્પન્ન કરી છે કદાચ સેલિમાની આકૃતિ સાથે મ્હારી આકૃતિ મળતી આવતી હશે; પરતુ હું પણ ધારૂ તો તમારા જેવી આકૃતિવાળી સ્ત્રી આગ્રા શહેરમા શોધી કાઢી શકુ તેમ છુ શરીરની આકૃતિ મળતી આવે એ તો આ દુનિયામાં બનવા યોગ્ય છે"

નશીબને મનમાને મનમા વિચાર્યું કે, જાલિમ જુલિયા આગળ તેનુ કાઇ ચાલવાનુ નથી. આ નિષ્ઠુર નારીની દયા મેળવ્યા સિવાય કાઇ કામ થવાનુ નથી. આ પ્રમાણે વિચારી નશીબને આસન પરથી ઉઠી, જુલિયાના કોમળ હાથોને સ્નેહદર્શક ભાવથી દબાવીને કહ્યુ —" જુલિયા! મ્હે તમને મ્હારા બેન તરીકે સબોધ્યા છે. આજે તમે બ્હેનને બચાવો. મ્હારા દુખનો અત માત્ર તમેજ લાવી શકો તેમ છો અકાળે મ્હને વિધવા બનાવી મ્હારા આ નારીજીવનને વિષમય ન બનાવો.

આ સમયે જુલિયા પણ એક મ્હોટા વિચારમાં પડી ગઇ. તેણે કાંઇક નમ્રતાથી પૂછ્યુ --' -હો બ્હેન ! કે હું તમારે માટે શુ કરૂં?"

નશીબન --પલાયન કરી ગયેલા ગુન્હેગારોને મ્હારા પતિની સત્તામા પાછા સોપી દ્યો --એટલે તમે મ્હને જીવનદાન દીધુ છે એમ હું સમજીશ અને તમારો ઉપકાર જીવતા સુધી ભૂલી જઇશ નહિ

જુલિયા —ત્યારે શુ તમે એમ ધારો છો કે, મ્હે ગુન્હેગારોને છુપાવી રાખ્યા છે?

નશીબન--મ્હારૂ મન તો તેમજ કહે છે જે પહેરગીર તમારા મહોલ્લામા પહેરો ભરતો હતો તેણે સ્પષ્ટ કહ્યુ છે કે, કાલે મધ્યરાત્રે બે પુરૂષોએ તમારા મકાનમા પ્રવેશ કર્યો હતો

જુલિયા --એ શયતાન પહેરગીર જહન્નમમા જાઓ એ જૂઠું બોલે છે હુ કબૂલ કરૂ છુ કે, કાલે ગભીર રાત્રે બે પુરૂષોએ મ્હારા મકાનમા પ્રવેશ કર્યો હતો મ્હે તમારા પતિ આગળ પણ આ વાત કબૂલ કરી હતી તથા તેઓ કોણ હતા તેનો પણ તેમને કાઇક આભાસ આપ્યો હતો

નશીબન --તમે મ્હારા પતિ આગળ જૂઠુ બોલ્યા છો. તેઓ તમારાં વચનોથી છેતરાયા છે

જુલિયા બીજુ કાઇ નહિ કહેતા રોષાવેશમાજ એ ઓરડામાથી ઉઠીને ચાલી ગઇ.

અભિમાનિની નશીબનને પોતાના જીવનમા કદાપિ આવુ અપમાન સહન કરવુ પડયુ નહોતુ. આગ્રાના મુખ્ય શાન્તિરક્ષકની સહધર્મિણી રૂપે તેણે પ્રત્યેક ઠેકાણેથી પુષ્કળ માન મેળવ્યુ હતુ. તે પોતાની મર્યાદા તેમજ માનને ભૂલી જઇને એક સાધારણ રમણીની માફક જુલિયાને ત્યાં આવી તેનો બદલો આવોજ મળ્યો કે?

નશીબનબીબીનાં નેત્રોમાંથી ગરમ આંસુઓ ઉભરાઇ જવા લાગ્યાં. તેણે મનમાંને મનમાં કહ્યું:—" જુલિયા ! યાદ રાખજે કે મ્હારા આ થયેલા અપમાનનો બદલો હું એક દિવસે જરૂર લઇશ. "

મ્હોં પરનો બુરખો પાછો આગળ ખેંચી નશીબને ધીમે ધીમે એ ઓરડાનો ત્યાગ કર્યો. મકાનની બહાર નીકળવાના દરવાજા પાસે પેલો બળવાન્ ખોજો જબરદસ્તખાન રાહ જોતો ઉભો રહ્યો હતો. બીબીને પાછી ફરતા વિલંબ થતો જોઇને તે ઘણો ઉત્કંઠિત બની ગયો હતો. આ સમયે નશીબનને પાછી આવેલી જોતાંજ તેણે હર્ષ પામીને કહ્યું—" મા ! પાલખી લાવું કે ? "

નશીબને હકારમા ઉત્તર આપ્યો. પાલખી બારણા પાસે આવી પહોંચી એટલે નશીબન તેમાં ચઢી બેઠી. નશીબન જે કાર્ય કરવા આવી હતી તે કાર્ય નહિ થવાથી તે ચિંતાતુર મુખે, નિરાશ હૃદયે પોતાના મકાન તરફ જવા લાગી.

પ્રકરણ ૨૫ મું.

શાહજાદા સેલિમની આજ્ઞા.

આખી રાત્રિનો ઉજાગરો થવાથી તેમજ અતિશય માનસિક ઉત્તેજનાથી રાજકુમાર સેલિમ રાત્રિના છેલ્લા પ્રહરે સૂઇ રહ્યો હતો; પરંતુ તે ગંભીર નિદ્રાસુખ ભોગવી શકયો નહોતો. એક ઉત્કટ સ્વપ્ને તેની સુખમય નિદ્રાને વિવિધ પ્રકારના ભયથી ભરેલી બનાવી દીધી હતી.

જે લાલ રંગના પત્ર માટે આ પ્રલયકાણ્ડ ઉપસ્થિત કર્યું હતું, જેને માટે ઈસ્કાન્દાર અને તેનો જીવજાન દોસ્ત કેદખાનામાંથી પલાયન કરી ગયા હતા, જેને માટે એ ગંભીર રાત્રે મહારાજ બિરબલને રાજકુમાર સેલિમે પોતાની પાસે બોલાવી મંગાવ્યો હતો એ પત્રમાં કેવી ભયંકર હકીકત લખેલી હતી તે હજી સુધી આપણે જાણી શકયા નથી. તો પણ આ પ્રકાર કોઈ સાધારણ નહોતો એમ આ બધા બનતા પ્રકારો પરથી આપણે વિચારી શકીએ છીએ.

સેલિમે સ્વપ્નમાં જોયું કે, એ લાલરંગનો કાગળ ઈસ્કાન્દારખાને શહેનશાહ અકબરશાહને કીંમતી મૂલ્ય લઈને વેચાતો આપ્યો. એ પત્ર વાંચી શહેનશાહ ઘણા ક્રોધે ભરાયા. શાહજાદો સેલિમ કેદીના સ્વરૂપમાં તેના પિતા—શહેનશાહ અકબરશાહ આગળ હાજર થયો. સમ્રાટને ઘણા ક્રોધે ભરાયલા જોઈને શાહજાદાએ જાણે કે તેમના ચરણોમાં નમી પડીને કહ્યું કેઃ—" જહાપનાહ ! મ્હારી ગુસ્તાખી માફ કરો."

બરાબર એ સમયે જાણે કે કોઈ એક માણસ તેની દૂધના જેવી સફેદ તેમની સુંવાળી શય્યા પાસે ઉભું રહીને કહેછે કે—" જહાપન્નાહ ! મ્હારી ગુસ્તાખી માફ કરો."

એકાએક સ્વપ્નના વાક્યનો બ્હારથી પણ પડઘો સાંભળીને, સેલિમ ખુદાનું સ્મરણ કરી શય્યામાંથી ઉઠયો. ઉઠતાની સાથેજ તેણે જોયું કે, તેની સહામે ઉભો રહીને યાર લતીફ કહે છે કે—" જહાપન્નાહ ! મ્હારી ગુસ્તાખી માફ કરો."

" થોડા સમય સુધી અહિંજ ઉભો રહે." કહીને સેલિમ એક બીજા ઓરડામાં ચાલ્યો ગયો. સ્નાનાલયમાં પ્રવેશ કરી તેણે પ્રાત-

કૃત્ય પૂરૂ કરી નાખ્યુ. નિદ્રાથી પણ ગઇ રાત્રિની વ્યાકુળતા તેમજ ઉત્તેજના દૂર નહિ થવાથી તેણે ગુલાબજળમિશ્રિત સુગધિ જળથી સ્નાન કર્યું ત્યાર પછી વસ્ત્રો બદલી તે પાછો પોતાના શયનાલયમા આવ્યો.

યાર લતીફ શાહજાદાની આજ્ઞા અનુસાર શાહજાદાના શયનાલયમાજ ઉભો રહ્યો હતો બીજા કોઇને શાહજાદાના શયનાલયમા આવવાની રજા નહોતી, પરતુ યાર લતીફને રગમહેલ સિવાય સર્વ ઠેકાણે જવાની રજા હતી તેમ ન હોય તો નિદ્રાધીન શાહજાદાને તે આવી રીતે જગાડવાનુ સાહસ કરી શકે નહિ

બાદી સુવર્ણપાત્ર ભરીને સુવાસિત કૉફી લઈ આવી કૉફીની સાથે બદામ તથા પિસ્તાની બનેલી બે ત્રણ ન્હાની ન્હાની સ્વાદિષ્ટ પુરીઓ પણ એક સુવર્ણની રકાબીમા આવી શાહજાદાએ અડધી કૉફી બીજા એક પ્યાલામા રેડી યાર લતીફને સબોધીને કહ્યુ –"લતીફ! પ્રથમ ત્હારો મિજાજ ઠીક કરી લે, ત્યાર પછી સઘળી વાતચિત થશે. આહ! કાલની રાત્રિ મ્હે ઘણી ભયકર સ્થિતિમા પસાર કરી છે!"

કૉફી પીતા પીતા શાહજાદાએ કહ્યુ —" બીજા કાંઈ નવીન સમાચાર છે કે લતીફ ?"

યાર લતીફે કહ્યુ —"નવીન સમાચાર તો કાઇ નથી, છતા મહારાજ બીરબલ હજી સુધી આપની રાહ જોઇને બેસી રહ્યા છે"

આ વાક્ય સાભળી સેલિમે વ્યાકુળતાથી કહ્યુ —" હા, બેસી રહ્યા હશે. કાલે રાત્રે મ્હારો જીવ બેચેન હોવાથી હુ એકદમ મ્હારા આ ગુપ્ત ઓરડામા આવી ચઢયો હતો—અહિ આવીને ઉધી ગયો હતો તેથી મહારાજ બિરબલે આખી રાત્રિ ઉજાગરામાંજ પસાર કરી

કરો ! અરે રે ! મ્હારા મનની બેચેનીથી મ્હે તેમને વિના કારણ જે કષ્ટ આપ્યુ છે એ મ્હે મ્હોટી ભૂલ કરી છે. યાર લતીફ ! જા, મહારાજને માનસહિત અહિ તેડી લાવ ”

યાર લતીફ કૉફી પી રહીને મહારાજ બીરબલને બોલાવા ચાલ્યો ગયો શાહજાદાએ પ્રાત કાળના નાસ્તાને ન્યાય આપી દીધો !

મહારાજ બિરબલે શાહજાદા સેલિમના ગુપ્ત ઓરડામા પ્રવેશ કરી કુરનશ બજાવીને કહ્યુ —“ બાદશાહજાદા ! પરમકૃપાળુ પરમાત્મા તમારૂ કલ્યાણ કરો.”

સેલિમે તેને એક આસન દેખાડીને લજ્જિત ભાવે કહ્યુ –“મહારાજ સાહેબ ! તમે મ્હારા પર પોતાના પુત્રના જેવો પ્રેમ રાખો-છો, પરતુ ગઇ રાત્રે મ્હે આપને વિના કારણ દુખ દીધુ છે. મ્હે એમજ ધાર્યું હતુ કે, તમે તમારે ત્યા જઇને વિશ્રામ લેશો.”

બિરબલે સ્થિરતાથી કહ્યુ —“ બાદશાહજાદાની આજ્ઞા મળ્યા સિવાય હુ અહિથા વિશ્રામ લેવા ઘેર કેવી રીતે જઇ શકું ? વળી જે કાર્ય કરવાનુ હતું તેમાનુ હું કાઇ કરી શકયો નથી—”

સેલિમ—કેમ શુ બન્યુ છે ? કામ કાઇ કરી શકયા નથી ? ! હાજતમાના ગુન્હેગારો હજી પણ આવી પહોચ્યા નથી ? ”

બિરબલે મલિન મુખે કહ્યુ —“ ના જનાબ ! તેઓ આવી પહોચે એવી આશા રાખવી વ્યર્થ છે ”

સેલિમ—કેમ શુ બન્યુ છે ? ત્યારે તેમણે બન્નેએ કેદખાનામાજ આત્મહત્યા કરી છે કે શુ ?

બિરબલ—ના તેઓ કેદખાનામાંથી પલાયન કરી ગયા છે !

સેલિમ—બન્ને જણા ?

બિરબલ—હા જનાબ ! બન્ને જણા.

સેલિમ—પેલો શયતાન જહાન્દારખાન ક્યા છે ?

બિરબલ—તેમણેજ આ સમાચાર આવીને કહ્યા છે. હમણાં તેઓ ગુન્હેગારોને પકડી કાઢવાને માટે તેમની શોધમાં ગયા છે.

સેલિમ—મહારાજ સાહેબ ?

બિરબલ—ફરમાવો નામવર !

સેલિમ—આટલા દિવસ પછીજ હુ સમજી શકુ છુ કે, અકબર બાદશાહનુ કેદખાનુ વિલાસભવન થઇ પડયુ છે. જે કદાપિ બની શકે નહિ તે બન્યુ. પિતાજી આ વાત સાભળીને શુ કહેશે, શુ કરશે તેની તમે કલ્પના પણ કરી શકો છો કે ?

બિરબલ—હુ પણ તેજ વિચાર્યા કરૂ છુ.

સેલિમ—ગુન્હેગારો ક્યારે પલાયન કરી ગયા છે ?

બિરબલઃ—ઘણુ કરીને પ્રભાતકાળના અરસ્સામા.

સેલિમ—કોણ તેમને છોડાવી ગયુ ?

બિરબલ—મ્હારી ગુસ્તાખી માફ કરો

સેલિમ—શુ બન્યુ છે તે સ્પષ્ટ કહો કશુ છુપાવશો નહિ.

બિરબલ—મ્હે એમ સાભળ્યુ છે કે, આપનો પઝો બતાવીને એક સ્ત્રી એ બન્ને કેદીઓને છોડાવી ગઇ છે

સેલિમ—મ્હારો પઝો ! એક સ્ત્રીની પાસે ! અસભવ-ખોટી વાત છે ! કોણે તમને આવી વાત કહી ? કોણે આવી જૂઠી હકીકત કહેવાની તાકાત કરી ?

બિરબલ—થાણામાના કેદખાના પાસે પહેરો ભરનાર પહેરગીરે કહી છે-આપનો પઝો જોયા પછીજ તેણે એ સ્ત્રીને કેદખાનામાં જવા દીધી હતી.

સેલિમ--નહિ નહિ-મહારાજ! એ લુચ્ચા પહેરગીરને લાંચ મળી હશે અગર તો તેણે ભાગ પીધી હશે.

બિરબલ—આપનુ કહેવું વ્યાજબી છે. માત્ર તેણે એકલાએ નાહ; પરતુ જે બે પહેરગીરો હાજતખાનાથી માંડીને થાણા સુધી પહેરો ભરતા હતા તેઓ બન્ને ભાંગ પીને બેભાન બની ગયા હતા.

સેલિમઃ--એ બન્ને પહેરગીરોને હમણાને હમણા મુશ્કેટાટ બાંધી મ્હારી આગળ હાજર કરો.

બિરબલઃ—એ બન્ને પહેરગીરોમાનો માત્ર એક જણ સાવધ થયો છે, અને બીજો હજી પણ બેભાન સ્થિતિમા પડી રહ્યો છે.

સેલિમઃ—જહાન્દારખાન શુ કહે છે?

બિરબલ—જનાબ! તેઓ શુ બોલે? આ પ્રકારમા બોલવા જેવુ કશુ નથી. મ્હારી આજ્ઞા થતાની સાથેજ તેઓ થાણામા ગયા હતા. ત્યા જતાની સાથેજ આ પ્રકાર તેમના જાણવામા આવ્યો. સઘળા પહેરગીરોને તેમણે કેદ કર્યા છે.

શાહજાદા સેલિમે થોડા સમય સુધી કાઇ વિચાર કરીને કહ્યુ — "ધીમે ધીમે જે જે પ્રકારો બનતા જાય છે તેથી રહસ્ય ઘણું ભેદક બનતું જાય છે. શહેનશાહ હમણા બીમાર છે એ સૌનુ એક પ્રકારનુ સદ્‌ભાગ્ય છે, પરતુ હકીમો માર્ફત હમેશા જે સમાચાર સાભળવામા આવે છે તે ઉપરથી એમ લાગે છે કે, તેઓ જલદીથી આરોગ્ય મેળવીને આમ-દરબારમા હાજર થશે. આમ હોવાથી આપણે એ પલાયન કરી ગયેલા ગુન્હેગારોને જેમ બને તેમ જલદીથી પકડવા જોઇએ. જાઓ, મહારાજા! ગઇ કાલે આખી રાત્રિ તમે

ઉજાગરો વેઠયો છે માટે હમણા તો ઘેર જઇને વિશ્રામ લ્યો. આપ આ આગ્રા શહેરના શાસનકર્ત્તા છો અને જહાન્દારખાન કોટવાલ છે. હું શહેનશાહ નામવરની તરફથી તમને બન્નેને આજ્ઞા કરૂ છુ કે, શહેનશાહની તબિયત સુધરે ત્યા સુધીમા તમારે બન્નેએ પલાયન કરી ગયેલા કેદીઓને પકડવા ”

પ્રકરણ ૨૬ મુ.

ઈશ્વરની આરાધના.

બિરબલના મનની સ્થિતિ બિલકુલ સારી નહોતી તે દિવસે મધ્યાન્હકાળે તેને એક જરૂરી કારણને લીધે શહેનશાહની મુલાકાત લેવાની હતી તે કયુ મ્હોડુ લઇને સમ્રાટની મુલાકાત લેશે? કેવી રીતે શહેનશાહને આ સઘળી હકીકત કહેશે ? આ સબંધીના વિચારો કરતા કરતા મહારાજ બિરબલ ઘણી ચિતામા પડી ગયો, પરતુ એ ચિન્તા કરીને બેસી રહેવાનો સમય નહોતો. બિરબલ તરતજ આરામ-મંજીલનો ત્યાગ કરી પોતાના નિવાસ સ્થાને જઇ પહોચ્યો તેને એમ લાગ્યુ કે, તેની દૃષ્ટિ આગળ સમસ્ત વિશ્વ-બ્રહ્માડ નાચી રહ્યુ છે! સૂર્યની ગરમીનો જાણે કે સુમાર નથી. બિરબલના હૃદયમા ચિન્તાની ભયકર ચિતા સળગી રહી છે તેનુ મસ્તક ભ્રમિત થઇ ગયુ છે.

મહારાજ બિરબલ ભાવિક વૈષ્ણવ હતો. તે રાધાકૃષ્ણની મૂર્ત્તિનો ઉપહાસક હતો. તેના મહાલયની પાછળના ભાગમાં એક

દેવાલય આવેલુ હતુ એ દેવાલય મદનમોહનનુ હતુ

મહારાજ બિરબલે સ્નાન કરીને મદનમોહનના મદિરમા પ્રવેશ કર્યો. પૂજારી અત્યાર પૂર્વેજ આવીને યથાવિધિ પૂજા કરી ગયો હતો. મદનમોહનના ગળામા માલતીમાળા હતી. તેમના ચરણોમા ચમેલીના અનેક સુગધિત પુ'પો પડયાં હતા સુગધિ ધૂપદીપથી તે દેવમદિર સુગધિત થઇ રહ્યુ હતું.

મદનમોહનની પાસે, સોનાની બનેલી, રત્નાલકારથી ઝગમગી રહેલી, મણિમય મુકુટથી મસ્તકને શોભાવતી, હસમુખી કિશોરી હતી

મહારાજ ભકિતપૂર્વક એ મદનમોહનની મોહનીય મૂર્તિનુ દર્શન કરવા લાગ્યો દર્શન કરતા કરતા પણ જાણે કે તેની આશા પૂરી થઈ નહિ--તૃપ્ત થઇ નહિ. મહારાજે જોયુ કે, તે દિવસે જાણે કે મદનમોહનના નેત્રોમાથી અસાધારણ દયા ઉછળી પડે છે લાલ ઓષ્ઠાધર પર હાસ્ય પ્રકાશી રહ્યુ છે પિછાનો બનેલો સુદર પખો ધીમેથી હાલી રહ્યો છે મદનમોહન જાણે કે ભક્તની સકટજનક સ્થિતિ જોઇને કરૂણાપૂર્ણ દષ્ટિથી ભક્તના મુખ સ્હામે જોઇ રહ્યા છે.

મહારાજ બિરબલે મદનમોહનને સાષ્ટાંગ પ્રણામ કરી પછીથી બન્ને હાથ જોડીને કહ્યું.—"પ્રભુ! અત્યાર સુધી એકાગ્ર મનથી આપની પૂજા કરી તેનુ ફળ આવુ આપ્યુ કે! દયામય-મ્હારે શિરે મહા ભયકર સકટ આવ્યુ છે અકબર બાદશાહના જમણા હાથ તરીકે હુ જે અભિમાન રાખતો હતો તે અભિમાનનો નાશ થવાનો ભયકર સમય આવી પહોચ્યો છે સુશાસક, ન્યાયપરાયણ રાજ્યાધિકારી તરીકે હુ જે ગર્વ રાખતો હતો તે ગર્વ હમેશાંને માટે વિલુપ્ત થઇ જાય એવો સમય આવ્યો છે. હે નારાયણ! આ માન,

આબરૂ, ઉચ્ચ અધિકાર વગેરે સઘળુ તમારી કૃપાથીજ હૂં મેળવી શક્યો છુ. હુ પૂર્વે કેવો હતો અને અત્યારે કેવો છુ ? જે અકબરશાહ અત્યારે સમસ્ત હિંદુસ્થાનના શહેનશાહ છે તેમના એક સ્નેહી થઇ પડવાનુ માન હુ આપની કૃપાથીજ મેળવી શક્યો છુ મ્હારા એ માનનો નાશ થવા બેઠો છે! રાજસભામાં મ્હારા શત્રુઓની ખોટ નથી! મ્હારૂ અધઃપતન સૌને માટે આનદનો વિષય થઇ પડશે. જ્યારે આ હતભાગ્ય ભક્તના ભાગ્યમા આટલુ બધુ દુ ખ લખ્યુ હતુ ત્યારે પછી તેને ઉન્નતિના પહેલે પગથિએ શા માટે પહોંચાડયો? અત્યારે જે મેરૂપર્વતની ટોચ પર બેઠેલો છે તેને અગાધ સમુદ્રના જળમા શા માટે ડુબાડી દો છો ? પ્રભુ ! દેવ ! દાસ પર દયા કરો-મ્હારા સ્હામુ ઉચુ મ્હો કરી જુઓ કહો કહો, હે કૃષ્ણ ! હે નારાયણ ! હે મધુસુદન ! મ્હારી વાસના પૂણ થશે કે નહિ?"

એકાએક કોઇનો અવાજ સાભળવામા આવ્યો કે—"વત્સ! ત્હારી વાસના પૂર્ણ થશે–તું બેફિકર રહે '

મહારાજ બિરબલે ભય અને આશ્ચર્યપૂર્ણ દૃષ્ટિથી મદિરની ચારે તરફ જોયુ તેણે જોયુ કે, એટલામા કોઇ પણ મનુષ્ય નથી.

મહારાજ બિરબલે વિચાર્યું —"ત્યારે કોણે આ અવાજ કર્યો? કોણે નિરાશામા આશા આપી? દેવતાએ? ઇષ્ટદેવતા મદનમોહને? ના–ના, હું મહાપાપી મનુષ્ય છુ મ્હે એટલુ પુણ્ય કર્યું નથી, એટલુ ભાગ્ય મેળવ્યુ નથી કે સાક્ષાત દેવતા મ્હારી નમ્ર પ્રાર્થના સાભળી પ્રત્યક્ષ દૈવવાણી કરે."

બિરબલ તરતજ આસનનો ત્યાગ કરી બહાર નીકળ્યો ! તેણે દેવમદિરના વિશાળ ઓરડાઓ તપાસવા માડ્યા તે આશ્ચર્યથી વાક્યહીન—ભાષાહીન હતો. કોઇની સાથે વાત કરતો નહોતો કાઇ પ્રશ્ન પણ પૂછતો નહોતો—માત્ર ચારે તરફ આતુર દૃષ્ટિ ફેરવતો હતો!

• નિરાશાથી દુખ પામતા ચિત્તે તેણે પુનઃ દેવમંદિરમાં પ્રવેશ કર્યો. ત્યા આગળ જતાંની સાથેજ તેણે જે દેખાવ જોયો તેથી તે અતિ આશ્ચર્યમા પડી ગયો તથા એક પણ પગલુ આગળ વધવાનુ સાહસ કરી શકયો નહિ '

પ્રકરણ ૨૭ મું.

મોતના પંઝામાં.

સમસ્ત દિવસમા અગ્નિ વર્ષાવી, સુયદેવ અસ્તાચળમા ઉતરી પડયા. સધ્યાસુદરીએ સ્વામિને ભેટવાને માટે હર્ષમા આવી જઇને રંગબેરગી વસ્ત્રો પહેર્યાં. યમુનાના કાળા જળમા સૂર્યદેવના કિરણો નૃત્ય કરવા લાગ્યાં. જાણે કે કૃષ્ણવસના કાલિન્દી, લલાટ પર વક્ષ પર, બાહુ પર લાલ ચદન ચોપડીને પિતૃદેવને સધ્યાનો અર્ધ્ય આપવાની તૈયારી કરી રહી હતી

નદીમા જેટલી નૌકાઓ હતી તે નોકાઓમા ધીમે ધીમે દીપકો સળગી ઉઠયા સૂર્યના કિરણો ધીમે ધીમે ક્ષીણ થઇ જવાથી સમસ્ત પૃથિવી અધકારમયી બની જવા લાગી. પશુ પખીઓ રાત્રિ પડશે એવા ભયથા પોત પોતાના સ્થાનકે જઇ પહોચી મધુર સ્વરથી ચારે દિશામા મધુરતા ફેલાવવા લાગ્યા.

આખુ આગ્રા શહેર ધીમે ધીમે દીપકોની જ્યોતિથી પ્રકાશિત થતું હતું. અમીર ઉમરાવોના ગગને ચુબન કરતા મહેલોએ ઉજ્વળ

દીપકોથી પ્રકાશિત થઇને જાણે કે માયાનગરીના મનોમોહન દ્રશ્યનો વિકાસ કર્યો સઘળા હિન્દુ દેવમદિરોમા સધ્યા સમયની આરતિના શખઘટા વાગવા લાગ્યા એ સમયે અકબરશાહની સામ્યનીતિના ગુણથી હિન્દુ મુસલમાનો વચ્ચે ધર્મ સબધી કોઇ પણ પ્રકારે કોઇ પણ પક્ષનુ મન ઉચુ થવા દેવામા આવતુ નહોતું.

પાઠક ! આ સધ્યા સમયની આગ્રા શહેરની અપૂર્વ શોભા જોવાની મૂકી દઇને આપણે થોડે દૂર જવુ પડશે જયા જવાનુ છે એ ઠેકાણુ આપનાથી અજાણ્યુ નથી આપણે આગ્રા શહેરથી થોડે દૂર આવેલા એક વિશાળ મકાનમા છુપી રીતે પ્રવેશ કરવાનો છે. આ મકાન આપનાથી કાઇ તદ્દન અજાણ્યુ નથી સુંદરી જુલિયા એ મકાનની માલિક છે એ ઠેકાણેજ નાશી છુટેલો કેદી ઇસ્કાન્દાર છુપાઇ રહેલો છે.

જુલિયાનો ઓરડો દીપકોના ઉજ્વળ પ્રકાશથી પ્રકાશી રહ્યો છે. જે ઓરડામા પ્રથમ આપણે જુલિયા તથા નશીબનબીબીને જોયા હતા તે આ ઓરડો નથી. આ મકાનના પાછળના ભાગમા એક એકાત સ્થળે એક સપૂર્ણ સુસજ્જિત ઓરડામા જુલિયા પોતાની રાત્રિ પસાર કરતી હતી

એ દીપકોથી પ્રકાશી રહેલા ઓરડામા બેસીને જુલિયા પોતાના મનમાને મનમા ‘ ગણગણુ ’ કરતી એક ગાયન ગાતી હતી તેના મ્હો પર એક પ્રકારનો આનદ તેમજ પ્રસન્નતા ફેલાઇ રહ્યા હતા

જુલિયાના મર્મપ્રદેશમાથી ઉછળી રહેલા સગીતની ભાષા અને ભાવ જો કે બીજુ કોઈ સમજી શકે તેમ નહોતું; પરતુ જુલિયા તો સારી રીતે સમજી શકતી હતી. કેમકે આ સગીત ગાતાં ગાતા તેના મ્હો પર વિશેષ પ્રસન્નતા આવતી હતી

જુલિયાએ આજે ઘણો આકર્ષક વેષ ધારણ કર્યો હતો. તેણે પોતાના કાળા નાગના જેવા ચોટલાને સુગંધિત તેલથી સુગંધિત કરી પોતાની પીઠપર છુટો પડયો રહેવા દીધો હતો.

આસ્માની રંગનું ઓઢણું તેના શરીરની સુંદરતામાં ઘણો વધારો કરતું હતું જુલિયાએ પોતાના શરીરને પણ એવું સાફ કરી નાખ્યું હતું કે તેની કાન્તિ ઘણી વધી ગઇ હતી. તેના બન્ને હાથમાં સોનાના કંકણો ઝળહળી રહ્યા હતા તેની પર દીપકોનો પ્રકાશ પડવાથી બન્ને કરકંકણો ઘણા તેજસ્વી જણાતા હતા જુલિયાના કંઠમાં એક કીંમતી કંઠહાર હતો કપાળમાં ટિપકી કરેલી હતી

કયા ઉદ્દેશથી આ પ્રપંચી, પાષાણી જુલિયાએ આવો ભુવનમોહિનીના જેવો વેષ ધારણ કર્યો હતો? તે આશાપૂર્ણ હૃદયથી કોના આવવાની રાહ જોઇ રહી હતી તે આપણે સમજી શકીએ તેમ નથી.

જુલિયાએ થોડો સમય આવા ભાવમાં વીતાડીને પછી નોકરને બોલાવ્યો. પછીથી એક કુંચી કાઢીને નોકરના હાથમાં આપીને કહ્યું—" આ ચાવી ઇસ્કાન્દારખાનના ઓરડાની છે. તેમને મ્હારી તરફથી સલામ કરી કહેજે કે, હું તેમની રાહ જોતી બેસી રહી છું."

નોકર તરતજ શેઠાણીની આજ્ઞા પાળવા ચાલ્યો ગયો. થોડા સમયમાજ ઇસ્કાન્દાર જુલિયા પાસે આવી પહોચ્યો ઇસ્કાન્દારે મ્લાન હાસ્ય કરીને પૂછ્યું—" જુલિયા! મ્હારે માટે આટલું બધું કષ્ટ શા માટે સહન કરે છે?"

જુલિયાએ એક ગાઢ નિશ્વાસ મુકીને કહ્યું—" ફરજને લીધેજ સહન કરૂં છું 'સંકટમાં પડેલા જીવનું સંરક્ષણ કરવું એ મનુષ્ય માત્રનો ધર્મ છે. શિકાર અદ્રશ્ય થઇ જતાં, નિરાશાથી દુખી થતા

વાઘોનું ટોળુ જેવી ઉન્મત્તતાથી શિકારને શોધી કાઢવાને માટે ચારે દિશાઓમા ફર્યા કરે તેવીજ રીતે તમને શોધી કાઢવાને માટે સરકારી અધિકારીઓ ઉન્મત્તતાથી સર્વત્ર ફર્યા કરે છે; પરંતુ ઇસ્કાન્દાર! તમે યાદ રાખજો કે, જ્યારે હુ તમને વાઘની ગુફામાંથી બચાવી લાવી છું ત્યારે પછી હુ મ્હારો જીવ જતા સુધી તમારો બચાવ કરીશ."

ઇસ્કાન્દાર જુલિયાના આ વચનોનુ રહસ્ય સમજી શક્યો નહિ. જુલિયાએ કયા સ્વાર્થને લીધે તેને કેદખાનામાથી બચાવી આણ્યો એ પણ હજી સુધી તે સમજી શક્યો નહોતો. જો કે આ સબધી તેણે જુલિયાને પ્રશ્ન કર્યો હતો; પરંતુ સતોષજનક ઉત્તર મળ્યો નહોતો. મનમાનો સદેહ વધી પડતો હતો તો પણ ઇસ્કાન્દાર જુલિયાને વિશેષ કાંઈ પૂછી શક્યો નહોતો. ઇસ્કાન્દાર દુનિયાની રીતભાત જોઇને એટલુજ વિચારી શક્યો હતો કે, કોઇ પણ પ્રકારના સ્વાર્થ સિવાય કોઇ કદાપિ જીવ જોખમમાં નાખીને પરોપકાર કરતું નથી!

ઇસ્કાન્દારે કહ્યુ:—" જુલિયા! જુલિયા! ત્હારા હૃદયમા અપાર દયા છે—નહિ તો તુ આ દુર્ભાગ્ય જીવને દુઃખે આટલી બધી દુખી શા માટે થાય? પરતુ હવે હુ આવી સ્થિતિમા રહી શકતો નથી, જુલિયા! કેટલા દિવસ સુધી મ્હારે અહિ આવી સ્થિતિમા રહેવુ પડશે?"

જુલિયા--જ્યા સુધી તમે સકટમુક્ત નહિ થાઓ ત્યા સુધી.

ઇસ્કાન્દાર:—મ્હને લાગે છે કે, મ્હને આશ્રય આપીને તુ પોતે સકટમા ફસાઇ પડી છે. મ્હને તુ મ્હારા ભાગ્યના ભરોંસા પર અહિંથી જતો રહેવા દે. તું પણ નિશ્ચિંત થા. મ્હારે માટે ત્હારે આટલુ બધું દુ.ખ શા માટે ભોગવવું જોઇએ?

જુલિયા--એ બધી વાતને હમણા જવા દો. મ્હારો સ્વભાવજ એવો છે કે, સુયોગ અને સમયનો વિચાર કર્યા સિવાય હુ કોઇ પણ કાર્ય કરવાને અગ્રેસર થતી નથી. તમે ભોજન કરી લ્યો. આજે સુલતાન સેલિમ અહિ આવનાર છે. જ્યા સુધી તે અહિંથી વિદાય ન થાય ત્યા સુધી તમારે નયખાનામાની એક ઓરડીમાં છુપાઇ રહેવું પડશે !

સુલતાન સેલિમનુ નામ સાભળવામા આવતાજ ઇસ્કાન્દારનુ મ્હો શબના જેવુ મલિન થઇ ગયુ. તેણે કહ્યુ—સેલિમ' સુલતાન સેલિમ' તેઓ અહિ શા માટે આવનાર છે? જુલિયા' હું જાણતો નથી કે તું કોણ છે? ત્હારા મનને શો ઉદ્દેશ છે? જો કદાચ અમને પાછા કેદ પકડાવવાનોજ ત્હારો ઉદ્દેશ હોય"

ઇસ્કાન્દારને બોલતો અટકાવી જુલિયાએ રોષે ભરાઇને કહ્યુ:- "નહિ નહિ' ખુદાના કસમ ઉપર વિશ્વાસ રાખો-મ્હારી પર વિના કારણ વહેમે ભરાઇ નવીન દુ ખની ઉત્પત્તિ ન કરો. હુ સમજી શકતી નથી કે, મ્હે તમારે માટે આટલુ બધુ દુ ખ વેઠયુ છે અને વેઠુ છુ છતા હજી તમે મ્હારી પર અવિશ્વાસ કેમ રાખો છો? જો વિશ્વાસઘાતકતાજ મ્હારા અ તરનો ઉદ્દેશ હોય—તમારૂ અનિષ્ટ કરવાનોજ મ્હારો સ કલ્પ હોય તો પછી તમારે માટે હુ આટલી બધી સાવધાનતા શા માટે રાખુ ? ઇસ્કાનદાર' જે જહાન્દારખાનના અસીમ પ્રતાપ અને સહાયતાના બળથી ઉચ્છૃખલ અમીર ઉમરાવો સુદ્ધા મ્હારી પર કોઇ પણ પ્રકારનો અત્યાચાર કરી શકતા નથી, જે માણસને લીધે હજી સુધી હુ ખુદાની દૃષ્ટિથી મ્હારા સતીત્વ ધર્મનુ રક્ષણ કરી શકી છું--પવિત્ર રહી શકી છુ એવા ઉપકારી અને સ્નેહી જહાન્દારખાનને પણ હું મિથ્યા પ્રપચથી શા માટે છેતરૂં? તેમની પ્રાણાધિકા

પત્ની નશીબનબીબીનુ ભયકર અપમાન શા માટે કરૂ? મ્હારો ઉદ્દેશ શો છે તે જ્યારે તમારા જાણવામા આવશે ત્યારે તમને માલૂમ પડશે કે, આ અભાગિની જુલિયાના જેવો તમારી પર બીજુ કોઇ ઉપકાર કરે તેમ નથી જાઓ, હવે વિલબ ન કરો. આ ખોજો તમને તયખાનમાની અધકારમયી ઓરડીમા લઈ જશે ભોજન કરી લઇ ત્યા નિશ્ચિતે ઉઘી જજો"

વિશેષ કાઇ બોલવાનો અવસર નહિ આપતા જુલિયાએ ખોજાને બોલાવ્યો ખોજો આવ્યો એટલે તેને કહ્યુ—"ખાનસાહેબને તયખાનામાની ગુપ્ત ઓરડીમા લઇ જા ત્યા જેવી વ્યવસ્થા રાખવાનુ તને ફરમાવ્યુ હતું તેવી વ્યવસ્થા કરી રાખી છે ને?"

ખોજા ઇરફાનખાને કહ્યુ—"હા-ખાનસાહેબને માટે મ્હે ત્યા સઘળી વ્યવસ્થા કરી રાખી છે"

જુલિયાએ ઇસ્કાન્દારને કહ્યુ—"અદબ સાહેબ! તમે સહજ પણ સન્દેહ રાખ્યા સિવાય આ ખોજાની સાથે જાઓ"

ખોજો હાથમા દીપક લઇ અગ્રેસર થયો ઇસ્કાન્દાર કાઇ પણ બોલ્યા સિવાય તેની પાછળ પાછળ જવા લાગ્યો

ઇસ્કન્દારખાન મનમાને મનમાને વિચારતો હતો કે-"આ કરતા તો કેદખાનાનુ દુખ સારૂ હતું એક અદ્ભુત સુદરી જુલિયા મ્હને લાકડાના પૂતળાની પેઠે નચાવે છે તે મ્હને જે તરફ ફેરવે છે તે તરફ હુ ફર્યા કરૂ છુ! મ્હને બિલકુલ સ્વાધીનતા નથી. હાય દુર્ભાગ્ય! હું જાણતો નથી કે, હજી મ્હારે કેટલુ બધુ દુખ ભોગવવુ પડશે. આ દુખમય દુનિયાના એક એકાત ખુણામા મ્હે સુખનો

ઉજ્વળ દીપક સળગાવ્યો હતો. મ્હારા પોતાના મૂર્ખાઇભરેલા કર્મ-દોષથીજ એ દીપક એકજ ફુકમા હોલવાઇ ગયો છે ! ત્યાર પછી આ સઘળી રહસ્યમય ઘટના ઘટી છે. હવે હું સ્પષ્ટ સમજી શકુ છુ કે મનુષ્યના પાપોનુ પ્રાયશ્ચિત્ત આ દુનિયામાજ થાય છે એ માટે પર-લોકની રાહ જોવી પડતી નથી ! ખુદા ! હે કરૂણામય ખુદા ! મ્હને આ માયાવિની, પ્રપચમયી જુલિયાની માયાજાળમાથી મુક્ત કરો '

ઇસ્કાન્દારે મનમાને મનમા કહ્યુ--" જીવજાન દોસ્ત સિકન્દર ! ત્હારા સ્નેહનુ ૠણ આ જીવનમાં હું અદા કરી શકીશ કે? મ્હારે લીધે જ ત્હારે પણ મ્હારા જેટલું દુખ ભોગવવુ પડે છે ! સગિનાના સહવાસમા તુ ત્હારા દિવસો અપાર સુખમા પસાર કરતો હતો મ્હેજ ત્હારા એ સ્વર્ગીય સુખનો નાશ કર્યો છે હુ પોતે મર્યો અને તને પણ માર્યો જો કે આ માયાવિની જુલિયાની સહાયતાથી ભયકર કેદખાનામાથી તો મુક્ત થયો, પરતુ ત્હારા સહવાસનુ સુખ દૂર થઇ ગયુ જુલિયાએ ત્હારા જીવનનુ રક્ષણ કરવાને માટે તને બીજે ઠેકાણે મોકલી દીધો છે, એ તેના કહેવાથી હુ જાણી શક્યો છુ, તેમજ મ્હને ત્હારો પત્ર પણ મળ્યો છે તેથીજ હુ ત્હારે માટે કાઇક નિશ્ચિત છુ. હુ ધારૂ છુ કે તુ જે ઠેકાણે છે તે ઠેકાણુ ઘણુ નિર્ભય હોવુ જોઇએ."

ચિતાની ગતિ ઘણી ક્ષિપ્ર હોય છે—ચિતાની ગતિ વિજળીના પ્રવાહની માફક ઘણી દ્રુત—ઘણી ચકિત હોય છે તેથીજ ઘણા થોડા સમયમા ઇસ્કાન્દારે મનમા ને મનમા આટલા બધા વિચારો કર્યા

ખોજાએ તયખાનામાની ઓરડી ઉઘાડી ત્યાર પછી તેણે ઇસ્કા-ન્દારને એ ઓરડીમા પ્રવેશ કરવાનુ કહ્યુ ઇસ્કાન્દારે એક પણ પ્રશ્ન પૂછ્યા સિવાય એ ઓરડીમા પ્રવેશ કર્યો

પાઠક ! આ ખોજો પેલો એક આંખે આંધળો હતો તે હતો જુલિયાના સઘળા કાર્યોમાં આ ખોજાને જોઇને ઇસ્કાન્દાર સમજ્યો કે, એ ખોજો જુલિયાનો જમણો હાથ છે—તેનો ઘણો વિશ્વાસપાત્ર ગુલામ છે.

ખોજાએ કહ્યુઃ--" સાહેબ ! આ ઓરડીમા આ ફાનસમા જે દીવો સળગે છે તેનો પ્રકાશ જો કે વિશેષ ઉજ્વળ નથી; પરતુ એ દીપકના પ્રકાશથી તમે સહેલાઇથી તમારૂ ભોજન કરી શકશો ! પાસે જ એક પલગ પડેલો છે. ઘણી સાવધાનતાથી અહિઆ હરજો ફરજો—જો વિશેષ અવાજ થશે તો શાહજાદા સેલિમ તમને પકડી શકશે. માટે સાવધાન ! "

ઇસ્કાન્દારખાને ઘણે ધીમેથી ઓરડી બધ કરી તાળુ વાસી દીધુ તથા તેણે એક વખત આશ્ચયચકિત દૃષ્ટિથી ચારે તરફ જોયુ.

ઇસ્કાન્દારે ઓરડીની સ્થિતિ જોઇને વિચાર્યું કે, એ ઓરડીને એક પણ બારી અગર તો જાળી નહોતી ખુલ્લો વાયુ એ ઓરડીમા પ્રવેશ કરી શકે તેમ નહોતુ. માત્ર ઓરડીના ઉપરના ભાગમા મધ્ય સ્થળે એક ન્હાનુ ધુમાડીઉ હતું, પરતુ એ ધુમાડીઆની ઉપર લોઢાના સળીઆ જડી દેવામા આવેલા હતા કે જેથી એ ઓરડીમા કેદ પડેલુ માણસ કદાપિ એ ધુમાડીઆમાથી પલાયન કરી જાય નહિ

ઇસ્કાન્દારને ઘણી ભૂખ લાગી હતી તેથી તેણે વિના કારણ વખત નહિ ગુમાવતા ભોજન કરી લીધુ તેનો ખોરાક ઘણોજ ઉત્તમ તેમજ સ્વાદિષ્ટ હતો. ભોજન કરી રહ્યા પછી તેને ઘણી તૃપ્તિ થયેલી માલૂમ પડી

ઇસ્કાન્દારખાન ભોજન કરી હાથ મ્હો ધોઇ પલગ પર આડો

પડયો. ઈસ્કાન્દારની સાથે જુલિયાની માત્ર બે ત્રણ વખત મુલાકાત થઇ હતી. એ મુલાકત વખતે જુલિયાએ તેની સાથે ઘણુ માયાળુ વર્તન ચલાવ્યુ હતું. જુલિયા અદ્વિતીય સુદરી નહિ હોવા છતા તે એક રૂપવતી સુદરી હતી. એ રૂપ બે કલાક સુધી જોવાની ઇચ્છા થયા કરતી હતી. સ્ત્રીચરિત્રની રહસ્યમય જાળને પિછાની શકવાનુ કાર્ય કાંઇ સહેલુ નથી. તેથીજ ઇસ્કાન્દાર જુલિયા સબધી એક પણ પ્રકારના ચોક્કસ નિશ્ચય પર આવી શકયો નહોતો.

ઇસ્કાન્દાર મનમા ને મનમા વિચારતો હતો કે—' ત્યારે શુ આ માયાવિની જુલિયા કલકિની છે! પરંતુ તેની વાતચિત પરથી તો કાઇ સમજી શકાતુ નથી આજે શાહજાદા સેલિમ શા માટે જુલિયા પાસે આવનાર હશે? એનુ કારણ કાઇં સમજી શકાતું નથી. શાહજાદો સેલિમ કે જે દિલ્લીશ્વર અકબરશાહનો પુત્ર છે, આ સમસ્ત હિંદુસ્થાનનો ભવિષ્યનો શહેનશાહ છે, જેના બાદશાહી જનાનામા નવયૌવના સુદરીઓની ખોટ નથી તે આ એક સાધારણ સુદરી જુલિયાને ત્યા શા માટે આવતો હશે?"

ઇસ્કાન્દારખાન જ્યારે આવા પ્રકારના વિચારો કરતો હતો ત્યારે એક દેખાવડા યુવકે ઘણાજ ઠાઠમાઠથી સુરસુદરી, ભુવનમોહિની જુલિયાના ઓરડામાં પ્રવેશ કર્યો. એ યુવકનો માર્ગ બતાવનાર ખોજો પેલો એકચક્ષુ ઇસ્કાનખાન હતો.

ઇસ્કાનખાન શાહજાદા સેલિમને જુલિયાના ઓરડામા પહોંચાડી ઘણાજ માનથી કુરનસ બનાવી ત્યાથી ચાલ્યો ગયો.

શાહજાદા સેલિમનો જીવ ચિંતાતુર હતો. તે હજુ સુધી ગઇ કાલે રાત્રે બનેલા ભયંકર બનાવને ભૂલી શકયો નહોતો, તેમા પણ

વળી જે બે કેદીઓ પલાયન કરી ગયા હતા તેઓ પૈકીના એક કેદીની તેને ઘણી જરૂર હતી કેમકે તેની પાસે પેલો ભયંકર લાલ કાગળ હતો. મહારાજ બિરબલે કહ્યું હતું કે—" એક સુન્દરીએ શાહજાદા સલિમનો પઞ્જો પહેરગીરને દેખાડીને કેદીઓને છોડાવ્યા છે " એ રમણી કોણ હશે? જુલિયા સિવાય શાહજાદા સેલિમનો પઞ્જો બીજા કોઇના હાથમા હોય એ સભવિત નથી, પરતુ એ બન્ને ગુન્હેગારોને છોડાવવાનુ મહા ભયકર સાહસ જુલિયા શા માટે કરે? ત્યારે શુ બન્ને ગુન્હેગારો તેના સગા વ્હાલા હશે? ના ના—જુલિયા કદાપિ આવુ ભયકર સાહસિક કાર્ય કરે નહિ. તે મ્હને ચ્હાય છે—તે મ્હારે આધારે જીવે છે તે પોતાના ભવિષ્યના સુખ વૈભવને લાત મારીને આવુ ભયકર સાહસિક કામ કરે એ નહિ બનવા જેવુ છે "

સેલિમ જ્યારે જીવને ચકડોળ ચઢાવે એવા પ્રકારની ચિન્તાથી ચિન્તાતુર હતો ત્યારે હાસ્યમયી, કટાક્ષમયી, લાવણ્યમયી જુલિયાએ એ ઓરડામા પ્રવેશ કરીને કહ્યુ—" બન્દગી શાહજાદા! આ દાસીની દાસી જુલિયાનુ ભાગ્ય આજે ઘણુ પ્રસન્ન થયેલુ જણાય છે, કેમકે હુજુરેઆલીના પગના સ્પર્શથી આ નિરાધાર નારીની ઝુપડી પાવન થઇ છે "

શાહજાદા સેલિમે જુલિયાના ગુલેગુલાબી હાથને પ્રેમથી પકડી તેને પોતાની પાસે બેસાડી, કોમળ કઠે કહ્યુ—" જુલિયા! આજે ત્હે આ સ્વર્ગીય સ્વરૂપ કોને ભોગવવાને માટે ધારણ કર્યુ છે? ભોક્તા સિવાય આવી આકર્ષક સામગ્રી કયા ભાગ્યશાળી નરને માટે સુસજ્જિત કરી રાખી છે? "

જુલિયાએ સ્મિત હાસ્ય કરીને કહ્યુ –" યાર લતીફ સાહેબની મારફત જહાપનાહનો કૃપાપત્ર મળતા તે વાચી જોયાથી આ દાસી સમજી શકી છે કે, આજે ઘણા દિવસ પછી દીન દાસીનુ ભાગ્ય ફરશે. શાહજાદા ! કેટલા દિવસથી આ ગરીબ દાસીને ભૂલી ગયા છો ? ! મ્હને લાગે છે કે આજકાલ હુ તમારી આખોનો કાંટો થઇ પડી છુ ! જો આવી રીતે મ્હારો ત્યાગજ કરવો હોય તો પછી મ્હારા સર્વસ્વનો નાશ શા માટે કર્યો ? આપને લીધેજ હુ આખા આગ્રા શહેરમા કલકિની ગણાઇ છુ ! "

શાહજાદા સેલિમે એકદમ જુલિયાના ઓષ્ઠાધર ધીમેથી દબાવી દઇને કહ્યુ --" ચુપ ! ચુપ ! ભીતને પણ કાન હોય છે હુ શાહજાદો છુ તો પણ મ્હારા ઘણા દુશ્મનો છે, જુલિયા ! હુ સઘળુ જાણું છુ–કશુ ભૂલી ગયો નથી જો દીન દુનિયાનો માલિક ખુદા એક દીવસે દયા કરશે તો ત્હારી આ રૂપજ્યોતિ રગમહેલમા–બાદશાહી જનાનામા પ્રકાશી રહેશે ક્ષણમાત્રની ઉત્તેજનાથી મ્હે અને ત્હેં જે કામ કર્યુ છે તે ન થયુ થનાર નથી. બીજા કારણરૂપજ છે–પરતુ મનુષ્યનુ ભાગ્યજ તેનો નાશ કરે છે ! જુલિયા એ ભયકર વાતને ભૂલી જા અને સમજી રાખ કે, હવે જલદીથીજ ત્હારી આશા પૂરી થશે "

જુલિયાએ હસતા મુખે કહ્યુ --" મનુષ્ય આશાથીજ બચે છે. હુ પણ આશાના ભરોસા પર બચી રહીશ. મ્હને સમજણ પડતી નથી કે, આજે હુ કયા ભાગ્યશાળી મનુષ્યનુ મ્હો જોઇને ઉઠી છુ. તમારા મુખમાંથી આવા આશાજનક શબ્દો સાભળી હુ ઘણી આનદિત થઇ છું. "

સેલિમે પણ સ્મિત હાસ્ય કરી કહ્યુઃ--" જુલિયા ! તું કોનુ મુખ જોઇને ઉઠી છે તે કેમ ભૂલી જાય છે? આજે સ્હવારે તો ત્હેં મ્હારી આગ્રા નગરીના મુખ્ય કોટવાલ જહાન્દારખાનનુ મ્હો જોયું છે, પરતુ તુ એવી કૃતઘ્ન છે કે, ત્હેં તેમની બીબીને અપમાન કરીને કાઢી મુકી છે."

જુલિયા સહજ વિચારમાં પડી ગઇ મૃદુ હાસ્યની સાથે તેણે કહ્યુ.--" ખાનસાહેબે એ હકીકત આપના કાન સુધી પહોચાડી હોય એમ લાગે છે ! અય ખુદા ! કેવી શરમ ભરેલી વાત છે !"

સેલિમે જુલિયાના મ્હો પર હાથ ફેરવીને કહ્યુ —' એ બધી શરમ બેશરમની વાતને હમણા જવા દે-અને મ્હારી કાંઇ આગતા સ્વાગતા કર."

જુલિયા આ વાકય સાંભળી સેલિમના મનની વાત સમજી ગઇ તરતજ તેણે ઓરડામાના એક કબાટને ઉઘાડી તેમાથી શિરા-જીની બાટલ અને સોનાના બે પ્યાલા બ્હાર કાઢી શાહજાદાની આગળ મુકયા પછીથી તેણે કહ્યુ—" જહાપનાહ ! આ દાસીની દાસી પોતાને હાથેજ આપની આગતા સ્વાગતા કરે છે "

સેલિમે કહ્યુ.--" ભલે, જેવી ત્હારી મરજી "

જુલિયાએ એક સોનાનો પ્યાલો શિરાજીથી ભરી શાહજાદાના હાથમા આપ્યો સેલિમે તે પાછો આપતા સ્મિત હાસ્ય કરીને કહ્યુ - " ના ના, જુલિયા ! એમ કદાપિ ન બને દીવાન હાફેજે એક સ્થળે લખ્યુ છે કે--" સુરા અને સુદરી બન્નેમા નીશો છે. સુરા કરતા સુદરી શ્રેષ્ટ છે કારણ કે, સુરાનો નીશો એક બે દિવસમા છુટી જાય છે, પરતુ જીવનપર્યંત લોકો સુદરીની મોહિનીથા મુગ્ધ રહે છે " આ રહસ્યમય વચનોના રહસ્યને સમજી તું તે પ્રમાણે વર્ત."

• જુલિયાએ નિરૂપાયે શિરાજી ભરેલા પ્યાલાને પોતાના કંઠમાં રેડી દીધો ત્યાર પછી એ સુગંધિત શિરાજીથી તેણે પાછું પાત્ર ફરીથી ભર્યું. તેણે નમ્રતાથી એ પાત્ર શાહજાદાની આગળ ધરી કહ્યું-- "હવે બાદશાહે આલમ! આ પાત્રને ન્યાય આપો."

સેલિમે હસીને કહ્યું--"હા હા—હવે હું બાદશાહે આલમ થયો ખરો! ત્હારે થવાને હજી ઘણી વાર છે!"

જુલિયાએ ગંભીર મુખે કહ્યું --"જો ખુદાની મરજી હશે તો કાલેજ આપ સિંહાસન પર બિરાજશો."

સેલિમ આ ભયંકર વાક્ય સાંભળી કંપી ઉઠયો બાદશાહ બીમાર હતા એવે સમયે જુલિયાએ આ શબ્દો ઉચ્ચાર્યા એ ઠીક કર્યું કે 'ત્યારે શું આ માયાવિની જુલિયા પોતાની જાતને સુખી કરવાને માટે શહેનશાહનું મૃત્યુ થાય એવી ઇચ્છા રાખે છે કે? ના ના-આ જુલિયા શયતાન છે! તેના એવા કુટિલ મનોભાવ છે કે, તે પિશાચિણી છે!

સેલિમે પોતાના અંતરના ભાવને છુપાવી રાખીને શિરાજી પાત્ર ખાલી કર્યું પછીથી તેણે મનમાં ને મનમાં કહ્યું —"શયતાન સ્ત્રી! તું દોજખમાં જા તું જાણે છે કે, ત્હારા આ શબ્દોને માટે એક દિવસે ત્હારે પશ્ચાત્તાપ કરવો પડશે તું જાણે છે કે, શાહજાદો સેલિમ તેના પિતાના જીવનની કીંમતમાં સ્વર્ગનું ઐશ્વર્ય મેળવવાની પણ ઇચ્છા રાખતો નથી."

આ સંસારમાં સૌ એમજ ધારે છે કે, હું ચતુર છું, પરંતુ એવી એક કહેવત છે કે—"વધારો ડાહ્યો વધારે ખરડાય અગર તો ભણ્યો ભૂલે અને તારો ડૂબે." પોતાના સ્વાર્થને વશ થઇને બીજાના સર્વસ્વનો નાશ કર્યા સિવાય દુનિયામાં ચતુર થવાતું નથી

એમ જુલિયા સમજતી હતી, પરંતુ આ પ્રસંગે તેની ચતુરાઈ ચુલ્હામાં જતી રહી

કોઇ કદાપિ કોઇના મનની વાત સમજી શકયું છે? તેથી જુલિયા પોતાને ઘણી ચતુર સમજતી હોવા છતાં સેલિમના અંતરની વાત સમજી શકી નહિ. જુલિયા સમજતી નહોતી કે, લુચ્ચાઇ અને ખરી ચતુરાઇમાં આસ્માન જમીન જેટલું અંતર છે.

આ વખતે સેલિમે પોતાને હાથેજ શિરાજી પાત્ર ભર્યું અને એ પાત્ર જુલિયાની આગળ ધર્યું. જુલિયાએ શાહજાદાના હાથને માન આપ્યું. સલિમે જુલિયાના છુટા ચોટલાની લટોને પોતાના કોમળ હાથમાં ઝુલાવતાં ઝુલાવતાં પ્રેમદર્શક કંઠે કહ્યું —" જુલિયા! સાચું કહે, તું મ્હને ચ્હાય છે? અગર તો ત્હારો સ્નેહ માત્ર રમણીઓની એક પ્રકારની ચતુરાઇ છે?"

જુલિયા આ વચનો સાંભળીને જાણે કે ચમકી ઉઠી. સેલિમે આજ સુધીમાં તેને કદાપિ આવો પ્રશ્ન પૂછયો નહોતો. જુલિયા નાચતાનમાં કુશળ હોવાથી સેલિમ કોઇ કોઇ સમયે જુલિયાનો નાચ જોવા તથા તેના મધુર કંઠનું મધુર સંગીત સાંભળવાને માટે તેને ત્યાં આવતો હતો વાધયંત્રો સાથે ગાન ગાવામાં તથા નાચ કરવામાં જુલિયા અદ્વિતીય હતી તેથી પોતાના અસ્થિર જીવને શાન્ત કરવાને માટે વિશ્રામનો સમય સુખમાં પસાર કરવાને માટે શાહજાદો જુલિયાને કોઇ કોઇ સમયે આરામ–મજીલમાં લઇ જતો હતો આટલા દિવસનો આલાપ, બંધુત્વ તથા સ્નેહ હોવા છતાં આવા પ્રકારનો પ્રેમપ્રશ્ન નીકળ્યો નહોતો. જુલિયાના અંતરમાં સંદેહ ભરાયો; પરંતુ તેણે અંતરના ભાવને છુપાવી રાખીને કહ્યું.—' શાહજાદા!

આટલા બધા દિવસ પછી આવો પ્રશ્ન કેમ પૂછો છો ? જનસમાજ-માં મ્હારા નામ પર કલંક લાગ્યુ છે. સૌ કોઈ મ્હારી ઉપર સદેહ કરે• છે શાહજાદા ! મ્હારા જેવી કલકિનીના પ્રેમને માટે આપ આટલી બધી સ્પૃહા શાં માટે રાખો છો ? આ હતભાગિનીના દુ:ખપૂર્ણ હૃદયમા નવુ દુખ દેવાનો યત્ન શા માટે કરો છો ? જે માત્ર આપની દયાની ભિખારિણી છે, આપના મુખમાથી જે પ્રેમમયી મિષ્ટ કથા સાભળવાની આશા રાખે છે તેને આવો પ્રેમપ્રશ્ન શા માટે પૂછો છો ? ”

સેલિમે જુલિયાનો કોમળ હાથ દબાવીને કહ્યુ: “જુલિયા! તુ આવી સદેહ ભરેલી વાત કહે છે તેથી હુ ઘણો દુખિત થયો-છુ. શુ તુ જાણુતી નથી કે, હુ ત્હારી પર અપાર સ્નેહ રાખુ છુ ખુદાના આ સસારરૂપી બગીચામાઅનેક રૂપવતી રમણીઓ પુષ્પરૂપે પ્રસ્ફુટિત થયેલી છે પ્રસૂનવિહારી ભ્રમર, રૂપ, રસ, ગધ તેમજ સ્પર્શમય વિકસિત કુસુમ જોતાજ તેની તરફ દોડી જાય છે. પ્રત્યેક સુગધિત પુષ્પોમાં તેની સરખી આસક્તિ હોય છે જુલિયા! તુ શા માટે મ્હારા સ્નેહમા સદેહ કરે છે ? ”

આ વચનોથી જુલિયાનો સદેહ સહજ ઓછો થયો તેના મ્હોપરની ચિતા જતી રહી અને તેને બદલે પ્રફુલ્લતા આવી. તેની સ્વાભાવિક ક્રૂર પ્રવૃત્તિનુ પ્રબળ બધન જાણે કે થોડુ ઢીલુ થઇ ગયુ. શિરાજીના નીશાથી તેનુ ચિત્ત અસ્થિર બની ગયુ હતુ--તે બરાબર સાવધાન નહોતી

સેલિમે યોગ્ય સમય વિચારીને જુલિયાને આલિગન કરીને કહ્યુ —“ જુલિયા ! શુ તુ મ્હને ખરેખર ચ્હાય છે ? ”

જુલિયાઃ—જનાબેઆલિ ! આ પાપ મુખે કેવી રીતે એ વાત કહું ? જેઓ થોડાજ દિવસો પછી આ સમસ્ત હિંદુસ્થાનના શહેનશાહ થનાર છે, અસંખ્ય પ્રજાના જાનમાલના કર્ત્તા હર્ત્તા અને વિધાતા થનાર છે તેમને ચ્હાવાને કયી રમણી નારાજ હોઇ શકે ?

સેલિમ.—જુલિયા ! ત્હારો ઉત્તર સાંભળી હું ઘણો આનંદિત થયો છુ. તું જ્યારે મ્હને ચ્હાયછે, ભવિષ્યમા ઘણુ સુખ મેળવવાની ઇચ્છા રાખે છે ત્યારે પછી તુ મ્હારૂ અનિષ્ટ કરવાનો યત્ન શા માટે કર છે ?

જુલિયા—ખુદા જાણે છે કે, આપનુ અનિષ્ટ કરવાનો યત્ન આ બાંદીથી કદાપિ થાય નહિ

સેલિમે ગભીર મુખે જુલિયાની તરફ જોઈ રહીને કહ્યુ—"જુલિયા ! કાલે ગભીર રાત્રે તું આ આગ્રા નગરીના થાણામા આવેલા કેદખાનામા શા માટે ગઇ હતી ? રંગમહેલમા જવાને માટે મ્હેં તને જે પંઝો આપ્યો છે, તે દેખાડીને તું એ કેદીઓને શામાટે છોડાવી લાવી છે ? જો એ બન્ને ગુન્હેગારો ત્હારા સગા વ્હાલા થતા હોવ તો ત્હારે મ્હને જણાવવુ જોઇતું હતુ-હુ તેમનો છુટકારો જરૂર કરી શકત"

આ વચનો સાભળી જુલિયા ચમકી ઉઠી, છતા તે ગભરાઇ ગઇ નહિ. તેણે પ્રસન્નતા દર્શાવીને કહ્યું—"જનાબ ! આપ તેમનો છુટકારો કરી શકો તેમ નહિ હોવાથીજ મ્હે તેમને છુટા કર્યા છે જે સેલિમાના ખુનને માટે તેઓ ગુન્હેગાર છે એ ગુન્હાના મૂળમા આપ છો તેમજ હુ પણ છુ એ આપ કેમ ભૂલી જાઓ છો ? જો

તેઓની બરાબર તપાસ કરવા દેવામા આવી હોત તો સઘળી હકીકત જાહિર થઇ જાત જનાબ ! મ્હે મ્હારી જાતને માટે નહિ, પરન્તુ આપની જાતને માટે—એક ભયંકર કલંકમાથી આપના ગૌરવમય નામને વિમુક્ત કરવાના હેતુથીજ આ કાર્ય કર્યું છે."

શાહજાદા સેલિમે પોતે બાજી જીતશે એમ વિચાર્યું હતું; પરન્તુ જુલિયાના આ ચતુરાઇ ભરેલા ઉત્તરથી તેનો પરાજય થયો. તેણે ઘણા સમય સુધી કાંઇ વિચારીને કહ્યુ - "ત્હેં ગુન્હેગારોને અહિંજ છુપાવી રાખેલા છે. તું તેમને બન્નેને મ્હારી સત્તામા સોપી દે હું તેમને પુષ્કળ દ્રવ્ય આપીને કાશ્મીર પહોચાડી દઇશ. કોઇ પણ તેમનો પત્તો લગાડી શકશે નહિ આ ઉપાયથી આપણે બન્ને જણા નિર્ભય તેમજ નિષ્કંટક થઇ શકીશું."

જુલિયાએ કાંઇ વિચારીને કહ્યુ—" આ હકીકત તો પ્રથમ હું જાણીતી નહોતી, જનાબ ! મ્હેં હતભાગિનીએ કદાચ ભવિષ્યમા ભયંકર સંકટને આધીન થવુ પડશે એવી શંકાથી તેમને બન્નેને ગઈ કાલે ગભીર રાત્રે છુટા કરી દીધા છે "

સેલિમ આવેગમય કંઠે બોલી ઉઠયો—" જુલિયા ! જુલિયા ! આ તું શું કહે છે ? શા તે આવી ભયંકર મુર્ખાઇ કરી છે ? "

જુલિયા—જનાબ ! હું સાચુંજ કહુ છુ હવે થયુ થનાર નથી છુટેલુ તીર પાછુ ફરનાર નથી.

સેલિમ—જુલિયા ! તું શયતાન છે ! પ્રપંચી છે ! રમણી નહિ પરન્તુ રાક્ષસી છે જાલિમ જુલિયા ! ત્હેં મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે ! !

આ પ્રમાણે કહીને શાહજાદા સેલિમે જુલિયાને જોરથી એક ધક્કો માર્યો. જુલિયા બુમ મારીને બિછાના પર પડી ગઈ.

સેલિમે પોતાની કમરમાથી એક તીક્ષ્ણ કટાર બ્હાર કાઢીને કહ્યુ —" પાષાણી ! દુષ્ટા ! મૃત્યુને ભેટવાને માટે તૈયાર થા. "

આ પ્રમાણે કહીને સોલમે કટાર ઉંચકી કટાર જેવી જાલિમ જુલિયાની છાતી ચીરી નાખવાને નીચી વળી કે તરતજ એક મનુષ્યે એ ઠેકાણે આવી પહોચીને સેલિમે જે હાથમા કટાર પકડી રાખી હતી તે હાથ પકડી લઇને કહ્યું —" જહાપનાહ ! આપ આ શુ કરો છો ? વળી પાછી નારીહત્યા કરો છો ! મ્હારી સાથે આવો."

સેલિમ અપાર આશ્ચર્યમા પડીને, પત્થરના પુતળાની માફક આવનાર મનુષ્યની સાથે ચાલ્યો ગયો જુલિયા માત્ર ખુદાની મહેરબાનીથીજ મરતી મરતી બચી ગઇ તેથી તેણે અ તકરણપૂર્વક ખુદાને ધન્યવાદ આપ્યો.

પ્રકરણ ૨૮ મું.

ભૈરવીએ કરેલો ખૂની રહસ્યનો ખુલાસો.

મહારાજ બિરબલ મ દિરમાં પુન પ્રવેશ કરીને જે દેખાવ જોઇને વિસ્મિત અને સ્તભિત બની ગયો હતો—એ પ્રકાર શો હતો ?

તેણે જોયુ કે—મદનમોહનની આગળ એક ભગવાં વસ્ત્રોથી વિભુષિતા થયેલી સન્યાસિની બેઠી હતી. આ જ પેલી ભૈરવી હતી કે, જેનુ વર્ણન અમે આગળ કરી ગયા છીએ એ સન્યાસિની નેત્રો મીચી તન્મયતાથી ઇશ્વારાધના કરતી હતી.

નિરાશાના ભયંકર અધકારમાં જાણે કે એક આશાનો દીપક જોયો. જે ભૈરવીએ નિશારતખાન જેવા પ્રતાપશાળી ઉમરાવને પણ ક્ષણ માત્રમા સ્તભિત કરી નાખ્યો હતો, જેની ગુપ્તકથા જાહેર કરીને તેને ભયભીત બનાવી દીધો હતો—તે જ્યારે તેના ભયકર સકટ સમયે એકદમ દર્શન દેવા આવી હતી ત્યારે તેના મનમાં એક મુખ્ય ઉદ્દેશ જરૂર હોવોજ જોઇએ.

બિરબલ હિદુધર્મી હતો. જેઓ અકબરશાહને હિન્દુ તરીકે ગણતા હતા તેઓ પણ કબૂલ કરતા કે આ મહાપ્રાણ બિરબલ અને તેના સગી દેવીદાસજી અકબરશાહને હિદુધર્માભિમાની બનાવવાને સમર્થ થયા હતા.

બિરબલે દેવીદાસ મહારાજને અકબરશાહની સાથે પરિચિત કરાવ્યો હતો આ દેવીદાસની પાસેથી અકબરશાહ-રામાયણ, મહાભારત વગેરે ધર્મગ્રથોના હકીકત સાભળતા હતા મહાભારતમાં ભીષ્મ તથા અર્જુનની યુદ્ધનીતિ, રામાયણમા રામચદ્રની અદ્‌ભુત પિતૃભક્તિ, પ્રજાના મન રજન કરવા માટે પત્નીત્યાગ વગેરે હકીકત સાભળીને દિલ્હીશ્વર અકબરશાહ મુગ્ધ બની જતા હતા કેટલીક સમયે તો આ વીરત્વ-કથાઓ તેમને એટલા બધા ઉત્તેજિત બનાવી દેતી હતી કે, તેઓ ઘણી વખતે સમશેરની મુઠને સ્પર્શ કરી દેતા હતા.

પાઠક ! એમ ન ધારતા કે, આ નવલકથાની કલ્પિત વાર્ત્તા છે અગર તો અમે નવલકથા લખીએ છીએ તેથી અમારા ભેજામાજ ઉત્પન્ન થયેલી આ વાર્ત્તા છે. જો આપને અવકાશ હોય તો એક વખત " આઇને અકબરી " ગ્રંથ લક્ષ્યપૂર્વક વાચી જોજો હજી પણ અકબરના સભાસદ, મહાપડિત ફૈજીએ તૈયાર કરેલા નળદમયતી, મહાભારત, રામાયણ વગેરેના અનુવાદ વર્ત્તમાન છે, એટલે સુધી કે શહેનશાહની આજ્ઞાથી અથર્વવેદ સુદ્ધા ફારસીમા અનુવાદિત થયો છે

ઉપર અમે જણાવી ગયા છીએ કે, બિરબલ હિંદુધર્મી હતો જો તેમ ન હોત તો તે અકબરશાહને હિદુઓની પ્રત્યે, હિંદુધર્મની પ્રત્યે, હિંદુ આચાર વ્યવહારની પ્રત્યે અનુરાગી કરી શક્ત નહિ મહારાજ બિરબલની સલાહથી તેમજ તેના સદુપદેશથીજ અકબરશાહે પોતાના રાજ્યમાથી ગોવધ થતો અટકાવ્યો હતો તથા જજીઆવેરો કાઢી નાખ્યો હતો. ફૈજી વગેરે મહાપડિતોદ્વારા રામાયણ, મહાભારત, નળદમયતી, અથર્વવેદ વગેરે ધર્મગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો. આ સ્થળે બીજી હકીકત જણાવવાની જરૂર રહે છે કે, અકબરશાહને આવા કાર્યો કરવાની અને તેમ કરી તેમને હિદુ ધર્માભિમાની બનાવવાનો, જોધપુરની રાજકુમારી—તેમની પટ્ટરાણી તેમજ સેલિમની ગર્ભધારિણી સમ્રાજ્ઞી જોધબાઇ પણ યત્ન કરતી હતી. હવે આપણે વાર્તા–પ્રવાહમા આગળ વધીશુ.

સકટના ભયથી ભયભીત બની ગયેલા—શુ કરવુ તેના મ્હોટા વિચારમાં પડી ગયેલા મહારાજ બિરબલે આ ધ્યાનમગ્ના સન્યાસિનીને પોતાના ઇષ્ટદેવતા મદનમોહનની આગળ બેસી રહેલી

જોઈને પોતાના મનમાને મનમા વિચાર્યું—" દેવતા હમેશા દયાળુ હોય છે. શ્યામસુદરે મ્હારા દુખે દુખી થઈનેજ મ્હારા કલ્યાણાર્થે આ સન્યાસિનીને પોતાના મદિરમા ઉપસ્થિત કરી છે."

સન્યાસિનીએ યોગ્ય સમય સુધી મુગ્ધભાવથી બેસી રહીને કોમળ કંઠે ગાવા માંડયુ—

अधरं मधुरं, वदनं मधुर, नयनं मधुर, हसितं मधुरम् ।
हृदयं मधुरं, गमनं मधुरं, मधुराधिपतेरखिलं मधुरम् ॥ १ ॥
वचनं मधुरं, चरितं मधुरं, वसनं मधुरं, वलितं मधुरम् ।
चलितं मधुर, भ्रमितं मधुरं मधुराधिपतेरखिलं मधुरम् ॥ २ ॥
वेणुर्मधुर, रेणुर्मधुर, पानिर्मधुर, पादौ मधुरौ ।
नृत्यं मधुरं, सख्यं मधुरं, मधुराधिपते रखिलं मधुरम् ॥ ३ ॥
मुंजा मधुरा, माला मधुरा यमुना मधुरा, वीचि मधुरा ।
सलिलं मधुरं, कमलं मधुरं, मधुराधिपतेरखिलं मधुरम् ॥ ४ ॥
गोपा मधुरा, गावो मधुरा, दृष्टि मधुरा, सृष्टि मधुरा ।
दलितं मधुरं, चलितं मधुरं, मधुराधिपतेरखिलं मधुरम् ॥ ५ ॥

મહામતિ વલ્લભાચાર્ય, આ સુમધુર કૃષ્ણશ્લોક, મધુરતામય વૃન્દાવનને માર્ગે ગાતા ફર્યા કરતા હતા.

આ કૃષ્ણશ્લોકની પ્રત્યેક લીટી, બશીબટ તળે ગવાતી હતી. આચાર્યનુ આ જીવનમય સગીત ક્રમે ક્રમે આર્યાવર્ત્તના સઘળા સ્થાનોએ ફેલાઇ ગયુ વલ્લભાચાર્ય ભક્તશ્રેષ્ઠ યાતો ભક્તશિરોમણી હતા. તેમની દ્રષ્ટિમા ભગવાનના લીલામય જીવનનુ સહુ કાંઇ મધુર હતું. યમુના મધુર તરગમયી હતી, ગોપિની મધુરતા ભરેલી હતી, એ મધુર અધરનુ મધુર હાસ્ય ઘણું મધુર હતું. મદનમોહનનાં નેત્રોના

કટાક્ષ તથા ગોપિકાઓના ચિત્તને મુગ્ધ બનાવી દે એવા ભાવ પણ મધુર હતા, તેમનુ ગમન પણ મધુર હતુ, વાક્ય મધુર હતું, રૂપ, વચન, બંશીધ્વનિ, નૃત્ય, કંઠમા શોભી રહેલી વનમાળા—સઘળુ મધુર હતું તેઓ મધુરના માલિક એટલે મધુરાધિપતિ હતા જે કાંઇ સુંદર હતું, શ્રેષ્ઠ હતુ, શીતળતામય હતુ તે બધુ તેમનામા હતું મહાપ્રાણ ભગવદ્‌ભક્ત પરમ વૈષ્ણવ આવી રીતે ભગવાનની મધુરતામા જો આવા ભાવથી ડૂબી ન શકત તો રાજપૂતાના વૈષ્ણવધર્મથી દીક્ષિત થાત ખરૂ કે ?

સન્યાસિની તન્મય ચિત્તે વલ્લભાચાર્યનુ આ ભક્તિ મોહમય સંગીત ગુજરાતી રાગમા ગાતી હતી મુર્ચ્છના, કંપન, તથા સુરની પૂર્ણતાથી દેવાલય સંગીતમય બની ગયુ હતુ પ્રાણમા, તથા હૃદયમા મધુમય સંગીતનો પ્રત્યેક શબ્દ મધુ-સિંચન કરતો હતો ! અરેરે ! સન્યાસિની ! હે શુ કર્યું ?

મહારાજ તન્મય ચિત્ત, એ કોમળ કંઠવાળી, સન્યાસિનીનું મધુર સંગીત સાંભળતો હતો. સન્યાસિની ગાન ગાતી હતી તથા તેના નેત્રોમાથી પ્રબળ ભકિત દર્શાવતી અશ્રુધારા વહેતી હતી એ અશ્રુપ્રવાહ તેના શરીરપરના ભગવા વસ્ત્રોને ભીંજાવી નાખતો હતો. બીજા કોઇ પણ પ્રકાર તરફ તેની નજર નહોતી તેના નેત્રો બંધ હતા—શરીર સ્થિર હતુ તે ભાવ અને ભકિતમાં તલ્લીન બની ગઇ હતી—બાહ્યજ્ઞાન ભુલી ગઇ હતી

મહારાજ બિરબલની સ્થિતિ પણ તેવીજ હતી તે પ્રથમ તો સન્યાસિનીના મુખ તરફ ટગર ટગર જોઇ રહ્યો હતો-તેના કાર્યો જોતો હતો, પરંતુ સન્યાસિણીના મધુર કંઠથી ગવાતું મધુર સંગીત

સાભળતાં સાભળતા તેની સઘળી ચિતા—સઘળી વ્યથા દૂર થઇ ગઇ. તેનુ ચિતાથી દુઃખી થતું ચચળ હૃદય, આ ભાવ પ્રવાહના તરગોથી, ભગવત્ રૂપની મધુરતાથી તન્મય બની ગયુ—તે પોતાનુ અસ્તિત્વ ભૂલી ગયો તેની ચારે તરફ ભયકર સકટ પોતાનુ વિકાળ મ્હો ફાડીને ફર્યા કરતું હતુ. તેનુ માન, આબરૂ, અધિકાર અર્થાત્ તેનુ સર્વસ્વ ગૂમ થઇ જવા બેઠું હતુ તેથીજ તે શ્યામસુદરની આગળ પોતાના અંતરની વેદના નિવેદન કરવાને આવ્યો હતો, પરતુ હાય! કેવુ વિચિત્ર પરિવર્તન! ભૈરવીના મોહન-સગીત-મત્રથી વિમુગ્ધ બની જઇને મહારાજ બિરબલ સઘળુ ભૂલી ગયો.

સન્યાસિનીએ આ મધુર સગીત બે વખત ગાયુ. ત્યાર પછી સ્યામસુદરને પ્રણામ કરીને આસનનો ત્યાગ કરી તે ઉઠી ઉભી થઈ. ઉભી થતાની સાથેજ તેણે જોયુ કે, મહારાજ બિરબલ તેના અમીમય સગીતના તરગોમા તલ્લીન-ભક્તિભાવથી વિમુગ્ધ બની ગયો છે. તેના નેત્રો અડધા મીચાઇ રહેલા છે ભગવાનના રૂપની મધુરતાથી તેનુ ચિત્ત તન્મય બની ગયુ છે તેના કાનમા હજી પણ એ મધુર સુરના રણકારા વાગતા હતા હજી પણ એ સગીતનો મધુર સુર તેના હૃદયની ચારે તરફ નૃત્ય કરતો હતો. રાગ ગયો હતો—મુર્ચ્છના રહી હતી ધ્વનિ ગયો હતો—પ્રતિધ્વનિ રહ્યો હતો પુષ્પ સુકાઇ ગયુ હતું—સુગધ રહી હતી. સુર વાયુમા મળી ગયો હતો, પરતુ તેની ઉન્માદિની સજીવન શક્તિ મહારાજના અધકારમય અતર્દેશને ઉજવળ પ્રકાશથી પ્રકાશિત બનાવી દેતી હતી.

સંન્યાસિનીએ બિરબલની પાસે જઇને કહ્યુ·—"મહારાજ!"

મહારાજે આશ્ચર્યચકિત બની જઈ, નેત્રો ઉઘાડી કહ્યુ —"કેમ, શુ છે?"

"શુ વિચારો છો ?"

"દેવિ! હુ તમારા મધુર સગીતથી આત્મભાન ભૂલી ગયોછુ !"

"તમારા હૃદયમાંની ભયકર ચિતા દૂર થઇ ગઇ છે કે ?"

"હા–દેવિ !"

"હમ્મેશા આવીજ તન્મયતાથી મદનમોહનનુ દર્શન કરજો. તેમ કરવાથી હમ્મેશા તમારા હૃદયમા સજીવન શક્તિ આવશે. તમે સસારનું સઘળું દુખ ભૂલી જશો. મદનમોહનના બસીસ્વરથી તમારો પ્રાણ મધુરતાપૂર્ણ થશે."

"તમે તો હમેશા અહિ આવતાં નથી ! મદનમોહનનુ આ મંદિર તમારૂ છે—હું તો તમારૂ સતાન છુ—તમારો દાસાનુદાસ છુ'

"હુ ભિખારિણી છુ—દુખિની છુ તરૂતળ મ્હારો આશ્રય છે, સરિતાઓનુ જળ મ્હારૂ પેય છે તથા ભિક્ષા મ્હારી ઉપજીવિકા છે. આ રાજ્યમન્દિર ભિખારિણીનુ આવાસસ્થાન નથી."

"પરતુ દેવમદિરમા દેવતાની ઉપાસન કરવાનો તો સઉ કોઇને સમાન અધિકાર છે મદિરમા રાજા પ્રજાનો યા તો શ્રીમત ગરીબનો ભેદ હોતો નથી."

"તમારૂ કહેવુ ખરૂ છે, પરતુ પૂજા તથા ઉપાસનાના પ્રકાર જૂદા છે. મ્હોટા લોકો મદનમોહનને દહી દૂધ અને ઘી ધરાવે છે ત્યારે ગરીબ એક મુઠી ચોખા પણ ધરાવી શકતા નથી હુ દુખિની છુ,—કગાલિની છુ. હું મદનમોહનના એવા રાજભોગ હમ્મેશા ક્યાંથી મેળવી શકુ ?"

"હુ તમારૂ સતાન છુ—હુંજ તેની વ્યવસ્થા કરી આપીશ."

"ના—ભાઇ! બીજાનુ દાન લઇ દેવતાને અપાતું નથી, પોતાને જે કાંઈ મળે—પોતાની પાસે જે કાઇ હોય તેજ ભક્તિ-

પૂર્વક દેવતાને આપવું જોઇએ. વળી ભાઇ! તમે જાણો છો કે, આ સંસારી મનુષ્યોનો સહવાસ મને બિલકુલ પસદ નથી. આ મદનમોહન તો સર્વત્ર છે! મદિરમા, ઘાટ ઉપર, રસ્તામા, આકાશમા, સમુદ્રમા તેમજ પર્વત વગેરેમા મ્હારા મદનમોહનજ છે! મ્હારા આ હૃદય–મદિરમા પણ મદનમોહન બિરાજી રહેલા છે. પ્રત્યેક્ મનુષ્યના હૃદયમાં તેઓ બિરાજી રહેલા હોય છે; પરતુ સસારના મોહથી મનુષ્યો તેમનુ દર્શન કરી શકતાં નથી આત્મસર્પણનો ભાવ અંતરમા લાવી જુઓ, વિશ્વસસાર ભૂલી જાઓ, અહં ભૂલી જાઓ, ગર્વ, અહકાર, તેજ સઘળુ ભૂલી જાઓ, માયાનો નાશ કરો એટલે પછી માલૂમ પડશે કે તમારા હૃદયાસન પર રાસરસિક શ્યામસુદર હમ્મેશા બિરાજી રહે છે."

"પરતુ દેવિ! અમે તો આ સસારના માયાવી મનુષ્ય છીએ! અમે હમ્મેશા તેમને આવા ભાવથા કેવી રીતે બોલાવી શકીએ?"

"સસારનો ત્યાગ કરી સંસારથી થોડે દૂર રહીને નિર્જનમા તેને માટેજ તેને બોલાવો અભ્યાસથીજ કોઇ એક અવસ્થા આવે છે. યોગી રૂષીઓ યત્ન તેમજ અભ્યાસથીજ યોગ માર્ગમા ઉપસ્થિત થાય છે."

બિરબલે સ્થિર ચિત્તે સન્યાસિનીના મુખમાથી નીકળેલા જ્ઞાન પૂર્ણ વચનો સાભળ્યા. તેના અતરમા એક પ્રકારની સુપવિત્ર શાન્તિ આવી. હૃદયની ચારે તરફ ચિતાનુ જે કાળુ વાદળ ઘેરાઇ ગયુ હતું તે દૂર થઇ ગયુ. બિરબલે મનમાંને મનમા વિચાર્યું—"મદનમોહન ધારે તો સહુ કાંઇ કરી શકે તેમ છે તેથી જ તેમનુ નામ વિઘ્નવારણ! તેથી જ તેમનુ નામ મધુસૂદન છે! સકટ તેમની ઇચ્છાથીજ આવે છે—અને તેમની ઇચ્છાથી જ ચાલ્યુ જાય છે. અમે અ-

વિધામુગ્ધ જીવ સંસારમાજ વ્યાકુળ બની જઇએ છીએ—પારસ-મણી મુકીને પત્થર પર પ્રેમ કરીએ છીએ તેથી જ તેઓ અમારી ચારે તરફ સકટો મોકલીને અમારી પરીક્ષા કરે છે."

બિરબલે કહ્યું—"દેવિ ! બે ચાર દિવસ આ દીન સંતાનને ત્યા આવીને કેમ રહેતા નથી ? મ્હારે ત્યા રહેવામા તમને કાંઇ અડચણ છે ? "

" અડચણ તો કાંઈ નથી, પરતુ મ્હારા ઘટનાપૂર્ણ જીવનમાં કેટલાક એવા પ્રકારો બન્યા છે કે તેથી કરીને હું લોકોની દષ્ટિ-મર્યાદા બ્હાર રહેવાની ઇચ્છા રાખુ છુ તમારી પર મ્હને ઘણો સ્નેહ ઉપજ્યો છે તેથી જ હુ તમને મળવા માટે આવી છુ તમારા શિર પર હમણા મહા ભયકર સકટ આવી પડેલુ છે હુ તમને શાન્તિ આપવાને માટે જ અહિ આવી છુ. દેવતાની આગળ તમે ચિતાતુર ચિત્તે તમારા હૃદયની જે હકીકત નિવેદન કરી છે તે મ્હે છુપી રીતે સાભળી છે. એ સાભળીને જ મ્હે તમને દર્શન નહિ દેતા એવો પ્રતિધ્વનિ કર્યો હતો વત્સ ! હવે તમને તમારા અતરમા શાન્તિ મળી છે—મ્હારૂ કાર્ય પણ સિદ્ધ થયુ છે."

બિરબલે ધીમેથી કહ્યુ—" પરતુ દેવિ ! આ શાન્તિ કયા સુધી કાયમ રહેશે ? તમે જાણતાજ હશો કે મ્હારા સર્વસ્વનો વિનાશ થવા બેઠા છે ! વળી તમે જાણતાજ હશો કે મ્હારા અસખ્ય શત્રુઓ છે. મ્હારી એકાએક ઉન્નતિ થયેલી છે એ મ્હારા શત્રુઓના મનમા કટકની માફક ખુચ્યા કરે છે. આવી પડેલા સકટથી જો મ્હારા સર્વસ્વનો વિનાશ થશે તો મ્હારા શત્રુઓ ઘણા આનદિત થશે. જે શહેન-

શાહ આજકાલ મ્હારી પ્રત્યે દયા તેમજ સ્નેહ દર્શાવે છે તે બે ચાર દિવસ પછી કદાચ ઘણી ભયકર રીતે મ્હારો જીવ લેશે. તમે કદાચ નહિ જાણતા હો કે સેલિમના ખૂની મામલામા શામિલ રહેલા બે યુવાનોને જહાન્દારખાને કેદ પકડીને થાણામાના કેદખાનામા પૂરી રાખ્યા હતા તે યુવકો ગઇ કાલે ગભીર રાત્રે કેદખાનામાથી પલાયન કરી ગયા છે. શહેનશાહ હજી સુધી દુર્બળ છે. તેઓ જાહિર દરબારમા પધારી શકતા નથી તેથીજ અમે હજી સુધી જીવતા રહી શકયા છીએ—નહિ તો આ પ્રકારથી ઘણી નવાજુની થઇ ગઇ હોત એક તો સેલિમાના ખૂની મામલા સબધીનુ કાઇ રહસ્ય જાહિર થયુ નહિ અને તે ઉપરાત બે યુવકો કે જેમને મહેનતથી પકડવામાં આવ્યા તેઓ પણ એક શયતાન રમણીની સહાયતાથી કેદખાનામાંથી પલાયન કરી ગયા."

આ સઘળી હકીકત સાભળી સન્યાસિની ચમકી ઉઠી. ત્યાર પછી તેણે ધીમેથી કહ્યુ—'એ રમણી કોણ હતી તેનો કાઇ પત્તો લાગ્યો છે કે ?"

" ના ! કાઇ પત્તો લાગ્યો નથી "

" ત્યારે પછી તમે કેવી રીતે જાણ્યુ કે આ કાર્ય એક શયતાન સ્ત્રીએ કરેલુ છે ?"

" કેદખાના આગળ પહેરો ભરનારા પહેરગીરે કહ્યુ :કે એક સ્ત્રીએ સુલતાનનો પઝો બતાવીને કેદખાનામા પ્રવેશ કર્યો હતો અને તેણેજ આવુ અતિ સાહસિક કાર્ય કર્યું હતું."

" પહેરગીરે પઝો જોઇને પણ તેને છોડી કેમ દીધી ?"

" સુલતાન સેલિમના પઝાનો અસ્વીકાર કરવાની તાકાત કોનામા છે ?"

" ત્યારે તો સુલતાન સેલિમ એ રમણીને ઓળખતા હશે !".

" સુલતાન સેલિમનુ કહેવું એવુ છે કે એ સઘળુ કારસ્થાન છે' તેમનો પંઝો બનાવટી હોવો જોઇએ ! '"

" કદાચ સુલતાન ભ્રમમા પડી ગયા હશે અગર તો જાણી જોઇને જૂઠુ બોલતા હશે. મ્હને લાગે છે કે એ રમણીને તેઓ જરૂર પિછાનતા હોવા જોઇએ."

" તમે શુ કહો છો ? શાહજાદા સેલિમ શા માટે જૂઠું બોલે ? "

" પોતાનુ કલક કોઇ પોતાની ઇચ્છાથી જાહિર કરે છે કે ?"

" એ રમણી કોણ હશે તેની તમે કાંઈ કલ્પના કરી શકોછો?'

" હા—કરી શકુ છુ."

" ત્યારે કહો કે એ રાક્ષસી રમણી કોણ છે ?"

" જાલિમ જુલિયા "

" જુલિયા ! હા હા, હવે-જ હું આ પ્રકાર કાંઇ સમજી શકુ- છુ, પરતુ ગુન્હેગાર કેદીઓની સાથે જુલિયાને શો સબધ ?"

" સબધ હોવોજ જોઇએ—તે સિવાય તે આવું ભયકર સાહસિક કામ શા માટે કરે ?"

" દેવિ ! મ્હારૂ રક્ષણ કરો ! મ્હને શકામુક્ત કરો ! મ્હને આ પ્રકારનુ રહસ્ય સ્પષ્ટ સમજાવો કહો કહો, તમે એ કેદીઓનાં નામ જાણો છો કે ? "

" હા જાણું છુ—અને તે તમને કહેવાનેજ હુ અહિં આવી છુ—તમને સકટ મુક્ત કરવાને માટેજ આવી છુ. "

" જેમણે બન્નેએ સેલિમાનુ ખૂન કર્યું છે એ બન્ને યુવકોનાં નામ શાં છે ? "

" ખૂની કોણ છે તે હું ચોક્કસ કહી શકતી નથી; પરંતુ આ પ્રકારમાં ચાર માણસો શામિલ થયેલાં છે."

" કોણ—કોણ ? "

" ઇસ્કાન્દારખાન, સિકન્દરખાન, જુલિયા અને—"

સંન્યાસિની આટલું બોલી અટકી ગઇ. મહારાજ બિરબલ પણ આ ત્રણ નામ સાંભળી ચમકી ઉઠયો. ઇસ્કાન્દારખાન તેમજ સિકન્દરખાનને તે સારી રીતે પિછાનતો હતો. મરી ગયેલા આરામબેગની બે કન્યાઓ સેલિમા અને સેરિનાના તેઓ પસંદ કરેલા પતિઓ હતા. આ મરી ગયેલી સેલિમા ત્યારે તો અવશ્ય આરામબેગની જ કમનશીબ કન્યા હોવી જોઇએ. મહારાજ બિરબલ અત્યાર સુધી એક પ્રકારના અંધકારમા ઘુમ્યા કરતો હતો. ભૈરવીને મુખે ઉપરોક્ત હકીકત સાંભળીને તેણે જાણે કે અંધકારમાં અદ્ભુત પ્રકાશ જોયો. તેણે આવેગમય કંઠે કહ્યું "દેવિ ! તમે તો ત્રણ નામ કહ્યા—બીજુ એક નામ કેમ કહ્યું નહિ?"

ભૈરવીની નજર મહારાજના મુખ ઉપર પડી. એ દૃષ્ટિ જાણે કે કાંઇક તિરસ્કારદર્શક હતી. ભૈરવીએ સ્થિર સ્વરે કહ્યું:—" એ નામ તમે જાણો અગર ન જાણો તે સરખુ જ છે. એ માણસનુ નામ સાભળશો તો પણ તમે તેની વિરૂદ્ધ તમારી શક્તિનો સહજ પણ ઉપયોગ કરી શકો તેમ નથી."

બિરબલે ચિંતાતુર ચિત્તે થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો. ત્યાર પછી કહ્યુ—" જ્યારે એ નામ કહેવાને તમે નારાજ છો ત્યારે હમણા હુ મ્હારા કૌતુહળને દબાવી દઉં છુ, પરંતુ અનુમાનથી હું સમજી શકુ છુ કે, એ શકિતશાળી માણસ કોણ છે !"

ભૈરવીએ કૌતુહળપૂર્ણ સ્વરે પૂછયુ —"તમે આ ખૂની રહસ્યમા ચોથા કયા માણુસને શામિલ થયેલો ધારી શકો છો ?"

" શાહજાદા સેલિમને !"

"હા-તમારી ધારણા ખરી છે-પરતુ કહો કે તમે શાહજાદા સેલિમને શુ કરી શકો તેમ છો ?"

" તેમને હુ શુ કરી શકુ ? જેઓ શહેનશાહના પુત્ર છે, શહેન-શાહના સ્વર્ગવાસ પછી જેઓ સામ્રાજ્યના અધીશ્વર થનાર છે, જેમનો હુ તાબેદાર ગુલામ છુ તેમને હુ શુ કરી શકુ ? માત્ર અકબરશાહ સિવાય શાહજાદા સેલિમની વિરૂદ્ધ એક પણ વાકય બોલવાની તાકાત કોઇનામા નથી."

" ત્યારે તમારી મુક્તિનો ઉપાય શો છે ? આ ભયકર ખૂનના રહસ્યને તમે કેવી રીતે જાણી શકશો ?"

" શો ઉપાય છે, તે હમણા તું કહી શકતો નથી. ઉપાય માત્ર મ્હારા આ મદનમોહન જાણે છે. જો મ્હને સકટમુક્ત કરવાની તેમની ઇચ્છા હશે તો મુક્તિનો ઉપાય તેઓ જાતેજ દર્શાવશે અને જો તેમ નહિ હોય—મદનમોહન મ્હારી પર દયાળુ નહિ હોય તો પછી હું નિરૂપાયે રાજ્યદડને આધીન થઇશ."

સન્યાસિની—ભૈરવી—મહારાજ બિરબલના વચનો સાભળી ઘણી ચિતાતુર બની ગઇ. તેણે પ્રસન્ન મુખે કહ્યું:—"ના ના, ! ત્હમારે રાજ્યદડ સહન કરવો પડશે નહિ. તમે ઐશ્વર્યમા રહીને પણ ભગવાનને ભૂલી ગયા નથી. ભગવાનજ તમારૂ કલ્યાણ કરશે. હવે એક કામ કરો."

" શુ કામ ?"

• " જુલિયાને એકદમ કેદ કરો. ભય દેખાડીને પણ તેને કેદ કરવામા પાછી પ્હાની કરશો નહિ. તેમ કરશો એટલે ખૂની મામલાનો નિકાલ થઇ જશે"

" પરંતુ મ્હે સાભળ્યુ છે કે, જુલિયા શાહજાદા સેલિમની આશ્રિતા છે. તેના ઉપર મ્હારાથી કે જહાન્દારખાનથી જુલ્મ ગુજારી શકાય તેમ નથી"

સન્યાસિનીએ ચિંતાતુર મુખે નિરાશાસૂચક કંઠે કહ્યું.--"ત્યારે તો બીજો કોઇ ઉપાય નથી. આ દુર્ભેદ્ય રહસ્યનું મૂળ એક માત્ર જુલિયાજ છે. કોઇ પણ પ્રકારે તેને તમારે તમારા કબજામા લેવી જોઇએ. તે સિવાય તમારી મુક્તિનો બીજો એક પણ ઉપાય નથી."

આ ખુલાસો સાભળી મહારાજ બિરબલ ઘણી ચિતામા પડી ગયો. તે એક પાષાણસ્તભ પર મસ્તક ટેકવીને આકાશ પાતાળના વિચારો કરવા લાગ્યો. ત્યાર પછી મુખ ફેરવીને તેણે કહ્યું --'દેવિ' તમારી આજ્ઞા હું જરૂર પાળીશ"

પરતુ આ વાક્યોનો કોઇએ ઉત્તર આપ્યો નહિ. ભૈરવી થોડી ક્ષણ પૂર્વે કોઈ પણ પ્રકારનો અવાજ કર્યા સિવાય એ સ્થાનનો ત્યાગ કરીને ચાલી ગઇ હતી. બિરબલ ભૈરવી જોવામાં નહિ આવ્યાથી વિશેષ દુઃખી થયો એક વખત તેણે મનમાને મનમા વિચાર્યું—" આ શુ દૈવી માયા છે !"

પછીથી મહારાજ બિરબલે મદનમોહનને સાષ્ટાગ પ્રણામ કરીને કહ્યું—" નારાયણ ! તમે આ ભૈરવીન મુખે જે કાર્ય કરવાનું મ્હને જણાવ્યુ છે તે કાર્ય હું જરૂર કરીશ. હે વ્રજવલ્લભ ! તમે મ્હને જે કાર્યમાં નિયુકત કરશો તે કાર્ય હું કોઇ પણ પ્રકા-

રનો ભય રાખ્યા સિવાય કરીશ, પરંતુ પ્રભુ ! યાદ રાખજો કે કર્મફળ તમારૂ છે. હુ તો માત્ર તમારો આશ્રિત જીવ છુ હું જાણું-છું કે આ પ્રકારમાં મ્હારે શાહજાદા સેલિમની વિરૂદ્ધ વર્ત્તન ચલાવવું પડશે, હું જાણું છું કે—આ પ્રકારમા મ્હારે ભવિષ્યના શહેનશાહ સેલિમના ક્રોધને પાત્ર થવુ પડશે, પરતુ ભવિષ્યની ચિતા મ્હારે પોતાને માટે છે. હમણાની ચિંતા—મ્હારૂ હમણાનુ સુનામ, સુ-યશ, પ્રતિષ્ઠા વગેરેના રક્ષણુ માટે છે. પ્રભુ ! તમે મ્હને જે ઉન્નતિએ ચઢાવ્યો છે તે ઉન્નતિને હુ તમાગી કૃપા સમજી તેનીજ ઉપાસના કરીશ. ભવિષ્યના અધકારમય ગર્ભમા જે રહસ્ય સમાઇ રહેલુ હશે તેની હું ફિકર રાખીશ નહિ. શાહજાદા સેલિમ ! જો હું મ્હારી ફર્જ બજાવવા જતા તમારી આખોનો કટક થઇ પડીશ—મ્હારૂ ભવિષ્યનુ જીવન અધકારમય બની જશે તો તેની મ્હને ચિતા નથી; પરતુ ભારતના શહેનશાહ અકબરશાહના વફાદાર સ્નેહી તેમજ નોકર તરીકે મ્હારૂ જે કર્ત્તવ્ય છે તેને હું પાળીશ જ. મ્હારા કર્ત્તવ્યથી હું વિમુખ થઇ શકીશ નહિ ”

આ પ્રમાણે અસ્પષ્ટ સ્વરે બોલીને મહારાજ બિરબલે દેવ-મદિરનો ત્યાગ કર્યો.

મદિરનો પૂજારી મહારાજ ઘણા સમયથી મહારાજ બિરબલના હાવભાવને જોઇ રહ્યો હતો. મહાગજ ઉન્મત્તની માફક ત્વરિતગતિ-થી મદિરમાથી ચાલ્યો ગયો એટલે તેણે દેવમદિરનાં બારણાં બધ કરી દીધા.

પ્રકરણ ૨૯ મું.

સેલિમાના સુખમય જીવનનો ઇતિહાસ
તથા
ભયંકર લાલ કાગળનો ભેદ !

પાઠક ! મહારાજ બિરબલનો ત્યાગ કરી આપણે એક વખત શાહજાદા સેલિમનુ અનુસરણ કરીશુ.

શાહજાદાએ આકસ્મિક ક્રોધને વશ થઇ જુલિયાને મારવાને જેવી પોતાની તીક્ષ્ણ કટાર ઉંચકી કે તરત જ તે ઠેકાણે એકાએક યાર લતીફ આવી પહોંચી એક નવીન ખૂન થતું અટકાવ્યુ એ પાઠકવર્ગ જાણે છે જ.

હવે યાર લતીફ એકાએક એ ઠેકાણે કેવી રીતે આવી પહોંચ્યો એ હકીકત જણાવવી જરૂરની છે યાર લતીફ સેલિમનો વિશ્વાસપાત્ર નોકર હતો. એ સાહસી અને સલાહ આપવામાં ચાલાક હતો. સેલિમને અનેક સમયે કેટલાક કારણોને લીધે ગુપ્તવેષમા અનેક સંકટજનક સ્થાનોએ જવું પડતું હતું. એવે સમયે તે પોતાતા વિશ્વાસપાત્ર નોકર યાર લતીફને પણ સાથે લઇ જતો હતો, પરતુ જે દિવસે રાત્રે સેલિમ જુલિયાને ત્યાં આવ્યો તે દિવસે રાત્રે તેણે યાર લતીફને પોતાની સાથે લીધો નહોતો. આથી કરીને યાર લતીફના અતરમા સંદેહ ઉપજ્યો હતો અને તેણે છુપી રીતે શાહજાદાનું અનુસરણ કર્યું હતું. શાહજાદાએ જુલિયાના દિવાનખાનામા પ્રવેશ કર્યો એટલે યાર લતીફ જુલિયાના મકાનમાં નીચેના ભાગમા આવેલા એક ઓરડામાજ બેસી રહ્યો હતો. પછીથી ઘણો સમય પસાર થઇ ગયા છતા પણ શાહજાદો

પાછો ન ફર્યો એટલે તે સદેહને વશ થઇને ઉપર જુલિયાના દિવાન ખાના તરફ ગયો. ત્યા જતા જ તેણે જોયુ કે શાહજાદો સેલિમ જુલિયાનું ખૂન કરવાની તૈયારીમા હતો.

મોગલ સામ્રાજ્યની તે સમયની સ્થિતિ સબધી અહિં થોડી હકીકત નિવેદન કરવાની જરૂર છે જે સમયને અનુસરીને અમે આ નવલકથા લખીએ છીએ એ સમયે અકબરશાહ વૃદ્ધાવસ્થા ભોગવતાહતા. દિલ્લીના સિહાસન માટે એ સમયે ઘણી ગરબડ તેમજ ખટપટ ચાલીરહી હતી. દરબારના કેટલાક શક્તિશાળી લોકો એ સમયે શાહજાદા સેલિમની વિરૂદ્ધ ઘણી ગુપ્ત ખટપટો કરતા હતા. તેમણે જાહિર રીતે તેમજ છુપી રીતે સેલિમ તરફ દુશ્મનાવટ દર્શાવવા માડી હતી સેલિમની વિરૂદ્ધ વિવિધ પ્રકારની વાર્તાઓ કેટલીક સાચી જૂઠી હકીકત મેળવીને તેઓ બાદશાહ નામવરને નિવેદન કરતા હતા, પરતુ બાદશાહ નામવરનો શાહજાદા સેલિમ પર અપાર સ્નેહ હોવાથી એ શત્રુપક્ષનુ કાઇ ચાલી શકતું નહોતું.

તિક્ષ્ણ બુદ્ધિવાળા મોગલ શહેનશાહ અકબરશાહ આ સ્વાર્થી રાજમત્રીઓ અને સભાસદોની હકીકત માત્ર કાને સાભળતા હતા ખરા; પરતુ તેઓ પોતાના પાટવી રાજકુમાર સેલિમની પર અસાધારણ પ્રેમ રાખતા હોવાથી ઘણી ખરી વખતે તેઓ સેલિમને તેના ગુપ્ત શત્રુઓના અતરના વિચારો છુપી રીતે જણાવી દેતા હતા. આ પ્રમાણે કરવામા અકબરશાહનો ઉદ્દેશ એવો હતો કે સેલિમ જો આ ગુપ્તશત્રુઓને ઓળખી શકે તો ભવિષ્યમા તે ઘણીજ સાવધાનતાથી ચાલી શકે.

સેલિમના સઘળા ગુણદોષ અકબરશાહ જાણતા હતા; પરતુ તેઓ દોષ કરતા ગુણજ વધારે પ્રમાણમા જોઇ શકતા હતા, તેથી

શાહજાદો સેલિમ અત્યાર સુધી સઘળા પ્રકારોમા વિજયીજ નીવડયો હતો; પરંતુ તેનુ શત્રુમડળ દિન પ્રતિદિન જે પ્રમાણે પ્રબળ થતું જતું હતું તે ઉપરથી એમજ જણાતું હતું કે સેલિમના ભવિષ્યના અદૃષ્ટ-આકાશમા વાદળાઓ એકઠા થતા હતા—તેનુ ભવિષ્ય અધકારમય બની જવા લાગ્યુ હતું.

આ શત્રુમડળમા સામ્રાજ્યના ત્રણ મુખ્ય માણસો હતા. એક તો અબરાધિપતિ સુપ્રસિદ્ધ મહારાજ માનસિહ બીજો, આજીમખાન નામનો એક મ્હોટો અમીર અને ત્રિજો મહાપડિત અને અકબરશાહનો પ્રિય સ્નેહી અબુલફજલ હતો.

સેલિમને સિહાસન પ્રાપ્ત નહિ થવા દેવામાં તેનો ઔરસજાત પુત્ર ખુશરૂ મુખ્ય શત્રુ હતો ખુશરૂ સેલિમનો પુત્ર તેમજ અકબરશાહનો પૌત્ર હતો તે સેલિમની હિદુ રાણીને પેટે જન્મ્યો હતો. તે રાજા માનસિહનો ભાણો અને આજીમખાનનો જમાઈ હતો. માનસિહની ઇચ્છા એવી હતી કે તેનો ભાણેજ ખુશરૂજ સિહાસન પર બિરાજે. આજીમખાનની ઇચ્છા પણ માનસિહની ઇચ્છાને અનુકૂળ હતી પોતાની પુત્રી ભારતની ગજરાણી થશે એ આશાથી આજીમખાનનુ હૃદય નાચી ઉઠયુ હતું.

માનસિહ મનમા એમ વિચારતો હતો કે—ખુશરૂને હજી સુધી સસારનુ જ્ઞાન નથી તેની પર દેખરેખ રાખવાનુ કાર્ય પોતાનેજ કરવુ પડશે. તેમ થશે એટલે વાસ્તવિકરીતે તેજ સમસ્ત હિદુસ્થાનનો શહેનશાહ થશે—અને હિદુસ્થાનમા પાછુ હિંદુરાજ્ય સ્થાપિત થશે.

હવે બીજી તરફ આજીમખાન પોતાના મનમાં એમ વિચારતો

હતો કે—ખુશરૂ સિંહાસન પર બિરાજશે અને ધીમે ધીમે શક્તિશાળી થશે એટલે પછી ખુશરૂની સહાયતાથી માનસિંહના હાથમાંથી સઘળો રાજ્યકારભાર પાછો લઇ લેવામા આવશે. ત્યાર પછી ખુશરૂ સંપૂર્ણ રીતે પોતાનીજ તાબેદારીમા રહેશે. ચાધટાઈ વંશની સત્તાનો નાશ થશે અને તેનો દૌહિત્ર વંશજ ભારતના સિંહાસન પર રાજત્વ કરશે. તેના પુત્રો શહેનશાહના સંસારમા ઉંચા અધિકાર પર નિયુક્ત થશે.

આથી કરીને માનસિંહ જેવી રીતે એક તરફથી ભાણેજના પક્ષનુ સમર્થન કરતો હતો તેવી જ રીતે આજીમખાન પણ તેના જમાઇ ખુશરૂના પક્ષનુ સમર્થન કરતો હતો.

માનસિંહ અકબરશાહનો જમણો હાથ હતો તે મોગલ સૈન્યનો એક મુખ્ય સેનાપતિ હતો આજીમખાન એક મ્હોટો અમીર હતો ખરો; પરંતુ તેની પાસે સૈન્ય ઘણુ થોડુ હતુ અકબરશાહે પોતાના પૌત્ર ખુશરૂનો વિવાહ થયા પછી આજીમખાનને બે હજારી મન્સબદારનો અધિકાર આપ્યો હતો આ બે હજાર સૈનિકોજ તેના આધારરૂપ હતા એ સિવાય બીજા બે હજાર પઠાણ સૈનિકો તેની સત્તામા હતા

માનસિંહ જો જરૂર પડે તો—દશ હજાર સૈનિકોને એકઠા કરી શકવાને શક્તિશાળી હતો કેમકે તેજ મોગલ સામ્રાજ્યમાના સમસ્ત રાજપૂત સૈન્યનો સેનાધિપતિ હતો, વળી જરૂર પડયે આજીમખાન પણ પોતાની પાસેના ત્રણ ચાર હજાર સૈનિકોની સહાયતા મહારાજ માનસિંહને આપી શકે તેમ હતો.

સેલિમ પહેલા તો તેના પ્રિયતમ પુત્ર ખુશરૂ પર ઘણો પ્રેમ રાખતો હતો, પરંતુ વિચિત્ર ઘટનાચક્રના ફેરફારથી—શહેનશાહ અકબર

શાહ કોઇ કોઇ સમયે પૌત્રની પ્રત્યે એવો વિચિત્ર પક્ષપાત દર્શાવતા હતા કે સેલિમ એ પક્ષપાતનુ કારણ વિચારી શકતો નહિ અને તેથી તે પિતા તેમજ પુત્ર પ્રત્યે ઘણા વ્હેમે ભરાતો હતો. એ સિવાય મહારાજ માનસિહ અને આજીમખાનને પોતાની વિરૂદ્ધ જોઇને તે ઘણો વ્યાકુળ બની ગયો હતો.

સેલિમે મનમાને મનમા એવો ચોક્કસ વિચાર કર્યો હતો કે તેના વિરૂદ્ધ પક્ષનો સલાહકાર મહાપડિત અબુલફજલ છે. અબુલ-ફજલ કેટલાક કારણોને લીધે શાહજાદા સેલિમ ઉપર વિરક્ત હતો. સેલિમ પણ એ પ્રકાર જાણતો હતો માનસિહ તથા આજીમખાન જે સઘળી હકીકત બાદશાહને કાને સભળાવવાનુ સાહસ કરી શકતા નહોતા તે હકીકત તેઓ શહેનશાહના પ્રિય સહચર અબુલફજલ માર્ફત શહેનશાહને કાને પહોચાડતા હતા.

આ ત્રણ પ્રબળ શત્રુઓ એક તરફ હતા. ત્યારે બીજી તરફ માત્ર એકલો શાહજાદો સેલિમ હતો જો કે શાહજાદા સલિમના પક્ષમા પણ અનેક અમીર ઉમરાવો હતા. પરતુ શાહજાદાના પ્રબળ શત્રુઓ આગળ તેઓ કશા હિસાબમા નહોતા

સુલતાન સેલિમે મનમાને મનમા વિચાર્યું.—"જો લોહીથી હુ મ્હારા હાથ કલકિત નહિ કરૂ તો આ હિદુસ્થાનનુ સિહાસન મેળવી શકીશ નહિ, પરતુ મ્હારા શત્રુઓ ઘણા શક્તિશાળી છે. આમ છતા હુ તેમનાથી ડરનાર નથી. હુ મ્હારા મુખ્ય શત્રુ અબુલ ફજલનેજ પ્રથમ ખુદાના દરબારમાં પહોચાડી દઇ મ્હારી ઉન્નતિનો માર્ગ નિષ્કટક કરીશ."

ઇતિહાસમા જાહિર છે કે સેલિમે ભવિષ્યમા ગુપ્તઘાતક માર્ફત અબુલફજલને મારી નંખાવ્યો હતો. આ ભયંકર બનાવ બન્યાથી

શહેનશાહ અકબર પોતાના પુત્ર ઉપર એટલા બધા ગુસ્સે ભરાયા હતા કે ઘણા દિવસો સુધી તેમણે પુત્રની સાથે વાતચિત સુદ્ધા કરી નહોતી

સેલિમે નિરાશાથી ઉત્તેજિત થઇને અબુલફજલની વિરૂદ્ધ જે કપટજાળ રચી હતી એ કપટજાળ એક દિવસે ઘટના ચક્રમા જાહેર થઇ જવાની તૈયારી હતી.

સેલિમ તેના એક વિશ્વાસપાત્ર સ્નેહીને લખી મોકલ્યુ કે—"મ્હારો મુખ્ય શત્રુ અબુલફજલ કોઇ સરકારી કામને માટે લાહોર આવે છે, તમે લાહોરના સત્તાધિકારી છો હુ તમને જણાવુ છુ કે, તમે મ્હારા એ મુખ્ય શત્રુને સન્માન આપી તમારે ત્યા લઇ જઇ તેને તમારા પઝામાં ફસાવી સુયોગ મળતાજ તેનુ ખુન કરજો. આ ખુનની હકીકત તમે બિલકુલ જાહિર થવા દેશો નહિ તથા આ ખૂની મામલો જગલી લૂટારાઓથી થયો છે એવી ચતુરાઇ ભરેલું કાર્ય કરજો."

સેલિમે આ પત્ર લખીને તેના જામાના ખિસ્સામા રાખ્યો. જે વિશ્વાસુ નોકર આ પત્ર લઇ જવાનો હતો તેને તેણે નિશારતખાનને ત્યા નિમત્રણ પર આવવાને કહ્યું હતું તે નોકરને પણ નિશારતખાનને ત્યા નિમત્રણ કરવામા આવ્યુ છે એ હકીકત સેલિમ જાણતો હતો નિશારતખાનને ત્યા મજલિસમાં વિશેષ મદ્યપાનથી શાહજાદાએ પોતાનુ જ્ઞાન થોડે ઘણે અશે ગુમાવ્યુ. ત્યાર પછી મજલિસમા સેલિમાને જોઇ તે તેના સૌદર્યથી મુગ્ધ તેમજ વિહ્વળ બની ગયો. આ સેલિમાજ આરામબેગની કન્યા હતી તથા તેના ખૂનને લીધેજ આટલી બધી ધામધૂમ થઇ રહી હતી.

શાહજાદો સેલિમ જાણતો નહતો કે, ઇસ્કાન્દારખાન નામના એક પઠાણુની સાથે સેલિમનો વિવાહ સંબંધ થવાનો છે. સેલિમાના રૂપની જ્યોતિએ તેના અતરમા એક પ્રકારની શક્તિનો વિકાશ કર્યો હતો અત્યાર પૂર્વે એક દિવસે તેણે આ નિશારતખાનના મકાનમા જ આ સર્વ શ્રેષ્ટ સુદરી સેલિમાને જોઈ હતી આ બીજી વખતનુ દૃષ્ટિમિલન હતું, પહેલી વખતે યુવરાજ પોતાની ઇંદ્રિયો પર વિજય મેળવી શક્યો હતો, પરતુ આ વખતે તો પરાજય પામ્યો.

સેલિમ અને સેરિના આરામ બેગની કન્યાઓ હતી. આરામબેગ નિશારતખાનનો મુરબ્બી હતો કૃતજ્ઞતાને લીધે કહો કે લોક લજ્જાને લીધે કહો—આરામબેગના મૃત્યુ પછી, તેની કન્યાઓ જ્યારે ગૂમ થઇ ગયેલી માલૂમ પડી ત્યારે નિશારતખાને તેમની શોધમા ચારે દિશાએ માણસો દોડાવ્યા, પરતુ પ્રથમ તો તેનુ કાઇ ફળ આવ્યુ નહિ.

સેરિના અને સેલિમા એ સમયે તદ્દન નિરાધાર સ્થિતિમા હતી તેઓ અત્યાર સુધી સુખમાં ઉછરી હતી, પરતુ ભાગ્યના ફેરફારથી પિતાનુ મૃત્યુ થતાની સાથેજ તેઓ દરિદ્રતાના અધકાર મય ઉડા કૂવામા પડી ગઇ. આ દરિદ્રતાનુ કષ્ટ તેમનાથી સહન કરી શકાયુ નહિ.

સેલિમા અને સેરિનાએ જ્યારે જોયુ કે, તેઓ તદ્દન નિરાધાર બની ગઇ છે ત્યારે બન્ને બ્હેનોએ એક બીજીની સલાહથી આ લોભિષ્ઠ આગ્રા શહેરનો સદાને માટે ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો; કેમકે આગ્રા શહેરમા કેટલાક શ્રીમત પરતુ ઉચ્છૃખલ અમીર ઉમરાવો રહેતા હતા. એવા ઉમરાવો આગળ પોતાનું ચારિત્ર વિશુદ્ધ રાખ-

વામાં ઘણી અડચણ પડે તેમ હોવાથી બન્ને બ્હેનોએ આગ્રા શહેરની છેવટની વિદાય લેવાનો વિચાર કર્યો.

અજમેરમાં સેલિમાની એક પાસેની સગી રહેતી હતી. મહા દુ:ખ વેઠીને, રાત્રિને સમયે પગે ચાલતી ચાલતી બન્ને બ્હેનો ઠેઠ આગ્રા જઇ પહોચી જતી વખતે તેમણે આરામબેગે એકઠુ કરેલુ થોડુ જવેરાત પોતાની સાથે લઇ લીધુ હતું. તેમના પોતાના જે કાંઇ અલકારો હતા તે પણ તેમણે સાથે લીધા હતા. બન્ને સુંદરીઓ પુરૂષનો વેષ ધારણ કરી ઘણીજ સાવધાનતાથી માર્ગ કાપતી હતી.

સેલિમાની ફોઇ ઘણા દિવસ પછી, માબાપ ગુમાવીને બેઠેલી બન્ને બ્હેનોને જોઇ ઘણી આનદિત થઇ, પરતુ એ સમયે એ ફોઇ મરવાની અણી ઉપર હતી. રોગથી–બીમારીથી તેનુ શરીર ખવાઇ ગયુ હતું શરીરમા બિલકુલ લોહી જણાતું નહોતું. આખો ઉડી ઉતરી ગઈ હતી. આમ છતા આવે પ્રસગે પણ સેલિમા અને સેરિનાને પોતાની પાસે આવી પહોચેલી જોઇને તે અપાર આનદ પામી.

તેનો પતિ મોગલ સરકારમા એક બક્ષી હતો. તે ચાર પાચ વર્ષ પૂર્વે પરલોકગમન કરી ગયો હતો. તેને આ નોકરી આરામબેગની કૃપાથીજ મળી હતી. તે જ્યારે આગ્રામા હતો તે સમયે સેલિમા અને સેરિના હમેશા એ બક્ષીની પત્ની પાસે જતી હતી. બક્ષીની પત્ની પણ તેમની ઉપર અપાર સ્નેહ રાખતી હતી, પરતુ પછીથી તેના પતિની આગ્રાથી અજમેર બદલી થઇ એટલે તેમની મુલાકાત બધ થઇ ગઇ. તેથીજ ઘરડી ફોઇ ઘણા દિવસ પછી તેના પ્રેમની પાત્રીઓને જોઇ ઘણો આનદ પામી તથા એ બન્ને

બ્હેનોને મુખે તેમના દુર્ભાગ્યની હકીકત સાભળી તેણે પોતાની આંખોમાંથી આંસુ વરસાવ્યા.

વૃદ્ધાનો પતિ બક્ષી જે કાંઈ સપત્તિ પોતાની પાછળ મુકી ગયો હતો એ સપત્તિની સહાયતાથી વૃદ્ધાના દિવસો કોઇ પણ પ્રકારની અડચણ સિવાય પસાર થતા હતા. તેની પાસે બે પઠાણ યુવકો હતા. તેઓનાં નામ ઈસ્કાન્દાર અને સિકન્દર હતા ઇસ્કાન્દાર અને સિક-ન્દરે પ્રથમ મોગલ સેનામા પ્રવેશ કર્યો હતો. આ બન્ને યુવકો બક્ષીના કોઇ નિકટના સગાના પુત્ર હતા અને બક્ષીના હાથ નીચેજ કામ કરતા હતા. ઇસ્કાન્દાર તેમ સિકન્દર બન્નેના માબાપ હયાત નહોતા. સિકન્દરના પિતા મૃત્યુ સમયે થોડી દોલત અને આ બન્ને બાળકોને બક્ષી સાહેબને સોપી ગયા હતા તે સમયથીજ આ બન્ને નિરાધાર બાળકોને બક્ષી પોતાના પુત્ર તરીકે પાળતા હતા તથા બક્ષી સાહેબની ખટપટથીજ તેમને બન્નેને મોગલ સરકારના સૈન્ય-વિભાગમા નોકરી મળી ગઇ હતી.

આ બન્ને યુવકો પણ પોતાના પર થયેલા ઉપકારને ભૂલી જાય એવા નહોતા. બક્ષી સાહેબનુ મૃત્યુ થયા પછી તેમણે તેમની પત્નીનો ત્યાગ કર્યો નહિ. જો કે બક્ષી સાહેબેજ તેમને નોકરી અપાવી હતી, પરતુ નોકરી પર રહેવાથી વારવાર જૂદા જૂદા સ્થાનોએ જવુ પડે તેમ હોવાથી બક્ષી સાહેબની પત્નીની જોઇએ એવી સભાળ લઇ શકાય તેમ નહિ હોવાથી ઇસ્કાન્દાર અને સિકન્દરે પૂરતો વિચાર કરીને નોકરીનુ રાજીનામુ આપી દીધુ.

બક્ષી સાહેબની રોકડ સંપત્તિ, જમીન વગેરે જે કાઇ હતુ તેથી એ ઉન્નત ગૃહસંસારના દિવસો સારી રીતે પસાર થાય તેમ હતુ.

તેથીજ ઇસ્કાન્દાર અને સિકન્દર બન્ને જણા એ સંપત્તિનું સંરક્ષણ કરતા હતા— કોઇ પણ પ્રકારની નોકરી ચાકરી કરતા નહોતા. વિવિધ પ્રકારના યત્નોથી તેમણે પોતાની સંપત્તિની આવક વધારી. તેઓ બન્ને રાત્રિ દિવસ વૃદ્ધાની સેવા ચાકરી કરવા લાગ્યા. ઉત્તમ પ્રકારની દવાદારૂનો બંદોબસ્ત કર્યો. પરોપકાર કરવામાં બન્ને યુવકો પાછી પ્હાની કરે એવા નહોતા. બક્ષી સાહેબે તેમને એ સમયના રિવાજને અનુસરતું ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. તેઓ અવકાશને સમયે કુરાન વગેરે ધર્મગ્રંથોનો અભ્યાસ કરતા હતા.

સિકન્દર અને ઇસ્કાન્દાર તેમના આડોસ પાડોસમાં વિનયી, સચ્ચરિત્ર, વિદ્વાન્ અને પરોપકારી યુવકો તરીકે ઓળખાયા હતા. ઇસ્કાન્દારના શરીરનો રંગ ઉજ્વળ ગૌર હતો ત્યારે સિકન્દરના શરીરનો રંગ કાળો પરંતુ તેજસ્વી હતો. બન્ને જણા હજી સુધી કુંવારા હતા. વૃદ્ધા જો કે તેમનો વિવાહ કરવાનો યત્ન કરતી હતી, પરંતું હજી સુધી તેને જોઇએ એવી મનપસંદ કન્યાઓ મળી આવી નહોતી.

આ સમયે ઘટનાચક્રમાં તણાતી તણાતી, ભાગ્યની છળનાથી છેતરાઇ સેલિમા અને સેરિના અજમેરમાં આવી પહોંચી. વૃદ્ધાએ ઇસ્કાન્દાર અને સિકન્દરને બોલાવી છુપી રીતે કહ્યું કે—"આજે એ બન્ને જણીઓ સંકટમાં ફસાઇ પડીને આપણે આશ્રયે આવી છે, પરંતુ એક સમયે તેઓ અપાર સુખમાં હતી. મ્હારા પતિએ પોતાની પાછળ મુકેલી જે સંપત્તિમાંથી આપણે અત્યારે આબરૂસર આપણા દિવસો પસાર કરીએ છીએ એ સંપત્તિ આ સેલિમા અને સેરિનાના પિતા તથા મ્હારા પતિના સ્વર્ગસ્થ બંધુ આરામબેગની કૃપાનુંજ પરિણામ છે. અત્યારે મ્હારી પાસે જે કાંઈ સંપત્તિ છે તેના માલિક

તમે છો ! ન્હાનપણથીજ હું તમને મ્હારા પુત્રો પ્રમાણે ચ્હાઉં છું; પરતુ મ્હારે છેવટે તમને કહેવાનુ એટલુજ છે કે, એ બે કન્યાઓને સહજ પણ દુઃખ ન પડે એ માટે ઘણા સાવધાન રહેજો.”

કહેવાની જરૂર રહેતી નથી કે સેલિમા અને સેરિના આ વૃદ્ધા પાસેથી જેટલો સ્નેહ મેળવતી નહોતી તેથી વિશેષ સ્નેહ ઇસ્કાન્દાર અને સિકન્દર પાસેથી મેળવતી હતી. કયી શુભ ક્ષણે તેમનુ દૃષ્ટિ મિલન થયુ હશે કે જેને લીધે ઇસ્કાન્દાર અને સિકન્દર આ બન્ને ઉપર અપાર હેત તેમજ માયા-મમતા દર્શાવતા હતા. તેમના મિષ્ટ-વચનોથી, સ્નેહ-મમતાથી મુગ્ધ બની જઇને આ બન્ને બ્હેનો અજમેરમા પોતાના દિવસો અપાર સુખમા પસાર કરતી હતી એક ક્ષણને માટે પણ તેમના અતરમા એવો વિચાર ઉપજતો નહોતો કે તેઓ બીજાના આશ્રમમા છે.

ઇસ્કાન્દાર અને સિકન્દર એ બન્નેમાંથી હૃદયના મહત્વમાં કોણ મ્હોટો હતો તે સેલિમા ને સેરિના વિચારી શકી નહિ; પરતુ યૌવનનો મહિમા ક્યા જાય ? બન્ને યુવકોમાં રૂપ હતું, ગુણ હતા, વાક્યમાધુર્ય હતું, સ્નેહ હતો તેમજ માયા હતી તેમ છતા પણ કોઇ કોઇ સમયે એમ લાગતું હતું કે, સેલિમા ઇસ્કાન્દાર તરફ વિશેષ આકર્ષાતી અને સેરિના જાણે કે સિકન્દર તરફ પ્રેમભરી દૃષ્ટિથી જાતી હતી !

સેલિમા અને સેરિના—બન્ને જણીઓ કિશોર અને યૌવનના સધિકાળમાં ઉપસ્થિત થઇ હતી. રમણી જીવનમા આ સમય ઘણો સાઘા-તિક હોય છે. વસતના નવવિકસિત પુષ્પની સુવાસપૂર્ણ સ્થિતિની માફક રમણી જીવનનો આ સમય ઘણો સુંદર તેમજ ઘણો મધુર હોય છે. લજ્જાશીલ વદન, હમેશા નીચ નજર, કોણ જાણે કે એક

પ્રકારનો અસ્થિર ભાવ, પ્રિયજનના દર્શનથી અતરમાં ઉપજતો આનદ, એ આનદનુ અંતરમાં થતું છુપુ સરક્ષણ, સખી સહચરીઓ પાસે થતું વિરહવેદનાનુ ચતુરાઇ ભર્યું વર્ણન, જાણે કે કોઇ એક પ્રકારની અપૂર્ણતા, એક પ્રકારની અતૃપ્ત અનુભૂતિ, પ્રિયતમનુ દર્શન થતાં અતરની વાત કહેવા જતા ઉપજતો સંકોચ, શરમાળ પરતુ ચકિત દષ્ટિ આ સઘળા લક્ષણો પ્રકાશિત થઇને યૌવન પર પગ મુકતી કિશોરીને જાણે કે એક પ્રકારની મોહમય સ્થિતિમા લાવી મુકે છે

સેલિમા અને સેરિના બન્ને જણીઓ સુદરીઓ હતી. બન્ને જણીઓએ યૌવન પર પગ મુકયો હતો. બીજી તરફ ઇસ્કાન્દાર અને સિકન્દર બન્ને જણા રૂપવાન્ હતા - વિવિધ પ્રકારના ગુણોથી ગુણ વાન્ હતા. સેલિમા અને સેરિના જ્યારે ચિતાતુર હોય ત્યારે એ બન્ને યુવકો તેમના ચિત્તને આનદ આપવાને માટે તેમની સાથે વિવિધ પ્રકારનો વાર્ત્તા-વિનોદ કરતા હતા કોઇ કોઇ સમયે બીન, એસરાર સતાર વગેરે લઇને કાલિગડો. ભૈરવી વગેરેનો મધુર આલાપ કરતા ગાડીમા બેસી સેલિમા અને સેરિનાની સાથે ફરવા જતા હતા. સિકન્દર તેમજ તેના દોસ્તની સ્થિતિ તેમજ તેમના મનના ભાવ ઉપરથી બન્ને બ્હેનો પોતાના મનમા ને મનમા સમજી ગઇ કે.—વિધાતાએ જાણે કે તેમના દુખમા દયા દર્શાવીનેજ તેમને આ બન્ને પુરૂષરત્નો મેળવી આપ્યા છે, તેમના બન્નેના મતમા જે સકુચિત ભાવ હતો તે ધીમે ધીમે દૂર થઇ જવા લાગ્યો. એ બન્ને યુવકોનો પ્રેમમય પરિચય મેળવીને આ બન્ને સુંદરીઓ સપૂર્ણ રીતે તેમના ગુણોથી મુગ્ધ બની ગઇ–તેમની પક્ષપાતી થઇ પડી

વૃદ્ધા છુપાઇ રહીને તેમની વાતચિત સાભળતી હતી. ઉત્સુક

નેત્રોએ તેમના હાવભાવ નિહાળતી હતી. અને એ પરિચયનું પરિણામ કેવું આવ્યુ છે તે વૃદ્ધા સમજી ગઈ—તે સમજી ગઇ કે તેમનામાં અરસ્પરસ પ્રત્યે પ્રેમનો સચાર થયો છે.

આ પ્રકાર જાણવામાં આવ્યાથી વૃદ્ધા ઘણો આનદ પામી તે ઘણા દિવસોથી તેણે ઉછેરેલા પુત્રો ઇસ્કાન્દાર અને સિકન્દરને માટે યોગ્ય કન્યાઓ શોધતી હતી. ખુદાએ દયા દર્શાવીને યોગ્ય કન્યાઓ તેને ઘેર બેઠેજ મોકલી આપી ! આથી વૃદ્ધાએ અતઃકરણપૂર્વક ખુદાનો આભાર માન્યો. એક તરફથી ઇસ્કાન્દાર અને સિકન્દર જેવી રીતે તેના સ્નેહને પાત્ર હતા, તેવીજ રીતે બીજી તરફ સેલિમા અને સેરિના પણ તેના સ્નેહની પાત્રીઓ હતી. વૃદ્ધા પોતાની પર થયેલો ઉપકાર ભુલી જાય એવી નહોતી. આ સેલિમા અને સેરિનાના પિતા આરામબેગે જો દયા દર્શાવી ન હોત તો તેનો પતિ કદાપિ મોગલ રાજ્યમા પ્રવેશ કરી શકત નહિ.

એક દિવસે સુયોગ વિચારી વૃદ્ધાએ તેમને ચારે જણાને પોતાની પાસે બોલાવ્યા. પછીથી તેણે સેલિમાનો હાથ ઇસ્કાન્દારના હાથમા તથા સેરિનાનો હાથ સિકન્દરના હાથમા આપીને બન્ને પુત્રોને સબોધન કરી કહ્યુ.—" વ્હાલા પુત્રો ! મ્હારા દિવસો હવે પૂરા થવા આવ્યા છે. મ્હારી બીમારી હવે વિદ્વાન્ હકીમો કે વૈદ્યોથી અગર તો તમારી આવી અપૂર્વ સેવા ચાકરીથી દૂર થઇ શકે તેમ નથી. વળી હું ઉમર યોગ્ય થઈ છુ એટલે મૃત્યુ મ્હારાથી દૂર થઇ શકે તેમ નથી—હવે તો ખુદાના ચરણોમા હું મ્હારૂ જીવન સમર્પણ કરી શકુ એજ મ્હારે માટે આનદનો પ્રકાર છે. તમને બન્નને મ્હે તમારી બાલ્યાવસ્થાથી અપાર સ્નેહમા મ્હોટા કર્યા છે. મ્હારા

પતિ કહેતા હતા કેઃ—" જ્યારે તને એક પણ સતાન થયુ નથી ત્યારે તુ આ બન્ને બાળકોનેજ ત્હારા પુત્ર સમજીને ઉછેર. મ્હારૂ મૃત્યુ થયા પછી તુ તેમનો વિવાહ કરીને તેમને ગૃહસસારી બનાવજે. એ બન્ને ત્હારી ત્હારા મૃત્યુપર્યંત સેવા ચાકરી કરશે ! "

" તમે બન્નેએ મ્હારી પર ઘણા ઉપકારો કર્યા છે. તેથી હુ મરતા મૂર્વે તમને સુખી થયેલાં જોઉં તો નિશ્ચિંત જીવે મરી શકું. ઘણા દિવસની તમારી ચારે જણાની રીતભાત તેમજ વાતચિત પરથી હું એવો દૃઢ નિશ્ચય કરી શકી છુ કે ઇસ્કાન્દાર સેલિમાને અને સિકન્દર સેરિનાને અતઃકરણપૂર્વક ચ્હાય છે. તમારી પસદગી ઘણી સારી થઇ છે. મ્હારી એમ ઇચ્છા છે કે તમે તમારી પસદ કરેલી પ્રિયતમાની સાથે શુભ દિવસે વિવાહ કરીને સસારી થાઓ. મ્હને સહજ આરામ થશે કે તરતજ હું તમારો વિવાહ કરવાની તૈયારી કરીશ. "

ઇસ્કાન્દાર તથા સિકન્દરે વૃદ્ધાના આ વચનોમા કોઇ પણ પ્રકારનો વાંધો જણાવ્યો નહિ; કેમકે વૃદ્ધાને તેઓ માતા સમાન સમજતા હતા. બીજી રીતે તેમનામા વૃદ્ધાના કહેવા પ્રમાણે અત્યાર પહેલાજ નારિયેળના જળનો—સસારના માફક છુપી રીતે પ્રેમનો—સચાર થયો હતો. તેથીજ તેમણે બન્નેએ ખુદાના કસમ ખાઇને આ બન્ને બ્હેનોને પત્નીરૂપે સ્વીકારવાની સમતિ દર્શાવી.

પરતુ ભાગ્યની ગતિ ઉલટી હતી. જો વૃદ્ધા બીજો એક માસ વધારે જીવી હોત તો તે અવશ્ય આ પ્રેમી જોડાંઓને પરણાવી શકી હોત, પરતુ કરાળ કાળના આમંત્રણનો અસ્વીકાર તેનાથી થઇ શકયો નહિ.

જગતમા જીવતા જીવતા માણસો અનેક પ્રકારની ઇચ્છાઓ કરે છે—અનેક કાર્યો પાર ઉતારવાની કલ્પનાઓ કરે છે; પરંતુ તેમાંથી કેટલાં માણસોની ઇચ્છાઓ તેમજ કલ્પનાઓ ફળિભૂત થાય છે? વૃદ્ધા કાઇ આ દુનિયા બ્હાર નહોતી—તેથીજ તેના સબધમા આ સનાતન નિયમનો વ્યતિક્રમ કેવી રીતે થાય ?

વૃદ્ધા કાળનું આમંત્રણ સ્વીકારી કબરસ્થાનમા હમેશાને માટે સૂતી. તેના અતરની ઇચ્છા, આશા અને આનદ સઘળુ તેની છેવટની પથારી સાથે મળી ગયુ. જગતમાં સહુના નશ્વરદેહનુ જે પરિણામ થાય છે તેજ પરિણામ તેનુ પણ થયુ.

વૃદ્ધાનુ એકાએક મૃત્યુ નિપજવાથી ઇસ્કાન્દાર અને સિકન્દર એક મ્હોટી સમસ્યા પડી ગયા. એ સમસ્યા ઘણી ગભીર હતી. તેમને તેમની પોતાની જાત માટે વિશેષ ચિતા નહોતી, પરતુ તેમને સેલિમા અને સેરિનાને માટે ઘણી ચિંતા હતી.

એ બન્ને બાળિકાઓનાં સગાં વ્હાલાંમાં કોઇ નહોતું. તેમને સદુપદેશ આપનાર અગર તો બે હિતવચનો કહેનાર કોઇ નહોતું. વસતના પુષ્પની માફક તેમનું ખિલતું જતું રૂપસૌદર્ય હવે તેમનો મુખ્ય શત્રુ હતું. આગ્રા રાજધાની લોભમા લલચાવે એવી હતી. વિલાસનુ ત્યાં આગળ ભયકર તાડવનૃત્ય થયાજ કરતું હતું. એવે ઠેકાણે કોઇની પણ દેખરેખ સિવાય એ બન્ને બાળિકાઓ કેવી રીતે રહી શકે ? જો કે તેઓ અજમેરમાં રહે તો વિશેષ હરકત જેવું ન હોતું. તેમનો સકોચ પણ દૂર થઇ ગયો હતો. તેઓ જાણે કે જન્મ જન્માંતરથા એક બીજાના સહવાસમાં રહેતા હોય એવો તેમનો સબધ થઇ ગયો હતો. વૃદ્ધાની ઇચ્છાનુસાર—આજ્ઞાનુસાર હવે તેઓ

બન્ને આ બન્ને યુવકોની વાકદત્તા પત્નીઓ હતી, પરતુ એમ હોવા છતા પણ વૃદ્ધાના મૃત્યુ પછી શરમ, સકોચ વગેરેને લીધે વિવાહની વાત જાણે કે દબાઇ ગઇ

એક દિવસે સધ્યા સમયે સેલિમા પોતાના ઓરડાની બ્હાર છજામાં બેઠી બેઠી ભરતનુ કામ કર્યા કરતી હતી. એ ઠેકાણે એ એકલીજ હતી. તેના અપૂર્વ રૂપસૌદર્ય પર અસ્તાચળમાં ઉતરી પડેલા સૂર્યદેવના રગબેરગી કિરણો પ્રકાશી રહ્યા હતાં, તેનુ ઉજ્વળ મુખ જાણે કે વિશેષ ઉજ્વળ બની ગયુ હતું. પીઠપર, સ્તનપર તથા ખભાપર તેનો છુટો લાંબો ચોટલો ઝૂલતો પડી રહ્યો હતો. તેના નેત્રોના કટાક્ષ જાણે કે વિશેષ ઉજ્વળ થઇ ગયા હતા મ્હો પર ગુલાબી લાલીની સુરખી ફેલાઇ ગઇ હતી.

સેલિમા હાથમાનુ કાર્ય કરવામા એકચિત્ત હતી તે એક રેશમી રૂમાલની ઉપર સોયની સહાયતાથી બે ચિત્રો તૈયાર કરતી હતી બન્ને ચિત્રો ઘણા અદ્ભુત હતા જો કે તે સપૂર્ણ ચિતરાયા નહોતા તો પણ તૈયાર થયેલા ભાગ પરથી એમ માલૂમ પડી આવતું હતું કે એક ભયકર આકારનો દૈત્ય જાણે કે એક પરમ રૂપવતી સુદરીની ઉપર બળાત્કાર કરવાને તૈયાર થયો છે દૈત્યનુ મ્હો તૈયાર થઈ ગયુ હતું તથા છાતીનો કેટલોક ભાગ પણ તૈયાર થઇ ગયો હતો, પરતુ સુદરી સપૂર્ણ અશે તૈયાર થઇ ગઇ નહોતી.

આ સમયે સેરિના ઘરકામમા ગુથાયલી હતી. અત્યાર પહેલા સેલિમાએ ભગિનીને જરૂર પૂરતી સહાયતા કરી હમણા તેને જે આવકાશ મળ્યો હતો તેનો તે સદુપયોગ કરતી હતી. સિકન્દર કાઇ કામને લીધે બ્હાર ગયો હતો. ઇસ્કાન્દાર એકચિત્તે પોતાના

એકાંત બેઠકખાનામા બેઠો બેઠો ગુલિસ્તાન વાંચતો હતો. થોડા સમય પછી એ ગુલિસ્તાનના બાગની સુગંધ કરતા પ્રકૃતિના બાગની સુગંધિ લેવા તેમજ પ્રકૃતિની સુંદરતા જોવા જીવ લલચાવાથી ઇસ્કાન્દાર પુસ્તક વાચવું બાજુએ મુકી દઇને બ્હાર બાગમાં જતો હતો એવામા તેની નજર છજામાં બેઠેલી સેલિમા તરફ ગઇ. સેલિમાના સૌંદર્યે તેનો જીવ પોતાના તરફ આકર્ષ્યો; છતા ઇસ્કાન્દાર સ્થિર બની જઇને જ્યાં ઉભો હતો ત્યાંજ ઉભો રહીને સેલિમાના અપૂર્વ સૌંદર્યનુ દર્શન કરવા લાગ્યો.

બાગ બગીચાઓમાં હમ્મેશા કેટલાં બધા પુષ્પો ખિલે છે? ગુલાબ, જાઈ, જુઇ, ચંપો, ચમેલી, મોગરો વગેરે સુગંધિત પુષ્પો પ્રતિદિન વિકસિત થઈને ચારે તરફ પોતાની સુગંધ ફેલાવે છે. ગગનમંડળને પ્રકાશિત કરીને તારામંડળમાં હમ્મેશા ચંદ્રદેવ પ્રકાશે છે. નદીના કિનારાને પ્રતિધ્વનિત કરીને હમેશા તરંગસંગીત પ્રકૃતિના વક્ષમા પોતાનો પ્રતિધ્વનિ પહોંચાડે છે; પરંતુ સઘળા દિવસોની આ નૈસર્ગિક શોભા કાઇ આપણા નેત્રોને આકર્ષી શકતી નથી હમ્મેશા કાઇ આપણે પ્રકૃતિનુ આવુ રંગબેરંગી સૌંદર્ય જોઇને આનંદાવેશમા આવી જતા નથી તેનુ કારણ બીજુ કાઇજ નથી— એ સઘળાનો આધાર મનની સુખમય કે દુ:ખમય સ્થિતિની ઉપર અવલંબીને રહેલો છે.

અમને લાગે છે કે તે દિવસે ઇસ્કાન્દારનુ ચિત્ત કોઇ એક પ્રકારની સુખમય ચિંતામા મગ્ન હતું. તેના હ્રદયમાં એક આવેગમય મલય હિલ્લોલ વહેતો હતો. તેથીજ આજે સેલિમાના સૌંદર્યને જોઇ તો ઘણો મુગ્ધ બની ગયો. તેનો જીવ આનંદાવેશથી નાચી ઉઠયો ! તે બાગમા જઇ એક વૃક્ષની પાછળ છુપાઇ રહીને આતુર

દષ્ટિથી સેરિનાના સૌંદર્યનુ દર્શન કરવા લાગ્યો. દર્શન કરતા કરતા પણુ આશા પૂરી થઇ નહિ ! દર્શનની ઇચ્છા પરિતૃપ્ત થઇ નહિ !

સેલિમા પોતાના ભરવાના કાર્યમા તન્મય હતી તેણે દૈત્યનુ મ્હોટું લાબુ નાક બનાવ્યુ હતું તથા એક નાકને જોઇ તે મનમાં ને મનમાં મલકાની હતી. તે સાથે એ વિચારતી હતી કે પુરૂષો આવાજ હોય છે. તેમના મનમા કાઇ સૌંદર્યાનુરાગ હોતો નથી. તેમનુ હ્રદય ઘણું નિષ્ઠુર હોય છે ! તેમ ન હોય તો દૈત્યનો આવો આકાર કરવાની મ્હને શા માટે ઇચ્છા થાય ? ખરેખર પુરૂષોનુ હ્રદય ઘણું નિષ્ઠુર હોય છે !"

" પુરૂષોનુ હ્રદય ઘણું નિષ્ઠુર હોય છે. " એ શબ્દો સેલિમાથી સહજ ક્રોધમા ઉચ્ચારાયા, તેથી એ શબ્દો વૃક્ષની પાછળ છુપાઇ રહેલા ઇસ્કાન્દારના કાનમાં પહોંચ્યા.

ઇસ્કાન્દારે એકાએક સેલિમાની પાસે આવીને સ્નેહમય સ્વરે કહ્યુ —"સેલિમા ! તું પુરૂષો તરફ આટલી બધી નિષ્ઠુર કેમ છે ?"

ઇસ્કાન્દારને એકાએક પોતાની પાસે આવી પહોચેલો જોઇને સેલિમા શરમની મારી પાષાણુ પ્રતિમાની માફક જડસડ બની ગઈ. તેણે માથા પરનુ કપડુ સહજ આગળ ખેચી હાથમાનો રૂમાલ છુપાવવાનો યત્ન કરવા માડયો.

ઇસ્કાન્દારે સ્મિત હાસ્ય કરીને પુછ્યુ —" સેલિમા ! ત્હારા હાથમાં શુ છે ?"

" કાઇ નથી."

" મ્હને નહિ દેખાડે ?"

" ના—"

, " ત્યારે તો તું મ્હને ચ્હાતી નથી-મ્હારા પર તને વિશ્વાસ નથી, કેમ ખરૂ ને ?"

" હું તમને ચ્હાઉં છુ એટલે મ્હારે તમને પ્રત્યેક વસ્તુ બતાવવીજ જોઇએ કે ?"

આ શબ્દો સાભળી ઇસ્કાન્દાર સમજી શકયો કે સેલિમા તેને ચ્હાવ છે. સ્નેહનો જુલ્મ જગતમા સહુ કોઇ સહન કરે છે ! વિશેષે કરીને નવીન પ્રેમમુગ્ધ દપતીમા એ જુલ્મનુ પ્રમાણ કાંઇક વધારે હોય છે. ઇસ્કાન્દારે સહાસ્ય મુખે કહ્યું.—"સેલિમા ! જે પોતાના પ્રેમનુ પાત્ર હોય તેનાથી કોઇપણ વસ્તુ છુપાવવી જોઇએ નહિ."

સેલિમાએ આ વાક્યને કાઇ ઉત્તર આપ્યો નહિ. તેણે હાથ લબાવીને રેશમી રૂમાલ ઇસ્કાન્દારના હાથમા આપીને કહ્યુ—"ભલે, આ વસ્તુ તમે અહિ જોઇ શકશો, પરતુ એ સબધી કોઇની આગળ કશી વાત કરશો નહિ."

ઇસ્કાન્દારે એ રૂમાલ લક્ષ્યપૂર્વક જોયો તેમાનુ ચિત્ર જોતાની સાથેજ તે મુગ્ધ બની ગયો. એ ચિત્ર સેલિમાની અદ્દ્ભુત કલ્પનાનુ પરિણામ હતું. ચિત્ર વ્યગમય હતું, તેનો ભાવ ઘણો સરસ જણાતો હતો.

સેલિમા એ રૂમાલમાં કેવુ ચિત્ર તૈયાર કરતી હતી તે અમે ઉપર જણાવી ચુક્યા છીએ, પરતુ ચિત્રમા પ્રથમ કરતાં સહજ ફેરફાર થયો હતો ચિત્રમા દૈત્યની આગળ એક સુદરી રમણી હતી. દૈત્યનુ લાંબુ નાક ઝાલીને એ સુદરી ખેચતાણુ કરી રહી હતી.

ઇસ્કાન્દારે પુછ્યુ:—"સેલિમા ! આ દૈત્ય તરીકે મ્હને ગણવામાં આવ્યો છે કે શુ ?"

સેલિમાએ મનમાને મનમા કહ્યું .—"ના ના—તમે તો દેવતા

છો. બીજા કોઇની દૃષ્ટિમાં નહોતો પણ મ્હારી દૃષ્ટિમા તો દેવવા- જ છો" પ્રકાશમાં કહ્યુ —"મ્હે કાંઇ કોઇ વ્યક્તિને લક્ષ્યમાં રાખી ને આ ચિત્ર તૈયાર કર્યું નથી."

"ઉદ્દેશ સિવાય તો મનુષ્ય કાઇ કરતુ નથી, સેલિમા !"

"તમારે જો બળાત્કારથીજ કહેવુ હોય તો કહો; બાકી મ્હારૂ લક્ષ્ય કોઇ નથી. કલ્પના થવાથી ચિત્ર તૈયાર કર્યું છે. આ સઘળી કલ્પનાઓ આગળ લક્ષ્ય છુપુ રહી શકે નહિ."

"પરતુ હમણાંજ તું બોલી હતી કે પુરૂષોનુ હૃદય ઘણું નિષ્ઠુર હોય છે. કેમ સેલિમા ! પુરૂષે ત્હારો કોઇ ગુન્હો કર્યો છે કે શુ ? જો કોઇ ગુન્હો થઇ ગયો હોય તો હું ક્ષમા ચ્હાઉં છુ મ્હારો ગુન્હો મ્હને કહી સભળાવ–એટલે ફરીથી હુ એવો ગુન્હો કદાપિ કરીશ નહિ."

"જાઓ જાઓ—જે હઠ લ્યો છો તે છોડતાજ નથી. જાઓ, અહિંથી ચાલ્યા જાઓ. હમણાં બ્હેન આવી પહોચશે."

"તેથી શી હરકત છે? શો દોષ છે ? બ્હેન જ્યારે એકાંત મળતા જીવ ખોલીને સિકન્દરની સાથે વાર્તાવિનોદ કરે છે ત્યારે પછી આપણે પણ એકાંત સમયનો સદુપયોગ શા માટે ન કરીએ ?"

"તમે આજકાલ શરમને દેશવટો આપ્યો હોય એમ લાગે છે!"

ઇસ્કાન્દારે હસી પડીને કહ્યુ:—"સેલિમા ! એ દોષ મ્હારો નથી પરતુ યૌવનનો છે !"

આ સમયે ઇસ્કાન્દારને ઉત્તમ સુયોગ મળ્યો. સેલિમાની સાથે એકાતમા વાતચિત કરવાને માટે આજના જેવો સુયોગ તેને કદાપિ મળ્યો નહોતો. મધુથી લુબ્ધ બની ગયેલો ભ્રમર, વિકસિત થયેલા

પુષ્પને એકાંતમાં મળતા જેવી રીતે અકળાવી નાખે તેવીજ રીતે સેલિમાને એકલી જોવામા આવતા ઇસ્કાન્દારે તેને અકળાવી નાખી.

ધીમે ધીમે લાજ, શરમ તેમજ સંકોચ વગેરે શરતના વાદળની માફક દૂર થઇ ગયુ. પ્રેમમુગ્ધ, રૂપમુગ્ધ. તથા ગુણમુગ્ધ યુવક યુવતી એકાતમા હૃદય ખોલીને સુખમય વાર્ત્તાવિનોદથી તેમજ વ્યવહારથી ઉન્મત્ત બની ગયા, બન્નેના અંતરનો ભાવ પ્રકાશિત થઇ ગયો. સેલિમા મનમા ને મનમા ઇસ્કાન્દારને ચ્હાતી હતી અને ઇસ્કાન્દાર પણ તેવીજ રીતે સેલિમાને ચ્હાતો હતો. ઉભયના સ્નેહનુ ઉભયને દાન મળી ગયુ. બન્નેએ અપાર્થિવ સુખનો ઉપભોગ ભોગવ્યો. ઉભયને એક પ્રકારની પરમ તૃપ્તિ થઇ.

આ સમયે સંધ્યાનો અંધકાર પૃથ્વી પર ફેલાઇ જવા માડયો હતો પખીના ટોળાઓ કલકલ અવાજ કરતા પોતાના માળા તરફ દોડી જતા જણાતા હતા ગગનમંડળમા ધીમે ધીમે તારકો પ્રકાશવા માડયા હતા.

આવા સુદર સંધ્યા સમયે પ્રેમિક પ્રેમિકાનુ હૃદય કોઇ એક પ્રકારના અપૂર્વ સુખથી પરિપૂર્ણ હતું. તેમનુ ઉભયનુ ચિત્ત જાણે કે ભવિષ્યની સુખમય કલ્પનામાં મગ્ન હતુ.

ઇસ્કાન્દારે કોમળાગી સુદરીના કોમળ કરોને પોતાના હાથમા સહજ દબાવીને કહ્યુ—" સેલિમા ! સેલિમા! ખુદાના કસમ ખાઇને કહે કે—તું મ્હને નિરાશ નહિ કરે ! મ્હે મ્હારા જીવનમા અત્યાર સુધી દુઃખજ વેઠયુ છે. આટલા લાંબા કાળ પછી સુખનો એક પ્રકાશિત દીપક મ્હારી નજરે પડયો છે—કહે કહે, સેલિમા ! તું એ પ્રકાશિત દીપક હોલવી તો નહિ નાખે ને ? "

સેલિમાએ કહ્યુ—" આ દુનિયામાં મ્હારૂં પણ કોઇ અંતરનુ

સગું નથી. તમેજ મ્હારૂં સર્વસ્વ છો. હું જ્યારથી અહિં આવી છું ત્યારથી તમે મ્હને સુખી રાખવામાં સહજ પણ પાછી પ્હાની કરી નથી. મ્હેં તમારા પ્રત્યેક કાર્યમાં તમારા હૃદયના મહત્વ અને સરળતાનો પરિચય મેળવ્યો છે. ઇસ્કાન્દાર ! રમણીનો જીવ ફાટી જાય તો પણ તેનુ મ્હોં ફાટતું નથી; પરંતુ આજે હું અંતરનો આવેગ દબાવી શકતી નથી—પ્રેમનો પ્રચંડ પ્રવાહ અટકાવી શકતી નથી. ઇસ્કાન્દાર ! તમેજ મ્હારી આશા, વિશ્વાસ અને ભરોસો છો. તમેજ મ્હારૂં આલોકનુ સર્વસ્વ અને પરલોકનુ પુણ્ય છો. તમેજ મ્હારા કંઠહાર, મ્હારી આંખોનું તેજ, હૃદયનુ લોહી અને જીવનનું સર્વસ્વ છો. તમેજ મ્હારી ભક્તિમાં ખુદા છો ! કહો કહો, ઇસ્કાન્દાર ! તમે તો મ્હારો ત્યાગ નહિ કરો ને ? "

અમને લખતાં શરમ ઉપજે છે કે, પ્રેમીમુગ્ધ ઇસ્કાન્દારે આટલા દિવસ પછી સેલિમાના અંતરની વાત જાણીને તેને પોતાની છાતીમા દબાવી દીધી.

આ સમયે કોઇ દૂરથી બોલી ઉઠયું કે:—"સેલિમા !"

આ કંઠસ્વર સેરિનાનો હતો. સેલિમાએ ઇસ્કાન્દારની છાતીમાથી ખસી જઇને કહ્યુ—"જતા રહો-જતા રહો, બ્હેન આવે છે"

ઇસ્કાન્દારે હસીને કહ્યું—"હું કાંઇ ચોર નથી-લૂંટારો નથી, પછી શા માટે નાશી જઉ ?"

" તમે ચોર કરતા પણ અધમ છો. મ્હારૂં જે કાંઈ હતુ તે બધુ તમે હમણાજ ચોરી લીધુ છે—માટે નાશી જાઓ—"

ઇસ્કાન્દાર તરતજ ત્યાંથી જતો રહ્યો. સેરિનાએ સેલિમાની પાસે આવી મૃદુ તિરસ્કાર સહિત કહ્યુ:—"હું તને ચારે દિશાએ શોધ્યા કરૂં છુ—અહિં બેસી રહીને તું શું કર્યા કરતી હતી ?"



મેલિમા અને મેરિના.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ

" બ્હેન ! હું આ રૂમાલમાંનું ચિત્ર તૈયાર કરતી હતી "

" ત્યારે તો મ્હારા કરતાં ત્હારામાં એક ગુણ વધારે જણાય છે. અંધકારમાં પણ ત્હારી આંખો કામ કરી શકે છે ! ઇસ્કાન્દારખાન અહિંજ હતા કેમ ? તેથીજ ત્હારી આંખો વધારે પ્રકાશી રહી હતી."

સેલિમાએ આ વાક્યોનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. તેણે બ્હેનને કોમળ આલિંગનમાં દબાવીને કહ્યું'—"બ્હેન ! તું મ્હને મુકીને એક ક્ષણ પણ એકલી તુ કેમ રહી શકતી નથી ? સિકન્દારખાનની સાથે વિવાહ થશે એટલે શું કરીશ ? તુ મ્હારા પરનો પ્રેમ ધીમે ધીમે ઓછો કર."

સરિનાએ કહ્યું:—"હાસ્તો. એ પ્રેમ તુજ ત્હારો મેળે ઓછો કરીશ, કેમકે તને પણ પ્રેમ કરવાનુ પાત્ર મળી આવ્યું છે; પરંતુ હુ ત્હારા જેવી નથી હું તો તને દિવસે દિવસે વધારેજ ચ્હાઇશ. હવે જમવા ચાલ. ભોજન તૈયાર થઇ ગયું છે."

બન્ને બ્હેનો ભોજન કરવાને ચાલી ગઇ

પ્રકરણ ૩૦ મું.

વિનાશનું મૂળ.

પાઠક ! ભવિષ્યમાં સેલિમાના જીવનમાં જે વિશેષ દુઃખમય દિવસો ઉપસ્થિત થયા હતા તેની સાથે આ સુખના દિવસોનું પાર્થક્ય બતાવવાને માટેજ અમે સેલિમાના સુખમય જીવનનું એક દિવસ-

નુ ઉજવળ ચિત્ર આપની દૃષ્ટિ સમક્ષ રજુ કર્યું છે. સેલિમાના જીવનમાં બનેલા ભવિષ્યના બનાવો કાંઇક સ્પષ્ટ કરવાને માટે ફરીથી તેના જીવનના બાકીના ઇતિહાસને આ પ્રકરણમા અમે જણાવીશુ.

અજમેરમા જે પ્રેમની પ્રતિષ્ઠા થઇ હતી તે પ્રેમ આગ્રામા વિસર્જન થયો. અજમેરમાં સુન્દર સધ્યા સમયે જે પ્રેમ–યજ્ઞનો આરભ થયો હતો તે યજ્ઞની પૈશાચિક આહુતિ આગ્રામાં આપવામા આવી હતી સેલિમાના જીવનનો ઇતિહાસ વાચવાથી પાઠકોના ખ્યાલમા એ સઘળી હકીકત આવી શકશે.

વૃદ્ધાનુ મૃત્યુ થયા પછી ત્રિજે માસે એવો નિશ્ચય થયો કે, ઇસ્કાન્દાર અને સિકન્દર, સેલિમા તથા સેરિના સાથે વિવાહ કરીને અજમેરમાજ રહેશે

બક્ષી સાહેબની જે કાઇ સપત્તિ હતી તે તેમણે વેચી નાખી, રોકડી દશહજાર સોના મહોરો મેળવી આ પ્રમાણે સપત્તિ વેચવાનુ કારણ બીજુ કાઇ નહિ, પરતુ અજમેરમા જો કદાચ ગોઠતુ ન આવે તો રાજધાની આગ્રામા જઇને બન્ને યુવકો પોતાના ભવિષ્યના ભાગ્યને કર્મક્ષેત્રમા અજમાવી શકે.

ઇસ્કાન્દાર તથા સિકન્દર નિશારતખાનથી પરિચિત હતા આરામબેગ મુખ્ય કારણરૂપ હોવા છતા, નિશારતખાનની ખટપટથી જ જીવનની શેષ દશામા બક્ષી સાહેબની ઘણી ઉન્નતિ થઇ હતી. નિશારતખાન આત્મીયતા બતાવવાને માટે વચ્ચે વચ્ચે બક્ષી સાહેબના અજમેરના મકાનમા આવતો હતો. આથી કરીને તે ઇસ્કાન્દાર અને સિકન્દરને સારી રાતે ઓળખતો હતો.

બક્ષીસાહેબના મૃત્યુ સમાચાર સિકન્દરખાનેજ આગ્રામા રહેતાં નિશારતખાનને પહોચાડયા હતા. આ સમાચાર મળતાજ નિશારતખાને સિકન્દર તેમજ ઇરકાન્દારને આગ્રા આવવાનુ લખી જણાવ્યુ; પરતુ સિકન્દરે તેના ઉત્તરમા લખ્યુ કે—"અત્રે હજી બક્ષી સાહેબની સપત્તિની કેટલીક રકમ અદા કરવાની છે એ રકમ અદા કર્યા સિવાય અમે અજમેરનો ત્યાગ કરી આગ્રા આવી શકીએ તેમ નથી."

આ ઉત્તર મળ્યા પછી નિશારતખાન નિરૂત્તર રહ્યો. તેનુ કારણ એ હતું કે, એકાએક તેની પત્ની બિમાર થઇ ગઇ હતી. નિશારતખાનનો તેની પત્ની પર ઘણો પ્રેમ હતો. આટલા માટે તેના આત્મીય સ્વજન, બધુ બાધવ તથા અનેક અમીર ઉમરાવો તેને 'વહુ ઘેલો' કહેતા હતા, તો પણ નિશારતખાન તેથી ગુસ્સે ભરાતો નહોતો

આ સમયે નિશારતખાનના દુર્ભાગ્યે તેને બગાળામા જવાની શહેનશાહે આજ્ઞા કરી. એ સમયે મહારાજ માનસિહે અસખ્ય સૈન્ય લઇને યશોરેશ્વના રાજા પ્રતાપાદિત્યની વિરૂદ્ધ યુદ્ધ કરવા જતો હતો શહેનશાહે નિશારતખાનને એવી આજ્ઞા કરી કે તે માનસિહની તાબેદારી નીચે ઉપસેનાપતિ તરીકે યુદ્ધમા ઉતરવાને માટે બગાળા દેશમા જાય. આથી નિશારતખાન મ્હોટા ધર્મસકટમા પડ્યો. એ સમયે તેની પત્નીની બિમારી ઘણી વધી ગઇ હતી એવી સ્થિતિમા તેને આગ્રામાં એકલી મુકીને જવાનુ અગર તો સાથે લઇ જવાનું બની શકે એ નહિ બનવા .જેવુ હતુ. આથી કરીને તેણે આ સબધી બાદશાહને અરજ કરી. એ અરજના ઉતરમા બાદશાહે આજ્ઞા કરી કે—"જ્યા સુધી તમારી પત્નીને આરામ ન થાય ત્યાં સુધી તમે આગ્રામા રહો."

આ સંબંધીની ખટપટમાં નિશારતખાન ઇસ્કાન્દાર અને સિકન્દરની વાત ભૂલી ગયો

અજમેરની સંપત્તિ વેચી નાખી બન્ને બંધુઓએ અજમેરની છેવટની વિદાય લીધી. અરેરે ! જો કદાચ તેમણે આ પ્રમાણે ન કર્યું હોત તો ભવિષ્યમા તેમને ભાગ્યચક્રનુ ભયંકર દુખ ભોગવવુ પડત નહિ, પરંતુ કોઇ કદાપિ ઘટનાચક્રના પ્રચંડ વેગને પકડી શકયુ છે ખરૂ કે ? ભાગ્યચક્રમા ફર્યા કરતો માણસ પોતાના કર્મફળથીજ પોતાની જાળમા બંધાઈ જાય છે. દીપક પર મુગ્ધ બની ગયેલા પતંગની માફક, અગ્નિની સાથે રમત કરવા છતા બળીને ખાક થઇ જાય છે. જ્યારે માણસનુ જ્ઞાન, બુદ્ધિ તેમજ વિદ્યા કોઇ પણ પ્રકારે ભાગ્યશક્તિને હરકત પહોચાડી શકતા નથી ત્યારે પછી ઇસ્કાન્દાર અને સિકન્દર આ નિયમના બ્હાર કેવી રીતે હોઇ શકે ?

આથી કરીનેજ તેઓ ભાગ્યચક્રમા તણાતા તણાતા, મુગ્ધ જીવની માફક ભવિષ્યના સુખમય જીવનની કલ્પનાઓ કરતા કરતા અજમેરનો ત્યાગ કરી આગ્રા આવી પહોચ્યા. આગ્રામા આવતાની સાથેજ તેમણે નિશારતખાનની પત્નીની ભયંકર બિમારીના સમાચાર સાભળ્યા, તેથી તેમણે નિશારતખાનને ત્યા જઇ પોતે તેમના આશ્રયમા આવ્યા છે એવા તેમને સમાચાર પહોચાડવાનું તેમણે વ્યાજબી વિચાર્યું નહિ. આગ્રામા તેમના બે ચાર ઓળખીતા બંધુ બાધવો હતા. તેમની મદદથી શહેરથી થોડે દૂર એક ન્હાનુ મકાન ભાડે રાખીને તેમણે પોતાના આગમનના સમાચાર નિશારતખાનને પહોચાડયા.

નિશારતખાન ઘણી તીક્ષ્ણ બુદ્ધિવાળો હતો તે સ્વભાવે કંજુસ તેમજ અર્થપિશાચ હતો. ચાર ચાર માણસો તેને ત્યા તેના આ-

શ્રયમા રહીને તેના અનાજને ખાઇ જાય એ માટે તે નારાજ હતો. તેથી સિકન્દર અને ઇસ્કાન્દારે જૂદુ મકાન ભાડે રાખ્યુ એ માટે તે બિલકુલ દુખિત થયો નહિ.

જે સેલિમા અને સેરિનાની શોધને માટે તેણે અત્યાર પૂર્વે અનેક યત્નો કરીને તેમને પોતાની સત્તામા લાવી પોતાની મહત્વાકાક્ષા પૂર્ણ કરવાનો વિચાર રાખ્યો હતો તેજ સેલિમા અને સેરિના ભાગ્યચક્રના પ્રવાહમાં તણાતી તણાતી આગ્રા આવી પહોચી તેથી નિશારતખાનને અપાર આનદ થયો.

તેની પત્નીની બિમારી થોડે ઘણે અશે દૂર થતા એક દિવસે તે સિકન્દરના મકાનમા આવી ચઢયો. તે સમયે સિકન્દર ઘેર નહોતો ઇસ્કાન્દાર નિશારતખાનને ઘણું માન આપીને પોતાના બેઠકખાનામા લઈ ગયો. નિશારતખાને આસન સ્વીકાર્યું એટલે પછી ઇસ્કાન્દારે તેને માટે શીતળ શરબત તેમજ ફળ ફળાદિ લાવવાની બાદીને આજ્ઞા કરી.

નિશારતખાને કહ્યુ —"ભાઇ ! શા માટે આટલી બધી ખટપટ કરો છો ? તમારી મ્હારા પ્રત્યેની માયા મમતા જોઇનેજ હુ ઘણો સતોષ પામુ છુ સ્વર્ગીય બક્ષી સાહેબ મ્હારા જીવજાન દોસ્ત હતા. તેમણે પોતાના પુત્રો પ્રમાણે તમારૂ પ્રતિપાલન કર્યું છે. મ્હારે મન પણ તમે મ્હારા પુત્રો જેવા છો, પરતુ સિકન્દર કયા છે ? મ્હારા બધુની કન્યાઓ સેલિમા અને સેરિના ક્યા છે ? "

નિશારતખાન એક મ્હોટો રાજ્યાધિકારી હતો. ઇસ્કાન્દાર પણ તે જાણતો હતો. નિશારતખાન જેવા એક મ્હોટા રાજ્યાધિકારીને મુખે આવાં સ્નેહમય વચનો સાભળીને તે મુગ્ધ બની ગયો. નિશારતખા-

નને શી ઉત્તર આપવો તે તે વિચારી શકયો નહિ. અંતે નમ્ર સ્વરે તેણે કહ્યું-"આપના જેવા એક મહાન્ રાજ્યાધિકારીએ દયા કરીને અમારા આ ગરીબખાનામાં પધરામણી કરી છે એ અમારે માટે કાંઇ ઓછા સૌભાગ્યની વાત નથી સિકન્દર કાંઇ કામને લીધે શ-હેરની બ્હાર ગયો છે ઘણું કરીને તે હવે થોડા સમયમાંજ પાછો આવી પહોંચશે હું જાણું છું કે તમે અમારી ઉપર અપાર સ્નેહ રાખો છો વળી આપના બંધુની કન્યાઓ સેલિમા અને સેરિના ઉપર આપનો ઘણો પ્રેમ હોય એ પણ સ્વાભાવિક છે."

આ વચનો સાંભળી નિશારતખાને અતિશય આનંદિત થઇને કહ્યું—"એમાં શું ખોટું છે? આરામબેગ સાહેબ ઘણા દયાળુ હતા. તેમણે કેટલા બધા માણસોનું ઠેકાણું પાડયું હતું તેની ગણના કરી શકાય તેમ નથી. એવા મ્હોટા કર્તવ્યપરાયણ રાજ્યાધિકારીઓ પણ સામ્રાજ્યમાં ઘણા થોડા છે. બાદશાહે તેમને એક યુદ્ધમાં વિ-જય મેળવવાને મોકલ્યા હતા શત્રુની વિશ્વાસઘાતકતાથી એ યુદ્ધ પ્રસંગે તેઓ શત્રુઓના પંઝામાં ફસાઇ પડ્યા હતા, પરંતુ પોતાના શિર પર પરા-જયનું કલંક એમે તેના કરતાં કર્તવ્ય બજાવતાં બજાવતાં મરણને આલિંગન કરવાનું વ્યાજબી વિચારી તેમણે એ યુદ્ધમાં પોતાના જીવ-નની આહુતિ આપી હતી હું ઘણી વખત જોઉં છું કે, જ્યારે જ્યારે આરામબેગનું નામ નીકળે છે ત્યારે ત્યારે શહેનશાહ સુદ્ધાં હજી આંસુ સારે છે, જવા દો એ બધી દુઃખની હકીકત યાદ કરવાથી હવે કાંઇ ફળ નથી સેલિમા અને સેરિનાને એક વખત મ્હારી પાસે બોલાવો મ્હે ઘણા દિવસથી તેમને જોઇ નથી હમણાં તો તેઓ ઘણી મ્હોટી થઈ હશે કદાચ મ્હને બરાબર ઓળખી પણ નહિ શકે."

ઇસ્કાન્દાર આ વચનોથી વિશેષ મોહિત બની ગયો નિશારતખાનની બન્ધુપ્રીતિ તથા સ્નેહવાત્સલ્યને માટે તેણે મનમાને મનમાં તેની ઘણી પ્રશંસા કરી. પછીથી તેણે કહ્યુ–"જો આપ બેઅદબી માફ કરો તો હું જઇને સેલિમા તેમજ સેરિનાને અહિં બોલાવી લાવું."

નિશારતખાને સ્મિત હાસ્ય કરીને કહ્યુ.—"બેલાશક બોલાવી લાવો એમાં બેઅદબી શી છે? હું તો તમારા પિતા જેવો છુ. તમે મ્હારા પ્રેમના પાત્રો છો. તમે જે કાંઇ કરશો તેમા દોષ હોવાનો સંભવજ નથી."

ઇસ્કાન્દાર તરતજ અંતપુરમા ગયો નિશારતખાન બેઠકખાનાની સાજસજ્જા જોવા લાગ્યો. બેઠકખાનાની સાજસજ્જા એક શ્રીમંત ગૃહસ્થને છાજે તેવી હતી સ્હામેજ એક અરબી કવિતાનો ગ્રંથ હતો નિશારતખાન એ કાવ્ય ગ્રંથના પૃષ્ઠ ઉલટાવવા લાગ્યો એવામા તેની નજર એ ગ્રંથમા પડી રહેલા એક સફેદ કાગળ ઉપર પડી.

એ કાગળમા ઘણા સ્પષ્ટ અક્ષરે ગુલિસ્તાનનું એક ચરણ ઉતારવામા આવ્યુ હતું એ કવિતાની નીચે ઇસ્કાન્દારનુ નામ હતુ. તેની નીચે સિકન્દરે બે લીટીમા પોતાનો અભિપ્રાય લખ્યો હતો. સિકન્દરે લખ્યુ હતું કે'—"ભાઇ ઇસ્કાન્દાર! મ્હને એમ લાગે છે કે તુંજ સૌદર્યનો પરિક્ષક છે, ત્હારાજ પ્રાણમા પ્રેમ છે. જો આવા પ્રકારની બીજી કવિતા જોવામાં આવે તો તેનો સંગ્રહ કરી રાખજે ત્હારી આ કવિતાની મ્હે નકલ કરીને સેરિનાને મોકલી છે

પત્ર ફત્તેહપુરથી લખેલો હતો. સુચતુર નિશારતખાન સમજી

ગયો કે, સિકન્દર કોઇ કારણને લીધે ફત્તેહપુરજ ગયો હોવો જોઇએ. ઇસ્કાન્દારે તેને આ કવિતા લખી મોકલી હશે એ કવિતા પોતાને મનપસંદ જણાયાથી સિકન્દરે તે સેરિનાને લખી મોકલી હશે.

આવા પ્રકારની કલ્પના ઉપજવાથી નિશારતખાનના મુખમંડળે એકાએક જાણે કે અંધકારમય ભાવ ધારણ કર્યો તે એ પત્ર અને કવિતા પરથી સ્પષ્ટ સમજી શક્યો કે, આ યુવક યુવતીઓમા પ્રેમનુ નાટક ભજવાય છે, પરંતુ ઇસ્કાન્દારને તેણે પોતાના પુત્ર સમાન કહેલો હોવાથી આ સબંધી તેનાથી તેને કાંઇ પૂછી શકાયુ નહિ.

એકાએક કોઇના પગલાનો અવાજ સાભળવામાં આવ્યો. નિ-શારતખાન વિચારી ગયો કે, ઇસ્કાન્દાર આવે છે તેણે તરતજ એ કવિતા તેમજ તેની સાથેનો પત્ર પુસ્તકમા જ્યા હતો ત્યા મુકી દઇ પુસ્તક બંધ કરી દીધુ, તથા પ્રસન્ન મુખે તે આસન ઉપર બેસી રહ્યો.

આ સમયે ઇસ્કાન્દાર એકલો નહોતો. તેની સાથે સેલિમા અને સેરિના હતી—બન્નેના વસ્ત્રોની બ્હાર ઘણી આકર્ષક હતી ને-સર્ગિક રૂપ સૌંદર્યની સાથે વસ્ત્રાલંકારોનુ સૌંદર્ય મળી જતાં જાણે કે અજબ સૌંદર્ય જોવામા આવતું હતું.

બન્ને બ્હેનોએ અડધુ મ્હો બુરખામાં ઢાકેલુ હતું, તેથી તેમની કમનીય કાન્તિ જોઇ શકાતી હતી. એ કાન્તિ, એ સૌંદર્ય જોવા જેવુ હતું.

નિશારતખાને સેલિમા તેમજ સેરિનાને સંબોધન કરી કહ્યુ— " બ્હેન સેરિના ! તને યાદ આવે છે કે, બાલ્યાવસ્થામા તું મ્હારો ખોળો છોડીને ત્હારા પિતાના ખોળામાં જવાની પણ ઇચ્છા રાખતી ન-

હોતી ? મ્હેં તમારી બન્ને બ્હેનોની શોધ ઘણે ઠેકાણે કરી હતી શુ અજમેરમા બક્ષી સાહેબના પત્ની મ્હારા કરતા તમારાં વિશેષ આત્મીય હતા ? તમે તમારા પિતાના મૃત્યુ પછી સુખેથી મ્હારે ત્યા રહી શકત. સુલતાન સેલિમે તમારા પિતાની સપત્તિ ખરીદી લીધી છે એ વાત ખરી છે, પરતુ તમારા પિતાને તે પોતાના સાચા સુહૃદ અને શ્રેષ્ટ સલાહકાર સમજતો હતો. તેમણે ઘણી વખત મ્હને કહ્યુ હતું કે—" ખાનસાહેબ ! તમે કોઈ પણ ઉપાયથી આરામ-બેગની બન્ને પુત્રીઓને શોધી કાઢો. હું તેમની સપત્તિ તેમને પાછી સોંપી દઇશ "

સેલિમા અને સેરિના નિશારતખાનના આવાં છળ કપટ ભરેલા વચનો સાંભળી મોહિત થઇ ગઇ. તેમનાં અંતરમા નિશારતખાન માટે વિશેષ ભક્તિ ઉપજી. આ આશ્રયહીન, સહાયહીન, બધુ-બાંધવહીન, જગતમાં—આ ભયકર સ્વાર્થની રાજધાનીમા તેમને એક દયાર્દ્ર હૃદય મળી આવ્યુ જાણી તેમના આનદનો પાર રહ્યો નહિ.

સેલિમા અને સેરિનાએ કમરમાથી નમી પડી નિશારતખાનના વસ્ત્રના છેડાને ચુંબન કરી તેના તરફ સમાન દેખાડયુ. નિશારત-ખાને બન્ને બ્હેનોને આશીર્વાદ આપીને કહ્યુ—" બ્હેનો ! ફરીથી તમારો ભાગ્યોદય થાય, તમને કોઇ પણ પ્રકારનુ દુ,ખ ન પડે એ માટે હુ મ્હારાથી બનતો પ્રત્યેક્ પ્રયત્ન કરીશ, પરતુ હમણા મ્હારી સ્ત્રી ઘણી બિમાર છે. તેના જીવનની આશા ઘણી થોડી છે. તેને આરામ નહિ થાય ત્યા સુધી હું કાઇ કરી શકુ તેમ નથી."

નિશારતખાનની પત્નીની બિમારીની હકીકત સાભળીને સેલિમા

તેમજ સેરિનાને અપાર દુખ થયુ તેઓ ખાનસાહેબની પત્નીને સારી રીતે પિછાનતી હતી. નિશારતખાનની પત્નીને એક કન્યા જન્મી હતી, તેનુ નામ જેરિના હતુ. જેરિના બાર વર્ષની થઇને સ્વર્ગવાસિની થઇ હતી નિશારતખાનની પત્ની પ્રેમાળ હતી. તે જે પ્રમાણે તેની પુત્રીને ચ્હાતી હતી તેજ પ્રમાણે આ બન્ને નિરાધાર કન્યાઓ--સેલિમા અને સેરિનાને પણ ચ્હાતી હતી. તેથી આવી દયામયી માતા સ્વરૂપ મહિલાની બિમારીના સમાચાર સાભળીને આ બન્ને કન્યાઓ ઘણી દુખિત થઇ. સેલિમે તથા સેરિનાએ બાલ્યાવસ્થાના સ્મૃત્તિ-સાગરનુ મથન કરીને વિચાર્યુ કે, નિશારતખાનની પત્નીએ તેમની બાલ્યવસ્થામાં તેમના પર અપાર સ્નેહ તેમજ માયા મમતા રાખી હતી એ ઉપકારનો બદલો કોઇ પણ રીતે તેઓ વાળી શકે તેમ નહોતી

સેલિમાએ નમ્ર કઠ કહ્યુ --" ત્યારે શુ અમે તેમને એક વખત જોઇ શકીશુ નહિ ? અમને જોવાથી તેઓ વિરક્ત તો નહિ થાય ને ? '

નિશારતખાન બોલ્યો --" ના—ના, સેરિના ! તુ એવો વિચાર મનમા લાવીશ નહિ જો મ્હારી સ્વર્ગસ્થ કન્યા જીવતી રહી હોત તો તે પણ આજે ત્હારા જેટલીજ મ્હોટી હોત તમને જોઇને બીબીને ઘણો આનદ થશે તે સિવાય જો તેની આવી બીમારીને સમયે તમે બન્ને બ્હેનો તેની સેવા ચાકરીનો ભાગ ઉપાડી લ્યો તો હુ કાંઇક અશે નિશ્ચિત થાઉં"

સેરિનાએ કહ્યુ —" અમે હમણાને હમણાં આપને ત્યા આવવાને તૈયાર છીએ."

નિશારતખાને આનંદિત થઇને કહ્યું—" હું તમારા હૃદયનું મહત્વ જોઇને ઘણો પ્રસન્ન થયો છું તમે સુયોગ્ય પિતાની સુયોગ્ય કન્યાઓજ છે ! જો તમારી ઇચ્છા હોયતો તમે હમણાંજ મ્હારી સાથે આવી શકશો. ઇસ્કાન્દાર ! તમારૂં શું કહેવું છે ? "

આ સબંધી શો ઉત્તર આપવો તેનો કશો નિર્ણય ઇસ્કાન્દાર કરી શકયો નહિ. વિશેષમાં તેનો સલાહકાર સિકન્દર ત્યાં હાજર ન-હોતો. સેરિનાએ જ્યારે પોતાની જાતેજ ખાનસાહેબની બીબીની તબિયત જોવા જવાની ઇચ્છા પ્રદર્શિત કરી દીધી છે ત્યારે પછી તેની ઇચ્છા ફેરવી નખાય તેમ નહોતી. તેમ કરવામાં આવે તો નિ-શારતખાનનું ભયંકર અપમાન કર્યું ગણાય; વળી નિશારતખાનની પણ ચતુરાઇથી સેલિમા અને સેરિનાને પોતાની સાથે તેડી જવાની ઇચ્છા હતી, તેથી તે સબંધી વિરૂદ્ધ વર્તન ચલાવવું એ સભ્યતા વિરૂદ્ધ હતું ઇસ્કાન્દારનામા નિશારતખાનની વિરૂદ્ધ વર્તન ચલાવવા જેટલું સાહસ નહોતું, તથા અંદરની હકીકત જાહિર કરવાને પણ તે નારાજ હતો. તેથી આ પ્રકારમાં તેણે કોઇ પણ પ્રકારની અડચણ દર્શાવી નહિ ભાગ્યચક્રની વિચિત્ર ગતિને અટકાવી શકવાની શકિત મનુષ્યમાં હોતી નથી !

ઇસ્કાન્દાર નિરૂપાયે એક પાલખી લઇ આવ્યો. નિશારતખાને તેને કહ્યું—ઇસ્કાન્દાર ! હું કાલે પ્રભાતકાળેજ સેલિમા અને સેરિનાને પાછી પહોંચાડી દઇશ એ માટે બિલકુલ બેફિકર રહેજો "

ઇસ્કાન્દાર—આપની વસ્તુઓ આપની સાથે આવે એ માટે ફિકર રાખવાની કાંઇ જરૂર ?

ભાગ્યચક્રમાં તણાઇને સેલિમા તથા સેરિનાએ નિશારતખાનના

જનાનામા પ્રવેશ કર્યો. નિશારતખાનની પત્ની ખરી રીતે ફરીથી બિમારજ થઇ ગઇ હતી, તે ઘણા કાળને અતરે સેલિમા તેમજ સેરિનાને જોઇ ઘણી સતુષ્ટ થઇ.

પ્રકરણ ૩૧ મું.

જીવનદાન.

ત્યાર પછી શા શા બનાવો બન્યા હતા તેનો થોડો ઘણો આભાસ પ્રિય પાઠકોને કરાવવાની જરૂર છે. કેવી રીતે હતભાગિની સેલિમાનો વિનાશ થયો, કેવી રીતે તે ભયકર ભવિષ્યની નિષ્ઠુર સીમામા આવી પડી તેનો થોડો ઘણો પૂર્વાભાસ ટૂકમાં પણ વાંચનાર બધુઓને ના કરાવવામાં આવે તો વાંચકોની દૃષ્ટિમાં ભૂતકાળના બનાવો બરાબર ઉતરી શકે તેમ નથી

સેલિમા અને સેરિનાએ નિશારતખાનને ત્યા જઇને જોયુ કે, નિશારતખાનની બીબી બિમાર હોવા છતા તે તેમની તરફ ઘણી માયા, પ્રીતિ દર્શાવતી હતી. સઘળી બાદીઓ પણ તેમને પોતાની શેઠાણીની પુત્રીઓ જેટલુજ સમાન આપતી હતી. સેલિમા અને સેરિના જે આજ્ઞા કરતી તે તરતજ પળાતી હતી બાંદીઓએ આ સમય પહેલા આ બે બ્હેનોને કદાપિ જોઇ નહોતી; પરતુ તેઓ નિશારતખાનની બીબીના આદર, યત્ન અને મનોભાવ ઉપરથી સમજી

કે અવશ્ય તેઓ કોઇ ઉચ્ચકુળમા ઉત્પન્ન થયેલી કન્યાઓ છે, તથા આ બિમાર બીબીસાહેબાની પાસેની સગી થતી હશે. તેમ ન હોય તો તેઓ બન્ને રાત્રિ દિવસ દુ:ખ વેઠીને બીબીસાહેબાની આટલી બધી સેવા ચાકરી શા માટે કરે ?

સેરિના કરતા તેની બ્હેન સેલિમા સઘળા કાર્યોમા આગળ પડતો ભાગ લેતી હતી તેઓ જે દિવસે સધ્યા સમયે નિશારતખાનની બીબી પાસે જઇ પહોચી તે દિવસે રાત્રે સેલિમાએ એટલી બધી મહેનત ઉઠાવીને રોગિણીની સેવા ચાકરી કરી કે, બીજે દિવસે પ્રભાતકાળે જ રોગિણીને થોડો ઘણો આરામ માલૂમ પડયો

પ્રભાતકાળે સેલિમા અને સેરિના પ્રતકૃત્યાદિ કરીને બીબીસા-હેબાની પથારી પાસે જઇ ચઢી.

સોરનાએ નમ્ર સ્વરે કહ્યુ –"મા ! હવે આજે અમને વિ-દાય આપો."

બીબીએ કહ્યુ:—"ના બ્હેન ! હવે હુ કદાપિ તમને મ્હારી આખોથી દૂર રાખી શકીશ નહિ. જો તમે મ્હારી પોતાની પુત્રીઓ હોત તો મ્હારી આવી બિમારીને સમયે જવાની વાત કાઢતજ નહિ. જો આજ કદાચ જેરિના જીવતી હોત તો તે પણ આવા નિષ્ઠુર ભાવથી વિદાય થઇ જવાની વાત કરત નહિ !"

બીબી વિશેષ બોલી શકી નહિ તેના નેત્રોમા આસુ ભરાઇ આવ્યાં. એ આંસુઓ જોવામા આવતા સેલિમા અને સેરિનાનુ હૃદય પણ ભરાઇ આવ્યુ. સેરિનાએ પોતાના ઓઢણાના છેડાથી બીબીનાં આસુ સાફ કરતા કરતા કહ્યુ:—"મા ! અમે સધ્યા સમયે પાછી આવીશુ. શુ કરીએ ? ઘર સંસાર માડયો છે એટલે ઘરની પણ

સભાળ રાખવી જોઇએ. વળી ઇસ્કાન્દાર અને તેમના બંધુએ અમને આશ્રય આપ્યો છે એટલે તેમની બરદાસ્ત રાખવી એ પણ અમારી ફરજ છે ”

નિશારતખાનની બીબીએ કહ્યુ:—“ બ્હેન ! મ્હે સઘળી હકીકત સાભળી છે ! તમારે તેમની બરદાસ્ત રાખવી જોઇએ એમા કાઇ શક નથી તમારે હમણા જવુ હોય તો ભલે જાઓ, પરતુ સંધ્યા સમયે જરૂર પાછી આવજો. બ્હેનો ! તમે જાણો છો કે, મ્હારી સેવા કરવી એ પણ તમારે એક પ્રકારનુ પુણ્ય પ્રાપ્ત કરવા જેવું છે, વળી હુ પણ કાઇ તમારો ઉપકાર ભૂલી જઇશ નહિ. ”

આ સમયે નિશારતખાન ત્યા આવી ચઢયો તેને જોતાજ બીબીએ માથા પરનુ વસ્ત્ર આગળ ખેચ્યુ. નિશારતખાને પૂછયુ—“શીરીબીબી ! હવે કેમ છે ? કાલે રાત્રે બરાબર ઉઘ આવી હતી ને ? ”

બીબીએ હસીને કહ્યુ --“ઉઘ તો આવી હતી. વિશેષમા આપની અસાધારણ સેવા ચાકરીથી આજે મ્હવારથી મ્હને ઘણો આરામ જણાય છે.”

આ ઉત્તરથી નિશારતખાનને ઘણો આનંદ થયો તેણે હાસ્ય મુખે કહ્યુ --“ખરૂ છે, એ બન્ને ત્હારી કન્યાઓ બરાબર છે એમને આઠ દશ દિવસ ત્હારી પાસે રાખે તો શુ ? ”

બીબીએ કહ્યુ.--“તેમણે પણ સસાર માડેલો છે, તેથી જો તેઓ રાત્રિ દિવસ અહિજ રહે તો ઘરની સભાળ કોણ રાખે ? તેમણે છ માસનુ ભાડુ આગળથી આપી ઘર ભાડે રાખ્યુ છે. વળી ભાડુ પણ ઘણું વધારે છે. માત્ર આપણને અને તેમને ફાવતું આવે

તો એક ઉપાય છે. તે એ છે કે, જો આપણે તેમને આપણા મકાનમા રાખી શકીએ તો બધુયે સચવાય. મ્હારી તબિયત સચવાય તેમ્જ તેમનો ઘરસસાર પણ સચવાય."

કજુસમા કજુસ નિશારતખાને વિચાર્યું કે, બીબીના વચનોથી તે એક મ્હોટા ધર્મસકટમા ફસાઇ પડયો કેમકે સેલિમા, સેરિના ઇરકાન્દાર અને સિકન્દરને પોતાને ત્યા લાવીને રાખવાથી ઘરખરચ વધી જાય તેમ હતું તેણે કહ્યુ –" ઠીક છે—એ સબધી હુ યોગ્ય વિચાર કરી જોઈશ જ્યા સુધી બીજી કાઇ વ્યવસ્થા નહિ થાય ત્યાં સુધી એ બન્ને જણીઓ સધ્યા સમયે હમ્મેશા આપણે ત્યા આવશે "

નિશારતખાનની પત્નીએ કહ્યુ –" એના કરતા બીજો પણ એક સહેલો રસ્તો છે તે એ છે કે, સેરિના તેમને ત્યા રહીને ત્યાનુ કામકાજ કરશે અને સેલિમા અહિ મ્હારી સેવા ચાકરી કરશે, તેમ કરવાથી કાઇ પણ જાતની હરકત રહેશે નહિ. મ્હે જોયુ છે કે, સેરિના કરતા પણ સેલિમા સેવા કરવામા વિશેષ ચાલાક છે. કાલે આખી રાત તે ઉધી નથી "

આ સલાહ નિશારતખાનને પસદ પડી. તેણે કહ્યુ:–" ઠીક ત્યારે તેમ કરો સેરિનાને ઘેર જવા દો તે ઇરકાન્દાર તેમજ સિકન્દરને સઘળી હકીકત સમજાવશે, તથા હુ પણ એક પત્ર લખી આપુ છુ "

સેરિનાએ આમ કરવામા પોતાના તરફથી નામરજી દર્શાવી નહિ, તેથી સેલિમા નિશારતખાનને ત્યા રહી સેરિના પોતાના મુકામે ચાલી ગઇ

હાય ! મુગ્ધ જીવ નિશારતખાન ! હાય હતભાગિની સેલિમા ! તમે બન્નેમાંથી કોઇ ભાગ્યચક્રની છળનાને સમજી શકયા નહિ !

આ ઠેકાણે જો સેલિમા પોતાના મુકામ પર પાછી ગઇ હોત અને સેરિના નિશારતખાનને ત્યા રહી હોત તો અમારે, કાગળ, કલમ અને શાહીનો નાશ કરીને આવી મ્હોટી એક ભયકર ઘટનાઓથી પરિપૂર્ણ નવલકથા લખવી પડત નહિ. આ નવલકથાનુ ખરૂં રહસ્ય હજી હવેજ વાચકોના જાણવામા આવશે

સેરિનાને એકાએક પાછી આવેલી જોઇને, તથા તેની સાથે સેલિમા જોવામા નહિ આવ્યાથી ઇસ્કાન્દારે મલિન મુખે કહ્યુ –"સેરિના ! તું એકલી કેમ પાછી આવી ? સેલિમા ક્યા છે ? "

સેરિનાએ સ્મિત હાસ્ય કરી ઇસ્કન્દારખાનનો ખભો થાબડીને કહ્યુ --" અરે સાહેબ ! આટલા બધા અધીરા થઇ જશો તો કેમ ચાલશે? પ્રથમ સઘળી હકીકત સાભળો તો ખરા–પછી ગભરાઇ જવુ હોય તો ગભરાજો.'

ઇસ્કાન્દારે સેરિનાના આ રહસ્યમય તિરસ્કારથી જાણે કે કાઇક શરમાઇ જઇને કહ્યું --" ના ના--હુ ગભરાતો નથી, પરતુ ત્હારી સાથે તે જોવામાં નહિ આવ્યાથી મ્હે સહજજ તને પૂછ્યુ. "

નિશારતખાનની બીબીની સાથે સેરિનાની જે સઘળી વાતચિત થઇ હતી તે સઘળી તેણે સિકન્દર અને ઇસ્કાન્દારને કહી સભળાવી. એ હકીકત સાભળી બન્ને જણા તે સમયે તો સતુષ્ટ થયા. નિશારતખાન એક મ્હોટો રાજ્યાધિકારી હતો, બાદશાહનો સેનાપતિ

હતો, અને વિશેષમા સેલિમાના પિતાનો દોસ્ત હતો. પિતાના સ્નેહીને ત્યા સેલિમા રહે એ માટે ઇસ્કાન્દાર તેમજ સિકન્દર શા માટે નારાજ થાય ?

તે ઉપરાત સિકન્દરે જયારે ઇસ્કાન્દારને સમજાવ્યુ કે, "સેલિમા, જયારે ખાનસાહેબને ત્યા છે ત્યારે તેની આપણે ફિકર કરવાની જરૂર નથી ઉલટુ જો તે તેમની વિશેષ પ્રિયપાત્ર થઇ પડશે તો ભવિષ્યમા જરૂર આપણી ઉન્નતિ થશે. વળી તું વચ્ચે વચ્ચે જઇને તેને જોઇ આવજે. હું અને સેરિના પણ ત્યા કોઈ કોઇ સમયે જઇશુ."

વાસ્તવિક રીતે નિશારતખાનની તેજસ્વિની પત્ની જીવતી રહે ત્યાં સુધી સેલિમાને પણ કોઇ પણ પ્રકારના સકટની આશંકા નહોતી. નિશારતખાનની બીબી, એક ઉચ્ચ વશમા પયદા થયલી ઇરાના અમીરની કન્યા હતી. એ બીબીની મ્હોટી બ્હેન પણ આગ્રાના રગમહેલમા શહેનશાહની પત્ની રૂપે રહેતી હતી. એ ઇરાની બેગમની ખટપટથીજ નિશારતખાનની આટલી બધી ઉન્નતિ થઇ હતી. નિશારતખાનની બીબી પણ કદાપિ આટલુ બધુ અન્યાય ભરેલુ કાર્ય થયેલુ જોઇ શકતી નહિ. તેથીજ તેણે નિશારતખાન જેવા મ્હોટા રાજ્યાધિકારીને પણ સર્વાંશે પોતાની શક્તિને આધીન કરી રાખ્યો હતો.

સેલિમાની સેવાથી શીરીબીબીને ઘણો આરામ થયો. પ્રથમ તો તે પથારીમા ઉઠીજ શકતી નહિ, પરંતુ સેલિમાએ એક પખવાડીઆ સુધી તેની સપૂર્ણ લક્ષ્યપુર્વક સેવા ચાકરી કરી એટલે તેને નવજીવન પ્રાપ્ત થયા જેવું લાગ્યુ. હકીમ સાહેબને પણે રોગિણીને એકાએક આરોગ્ય થતી જોઇને ઘણો આનદ થયો. તેઓ વારંવાર કહેતા હતા કે:—"સેલિમાની અપાર સેવા ચાકરીથીજ મ્હારી દવાની આટલી બધી જલદીથી અસર થઇ છે."

એક દિવસે પ્રભાતકાળે શીરીબીબીએ પોતાની શય્યામાં બેસીને ખુદાને ઘણો ધન્યવાદ આપ્યો. તેણે પોતાના મનમાં ને મનમાં વિચાર્યું—" આ આરામબેગની કન્યા પૂર્વ જન્મે મ્હારી શી સગી હશે તે હું વિચારી શકતી નથી. જો મ્હારી પોતાની પુત્રી જેરિના જીવતી હોત તો તે પણ સેલિમાની માફક આત્મસમર્પણ કરીને મ્હારી સેવા કરત નહિ. સેલિમાના આવા મહાન્ ઉપકારનો બદલો હું આ જીવનમા વાળી શકીશ કે? મ્હને સંપૂર્ણ રીતે આરામ થશે એટલે હુ એ બન્ને બ્હેનોને મ્હારા મકાનમા લાવીને મહા સુખમાં તેમજ આનદમા રાખીશ. ઇસ્કાન્દાર અને સિકન્દર સાથે તેમનો વિવાહ કરીશ. મ્હારા જે કાઇ અલંકારો છે તે એ બન્ને બ્હેનોને ભેટ તરીકે આપી દઇશ. ખુદા મ્હારી આ વાસના પૂર્ણ કરશે કે? મ્હારી જેરિનાનું મૃત્યુ થયુ ત્યારથીજ ભયકર શોકને પરિણામે હું બિમાર થઇ ગઇ છુ. મ્હને મરણના પંઝામાથી આ દયામયી દેવી સેલિમાએ જ બચાવી છે।"

પ્રકરણ ૩૨ મું.

પાપાત્મા.

ત્યાર પછી કેટલાંક અઠવાડીઆ પસાર થઇ ગયાં. આ સમય દરમ્યાન નિશારતખાનની પત્ની શીરીબીબીની તબિયત તદ્દન સુધરી ગઇ. તે હવે હરીફરી શકતી હતી. સેલિમાજ જાણે કે તેના ઘરનો સઘળો કારભાર કરતી હતી. તેની ઇચ્છાનુસારજ નિશારતખાનનો

સંસાર ચાલતો હતો કોઇ પણ પ્રકારની અવ્યવસ્થા નહોતી તેમજ અભાવ નહોતો. ઇસ્કન્દાર પણ આ સમય દરમ્યાન બે ત્રણ વખત આવીને સેલિમાને મળી ગયો હતો. નિશારતખાન પણ સેલિમાને લીધેજ પોતાની બીબી કાળના કરાળ પંઝાનો ભોગ થઇ પડતાં બચી છે એમ વિચારી તેના પર સંતુષ્ટ રહેતો હતો. હવે તે પણ સેલિમાનું પોતાની પુત્રી પ્રમાણે પ્રતિપાલન કરતો હતો. સેલિમા તેની પાસે ન બેઠી હોય ત્યારે તેનુ ભોજન થતું નહિ. સેલિમાને દિવસમાં બે ત્રણ વખત જોયા સિવાય તેને તૃપ્તિ થતી નહિ. આ પ્રમાણે સેલિમા નિશારતખાનના સંસારમાં કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય પોતાના દિવસો પસાર કરતી હતી. તે ઉપરાંત જે દિવસે ઇસ્કાન્દાર નિશારતખાનને ત્યાં આવતો તે દિવસે શીરીબીબી જાતે તેની પાસે બેસીને તેને સ્વાદિષ્ટ ભોજન કરાવતી હતી તથા તેની પ્રત્યે ઘણો પ્રેમ દર્શાવતી હતી

ત્યાર પછી બીજાં પણ બે અઠવાડીઆ પસાર થઇ ગયા એટલે એક ઉલ્લેખ યોગ્ય બનાવ બન્યો. એ બનાવ અહિ નિવેદન કરવાની જરૂર છે.

નિશારતખાનનો એક ભત્રિજો હતો—તેનુ નામ આજમદાદખાન હતું. આજમદાદ ઘણો દુષ્ટ સ્વભાવનો હતો.

આજમદાદની પ્રકૃતિ તેની યુવાનીમા ઘણી ઉચ્છૃખલ બની ગઇ. લુચ્ચાઇ, ટંટો, વ્યભિચાર, મદ્યપાન—એ સઘળાં તેના હમ્મેશાના કાર્યો થઇ ગયાં. નિશારતખાન આજમદાદને હમેશા સદ્દપદેશ આપતો હતો. તે તેને કહેતો કે—"ત્હારા આવા નીચ કાર્યોથી ત્હારા પિતાની અને મ્હારી આબરૂ પર પાણી ફરી વળશે." પરંતુ એવા

સદુપદેશને કોણ સાંભળતું હતું ? એક દિવસે આજમદાદખાને એક મ્હોટા અમીરના પુત્ર સાથે ટંટો કરીને તેનું માથું ફોડી નાખ્યું. આ પ્રકાર ઠેઠ કચેરી સુધી જઇ પહોંચ્યો અને અંતે આજમદાદ પકડાઇને કેદખાનામાં પણ પડયો.

નિશારતખાને પ્રથમ વિચાર્યું હતું કે, "હું એ હતભાગ્યને છોડાવવાની ખટપટ કરીશ નહિ. તે ભલે કેદખાનામાંજ મરી જાય." પરંતુ તેની સ્નેહમયી બીબી આજમદાદ પર ઘણો સ્નેહ રાખતી હોવાથી તેણે આજમદાદને છોડાવવા માટે પતિને ઘણો આગ્રહ કર્યો. અંતે નિરૂપાયે નિશારતખાને સુલતાન સેલિમને સિફારશ કરીને આગ્રાના મુખ્ય કોટવાલ જહાન્દારખાન ઉપરની એક ચીઠ્ઠી મેળવી. આથીજ આજમદાદ એ સમયે બચી શકયો તથા તેણે પોતાના કાર્ય માટે ઘણો પશ્ચાત્તાપ કર્યો.

એક દિવસે નિશારતખાનને એકાંતમાં જોઇને આજમદાદે કહ્યું — "કાકા ! તમે મ્હારૂં બાલ્યાવસ્થાથીજ પોતાના પેટના પુત્ર તરીકે પ્રતિપાલન કર્યું છે મ્હેં દુષ્ટાત્માએ તમારો એ મહાન્ ઉપકાર ભૂલી જઇ તમને દુઃખ દેવામાં કાંઇ બાકી રાખી નથી. પાપનું શોચનીય પરિણામ કેવું હોય છે તે હું વિચારી શકયો છું. હવે હું આ લલ ચાવી નાખે એવા આગ્રા શહેરમાં રહેવાને ઇચ્છતો નથી. અહિં મ્હારા કેટલાક નીચ સ્વભાવના સોબતીઓ છે. તેઓજ મ્હને બગાડે છે. મ્હેં એમ સાંભળ્યું છે કે, અફઘાન પ્રદેશમાં ઉઠેલો બળવો સમાવવા માટે થોડાજ સમયમાં બાદશાહી સૈન્ય જવાનું છે મહારાજ માનસિંહ એ સેનાના અધિપતિ છે. આપની સાથે મહારાજ માનસિંહ તેમજ મહારાજ બિરબલનો સારો સંબંધ છે તો આપ મ્હને

એ સૈન્ય સાથે અશ્વાનિસ્થાનમાં મોકલવાની વ્યવસ્થા કરો."

પોતાના ભત્રિજાની ચિત્તવૃત્તિમા આવો સંતોષજનક ફેરફાર થયાથી નિશારતખાન ઘણો આનંદિત થયો. વળી તે જાણતો હતો કે, તેની વિનંતિનો મહારાજ માનસિંહ અસ્વીકાર કરી શકશે નહિ; તેથી તેણે પ્રસન્ન મુખે આજમદાદને કહ્યુ:—"આજમ! તું ખરૂ કહે છે. ત્હારી મતિ ગતિ બદલાઇ જવાથી હુ ઘણો આનંદ પામ્યો છુ. હું મહારાજ માનસિંહને એક બે દિવસમા મળીને ત્હારા કહેવા પ્રમાણે બંદોબસ્ત કરીશ."

આ ઉત્તર સાંભળી આજમદાદ ઘણો આનંદ પામ્યો. તે વિના વિલબે આ શુભ સમાચાર તેની કાકી શીરીબીબીને કહેવા ગયો. તે દિવસે આજમદાદ તેના કાકાને ત્યાં પહેલ વહેલોજ આવ્યો હતો સેલિમા પોતાના કાકાના ત્યા રહે છે તેની તેને ખબર નહોતી. પોતાની કાકીની ભયંકર બિમારીના સમાચાર પણ તેણે જાણ્યા નહોતા અગર તો જાણવાની ફિકર રાખી નહોતી.

આજમદાદે પોતાની કાકીના વિશ્રામાલય પાસે જઇ પહોચીને બ્હારથીજ કહ્યું:—"કાકી!"

આ કંઠસ્વર શીરીબીબીથી પરિચિત હતો; પરંતુ પોતાને ત્યાં એકાએક ભત્રિજાનું શુભાગમન કેમ થયું તે તે વિચારી શકી નહિ.

સેલિમા એ સમયે સીરીબીબીને ઓષધ પીવડાવતી હતી. તે એક અજાણ્યા પુરૂષનો કંઠસ્વર સાંભળીને ઘણો સંકોચ પામી. તેણે તરતજ પોતાનુ મ્હોં બુરખામાં છુપાવી દીધુ. જાણે કે પૂર્ણિમાનો ચંદ્ર વાદળાઓમાં ઢંકાઇ ગયો.

શીરીબીબીએ કહ્યુ —" તુ પાસેની ઓરડીમાં જા. એ મ્હારો મત્રિજો આવે છે."

સેલિમા જ્યારે બીજી ઓરડીમાં જતી હતી ત્યારે બારણાંની ફાટમાથી આજમદાદ તેને જતી જોઇ શક્યો. તેણે મનમાં ને મનમા વિચાર્યું —" કેવુ સુન્દર રૂપ! એ રૂપની જાણે કે તુલનાજ નથી! કોણ હશે એ? તેને તો મ્હેં અહિ કદાપિ જોઇ નથી!"

સેલિમાના રૂપની છાયા ક્ષણ માત્રમાંજ આજમદાદના હૃદયપ્રદેશમાં છવાઇ ગઇ. તન્મય ચિત્તે તે એ રૂપનો વિચાર કરવા લાગ્યો. તે જે કાર્યને માટે આવ્યો હતો તે કાર્ય ભૂલી ગયો.

બરાબર આ સમયે શીરીબીબીએ વિશ્રામાલયમા બેઠે બેઠેજ કહ્યુ —" આજમ! હવે અદર આવ."

આજમદાદ કાકી પાસે ગયો. કાકીનુ ફિક્કુ પડી ગયેલુ તેમજ સુકાઇ ગયેલુ શરીર જોઇને તે ઘણા આશ્ચર્યમાં પડી ગયો. વ્યાકુળતાથી તેણે પૂછ્યું —" કાકી! આ શુ? તમારી સ્થિતિ આવી કેમ થઇ ગઇ?"

શીરીબીબીએ એક ગાઢ નિશ્વાસ મુકીને કહ્યુ:—" ભાઈ! તુ મ્હારી ક્યા ખબર લે છે કે તને મ્હારી સ્થિતિની માહિતી હોય? હું મરતા મરતા બચી ગઈ છુ. તને અનેક પ્રકારનુ દુઃખ વેઠીને મ્હે મ્હોટો કર્યો તેનુ ફળ આવુંજ કે?"

આ કઠોર તિરસ્કારના વચનો સાંભળી આજમદાદ ઘણો શરમાઇ ગયો તેણે બન્ને હાથ જોડીને નમ્ર સ્વરે કહ્યુ:—" કાકી! મ્હને માફ કરો હુ પિશાચ બની જઇને નરકમા ડૂબી મરતો હતો; પરતુ હવે મ્હારી બુદ્ધિ શુદ્ધિ ઠેકાણે આવી છે. મ્હેં મ્હારા પાપનો ઘણો

પશ્ચાત્તાપ કર્યો છે. મ્હે મ્હારા કાકાને વાત કરી દીધી છે એટલે તેઓ મહારાજ માનસિંહને ભલામણ કરી મ્હને બાદશાહી સૈન્ય સાથે અફઘાનિસ્થાનમાં મોકલવાની વ્યવસ્થા કરનાર છે; અર્થાત્ ટૂંક સમયમાજ હું આ મોહમયી, માયામયી આગ્રા નગરીનો ત્યાગ કરી જનાર છું."

આ વચનો સાંભળી શીરીબીબી ઘણો આનંદ પામી. તેણે કહ્યું—"ખુદા તને સુબુદ્ધિ આપો--ત્હારૂં કલ્યાણ કરો. એક કન્યા હતી તે યમને ઘેર ચાલી ગઇ છે! મ્હેં ત્હને મ્હારો પોતાનો પુત્ર સમજીને ઉછેર્યો છે—તેનુ પરિણામ આવુજ કે?' મ્હારી બિમારીમા તો ત્હે મ્હારી બિલકુલ સભાળ લીધી નહિ. મ્હારા સદ્ભાગ્યે સેલિમા મ્હારી પાસે આવી ચઢી તેથીજ હું જીવતી રહી શકી છુ."

આજમદાદે આશ્ચર્યમાં પડી જઇને પૃછ્યુ--"સેલિમા કોણ છે?!"

શીરીબીબીએ ઉત્તર આપ્યો.—"હું ઓળખાણ આપીશ એટલે વિના વિલંબે તું તેને પિછાની શકીશ. સેલિમા આરામબેગખાનની કન્યા છે."

આજમદાદ બોલી ઉઠયો--"એજ સેલિમા કે! અમે ન્હાનપણમા સાથે રમ્યાં હતાં' પરંતુ બેગસાહેબના મૃત્યુ પછી એ બન્ને બ્હેનો એકાએક અદ્રશ્ય થઇ ગઇ હતી!"

શીરીબીબીએ કહ્યુ--"હા, ખરી વાત છે; પરંતુ મ્હારા પર ખુદાએ દયા કરીને તેને મ્હારી પાસે મોકલી દીધી છે."

આજમદાદે મનમાં ને મનમાં નિશ્ચય કરી લીધો કે, "હમણાં હુ જે સુન્દરીનુ રૂપ જોઇ ચકમ બની ગયો હતો તેજ સેલિમા

હશે ! એ સેલિમા હમણા આટલી બધી મ્હોટી થઇ ગઇ છે ? આ-ટલી બધી રૂપવતી બની ગઇ છે ? ! "

આજમદાદે કહ્યુઃ--" મ્હે સેલિમાને તેની બાલ્યવસ્થામાં જોઇ હતી. હમણા હું તેને એક વખત જોઇ શકીશ નહિ ? "

આ પ્રશ્નથી શીરીબીબી ચમકી ઉઠી. આજમદાદ વ્યભિચારી હતો. તેને મુખે આવો પ્રશ્ન સાંભળી શીરીબીબીએ પોતાના મનમાં ને મનમા વિચાર્યુ —"આ સેલિમાની વાત કરી તે ઠીક કર્યું નથી. સેલિમાની સાથે આની મુલાકાત ન થાય એમાંજ કલ્યાણ છે. "

આ પ્રમાણે વિચારી અતરના ભાવને છુપાવી શીરીબીબીએ કહ્યુઃ—" તે હમણાં એક બીજા યુવકની વાગ્દત્તા-પત્ની છે. હવે ત્હારે તેને જોવાની ઇચ્છા રાખવી જોઇએ નહિ. "

આ ઉત્તરથી આજમદાદે સહજ શરમાઇ જઇને કહ્યુ —" હુ જાણતો નહોતો કે, તેના વિવાહની વાત થઈ ગઇ છે અગર તો તે એટલી મ્હોટી થઇ ગઇ છે. ગમે તેમ હોય—હુ માત્ર બે દિવસ તમારી પાસે રહેવાનો છુ. પછીથી અફઘાનિસ્થાનમાં ચાલ્યો જઇશ. આ બે દિવસ પણ જો હું તમારી સેવા કરી શકીશ તો મ્હને ઘણો આનદ થશે—મ્હારા આત્માને અપૂર્વ શાન્તિ મળશે. "

શીરીબીબી આજમદાદના આ વચનો સાભળી ઘણી સતુષ્ટ થઇ. તેણે પોતાના ઉદાર સ્વભાવને અનુસરીને આજમદાદના પ્રથમના સઘળા ગુન્હા માફ કર્યા. આજમદાદ કાકીને પ્રણામ કરી નીચે ચાલ્યો ગયો.

પ્રકરણ ૩૩ મું.

દુષ્ટની દુષ્ટતા—આફતમાંથી બચાવ.

" રૂપ! સઘળી જાતના નીશાઓથી મુક્ત થઇ શકાય છે, પરતુ રૂપના નીશાથી કોઇ પણ મનુષ્ય મુક્ત થઇ શકતું નથી ! જેને ક્ષણ માત્ર જોઈ છે, જેને લક્ષ્યપૂર્વક જોઈ નથી તે મ્હારા હૃદયને આટલુ બધુ વિહ્વળ કેમ બનાવી દે છે ?

"અરેરે ! શા માટે મ્હે એ સૌંદર્ય જોયુ ? શા માટે મ્હે મ્હારે પોતાને હાથે મ્હારી પોતાની કબર ખોદી ? કેમ વિચાર કર્યા સિવાય પતંગની માફક મ્હે એક રૂપવતીના રૂપાગ્નિમા કૂદકો માર્યો ? !

"પરવશ ચિત્તને અનેક ઉપાયોથા સમજાવી શકાતું નથી ! મત્ત માત્તગ જેવા ચિત્તને કોઈ પણ ઉપાયથી વશ કરી શકાતુ નથી !

" મહા મહેનતે ચિત્તદમન કર્યું હતું. પાપનો માર્ગ મુકી તેને પુણ્યમાર્ગે ફેરવવાનો યત્ન કર્યો હતો; છતા અરેરે ! શા માટે મ્હારી આવી દશા થઇ ? !

"સેલિમા ! આહ ! કેવુ સુદર નામ ! નામની સાથે સ્વરૂપનો સબધ છે કે શુ ? હોવોજ જોઇએ ! તેમ ન હોય તો સારા સારા પુષ્પોનાં સારાં સારાં નામ કયાથી હોય ? ગુલાબ, ચંપો, ચમેલીનુ નામ ઉચ્ચારતાંજ જીવ કેવો મુગ્ધ બની જાય છે ?

" સેલિમા બીજાની પત્ની છે—મ્હેં સાભળ્યુ છે કે તે વાફદત્તા છે. અરેરે ! શા માટે તેની ચિતાથી હુ મ્હારા સર્વસ્વનો નાશ કરૂ-

છુ ? જેને મેળવી શકીશ નહિ, મેળવી શકુ એવી આશા પણ નથી —હજારો ઉપાયો કરૂં તો પણ જે મ્હારી થઇ શકે તેમ નથી તેને માટે આટલી બધી વ્યાકુળતા શા માટે ? મ્હારે મ્હારી આ વ્યાકુળતાને દૂર કરવી જોઇએ; પરંતુ હુ તેને દૂર કરી શકીશ ? નેત્રોની આગળ એ રૂપમાધુર્ય મધુર તરંગો ઉછાળીને ક્રીડા કરી રહ્યું છે. કેવાં વિશાળ તારાના જેવાં તેજસ્વી નેત્રો છે ! કેવું સુંદર જ્યોતિર્મય મુખ છે ! કેવો કાળો કેશકલાપ છે ! કેવી ચંપકના જેવી સુંદર ગૌર કાન્તિ છે ! આ રૂપની છાયા હૃદયમાથી દૂર કરી શકાશે કે ? જે અગ્નિ એક વખત પૂર જોશથી સળગી ઉઠયો છે તેને હોલવી નાખવો એ કાર્ય સહેલુ છે કે ?

"ખુદા ! મ્હને શક્તિ આપો—સાહસ આપો—હવે મ્હને મહા પરીક્ષામાં ન નાખો—મ્હારી કસોટી કરવી માડી વાળો. મ્હારા પ્રાણમાં પુણ્યજ્યોતિ આપો, હૃદયમા ધર્મબળ આપો—હવે હુ આ અસહ્ય વેદના વેઠી શકતો નથી ! શુ થશે ? ! શાથી આ મર્મદાહક પ્રચડ જ્વાળામાંથી હુ આત્મરક્ષણ કરી શકીશ ?

"ફરીથી એક વખત હુ તેનુ દર્શન કરી શકીશ નહિ કે શુ ? ! જો દર્શન કરી શકીશ તો મ્હને લાગે છે કે, મ્હારી ઇચ્છા પૂર્ણ થશે. તેને મુખે બે ચાર મિષ્ટ વચનો સાભળીશ તો મ્હારી આશા પૂર્ણ થશે !

"જોઇશ—ફરીથી એક વખત હુ એ પ્રેમની પ્રતિમાને જોઇશ. અતરની આરાધ્યદેવીને જોઇશ-પછીથી ગમે તે ઉપાય અજમાવીને હુ ચિત્તદમન કરીશ. આ લોભી સ્થળનો હુ હમ્મેશાને માટે ત્યાગ કરીશ."

ભોજન કરી રહ્યા પછી શય્યામાં સૂઇ રહીને આજમદાદખાન ઉપર પ્રમાણે વિચારો કર્યા કરતો હતો. તેનાં વચનો ઉપરથી પાઠકો તેના મનની સ્થિતિ સમજી શકે તેમ છે.

આખો દિવસ આવી મર્મભેદક ચિંતામાં પસાર થયો. સખ્ત ગરમીથી જીવ સળગી જતો હતો. આજમદાદે બે ત્રણ વખત શરબત પીધુ, તો પણ તેની તૃષ્ણા દૂર થઈ નહિ. તે જે મકાનમાં રહેલો હતો-તે મકાનની સઘળી બારીઓ પર ખસખસના પડદા હતા. બારી બારણાં બધ હતાં. ઓરડામાં પૂરતી ઠડી હતી તો પણ આજમદાદ દાવાનળની જ્વાળાનો અનુભવ કરતો હતો.

દિવસ કોઇને પણ માટે રાહ જોતો નથી. દિવસ વીતી ગયો—સધ્યા થઇ. આકાશમા તારાઓ પ્રકાશી નીકળ્યા. પ્રકૃતિએ ધીમે ધીમે કાળાં વસ્ત્રો પહેરવા માડયા. શીતળ સુગધિત વાયુ વહેવા લાગ્યો. પૃથિવી પણ શીતળ થવા લાગી

આજમદાદખાન ઓરડામા રહી શકયો નહિ તેથી તે બ્હાર નીકળ્યો. તેણે વિચાર્યુ કે, આવા સમયે બાગમા ફરવાથી જીવને કાંઇક શાન્તિ મળશે.

નિશારતખાનના વિશાળ બગલામા એક પુષ્પોદ્યાન હતો. એ પુષ્પોદ્યાનમાં વિવિધ સ્થળોએથી મગાવેલા પુષ્પવૃક્ષો શોભતા હતા. રસ્તા ઉપર લાલ પત્થર જડી દીધેલા હતા. એ રસ્તાની બન્ને બાજુએ કોઇ ઠેકાણે લતાકુંજો તેમજ વિરામાસનો હતાં. બાગની વચ્ચે એક ફુવારો હતો.

આ બાગ અતઃપુરની સાથે ખાસ કરીને જોડાયલો હતો; પરંતુ આજમદાદ નિશારતખાનના મકાનમા સર્વત્ર જઇ શકે તેમ હતો. તેથી તે ધીમે પગલે બાગમાં ફરવા લાગ્યો.

એકાએક એક આરસ પત્થરના આસન ઉપર તેની નજર પડી. પગલાં દબાવીને—ઘણીજ ચતુરાઇથી—ચોરની માફક આજમદાદ એ આસન પાછળ જઇને ઉભો રહ્યો તેણે ત્યાં થોડા સમય સુધી ઉભા રહીને એ આસન ઉપર બેઠેલી મનોમોહિનીના ભુવનમોહન સૌંદર્યને જોયુ. પછીથી હૃદયનો આવેગ રોકી નહિ શકાયાથી મૃદુ સ્વરે તે બોલી ઉઠયો —" સેલિમા ! સેલિમા ! "

વનમાં એકાએક કોઇ પણ પ્રકારનો અવાજ થતા હરિણી પોતાના ચંચળ ચક્ષુઓથી ચારે તરફ દૃષ્ટિ કરે તેવી રીતે સેલિમાએ પણ એક પુરૂષને મુખે પોતાનુ નામ સાભળીને પાછળ જોયુ.

ચતુર્ચક્ષુનુ મિલન થયુ. સેલિમાનુ મુખ શરમથી રાતું ચોળ બની ગયુ. તેણે પોતાના મ્હો પર.બુરખો નાખી દીધો.

આજમદાદે તેની પાસે આવીને કહ્યુઃ—" સેલિમા ! સેલિમા ! તું આટલી બધી નિષ્ઠુર કેમ ? "

સેલિમા આ વાકયનો ઉત્તર નહિ આપતા તરતજ આસન પરથી ઉઠી ઉભી થઇ ગઇ.

આજમદાદ જલદીથી તેની સ્હામે જઇ તેનો માર્ગ રોકી ઉભો રહ્યો તથા તેણે કહ્યુ —" સેલિમા ! જઇશ નહિ. તુ નિષ્ઠુર થઇ મારા હૃદયને ચુર્ણવિચુર્ણ કરી ચાલી જઇશ નહિ ! "

સેલિમા ભયની મારી બૂમ પાડી ઉઠી. એ બૂમનો અવાજ બાગને ધ્રુજાવી વાયુમા મળી ગયો.

આજમદાદે વ્યાકુળ ચિત્તે સેલિમાની પાસે જઇને કહ્યુ — " સેલિમા ! મ્હને આવી સ્થિતિમા મુકી તુ જઇશ નહિ. નિષ્ઠુર થઇશ નહિ. એક વખત તુ ત્હારો બુરખો ઉંચો કર. તુ મ્હારા તૃષિત હૃદયને પરિતૃપ્ત કર. તુ એક વખત ત્હારા કોમળ કરપલ્લવ

પુર મ્હને ચુંબન કરવા દે—મ્હારા જીવનને સાર્થક કરી લેવા દે.”

આ સમયે એકાએક કોઇ એક માણસે પાછળથી આવીને કહ્યું—“ શયતાન આજમદાદ! હજી ત્હારી બુદ્ધિ શુદ્ધિ ઠેકાણે ન આવી કે? નરાધમ! હજી સુધી તું આવા નીચ સ્વભાવનો રહ્યો કે? આ બાગમાંથી હમણાં ને હમણાં ચાલ્યો જા.”

આ વચનો સાંભળી આજમદાદે પાછળ જોયું તો તેણે શીરી-બીબીને જોઇ. તે બીજું કાંઇ બોલ્યા સિવાય ચોરની માફક એ ઉદ્યાનમાંથી ચાલ્યો ગયો, તથા માત્ર એક ખુદાની કૃપાથી એક ભયંકર અત્યાચારમાંથી પોતાનો ઉદ્ધાર થવાથી સેલિમા મનમાં ને મનમાં ખુદાને ધન્યવાદ આપવા લાગી.

પ્રકરણ ૩૪ મું.

મજલિસની મોહિની કે આત્મયજ્ઞનો આરંભ?

ઉપરની હકીકત માત્ર બે માણસ સિવાય બિજા કોઇના જાણવામાં આવી નહિ. આ હકીકત સ્વામીને જણાવવામાં કાંઇ સાર નથી વિચારી શીરીબીબીએ પણ આ વાતને છુપાવીજ રાખી તેણે સેલિમાને કહ્યું—“ બ્હેન! મારો આજમદાદ તદ્દન મૂર્ખ છે. તે તને ઓળખી શકયો નથી તેથી અગર તો હું ત્હારી પર કેટલો સ્નેહ રાખું છું તે જાણતો નથી તેથી એ ત્હારી પર આવો જુલ્મ ગુજારવાનું સાહસ કરી શકયો છે. જે થવાનું હતું તે થઇ ગયું છે. આ જો, એ શયતાનનો પત્ર છે, તે આ પ્રકારથી શરમાઇ જઇ દેશનો પણ ત્યાગ કરી ચાલ્યો ગયો છે.”

આમ કહીને શીરીબીબીએ સેલિમાને એક પત્ર દેખાડયો. પત્રમાં નીચેની હકીકત લખેલી હતી:—

"મા! જીવનમાં મ્હેં જે મ્હોટામાં મ્હોટું તિરસ્કારપાત્ર કાર્ય કર્યું છે તેનો અંતરમાં અપાર અનુતાપ થયો છે. પ્રવૃત્તિને વશ નહિ રાખી શકાયાથી મ્હારાથી જે ભયંકર ગુન્હો થયો છે તે માટે મ્હને ક્ષમા નહિ કરો? જુલ્મના પાપની ક્ષમા છે તથા જુલ્મના યત્નરૂપ પાપની ક્ષમા નથી કે શું? મ્હને આશા છે કે તમે તમારા આ અકૃતજ્ઞ સંતાનને ક્ષમા કરશો. જ્યાં સુધી હું ચિત્તસંયમ નહિ કરી શકું ત્યાં સુધી હું હવે તમને મ્હારૂં કલંકિત મ્હોં દેખાડનાર નથી સલિમાને કહેજો કે, તે દયાભાવે મ્હને ક્ષમા કરે."

આ પત્ર વાંચીને વાસ્તવિક રીતે સેલિમા દુ:ખી થઇ. તેનું હૃદય આ હતભાગ્ય આાજમદાદના દુ:ખથી વિચળિત થયુ. તે મનમાં ને મનમા તેનો અપરાધ ભૂલીગઇ અને તેણે તેને ક્ષમા કરી.

ઉપરોક્ત પ્રકાર બની ગયા પછી બીજો પણ એક માસ પસાર થઇ ગયો. શીરીબીબીની તબિયત તદ્દન સુધરી ગઇ. સેલિમાની સેવાથી તેમજ અસાધારણ મહેનતથી તે મૃત્યુના મુખમાં પડતી બચી ગઈ. આથી નિશારતખાનને અતિ આનંદ થયો. શીરીબીબીએ પોતાના પતિની સલાહ લેઇને સેલિમાને બે મૂલ્યવાન્ અલંકાર આપ્યા, તથા તેને બે પોષાક પણ ભેટ આપ્યા.

પોતાની પત્ની મરતા મરતા બચી ગઈ તેથી નિશારતખાનને તો અપાર આનંદ થયો. સાથે એક દિવસે તેણે એક મજલિસ કરી આ મજલિસમા તેણે ઘણા રાજ્યાધિકારીઓને પણ નિમંત્રણ કર્યું. હતું. કહેવાની જરૂર રહેતી નથી કે, મજલિસમાં સેલિમા, સેરિના,

ઇસ્કાન્દાર તેમજ સિકન્દરને પણ નિમંત્રણ થયું હતું. આ મજલિસની શોભામાં વધારે કરવાને નિશારતખાને શાહજાદા સેલિમને સુદ્ધાં ઘણાજ માનપૂર્વક નિમંત્રણ કર્યું હતુ.

મજલિસને દિવસે નિશારતખાનના મકાને અતિ સુંદર દેખાવ ધારણ કર્યો. ઉદ્યાનમા બનાવટી ફુવારો, વિચિત્ર મંડપ, ઉપયુક્ત સુખાસન વગેરેનો બિલકુલ અભાવ નહોતો. મંડપના થાભલાઓ ઉપર મખમલ મઢી લેવામા આવ્યુ હતું. ચારે તરફ પુષ્પમાળાઓ ઝૂલી રહી હતી. ફુલનાતોડાઓ પોતાની સુગંધિ ચારે દિશાએ ફેલાવી રહ્યા હતા. ગુલાબજળના બનાવટી ફુવારાઓમાથી ગુલાબજળ ઉડી રહ્યું હતુ.

ત્યાર પછી ભોજનનો બંદોબસ્ત પણ અતિ ઉત્તમ હતો. બશેરાનો ઉત્તમ શિરાજી, ઇસ્તબુલના ખરબુજનુ મિષ્ટ શરબત, પુલાંવ, કોરમો, ચૉપ વગેરે વિવિધ પ્રકારની ખાનપાનની સામગ્રી તૈયાર હતી. પાનના ઉપર સોનાના વરખ વિંટાળેલા હતા. ઇલાયચી, લવિંગ, દારૂચિની, કબાબચિની જાયફળ, જાવત્રિ વગેરે મશાલાનો પણ પૂરતો બંદોબસ્ત હતો.

સંધ્યા થતાંજ મજલિસ ગુલજાર બની ગઇ. નિમંત્રિત અતિથિઓ એકે એકે આવવા લાગ્યા. મહિલાઓની પાલખીઓ બારોબાર અંતપુરમાં ગઇ. ત્યા શીરીબીબી, સેલિમા અને સેરિના આગન્તુક મહિલાઓને આદર સત્કાર આપતી હતી તથા તેમની સેવા સ્વીકારી કૃતાર્થ થતી હતી. બ્હારની બેઠકમાં સિકન્દર, ઇસ્કાન્દાર અને ખાનસાહેબ પોતે આવનારાઓનો યથોચિત સત્કાર કરતા હતા.

આવી રીતે મોજમજામાં રાત્રિના અગીઆર વાગ્યા. હજી સુધી

શાહજાદો સેલિમ આવી પહોંચ્યો નહોતો તેથી નિશારતખાન ઘણો ચિંતાતુર બની ગયો. મજલિસની ગિર્દી ધીમે ધીમે ઓછી થઇ ગઇ. જેઓ નિશારતખાનના અંગત સ્નેહીઓ હતા તેઓજ માત્ર રહ્યા.

આ સમયે લિયાકત હુસેન નામના શાહજાદાના એક માણસે આવી સમાચાર આપ્યા કે, શાહજાદા આવી પહોચ્યા છે. તેમનો તાંજામ બંગલાના મુખ્ય દ્વાર સુધી આવ્યો છે."

નિશારખતાન ઉતાવળો ઉતાવળો ઉદ્યાનના પ્રવેશદ્વાર પાસે ગયો સલામ પર સલામ ભરી તે શાહજાદાને તાંજામમાથી ઉતારી મકાનમાના એક એકાત બેઠકખાનામા લઇ ગયો. એ બેઠકખાનામાં શાહજાદો સેલિમ, નિશારતખાન અને શાહજાદાનો વિશ્વાસપાત્ર શરીરરક્ષક કુદરતખાન હતા. આ કુદરતખાન આપણી શીરાબીબીનો અતી આત્મીય હતો

સુદર વસ્ત્રોથી વિભુષિત થયેલી સુદર બાદીઓ હાથમા પખા તેમજ ચમ્મર લઇ આવી શાહજાદાને વાયુ ઢોળવા લાગી. એ બેઠકખાનામાં એક ફુવારો હતો તેને મુક્ત કરવામાં આવ્યો એટલે તેમાંથી સુગધિત ગુલાબજળ ઉડવા લાગ્યુ. એ બેઠકખાનામાં અનેક સ્થળે સુગધિત પુષ્પમાળાઓ લટકી રહી હતી. ગુલાબની સુગધિ, પુષ્પમાળાઓની સુગંધિ તથા લોબાનની સુગધિથી એ બેઠકખાનાએ સ્વર્ગનુ સુંદર તથા મનમોહક સ્વરૂપ ધારણ કર્યું હતુ.

નિશારતખાને બન્ને હાથ જોડીને કહ્યુ.—" જો જહાપનાહ આજ્ઞા આપે તો થોડો ઉત્તમ શિરાજી લાવુ ?"

યુવરાજે આનદપૂર્વક સમતિ દર્શાવી. સેલિમા અને સેરિના—બન્નેમા સેલિમાજ વિશેષ રૂપવતી હતી. નિશારતખાનની આજ્ઞાથી સેલિમાજ સુવર્ણપાત્રમા શિરાજી ભરી લાવી.

સેલિમાએ મૂલ્યવાન્ વસ્ત્રો પહેરેલાં હોવાથી તે ઘણી સુંદર દેખાતી હતી તેનું સુંદર સ્વરૂપ જોવામાં આવતાં શાહજાદા સેલિમને ઘણી તૃપ્તિ થઇ. સેલિમાએ પાત્રમાં શિરાજી ભરી પાત્ર શાહજાદાને આપ્યું. સેલિમે ક્ષણ માત્રમા શિરાજીપાત્રને સંપૂર્ણ સતોષથી ઇન્સાફ આપી સેલિમાને સબોધીને કહ્યું—“ જ્યારે તુ ન્હાની હતી ત્યારે ત્હારા પિતા તને પોતાની સાથે મ્હારી પાસે તેડી લાવતા હતા, પરતુ સેલિમા ! આજે તુ કેટલી મ્હોટી થઇ છે ? ત્હારા રૂપની પણ તુલના થઈ શકે તેમ નથી ! ”

સેલિમા શાહજાદાને મુખે પોતાના રૂપની પ્રશંસા સાભળીને ઘણી શરમાઇ ગઈ તેણે કમરમાથી નીચી વળી શાહજાદાને કુરનસ બજાવી તેના વસ્ત્રના છેડાને ચુબન કર્યું. સેલિમે આસન પરથી ઉઠી, પોતાને હાથે સેલિમાને જમીન પરથી ઉઠાડી કહ્યુ:—“ હુ તને જોઇને ઘણો સુખી થયો છુ. ”

બેઠકખાનમાં જ્યારે આવો અભિનય થતો હતો ત્યારે પાસેના ઓરડામાંથી એક બાકામાથી બે યુવકો આ દેખાવનું દર્શન કરતા હતા. સેલિમે જ્યારે પોતાને હાથે સેલિમાને તેનો હાથ પકડી ઉભી કરી ત્યારે એ યુવકોમાંનો એક જણ એક હ્રદયભેદક ગાઢ નિશ્વાસ મુકી એ ઓરડામાંથી ચાલ્યો ગયો.

તેના સાથીદારે તેને કહ્યુ:—“ જાય છે ક્યાં ? થોડો સમય ઉભો રહે ને શુ બને છે તે જો—”

પહેલો યુવક સાથાદારને એક ધક્કાથી હડસેલી મુકી એ ઠેકાણેથી ચાલ્યો ગયો. સાથીદાર એકલો પડતાંજ બોલી ઉઠયો:—“ સેલિમા ! એક દિવસે ત્હે મ્હને અપમાનિત કરી મ્હારો તિરસ્કાર

કર્યો હતો. આજે મ્હેં મ્હારા એ પ્રચંડ વેરની વસુલાત લીધી છે. બાદશાહજાદાના શરીરને સ્પર્શ કરતાં પાપ ન લાગ્યું અને મ્હારા શરીરને સ્પર્શ કરતાં—અરે મ્હારી સાથે વાતચિત કરતાં પણ તને પાપ લાગતુ હતું કેમ? મ્હેં જે ભયંકર વેર લેવાની શરૂઆત કરી છે—મ્હેં જે પ્રચંડ ક્રોધાગ્નિ સળગાવ્યો છે તે જો પૂર જોશથી સળગી ઉઠશે તો મ્હારા અંતરને પૂર્ણ શાન્તિ મળશે!"

આમ કહીને એ યુવક જલદીથી નિશારતખાનના મકાનનો ત્યાગ કરી ચાલ્યો ગયો

પાઠક! તમે આ બન્ને યુવકોને ઓળખ્યા કે? એમાંનો પ્રથમ યુવક આપણો ઇસ્કાન્દાર અને તેનો સાથીદાર આજમદાદખાન હતો.

વાચનાર બધુઓ ને બ્હેનો! જો હવે તમારે સેલિમાનુ ખૂન કોણે કર્યું; શા કારણથી કર્યું, શયતાન નારી જુલિયાએ શા માટે ઇસ્કાન્દાર તેમજ સિકન્દરને મહા ભયંકર કેદખાનામાંથી બચાવી પોતાના આશ્રયમા રાખ્યા, નીચ સ્વભાવના આજમદાદખાને કેવાં કેવા મહા ભયંકર કારસ્થાનો રચ્યા, મરી ગયેલી સલિમા પુનઃ ઇસ્કાન્દારે કેવી રીતે મેળવી વગેરે જાણવુ હોય તો આ નવલકથાનો બીજો ભાગ વાચવાની તમને પ્રેમપૂર્વક પ્રાર્થના છે. इत्यलम्.

☞ ભાગ ૧ લો સમાપ્ત.

સરકારી નિશાળના અનુભવી ગ્રેજ્યુએટ શિક્ષકના હાથથી આવી જાતનું કોઇ પણ પુસ્તક લખાયું હોય તો તે ફક્ત આજ છે

ધી ગાઈડ ટુ ઇંગ્લીશ ટીચર.

પોતાની મેળે ઘેર બેઠાં વગર માસ્તરે થોડા વખતમાં અને થોડી મહેનતમાં રિતસર અંગ્રેજી શીખવું હોય તો **ધી ગાઇડ ટુ ઈંગ્લીશ ટીચર** જરૂર ખરીદજો. અક્ષરજ્ઞાન, તાર, કાગળ, અરજીઓ વગેરે લખતાં, વાંચતા શીખવા સારૂ આ પુસ્તક ઘણુ જ ઉમદા સાધન છે આ પુસ્તકની અંદર દરેક વિષયની સમજ ઘણીજ સાદી અને સરળ રીતે આપવામા આવી છે કે ગમે તેવા શિખાઉ માણસને પણ સમજતા જરાએ અડચણ પડતી નથી. બીજાઓની માફક આ પુસ્તકના જુદા જુદા ભાગો કર્યો નથી પણ એકજ પુસ્તકની અંદર જરાએ જરા ઉપયોગી બાબતોનો સમાવેશ ઘણીજ બાહોશીથી કરવામા આવ્યો છે. વધુ તારીફ ન કરતાં એકવાર ચોપડી મંગાવી ખાતરી કરવા અમે ભલામણ કરીએ છીએ. કી. રૂ. ૧। પોષ્ટેજ માફ.

બીજી કોઈ પણ જાતની ચોપડી જોઇતી હોય તો અડધા આનાની ટીકીટ બીડી અમારૂં મ્હોટુ સૂચીપત્ર મંગાવો.

બુકસેલર—સાકરલાલ બુલાખીદાસ.
ઠે. રીચીરોડ—અમદાવાદ.